રવિવારે શ્રીનગર એરપોર્ટ પર સુરક્ષા તપાસ દરમિયાન સામાનમાંથી પ્રતિબંધિત સેટેલાઈટ ફોન મળી આવતા બે અમેરિકન નાગરિકોની અટકાયત કરવામાં આવી હતી. રૂટિન સિક્યુરિટી ચેકિંગ દરમિયાન સુરક્ષા અધિકારીઓની નજરે આ ઉપકરણ ચઢ્યું હતું, જે ભારતમાં સત્તાવાર પરવાનગી વગર રાખવું ગેરકાનૂની છે. એરપોર્ટ સુરક્ષા કર્મચારીઓ દ્વારા પ્રાથમિક પૂછપરછ કર્યા બાદ આ બંને વ્યક્તિઓને વધુ તપાસ માટે પોલીસને સોંપવામાં આવ્યા છે. અધિકારીઓના જણાવ્યા અનુસાર અટકાયત કરાયેલા લોકો પૈકી એકની ઓળખ મોન્ટાના (અમેરિકા)ના રહેવાસી જ્યોફ્રી સ્કોટ તરીકે થઈ છે. તેના સામાનમાંથી 'ગાર્મિન' (Garmin) કંપનીનો સેટેલાઈટ ફોન મળી આવ્યો હતો. ભારતીય કાયદા મુજબ સરકારની પૂર્વ મંજૂરી વિના સેટેલાઈટ ફોનનો



ઉપયોગ કે વહન કરવા પર સખત મનાઈ છે. ખાસ કરીને થુરાયા (Thuraya) અને ઈરિડિયમ (Iridium) જેવા સેટેલાઈટ ફોન રાખવા બદલ ઈન્ડિયન ટેલિગ્રાફ એક્ટ હેઠળ ધરપકડ અને જપ્તી જેવી કાર્યવાહી થઈ શકે છે. ભારત સરકારની સત્તાવાર માર્ગદર્શિકા મુજબ, કોઈપણ વિદેશી પ્રવાસીએ દેશમાં સેટેલાઈટ સંચાર ઉપકરણો લાવવા માટે ટેલિકોમ વિભાગ (DoT) પાસેથી લેખિત પરવાનગી મેળવવી અનિવાર્ય છે. સુરક્ષાના કારણોસર ભારત આવા ઉપકરણો પર ચુસ્ત નિયંત્રણો રાખે છે. અગાઉ પણ અનેક વિદેશી નાગરિકો, જેમાં ચીની અને બ્રિટિશ એક્ઝિક્યુટિવ્સનો સમાવેશ થાય છે, સેટેલાઈટ ફોન રાખવા બદલ એરપોર્ટ કે હોટલ પરથી પકડાયા હોવાના કિસ્સાઓ બન્યા છે. આ પ્રકારના ઉલ્લંઘનોને રોકવા માટે ડિરેક્ટરેટ જનરલ ઓફ સિવિલ એવિએશન (DGCA)એ જાન્યુઆરી ૨૦૨૫માં એરલાઈન્સને સૂચના આપી હતી કે, તેઓ મુસાફરોને ઈન-ફ્લાઈટ જાહેરાતો અને બોર્ડિંગ પબ્લિકેશન્સ દ્વારા આ પ્રતિબંધ વિશે જાણ કરે. ઉલ્લેખનીય છે કે, અમેરિકા અને બ્રિટન જેવી સરકારોએ પણ તેમના પ્રવાસીઓ માટે એડવાઈઝરી જારી કરી છે, જેમાં ચેતવણી આપવામાં આવી છે કે, ભારતમાં સેટેલાઈટ ફોન સાથે પકડાવા પર અંદાજે બે કરોડ રૂપિયા સુધીનો દંડ, સાધનોની જપ્તી અથવા જેલની સજા થઈ શકે છે.

# તમિલનાડુમાં ફટાકડા બનાવતા યુનિટમાં પ્રચંડ વિસ્ફોટ, ૧૯ લોકોનાં મોતના સમાચાર, ૮ ઘાયલ



(એજન્સી) વિરૂધુનગર, તા.૧૯

તમિલનાડુના વિરૂધુનગર જિલ્લામાં રવિવારે એક ફટાકડા બનાવવાની ફેક્ટરીમાં ભીષણ વિસ્ફોટ થતાં અરેરાટી વ્યાપી ગઈ છે. કટ્ટાનરપટ્ટી ગામમાં આવેલા આ મેન્યુફેક્ચરિંગ યુનિટમાં થયેલા પ્રચંડ ધડાકામાં ઓછામાં ઓછા ૧૯ શ્રમિકોના મોત થયા હોવાની આશંકા છે, જ્યારે આઠ અન્ય લોકો ગંભીર રીતે ઘાયલ થયા છે. વિસ્ફોટ એટલો શક્તિશાળી હતો કે ફેક્ટરીના મકાનના ચાર રૂમ સહિત અનેક હિસ્સાઓ ધરાશાયી થઈ ગયા હતા. પ્રાથમિક તપાસ મુજબ, આ દુર્ઘટના રવિવારે બપોરે અંદાજે ૩ વાગ્યે બની હતી. ઘટના સમયે ફેક્ટરીની અંદર લગભગ ૫૦ જેટલા કામદારો હાજર હતા અને નિયમિત કામગીરી ચાલી રહી હતી. પોલીસનું માનવું છે કે, ફટાકડા બનાવવાની પ્રક્રિયા દરમિયાન કોઈ રાસાયણિક પ્રતિક્રિયા (કેમિકલ રિએક્શન) થવાને કારણે આ ધડાકો થયો હોઈ શકે છે. હાલમાં ફાયર બ્રિગેડ અને બચાવ કામગીરીની ટીમો કાટમાળ નીચે દબાયેલા લોકોને બહાર કાઢવા માટે કાર્યરત છે અને મૃત્યુઆંક વધવાની શક્યતા સેવાઈ રહી છે. ઘાયલ થયેલા તમામ લોકોને સારવાર માટે વિરૂધુનગરની સરકારી મેડિકલ કોલેજ હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા છે. જિલ્લા પોલીસ અધિક્ષક (SP) એન. શ્રીનાથ ઘટનાસ્થળે પહોંચી ગયા છે અને તેમણે આ મામલે તપાસના આદેશ આપ્યા છે. ખાસ કરીને રવિવારની રજા હોવા છતાં ફેક્ટરીમાં કામદારો કેમ હાજર હતા અને સુરક્ષાના નિયમોનું પાલન કરવામાં આવ્યું હતું કે નહીં, તે દિશામાં પણ તપાસ હાથ ધરવામાં આવી છે. મુખ્યમંત્રી એમ.કે. સ્ટાલિને આ ઘટના અંગે ઘેરા શોકની લાગણી વ્યક્ત કરી છે. તેમણે સોશિયલ મીડિયા પ્લેટફોર્મ 'X' પર પોસ્ટ કરીને મૃતકોના પરિવારો પ્રત્યે સંવેદના વ્યક્ત કરી હતી. મુખ્યમંત્રીએ મંત્રી કે.કે.એસ.એસ.આર. રામચંદ્રન અને થંગમ થેન્નારસુને તાત્કાલિક બચાવ કામગીરીનું નિરીક્ષણ કરવા અને અસરગ્રસ્ત પરિવારોને તમામ શક્ય મદદ પૂરી પાડવા સૂચના આપી છે. ભાજપના પ્રદેશ અધ્યક્ષ નૈનાર નાગેન્દ્રને પણ આ દુર્ઘટના અંગે દુઃખ વ્યક્ત કર્યું છે.

# દુબઈ સ્થિત ભારતીય અતિકા મીર વિશ્વની ટોચની મહિલા કાર્ટ રેસર બની

(એજન્સી) દુબઈ, તા.૧૯

શરૂઆતી સફળતાથી લઈને વૈશ્વિક માન્યતા સુધીની સફર ખેડતા ૧૧ વર્ષીય અતિકા મીરે આંતરરાષ્ટ્રીય સ્તરે પોતાની ઓળખ બનાવી છે. મૂળ જમ્મુ-કાશ્મીરની અને હાલ દુબઈમાં રહેતી ભારતીય ડ્રાઈવર અતિકા મીર, તાજેતરના FIA ઈન્ટરનેશનલ કાર્ટ રેન્કિંગ (IKR) મુજબ વિશ્વની સર્વોચ્ચ ક્રમાંકિત મહિલા કાર્ટ રેસર તરીકે ઉભરી આવી છે. આ સિદ્ધિ તેના આંતરરાષ્ટ્રીય કરિયર માટે એક મહત્વનું સીમાચિહ્ન માનવામાં આવે છે.

**વૈશ્વિક રેન્કિંગમાં દબદબો :** ફેડરેશન ઈન્ટરનેશનલ ડી લ'ઓટોમોબાઈલ (FIA)ના જણાવ્યા અનુસાર, અતિકા ૧૨થી ૧૪ વર્ષની વય મર્યાદાવાળી OK-NJ કેટેગરીમાં એકંદર સાતમા ક્રમે છે. આ યાદીમાં સ્વિટ્ઝર્લેન્ડનો જોલ્ટન કોઈગ્ની પ્રથમ સ્થાને છે, પરંતુ અતિકાનું સાતમું સ્થાન તેને તેની શ્રેણીમાં વિશ્વની ટોચની મહિલા સ્પર્ધક બનાવે છે.

**યુરોપમાં ઐતિહાસિક પ્રદર્શન :** માર્ચ ૨૦૨૬માં, અતિકાએ વેલેન્સિયા ખાતે 'ચેમ્પિયન્સ ઓફ ધ ફ્યુચર એકેડમી' (COTFA)ના પ્રથમ રાઉન્ડમાં ત્રીજું સ્થાન મેળવીને પોડિયમ ફિનિશ કર્યું હતું. આ સાથે જ તે યુરોપિયન લેગમાં પોડિયમ હાંસલ કરનારી પ્રથમ ભારતીય બની ગઈ છે. આ રેસ દરમિયાન તેણે સૌથી ઝડપી લેપ (Fastest Lap) નોંધાવીને પોતાની ગતિ અને ક્ષમતાનો પરિચય આપ્યો હતો.

**વ્યાવસાયિક તાલીમ અને લક્ષ્ય :** F1 એકેડમીના સમર્થનથી અતિકાએ આ સિઝનની શરૂઆતમાં જ 'મિની ક્લાસ'માંથી



'OK-NJ જુનિયર' કેટેગરીમાં પ્રમોશન મેળવ્યું હતું. તે હાલમાં અબુ ધાબીમાં AKCEL GP એકેડમીનો ભાગ છે, જે યુવા ડ્રાઈવરોને સિંગલ-સીટર રેસિંગ માટે તૈયાર કરે છે. તેના પિતા અને મેન્ટર આસિફ મીરે આ સિદ્ધિને ભારત માટે ગર્વની ક્ષણ ગણાવી છે અને ઉમેર્યું છે કે, રેસિંગમાં સતત સુધારો કરવો જરૂરી છે, કારણ કે, જો તમે સ્થિર બેસી રહો તો તમે પાછળ રહી જાઓ છો.

**ભવિષ્યનું સપનું : ફોર્મ્યુલા વન :** માત્ર પાંચ વર્ષની ઉંમરે ઈલેક્ટ્રિક કાર્ટથી શરૂઆત કરનાર અતિકાનું લાંબાગાળાનું લક્ષ્ય ફોર્મ્યુલા વન (F1)માં ભાગ લેવાનું છે. નોંધનીય છે કે, ૧૯૯૨ પછી ફોર્મ્યુલા વન ગ્રીડ પર કોઈ મહિલા ડ્રાઈવર જોવા મળી નથી, ત્યારે અતિકાની આ પ્રગતિ ભારત અને વિશ્વની તમામ મહિલા રેસર્સ માટે આશાનું નવું કિરણ બની છે.

# બિહાર : મસ્જિદના ઈમામની પુત્રી હબીબા બુખારી જજ બની; બિહાર ન્યાયિક સેવા પરીક્ષામાં ૩૦મો ક્રમ મેળવ્યો

(એજન્સી) મુંગેર, તા.૧૯

બિહારની હબીબા બુખારીએ બિહાર ન્યાયિક સેવા પરીક્ષા (PCS-J)માં નોંધપાત્ર સફળતા મેળવી છે, ૩૦મો ક્રમ મેળવીને ન્યાયાધીશ બની છે. રસપ્રદ વાત એ છે કે હબીબાના પિતા મસ્જિદના ઈમામ તરીકે સેવા આપે છે. હબીબાની આ સિદ્ધિ માત્ર તેના પરિવાર માટે જ નહીં પરંતુ સમગ્ર સમુદાય માટે ગર્વનો વિષય બની છે. હબીબા બુખારીએ અરવાટિકા ફેઝ-વન સ્થિત 'પાઠશાળા ક્લાસીસ'માંથી કોચિંગ મેળવ્યું હતું અને ન્યાયિક સેવા પરીક્ષા સફળતાપૂર્વક પાસ કરીને એક નવો દાખલો બેસાડ્યો છે. તેની સફળતાથી તેના પરિવારમાં ખુશીની લહેર ફેલાઈ ગઈ છે, પરંતુ પાઠશાળા ક્લાસીસ અને તેના મિત્રોમાં પણ ખૂબ આનંદ થયો છે. પાઠશાળા ક્લાસીસના ડિરેક્ટર અમર વાર્શ્નેયે હબીબાની સફળતા પર ગર્વ વ્યક્ત કરતા



જણાવ્યું હતું કે, "હબીબાની સફળતા તેમની સખત મહેનતનું પરિણામ છે. આ અમારી સંસ્થા માટે પણ ગર્વની ક્ષણ છે. આ સિદ્ધિ મહિલાઓની વધતી ભાગીદારી અને ન્યાયિક પ્રણાલીમાં નવા ચહેરાઓના આગમનનો સંકેત આપે છે. તેમની સફળતા ન્યાયિક સેવાઓમાં જોડાવાનું સ્વપ્ન જોતા અન્ય વિદ્યાર્થીઓ માટે પણ પ્રેરણારૂપ બનશે." પાઠશાળા ક્લાસીસએ ફરી એકવાર તેની તાલીમ ગુણવત્તાની શ્રેષ્ઠતા દર્શાવી છે, જે વિદ્યાર્થીઓને સફળતાની નવી ઊંચાઈઓ પર સતત માર્ગદર્શન આપે છે. હબીબા બુખારીને તેમની પસંદગી બદલ અભિનંદન પાઠવવા માટે પુષ્પગુચ્છ અર્પણ કરતી વખતે, અમર વાર્શ્નેયે ટિપ્પણી કરી હતી કે, "હબીબાની સફળતા આપણને એક શક્તિશાળી સંદેશ આપે છેઃ કોઈપણ ક્ષેત્રમાં સફળતા પ્રાપ્ત કરવા માટે સખત મહેનત અને નિશ્ચય આવશ્યક પૂર્વશરતો છે."

# પંચર રિપેરમેનની પુત્રી ડોક્ટર બનવા માટે તૈયાર ! મફત કોચિંગની મદદથી NEET પાસ કરી : મિસ્બાહની સફળતા ગાથા

(એજન્સી) તા.૧૯

મહારાષ્ટ્રના જાલના શહેરમાં પંચર રિપેરની દુકાનમાં કામ કરતા અનવર ખાનની પુત્રી મિસ્બાહે NEET UG પરીક્ષા પાસ કરીને તેના સમગ્ર પરિવાર માટે ખૂબ જ ખુશી લાવી છે. મિસ્બાહે NEET પરીક્ષામાં ૭૨૦માંથી ૬૩૩ ગુણ મેળવીને આ સફળતા મેળવી છે, જેના પગલે જાલના જિલ્લાભરના લોકોએ તેણીને અભિનંદનનો વરસાદ વરસાવ્યો. મિસ્બાહનો પરિવાર ભારે આર્થિક મુશ્કેલીઓનો સામનો કરે છે. તેના પિતા મોટરસાયકલ પંચર રિપેર કરે છે, જ્યારે તેની માતા ઘરનું સંચાલન કરે છે. મિસ્બાહ જણાવે છે કે મુશ્કેલ ઘરેલું સંજોગો હોવા છતાં, તેણીએ સખત મહેનત કરી અને બીજા પ્રયાસમાં NEET પરીક્ષામાં સફળતા મેળવી. તે હવે MBBSની ડિગ્રી મેળવીને ડોક્ટર બનવાનું પોતાનું સ્વપ્ન પૂર્ણ કરશે. NEET પરીક્ષામાં તેણીની સફળતા બાદ, મિસ્બાહના માતા-પિતા ખૂબ જ ખુશ થયા; આ ક્ષણની ઉજવણી કરતી વખતે તેમના ચહેરા પર ખુશીના



આંસુ છલકાઈ ગયા. પુત્રીની સફળતા પર બોલતા, તેના પિતા, અનવર ખાને કહ્યું, "જો અંકુશ સરનું માર્ગદર્શન ન હોત, તો મિસ્બાહને આ સફળતા મળી ન હોત. બે થી ત્રણ વર્ષ સુધી, મિસ્બાહે જાલનામાં અંકુશ સરના વર્ગોમાં મફતમાં NEETની તૈયારી કરી. આજે સખત મહેનત અને સમર્પણ દ્વારા મારી પુત્રી જાલનામાંથી NEET પરીક્ષામાં ટોચનું સ્થાન મેળવ્યું છે." અંકુશ સર, જે જાલનામાં NEET કોચિંગ પ્રદાન કરે છે, તેમણે જણાવ્યું, "અમે ગરીબ વિદ્યાર્થીઓ માટે એક ખાસ પહેલ ચલાવીએ છીએ. આ યોજના હેઠળ, આર્થિક રીતે નબળા પૃષ્ઠભૂમિના બાળકોને મફત કોચિંગ આપવામાં આવે છે. મિસ્બાહને પણ આ પહેલ દ્વારા મફત કોચિંગ મળ્યું. અમને લાગે છે કે અમારા પ્રયત્નો આખરે ફળ આપી રહ્યા છે." મિસ્બાહે ટિપ્પણી કરી કે જ્યારે તેના પરિવારની પરિસ્થિતિ ખરાબ હતી, ત્યારે પણ તેણીએ દિવસ-રાત અભ્યાસ કર્યો, ક્યારેય હાર માની નહીં. તેણી જણાવે છે કે તેણી MBBS ડૉક્ટર બનવાની અને ગરીબોની સેવા કરવાની ઈચ્છા રાખે છે. મિસ્બાહ તેના શાળાના દિવસોથી જ શૈક્ષણિક રીતે તેજસ્વી છે; તેણીએ ૧૦મા ધોરણની બોર્ડ પરીક્ષામાં ૯૨% અને ૧૨મા ધોરણની બોર્ડ પરીક્ષામાં ૮૬% ગુણ મેળવ્યા છે. તેના પિતા પરિવારનું ગુજરાન ચલાવવા માટે પંચર રિપેરની દુકાનમાં કામ કરે છે. NEETના પરિણામો જાહેર થતાં જ, લોકો મિસ્બાહને તેની સફળતા બદલ અભિનંદન આપવા માટે તેના ઘરે પહોંચ્યા.

# દીવડા પ્રગટાવી 'આણંદ કરશે મતદાન'નો અપાયો સંદેશ

(સંવાદદાતા દ્વારા)
આણંદ, તા.૧૯

સ્થાનિક સ્વરાજ્યની વર્ષ ૨૦૨૬ની ચૂંટણીઓ જાહેર થતાની સાથે જ જિલ્લા વહીવટી તંત્ર દ્વારા લોકશાહીના આ પર્વમાં નાગરિકોની સહભાગીદારી વધારવા માટેના પ્રયાસો તેજ કરવામાં આવ્યા છે. આ અંતર્ગત કરમસદ આણંદ મહાનગરપાલિકાની ચૂંટણીમાં ચૂંટણી અધિકારી દ્વારા 'મતદાર જાગૃતિ અભિયાન' (SVEEP) હેઠળ વિવિધ રચનાત્મક પ્રવૃત્તિઓ હાથ ધરવામાં આવી રહી છે.


(તસ્વીર : બુરહાન પઠાણ, આણંદ)

આ અભિયાનના ભાગરૂપે સ્વીપ કાર્યક્રમના નોડલ ઓફિસર અને જિલ્લા શિક્ષણ અધિકારી કામિનીબેન ત્રિવેદી દ્વારા કરમસદ આણંદ મહાનગરપાલિકા ખાતે એક વિશેષ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે આણંદના પ્રાંત અધિકારી ડો. મયુર પરમારની વિશેષ ઉપસ્થિતિમાં મહાનગરપાલિકાના પ્રાંગણમાં દીવડા પ્રગટાવીને અનોખી રીતે મતદાન જાગૃતિનો પ્રસાર કરવામાં આવ્યો હતો.આ તકે નાગરિકોને લોકશાહીના મજબૂત પાયા માટે દરેક મત કિંમતી છે અને કોઈ પણ લાલચ કે ડર વગર નૈતિક મતદાન કરવું એ દરેક નાગરિકની ફરજ છે તેવી સમજણ આપવામાં આવી હતી.

### ડીઝલ ના મળતા મીઠા ઉદ્યોગ પર માઠી અસર

# ડીઝલની અછતના કારણે ખારાઘોડાના રણમાં ૧૫ લાખ મેટ્રિક ટન તૈયાર મીઠું પડી રહ્યું છે

## વરસાદ આવે તો રણમાં પડેલું મીઠું બગડી જવાનો ભય

(સંવાદદાતા દ્વારા)
સુરેન્દ્રનગર, તા.૧૯

કચ્છના નાના રણ વિસ્તારમાં મીઠા ઉત્પાદનનો ઉદ્યોગ રાજ્ય અને રાષ્ટ્રીય અર્થતંત્રમાં મહત્વપૂર્ણ યોગદાન આપે છે. હાલમાં, ખારાઘોડા રણમાં આશરે ૧૫ લાખ મેટ્રિક ટન તૈયાર મીઠું પડ્યું છે, પરંતુ ડીઝલની ગંભીર અછતને કારણે તેના પરિવહન અને સંગ્રહમાં મોટી મુશ્કેલી ઊભી થઈ છે. આ પરિસ્થિતિને કારણે મીઠા ઉદ્યોગ સાથે સંકળાયેલા હજારો અગરિયાઓ, મજૂરો અને વેપારીઓ ચિંતિત છે.


(તસવીર : ફારૂક ચૌહાણ, સુરેન્દ્રનગર)

મીઠાના ઉત્પાદન પછી એપ્રિલ-મે મહિનામાં તેનું પરિવહન અને સંગ્રહ અત્યંત સંવેદનશીલ તબક્કો હોય છે. રણમાં તૈયાર થયેલા મીઠાને સમયસર ખારાઘોડા ખાતે સંગ્રહિત કરવું અનિવાર્ય છે. આ કામગીરી માટે દરરોજ અંદાજે ૩૦૦ ટ્રકો અને ૫૦ જેટલી હિટાચી મશીનો સતત કાર્યરત હોય છે, જે સંપૂર્ણપણે ડીઝલ પર નિર્ભર છે. પાટડી-ખારાઘોડા વિસ્તારમાં ડીઝલ સપ્લાય કરતી પેટ્રોલિયમ કંપનીઓના ડીલરોને છેલ્લા કેટલાક સમયથી ડીઝલનો પૂરતો અને સમયસર પુરવઠો મળી રહ્યો નથી. આના પરિણામે ડીઝલની તીવ્ર અછત સર્જાઈ છે, જેની સીધી અને નકારાત્મક અસર મીઠા ઉદ્યોગની કામગીરી પર પડી રહી છે.ખારાઘોડા સોલ્ટ એસોસિએશનના પ્રમુખ હિંગોર રબારીએ જણાવ્યું હતું કે, ડીઝલની અછતને કારણે તૈયાર મીઠું સમયસર ખેંચી શકાતું નથી. જો વરસાદ આવે તો રણમાં રહેલું મીઠું સંપૂર્ણપણે બગડી જવાનો ભય છે. આનાથી અગરિયાઓની આખા વર્ષની મહેનત અને આવક પર પાણી ફરી વળશે.

આ પરિસ્થિતિને કારણે મીઠા ઉદ્યોગ સાથે સંકળાયેલા હજારો મજૂરો અને તેમના પરિવારોના રોજગાર પર સીધી અસર પડી રહી છે, જેનાથી સામાજિક અને આર્થિક સમસ્યાઓ ઊભી થઈ શકે છે. ટ્રાન્સપોર્ટ વ્યવસ્થા ખોરવાતા વાહનચાલકો અને ટ્રાન્સપોર્ટ વ્યવસાયિકોને પણ મોટું નુકસાન થઈ રહ્યું છે.

ખારાઘોડા ખાતે મીઠાના સંગ્રહ અને વિતરણમાં વિલંબ થવાથી રાજ્ય અને દેશવ્યાપી સપ્લાય ચેઈન પર પણ પ્રતિકૂળ અસર થવાની શક્યતા છે. મીઠું એક આવશ્યક ખાદ્ય પદાર્થ હોવાથી તેની ઉપલબ્ધતા પર લાંબા ગાળે અસર થઈ શકે છે, જે જાહેર હિત માટે યોગ્ય નથી. આથી, સંબંધિત પેટ્રોલિયમ કંપનીઓ અને ડીલરોને તાત્કાલિક સૂચનાઓ આપીને ડીઝલનો પૂરતો પુરવઠો સુનિશ્ચિત કરવા અને મીઠા ઉદ્યોગને પ્રાથમિકતા આપવા વિનંતી કરવામાં આવી છે. જરૂર પડ્યે વિશેષ ક્વોટા ફાળવવા પણ વિચારણા કરવી જોઈએ.

# પાલેજમાં રૂા.૧૦,૨૦ અને ૫૦ની ચલણી નોટોની તંગીના પગલે લોકો પરેશાન

(સંવાદદાતા દ્વારા) પાલેજ, તા.૧૯

પાલેજ વેપારી મથક તરીકે જાણીતું છે. અહીં રાષ્ટ્રીયકૃત બેંકોની બે શાખાઓ આવેલી છે. જેમાં હજારો ગ્રાહકો પોતાનાં ખાતાઓ ધરાવે છે. અહીં પરચુરણની તંગી વખતે ક્યારે પણ પરચુરણ એક બે પાંચના સિક્કાઓનું વિતરણ કરાયું નથી. અત્યારે દસ, વીસ, પચાસની ચલણી નોટો પણ ઉપલબ્ધ કરવામાં નહીં આવતાં બેંકની સેવાઓ પ્રત્યે ગ્રાહકોમાં વ્યાપક અસંતોષ પ્રવર્તે છે. અહીં બજારોમાં દસ, વીસનાં ચલણી સિક્કાઓ પણ ઉપલબ્ધ નથી. બજારમાં ચલણી નોટો અને સિક્કાઓની ભારે અછત વર્તાય રહી છે. વેપારીઓ અને ગ્રાહકો બંને છુટા ચલણી નોટો સિક્કા માટે દર દર ભટકે છે. રોજિંદી ચલણી સિક્કાઓ નોટોની પરેશાની દૂર કરવા માટે રાષ્ટ્રીયકૃત બેંકોએ ચલણી નોટો સિક્કાનું વેપારીઓને વિતરણ કરવાની લોક માંગ બળવત્તર બની છે. દસ, વીસની ચલણી નોટો જૂની પુરાણી થઈ ફાટી ગયેલી પ્લાસ્ટિકની પત્તિઓ ચોંટાળેલી લોકો લઈને વસ્તુઓ માટે દુકાનદારો પાસે જાય છે. પાલેજમાં સવારથી જ ગ્રાહકો અને વેપારીઓ છુટક દુકાનદારો પણ છુટા નહિ હોવાના નિસાસા નાખે છે. રેલવે સ્ટેશનથી માંડી ભાડે ફેરવતાં રિક્ષાવાળા ચા નાસ્તાવાળા અને આમ જનતા ઘણા લાંબા સમયથી છુટા ચલણી સિક્કાઓ માટે મુશ્કેલી અનુભવી રહ્યા છે. ઓનલાઈન ગૂગલ પે પેમેન્ટની સગવડ બધાં પાસે હોતી નથી.

# સુરેન્દ્રનગરમાં 'રોડ નહીં તો વોટ નહીં'ના નારા સાથે મતદાન બહિષ્કારની ચીમકી

(સંવાદદાતા દ્વારા)
સુરેન્દ્રનગર, તા.૧૯

સુરેન્દ્રનગર શહેરના વોર્ડ નંબર ૧ વિસ્તારમાં સ્થાનિક રહીશો, ખાસ કરીને મહિલાઓએ તંત્ર સામે મોરચો માંડ્યો છે. વર્ષોથી વિકાસ કામોમાં થઈ રહેલી ઉપેક્ષા અને પાયાની સુવિધાઓના અભાવને કારણે કંટાળેલી મહિલાઓએ આ વખતે 'મતદાન બહિષ્કાર'નું શસ્ત્ર ઉગામ્યું છે.સ્થાનિક મહિલાઓના જણાવ્યા અનુસાર, વિસ્તારમાં રોડ-રસ્તાની હાલત અત્યંત દયનીય છે. ચોમાસાની સિઝનમાં ઘરો સુધી ગંદા પાણી ભરાઈ જાય છે, જેના કારણે રહીશોનું જીવવું દુષ્કર બની ગયું છે. અનેક વખત લેખિત અને મૌખિક રજૂઆતો કરવા છતાં તંત્ર દ્વારા કોઈ નક્કર પગલાં લેવામાં આવ્યા નથી. મહિલાઓએ ગંભીર આક્ષેપ કર્યો છે કે મહાનગરપાલિકામાં ૭૦૦ કરોડ જેવી માતબર રકમ વિકાસના નામે વપરાઈ ગઈ, પરંતુ જમીન સ્તર પર કોઈ અદભુત પરિવર્તન દેખાઈ રહ્યું નથી. પીવાના પાણીની સમસ્યા અહીં વિકરાળ છે. દર ચાર દિવસે માંડ પાણી આવે છે અને તે પણ અત્યંત ડહોળું હોય છે. આ દૂષિત પાણીને કારણે વિસ્તારમાં રોગચાળો ફાટી નીકળવાની દહેશત વર્તાઈ રહી છે. આ પરિસ્થિતિ વચ્ચે મહિલાઓએ સ્પષ્ટ કર્યું છે કે આગામી ચૂંટણીમાં તેઓ માત્ર વાયદાઓ નહીં, પણ મોંઘવારી અને સુવિધાઓ જેવા મહત્ત્વના મુદ્દાઓને ધ્યાને રાખીને જ નિર્ણય લેશે.

### 'વર્લ્ડ હેરિટેજ ડે' નિમિત્તે

# ભરૂચમાં રૂંગટા વિદ્યા ભવન શાળા દ્વારા હેરિટેજ વોકનું આયોજન કરાયું



(સંવાદદાતા દ્વારા)
ભરૂચ, તા.૧૯

વર્લ્ડ હેરિટેજ ડેની ઉજવણીના અવસરે રૂંગટા વિદ્યા ભવન દ્વારા ભરૂચ શહેરમાં હેરિટેજ વૉકનું આયોજન કરવામાં આવ્યું હતું. વિદ્યાર્થીઓને સ્થાનિક ઐતિહાસિક વારસાની ઓળખ અપાવવા અને તેમના મનમાં સંસ્કૃતિ પ્રત્યે ગૌરવભાવ વિકસાવવા આ આયોજન કરવામાં આવ્યું હતું. હેરિટેજ વૉક દરમિયાન વિદ્યાર્થીઓ અને શિક્ષકમંડળે ભરૂચના વિવિધ ઐતિહાસિક અને વારસાગત સ્થળોની મુલાકાત લીધી હતી. જેમાં જામા મસ્જિદ, સરદાર મંઝિલ, રાયચંદ દીપચંદ લાઈબ્રેરી, આર.એસ. દલાલ હાઈસ્કૂલ અને ભરૂચ ફોર્ટ વોલ જેવા ઐતિહાસિક સ્થળોનો સમાવેશ થયો હતો. દરેક સ્થળે વિદ્યાર્થીઓને તેની ઐતિહાસિક પૃષ્ઠભૂમિ, સ્થાપત્ય કળા અને તેના સામાજિક મહત્ત્વ વિશે વિગતવાર માહિતી આપવામાં આવી હતી. કાર્યક્રમ શાળા કેમ્પસમાંથી પ્રસ્થાન સાથે શરૂ થયો હતો અને સમગ્ર યાત્રા પદયાત્રા સ્વરૂપે યોજાઈ હતી. માર્ગ દરમિયાન વિદ્યાર્થીઓમાં ઉત્સાહ અને જિજ્ઞાસા સ્પષ્ટ જોવા મળી હતી. આ કાર્યક્રમ દ્વારા વિદ્યાર્થીઓમાં પોતાના શહેરના ઐતિહાસિક વારસાને ઓળખવાની અને તેને જાળવવાની પ્રેરણા મળી હતી.

# સુરેન્દ્રનગરમાંથી SOGએ નકલી શુદ્ધ ઘીના ૨૨ ડબ્બા જપ્ત કર્યા

(સંવાદદાતા દ્વારા)
સુરેન્દ્રનગર, તા.૧૯

સુરેન્દ્રનગરમાં સ્પેશિયલ ઓપરેશન ગ્રૂપ (SOG) અને ફૂડ એન્ડ ડ્રગ વિભાગે સંયુક્ત ઓપરેશન હાથ ધરી "અમુલ પ્યોર ઘી"ના માર્કવાળા શંકાસ્પદ ૨૨ ડબ્બા જપ્ત કર્યા છે. આ કાર્યવાહી દરમિયાન આદિનાથ એન્ટરપ્રાઈઝમાંથી શંકાસ્પદ હાલતમાં ૬ ડબ્બા મળી આવ્યા હતા. જ્યારે જે.સી. એન્ડ કંપનીમાંથી તપાસ કરતા ૧૬ ડબ્બા મળી આવ્યા હતા. SOG ટીમે કુલ ૨૨ ડબ્બા મુદ્દામાલ તરીકે કબજે કર્યા હતા. પ્રાથમિક તપાસમાં સામે આવ્યું છે કે સુરેન્દ્રનગરની ટાંકી ચોકમાં આવેલી જે.સી. એન્ડ કંપનીનો જ એક વ્યક્તિ અમદાવાદથી આ ઘીના ડબ્બા લાવીને મહેતા માર્કેટના વેપારીઓને સપ્લાય કરતો હતો. આ નેટવર્ક કેટલું મોટું છે તે અંગે વધુ તપાસ તેજ કરવામાં આવી છે. આ ઓપરેશનમાં SOG પીઆઈ ભાવેશ શિંગરખીયા અને તેમની ટીમ તેમજ ફૂડ ઈન્સ્પેક્ટર પી.બી. સાવલીયા અને એ.જે. પ્રજાપતિની ટીમે કામગીરી કરી હતી. ફૂડ ઈન્સ્પેક્ટર સાવલીયાએ જણાવ્યું હતું કે, ૧૫ કિલોના ટીન ડબ્બામાંથી ૩ નમૂના લેવામાં આવ્યા છે, જેને વધુ તપાસ માટે વડોદરાની લેબોરેટરીમાં મોકલવામાં આવ્યા છે. લેબોરેટરી રિપોર્ટ આવ્યા બાદ આગળની કાર્યવાહી કરવામાં આવશે.

### બોડેલી તાલુકાના મોરખલા ગામ પાસે

# નર્મદા કેનાલની સાઈડ ઢાળ પરનું આર.સી.સી. લેયર તૂટી ગયું


(તસવીર : સોયેબ ખત્રી, બોડેલી)

(સંવાદદાતા દ્વારા) બોડેલ, તા.૧૯

બોડેલી તાલુકાના મોરખલા ગામ પાસે પસાર થતી નર્મદા મુખ્ય કેનાલની સાઈડ ઢાળ પરનું આર.સી.સી. લેયર ઘણા સમયથી તૂટી ગયેલું હોવાથી સ્થાનિક લોકોમાં મોટી હોનારતનો ભય વ્યાપી ગયો છે. વારંવાર રજૂઆતો છતાં તંત્ર દ્વારા સમયસર રિપેરિંગ ન કરવામાં આવતાં લોકોમાં આક્રોશ ફેલાયો છે. મળતી માહિતી મુજબ, મોરખલા ગામ નજીક કેનાલની સાઈડ પરનું આર.સી.સી. લેયર અનેક જગ્યાએ તૂટી ગયું છે, જેના કારણે માટીનું ધોવાણ થઈ રહ્યું છે અને ગાબડાં પડતાં દેખાઈ રહ્યા છે. થોડા સમય પહેલાં જ આ જગ્યાએ સમારકામ કરવામાં આવ્યું હતું, પરંતુ તકલાદી કામને કારણે ફરીથી લેયર તૂટી પડ્યું હોવાનું સ્થાનિકો આક્ષેપ કરી રહ્યા છે. નર્મદા મુખ્ય કેનાલ અબજો રૂપિયાના ખર્ચે બનાવવામાં આવી છે અને અનેક ગામોને જીવનદાયી પાણી પૂરૂં પાડે છે. તેમ છતાં, આવી બેદરકારી અને ભ્રષ્ટાચારના આક્ષેપોને કારણે કેનાલના અસ્તિત્વ પર જ જોખમ ઊભું થતું હોવાનું લોકો માની રહ્યા છે. સ્થાનિકોએ તંત્રાને તાત્કાલિક પગલાં લઈ મજબૂત અને ગુણવત્તાયુક્ત સમારકામ કરવાની માંગ કરી છે, જેથી ભવિષ્યમાં કોઈ મોટી દુર્ઘટના ટાળી શકાય.

### ડ્રાઈવરની સમય સૂચકતાથી મોટી હોનારત ટળી

# કરજણ નજીક કિયા ગામના પાટિયે લકઝરી બસમાં આગ ભભૂકી



(સંવાદદાતા દ્વારા) પાલેજ, તા.૧૯

કરજણ નજીક કિયા ગામનાં પાટિયા પાસે બસમાં આગ લાગવાની ઘટના બની હતી. વડોદરા જિલ્લાના કરજણ નેશનલ હાઈવે -૪૮ ઉપર એક ખાનગી લક્ઝરી બસમાં આગ લાગી હતી. આ બસ સુરતથી વિસાવદર તરફ જઈ રહી હતી. ત્યારે કિયા ગામના પાટિયા પાસે બસમાં આગ ભભૂકી ઉઠી હતી. બસમાં સવાર તમામ ૩૦ જેટલાં મુસાફરો સુરક્ષિત રીતે બહાર નીકળી જતાં મોટી જાનહાની ટળી હતી. ડ્રાઈવરની સમય સુચકતાથી મોટી હોનારત ટળી હતી. ઘટના રાત્રે ૧૧ વાગ્યાની આસપાસમાં બની હતી. કરજણ અગ્નિશામક ટીમે ભારે જહેમત બાદ એક કલાકે લકઝરીની આગ બુજાવી હતી.

# સાવરકુંડલાના નેસડી ગામે કરંટ લાગતા વૃદ્ધનું મોત

(સંવાદદાતા દ્વારા) અમરેલી, તા.૧૯

સાવરકુંડલાના નેસડી ગામે લાઈટ રીપેરિંગ કરતી વેળા કરંટ લાગતા વૃદ્ધનું મોત નિપજ્યું હતું. પ્રાપ્ત વિગતો મુજબ અમરેલી જિલ્લાના સાવરકુંડલા તાલુકાના નેસડી ગામે એક દુઃખદ અકસ્માતની ઘટના સામે આવી છે. નેસડી-કરજાળા રોડ પર આવેલ ખોડિયાર માતાજીના મંદિરની બાજુમાં આવેલા પી.જી.વી.સી.એલ. ઈલેક્ટ્રીક ગેંગના થાંભલા પર કામ કરતી વખતે એક વૃદ્ધને કરંટ લાગતા તેમનું મોત નિપજ્યું છે.મૃતક બટુકભાઈ કેશુભાઈ કાલાવડીયા (ઉ.વ. ૬૫, રહે. નેસડી) હોવાનું જાણવા મળ્યું છે. બટુકભાઈ પી.જી.વી.સી.એલ. ઈલેક્ટ્રીક ગેંગના થાંભલા પર એલ.સી. લઈને લાઈટ રીપેરિંગનું કામ કરી રહ્યા હતા. આ દરમિયાન અકસ્માતે ઈલેક્ટ્રીક શોર્ટ લાગ્યો હતો. ઘટના બાદ તેમને તાત્કાલિક સારવાર માટે હોસ્પિટલ ખસેડવામાં આવ્યા હતા, જ્યાં સારવાર દરમિયાન તેમનું મોત થયું હતું. આ બનાવને પગલે વિસ્તારમાં શોકની લાગણી ફેલાઈ છે. પોલીસ દ્વારા અકસ્માતનો ગુનો નોંધાવી વધુ તપાસ હાથ ધરવામાં આવી છે.

# પાલીતાણામાં સંવેદનશીલ બુથોની એસપી નિતેષ પાંડેએ મુલાકાત લીધી



આગામી તારીખ ૨૬/૪/૨૦૨૬ને રવિવારના રોજ પાલીતાણા નગરપાલિકાની ચૂંટણીનું મતદાન થવાનું છે તેને અનુસંધાન ભાવનગર જિલ્લા પોલીસવડા નિતેષ પાંડે દ્વારા પાલીતાણા નગરપાલિકા વિસ્તારમાં આવતા તમામ સેન્સેટીવ બુથોની મુલાકાત લીધી હતી સાથે પાલીતાણા ડીવાયએસપી મિહીર બારીયા, ટાઉન પીઆઈ કરમટા સહિત જોડાયા હતા અને તમામ સેનસેટીવ જાણકારી મેળવી હતી. (તસવીર : આરીફ શેખ, પાલીતાણા)

# હિંમતનગરમાં પક્ષીઓ માટે ૫૦૦ કુંડાનું વિતરણ

હિંમતનગર, તા.૧૯

હિંમતનગરમાં ભારત વિકાસ પરિષદ અને સ્વ. સાયરકુંવર નારાયણસિંહ રાઠોડ ચેરિટેબલ ટ્રસ્ટના સહયોગથી પક્ષીઓ માટે ૫૦૦ પાણીના કુંડાનું મફત વિતરણ કરવામાં આવ્યું હતું. આ વિતરણ મહાકાલી માતાજીના મંદિર પરિસરમાં નગરજનોને કરાયું હતું. આ કાર્યક્રમ મહાવીરનગરથી કાંકરોલ રોડ પર આવેલા મહાકાલી માતાજીના મંદિર પરિસરમાં યોજાયો હતો. ગરમીની સિઝનમાં પક્ષીઓને પાણી મળી રહે તે હેતુથી ભારત વિકાસ પરિષદના હોદ્દેદારો દ્વારા આ કુંડાનું વિતરણ કરાયું હતું.

### વર્ષોથી સમસ્યાઓ હલ ના કરાતા લોકો વિફર્યા

# ભરૂચ ખાતે વોર્ડ નં.૮માં પ્રચાર કરવા ગયેલા ભાજપના ઉમેદવારોનો ઘેરાવ

(સંવાદદાતા દ્વારા)
ભરૂચ, તા.૧૯

ભરૂચ નગર સેવા સદનના વોર્ડ નંબર ૮મા પ્રચાર કરવા માટે પહોંચેલા ભાજપના ઉમેદવારોએ સ્થાનિકોના રોષનો ભોગ બનવું પડ્યું હતું. જોકે અહંકાર ભર્યા વલણ સાથે ભાજપના ઉમેદવારોએ સ્થાનિકો સાથે ચર્ચા કરવા કે તેમના આક્રોશને શાંત પાડવાના બદલે પોતાની શક્તિનું પ્રદર્શન કરતા ધક્કા મુક્કી સાથે આગળ વધવાનો પ્રયત્ન કરતા સ્થાનિકો ભાજપની ટીમ સામે વિફર્યા હતા. સ્થાનિકોએ આક્રોશ સાથે ઉમેદવારોનો ઘેરાવો કરતા વાતાવરણ તંગ બન્યું હતું.

ભરૂચ શહેરના વોર્ડ નંબર ૮માં ચૂંટણી પ્રચાર દરમિયાન તંગ પરિસ્થિતિ સર્જાઈ હતી. ભીડભંજન ખાડી વિસ્તારમાં મૂળભૂત સુવિધાઓના અભાવે નારાજ બનેલા સ્થાનિક લોકોએ ભાજપના ઉમેદવારો અને નેતાઓનો ઘેરાવો કર્યો હતો. સ્થાનિકોના કહેવા મુજબ, વિસ્તારમાં લાંબા સમયથી રસ્તા, પાણી અને ગટરની સમસ્યાઓ યથાવત્ છે, જેના કારણે લોકોમાં ભારે અસંતોષ છે. આ મુદ્દાઓને લઈને જ્યારે ઉમેદવારો પ્રચાર માટે વિસ્તારમાં પહોંચ્યા ત્યારે લોકોનો ગુસ્સો ફાટી નીકળ્યો. ઘટનામાં એક મહિલાએ છાપરાનું નળિયું લઈને ઉમેદવાર તરફ દોડી જતાં પરિસ્થિતિ વધુ તંગ બની ગઈ હતી. સ્થળ પર ઝપાઝપી અને હોબાળો સર્જાતા વાતાવરણ ઉગ્ર બન્યું હતું. પરિસ્થિતિ બેકાબૂ બનતા ઉમેદવારોને પ્રચાર અધવચ્ચે જ છોડીને વિસ્તારથી નીકળી જવું પડ્યું હતું. આ બનાવના પગલે રાજકારણમાં ગરમાવો આવી ગયો છે. અત્રે ઉલ્લેખ કરવો રહ્યો કે ભરૂચ શહેરના વોર્ડ નંબર આઠમાં ભરૂચ નગરપાલિકામાં ભાજપના છેલ્લા ૨૦ વર્ષથી ઉમેદવારો ચૂંટાય છે અને નગરપાલિકામાં ૨૦ વર્ષમાં ત્રણ પ્રમુખ તો આ વોર્ડ નંબર ૮માંથી જ મળ્યા છે. ગઈ વખતે વોર્ડ નંબર આઠમાં આ જ ઉમેદવારો ઊભા રહ્યા હતા અને તેમણે વચન આપ્યું હતું કે વોર્ડ નંબર આઠનો એક પણ વિસ્તારમાં સમસ્યા નહીં રહે તમામ સમસ્યાનો હલ આવશે. રસ્તા પાણી ગટરની વ્યવસ્થા કરવામાં આવશે પરંતુ વોર્ડ નંબર ૮માં ભારતીય જનતા પાર્ટીના ઉમેદવારો લોકોને સુવિધા આપવામાં નિષ્ફળ ગયા છે. આજ દિન સુધી સમસ્યાનો અંત નહિ આવતા લોકો રોસે ભરાયા હતા ગઈકાલે ભાજપના નગરસેવકો ડોર ટુ ડોર પ્રચાર કરવા માટે પહોંચ્યા હતા ત્યારે લોકરોસ જોવા મળ્યો હતો ભરૂચ જિલ્લામાં ભારતીય જનતા પાર્ટીનું છેલ્લા ૩૫ વર્ષથી શાસન છે અને ૩૫ વર્ષથી જે નગરસેવકો ચૂંટાય છે તેમનું જીવન બદલાયું છે. પરંતુ ભરૂચના ૧૧ વોર્ડનો વિકાસ ભારતીય જનતા પાર્ટી કરી શકી નથી અને તેના કારણે ભરૂચ શહેરમાં વોર્ડ નંબર ૮..૯ ૧૧.. ૭.. ૬માં આજે પણ સમસ્યાઓનો ભંડાર છે અને આ વિસ્તારમાં છેલ્લા કેટલાય સમયથી નહીં પરંતુ વર્ષોથી ભારતીય જનતા પાર્ટીના નગરસેવકો ચૂંટાય છે.

### ટીમ રાષ્ટ્રીય કક્ષાએ ગુજરાતનું પ્રતિનિધિત્વ કરશે

# હિંમતનગર કેન્દ્રીય વિદ્યાલય અન્ડર-૧૪ ફૂટબોલ સ્પર્ધામાં વિજેતા

(સંવાદદાતા દ્વારા)
હિંમતનગર, તા.૧૯

અમદાવાદ કેન્દ્રીય વિદ્યાલય સંગઠન દ્વારા આયોજિત ૫૫મી અન્ડર-૧૪ ફૂટબોલ સ્પર્ધામાં હિંમતનગરની પીએમ કેન્દ્રીય વિદ્યાલયની ટીમે વિજય મેળવ્યો છે. આ બે દિવસીય સ્પર્ધા હિંમતનગરમાં યોજાઈ હતી, જેમાં વિજેતા ટીમ હવે રાષ્ટ્રીય કક્ષાએ ગુજરાતનું પ્રતિનિધિત્વ કરશે.


(તસવીર : એફ.કે. મનસુરી, હિંમતનગર)

આ સ્પર્ધા ૧૬ અને ૧૭ તારીખે પીએમ શ્રી કેન્દ્રીય વિદ્યાલય, હિંમતનગર ખાતે યોજાઈ હતી. જેમાં પીએમ શ્રી કેન્દ્રીય વિદ્યાલય હિંમતનગર, અમદાવાદ કેન્ટ, ગાંધીનગર કેન્ટ, AFS વડોદરા, AFS જામનગર, જૂનાગઢ અને સામાણા સહિત કુલ સાત ટીમોએ ભાગ લીધો હતો. લીગ રાઉન્ડ બાદ સેમીફાઈનલ અને ફાઈનલ મેચ રમાઈ હતી.

શ્રેષ્ઠ પ્રદર્શન કરનારી ચાર ટીમો સેમીફાઈનલમાં પહોંચી હતી : પીએમ શ્રી કે.વી. હિંમતનગર, પીએમ શ્રી કે.વી. AFS વડોદરા, પીએમ શ્રી કે.વી. અમદાવાદ કેન્ટ અને પીએમ શ્રી કે.વી. ગાંધીનગર કેન્ટ. ફાઈનલ મેચ પીએમ શ્રી કે.વી. હિંમતનગર અને પીએમ શ્રી કે.વી. વડોદરા વચ્ચે રમાઈ હતી.

હિંમતનગરની ટીમે વિજય મેળવી ચેમ્પિયન બનવાનું બહુમાન પ્રાપ્ત કર્યું હતું. હિંમતનગરની આ ટીમ આગામી રાષ્ટ્રીય કક્ષાની ફૂટબોલ સ્પર્ધામાં ગુજરાતનું પ્રતિનિધિત્વ કરશે. વિજેતા ખેલાડીઓને મેડલ્સ અને પ્રમાણપત્રો એનાયત કરીને સન્માનિત કરવામાં આવ્યા હતા. ટીમની આ સફળતા પાછળ વિદ્યાલયના આચાર્ય મહેન્દ્ર પ્રસાદ, ઈન્ચાર્જ રમત-ગમત શિક્ષક કપિલ ગાંધર્વ, કોચ તરૂણ સુતરિયા અને લોકલ એસ્કોર્ટ કેયુર પટેલનું સતત માર્ગદર્શન અને પ્રોત્સાહન રહ્યું હતું.

# બાલાસિનોર ખાતે તારીખ ત્રીજીએ યોજાનાર NEET-૨૦૨૬ પરીક્ષા સંદર્ભે પ્રતિબંધાત્મક હુકમો

(સંવાદદાતા દ્વારા)
લુણાવાડા, તા.૧૯

નેશનલ ટેસ્ટીંગ એજન્સી દ્વારા તા.૩/૫/૨૬ના રોજ NEET-૨૦૨૬ પરીક્ષાનું આયોજન કરવામાં આવેલ છે. આ પરીક્ષા માટે જિલ્લામાં બાલાસિનોર ખાતે ઓચ્છવલાલ શેઠ હાઈસ્કૂલ અને બાલાસિનોર મોડલ સ્કૂલ પરીક્ષા કેન્દ્રો ફાળવવામાં આવ્યા છે. આ પરીક્ષા દરમિયાન કાયદો અને વ્યવસ્થાની સ્થિતિ જળવાઈ રહે અને કોઈ અનિચ્છનીય બનાવ બનવા ન પામે તથા પરીક્ષાર્થીઓ શાંત વાતાવરણમાં પરીક્ષા આપી શકે તે માટે પરીક્ષા કેન્દ્રની આસપાસ અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ સી.વી. લટા દ્વારા તા.૩/૫/૨૬ના રોજ સવારના ૧૧-૦૦ ક્લાકેથી સાંજના ૧૯-૦૦ કલાક સુધીના સમયગાળા માટે જિલ્લામાં પરીક્ષા કેન્દ્રો ખાતે નીચે દર્શાવેલ કૃત્યો કરવા પર મનાઈ ફરમાવુ જાહેરનામું બહાર પાડવામાં આવ્યું છે.

અનુસુચિત પરીક્ષા કેન્દ્રની ચર્તુદિશાની ૨૦૦ મીટરની ત્રિજ્યામાં આવેલ તમામ મકાનો,જગ્યા, સ્થળ અને વિસ્તારમાં ચાર માણસોએ એકઠા થવું નહી તથા પરીક્ષાર્થીઓ સિવાય કોઈ પણ ઈસમને પરીક્ષા કેન્દ્રની ૨૦૦ મીટરની ત્રિજ્યામાં પ્રવેશ કરવા પર પ્રતિબંધ ફરમાવવામા આવે છે.

પરીક્ષાર્થી ઉમેદવાર અને પરીક્ષા સંબંધિત કામગીરીમાં રોકાયેલા ફરજ પરના અધિકૃત માણસો સિવાય અન્ય કોઈ બિનઅધિકૃત વ્યક્તિઓએ અવર-જવર કરવી નહીં. કાયદેસરની ફરજ બજાવનારાઓને કોઈપણ પ્રકારે અડચણ કે અવરોધ કરવો કે કરાવવો, તેમજ કોઈપણ ઈસમે કોઈપણ પ્રકારની તરકીબ વાપરી પરીક્ષાર્થીઓને પરીક્ષા વિષયક ચોરી કરવા/કરાવવામાં મદદગારી કરવા પર પ્રતિબંધ ફરમાવ્યો છે.

પરીક્ષા કેન્દ્રના વિસ્તારમાં આવેલ ઝેરોક્ષ કોપી સેન્ટર, ફેક્સ મશીન સંચાલકોએ કોપીઅર મશીનનો ઉપયોગ પરીક્ષાના દિવસ દરમ્યાન સવારના ૧૧-૦૦ કલાકથી ૧૯-૦૦ કલાક સુધી સદંતર બંધ રાખવાના રહેશે.

પરીક્ષા કેન્દ્રમાં પરીક્ષા ચાલતી હોય તે સમયે પરીક્ષાને લગતી અનઅધિકૃત લેખન સામગ્રી પરીક્ષા કેન્દ્રમાં લઈ જવા પર, પરીક્ષા કેન્દ્રની આજુબાજુના વિસ્તારમાં માઈક/લાઉડ સ્પીકર/ડી.જે. સાઉન્ડ વગાડવા પર પ્રતિબંધ ફરમાવામાં આવે છે. આ જાહેરનામાનો ભંગ કરનાર ઈસમો સામે ભારતીય ન્યાય સહિતા,૨૦૨૩ની કલમ ૨૨૩ મુજબ ફરિયાદ માંડવા અધિકૃત કરવામાં આવે છે.

# ભરૂચ જિલ્લા ચૂંટણી ઓબ્ઝર્વર તરીકે બી.ડી. ડાવેરાની નિમણૂક

અંકલેશ્વર, તા.૧૯

રાજ્ય ચૂંટણી આયોગ, ગાંધીનગર દ્વારા સ્થાનિક સ્વરાજ્યની સામાન્ય ચૂંટણી-૨૦૨૬ને મુક્ત અને ન્યાયી વાતાવરણમાં સંપન્ન કરાવવા માટે ભરૂચ જિલ્લાના વિવિધ મત વિભાગો માટે ચૂંટણી ઓબ્ઝર્વર (ચૂંટણી નિરીક્ષક)ની નિમણૂક કરવામાં આવી છે.

ભરૂચ જિલ્લામાં રાજ્ય ચૂંટણી આયોગ દ્વારા બી.ડી. ડાવેરા (IAS) ચીફ એક્ઝિક્યુટિવ ઓથોરિટી, વડોદરા અર્બન ડેવલપમેન્ટ ઓથોરિટી (VUDA)ની ભરૂચ જિલ્લા માટે ઓબ્ઝર્વર તરીકે વરણી કરવામાં આવી છે. જેઓ ભરૂચ જિલ્લા પંચાયત, તાલુકા પંચાયતો અને ભરૂચ, અંકલેશ્વર, આમોદ અને જંબુસર નગરપાલિકાઓના મત વિભાગોની ચૂંટણી પ્રક્રિયા પર દેખરેખ રાખશે. ચૂંટણી પ્રક્રિયાને લગતી બાબતો માટે કોન્ફરન્સ રૂમ, જી.એન.એફ.સી (GNFC) ગેસ્ટ હાઉસ, ભરૂચ ખાતે નિયત સમયે સંપર્ક કરવા જણાવ્યું છે.

વધુમાં કોઈપણ પૂછપરછ કે રજૂઆત માટે મોબાઈલ નંબર ૯૨૨૭૯ ૯૯૦૨૨ અને ટેલિફોન નંબર ૦૨૬૪૨-૨૯૯૪૮૬ પર સંપર્ક કરી શકાશે. તેમ સ્થા.સ્વ.સંસ્થાઓ અને નિવાસી અધિક કલેક્ટર ઇ.ચા. પાર્થ જયસ્વાલ એક યાદીમાં જણાવ્યું છે.

# વડોદરામાં ધારાસભ્યના હોર્ડિંગ મામલે આચારસંહિતા ભંગની ફરિયાદ

(સંવાદદાતા દ્વારા) વડોદરા, તા.૧૯

રાવપુરામાં અમદાવાદી પોળ પાસેના હોર્ડિંગ મામલે વિશ્વામિત્રી બચાવો સમિતિએ આદર્શ આચારસંહિતાના ઉલ્લંઘન અંગે જિલ્લા ચૂંટણી અધિકારી અને મ્યુનિ. કમિશનરને ફરિયાદ કરી છે.

કોંગ્રેસ પ્રમુખ મલ્લિકાર્જુન ખડગેએ ગુજરાતીઓ વિશે આપત્તિજનક નિવેદન કર્યા બાદ, ધારાસભ્ય દ્વારા આ નિવેદનના જવાબ સ્વરૂપે હોર્ડિંગ લગાવવામાં આવ્યું છે. મ્યુનિ. કોર્પોરેશનના નિયમો અનુસાર હોર્ડિંગ લગાવવા માટે અગાઉ પરવાનગી લઈ ફી ભરવી ફરજિયાત છે. ઉપરાંત, રોડ ખોદી, રાહદારીઓ અને વાહન ચાલકોને નડે તે રીતે જાહેર રસ્તા ઉપર હોર્ડિંગ ઊભું કરવું ગેરકાયદે છે.

૧૦ દિવસ થયા છતાં તંત્રના મૌનના આક્ષેપ સાથે સમિતિએ ગેરકાયદે હોર્ડિંગ તાત્કાલિક દૂર કરવામાં આવે તથા હોર્ડિંગ લગાવનાર સામે આચારસંહિતા ભંગનો ગુનો દાખલ કરાય એવી માગ કરી છે. સમિતિએ સ્પષ્ટ કર્યું છે કે, અમે કોઈ રાજકીય પક્ષના સભ્ય કે સમર્થક નથી. અમારી માગ સૌ નાગરિકા માટે સમાન ન્યાય અને નિષ્પક્ષ ચૂંટણી પ્રક્રિયા માટે છે.

### દાહોદમાં શ્રદ્ધાળુ પરિવારને ગમખ્વાર અકસ્માત નડ્યો

# કન્ટેનરની પાછળ કાર ધડાકાભેર અથડાઈ : ત્રણ બાળકોનાં કરૂણ મોત

**૯ લોકો ગંભીર ઈજાગ્રસ્ત**



(સંવાદદાતા દ્વારા)

અમદાવાદ, તા.૧૯

પાવાગઢમાં મંદિરના દર્શન કરી મધ્યપ્રદેશ પરત ફરી રહેલા એક શ્રદ્ધાળુ પરિવારને દાહોદના ભીટોડી હાઈવે પર અકસ્માત નડ્યો હતો. માર્ગ પર ઉભેલા એક કન્ટેનરની પાછળ એક ફોર વ્હીલ કાર ધડાકાભેર અથડાતા આ દુર્ઘટના સર્જાઈ હતી. આ ભયાનક ટક્કરમાં કારમાં સવાર ૩ માસૂમ બાળકોના ઘટનાસ્થળે જ કમકમાટીભર્યા મોત નિપજ્યા હતા.

આ અકસ્માતમાં અન્ય ૯ લોકો ગંભીર રીતે ઈજાગ્રસ્ત થયા છે, જેમને તાત્કાલિક સારવાર અર્થે નજીકની હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા હતા, જ્યાંથી તેમને ખાનગી હોસ્પિટલ લઈ જવાયા છે. જ્યારે અકસ્માતમાં મૃત્યુ પામેલા ત્રણ બાળકોના મૃતદેહને સિવિલ હોસ્પિટલ ખાતે પોસ્ટમોર્ટમ માટે લઈ જવાયા છે. અકસ્માત એટલો જોરદાર હતો કે કારનો કચ્ચરઘાણ વળી ગયો હતો. હાલ પોલીસ દ્વારા આ મામલે વધુ તપાસ હાથ ધરાઈ છે.

### માર્કેટિંગ યાર્ડમાં હરાજીનો વિધિવત રીતે થયો પ્રારંભ

# ગીરની પ્રખ્યાત કેસર કેરીનું પહેલું બોક્સ ૧૧,૧૧૧ રૂપિયામાં વેચાયું !

## તાલાલા ગીર ખાતે કેસર કેરીની હરાજીમાં વેપારીઓ-ખેડૂતો ઉત્સુક

(સંવાદદાતા દ્વારા)

અમદાવાદ, તા.૧૯

તાલાલા ગીર ખાતે વિશ્વપ્રસિદ્ધ કેસર કેરીની હરાજીનો ઔપચારિક પ્રારંભ ઉત્સાહભેર થયો છે. આ વર્ષે સિઝનની શરૂઆત સાથે જ વેપારીઓ, ખેડૂતો અને ખરીદદારોમાં વિશેષ ઉત્સુકતા જોવા મળી રહી છે. પ્રથમ જ દિવસે હરાજીમાં ૧૦ કિલો કેસર કેરીનું પહેલું બોક્સ ૧૧,૧૧૧ રૂપિયામાં ખરીદવામાં આવ્યું. આ રકમ ગૌશાળાના લાભાર્થે સમર્પિત કરવામાં આવી હોવાનું જાણવા મળે છે. માર્કેટિંગ યાર્ડમાં આજે વિધિવત રીતે ગીરની શાન ગણાતી કેસર કેરીની હરાજીનો વિધિવત રીતે પ્રારંભ થયો છે અને હરાજીના પ્રારંભિક દિવસે જ કેસર કેરીના ભાવમાં સારો ઉછાળો જોવા મળ્યો હતો. બજારમાં ૧૦ કિલોના એક બોક્સના સરેરાશ ભાવ ૬૦૦ રૂપિયાથી લઈને ૧૪૦૦ રૂપિયા સુધી બોલાયા હતા. ગુણવત્તા, કદ અને માંગ પ્રમાણે ભાવમાં ફરક જોવા મળ્યો હતો. વેપારીઓના જણાવ્યા મુજબ, આ શરૂઆતના ભાવોને જોતા આ વર્ષે ખેડૂતોને સારી આવક મળવાની આશા વ્યક્ત કરવામાં આવી રહી છે. તાલાલા મેંગો માર્કેટમાં માત્ર તાલાળા ગીર જ નહીં પરંતુ આસપાસના વિસ્તારોમાંથી પણ કેસર કેરીની આવક થતી હોવાથી બજારમાં સારી ચહલપહલ રહેવાની શક્યતા છે. આ વર્ષે કેરીના ઉત્પાદનને લઈ તાલાળા મેંગો માર્કેટ ચેરમેનના જણાવ્યા મુજબ કેરીની સિઝન લાંબી ચાલશે અને સાથે ત્રણ તબક્કા ફ્લાવરિંગ આવ્યું હોવાથી અને આસપાસના વિસ્તારોમાંથી પણ ખેડૂતો તાલાળા ગીરમાં કેસર કેરી લઈને આવતા હોવાથી ગત વર્ષની સરખામણીએ આ વર્ષે કેસર કેરીની આવક વધુ રહેવાની સંભાવના છે કેરીની આવક તબક્કાવાર બજારમાં આવશે અને સિઝન અંદાજે દોઢ મહિના સુધી લંબાઈ શકે છે. આ પરિસ્થિતિ ખેડૂતો માટે લાભદાયી સાબિત થઈ શકે છે, કારણ કે સતત આવક મળવાની શક્યતા વધે છે. આમ તાલાળા ગીરની કેસર કેરીની હરાજી માત્ર વેપાર માટે જ નહીં, પરંતુ સામાજિક અને આર્થિક રીતે પણ મહત્વપૂર્ણ બની રહી છે. હવે આવનારા દિવસોમાં બજારના ભાવ, આવક અને માંગ પર સૌની નજર રહેશે.

### શાહીબાગના પિત્ઝા શોપમાં ડોક્ટરના ઓર્ડરના પિત્ઝામાં વાળ નીકળ્યો

# હાઈકોર્ટના ક્લાસ-૧ અધિકારીની બ્રેડ-પાંઉમાં ફૂગ દેખાતા પોલીસ બોલાવી કરી ફરિયાદ

## ડોક્ટરે AMCમાં લેખિત ફરિયાદ કરી : થયો મોટો હંગામો

(સંવાદદાતા દ્વારા)

અમદાવાદ, તા.૧૯

બહાર જમવાના શોખીનો માટે વધુ બે લાલબત્તી સમાન કિસ્સા સામે આવ્યા છે. શહેરના શાહીબાગ વિસ્તારમાં આવેલા વિલિયમ જહોન્સ પિત્ઝામાં અનલિમિટેડ ભોજનનો આનંદ લેવા ગયેલા એક ડોક્ટરના પહેલા પિત્ઝામાંથી જ વાળ નીકળતા હંગામો મચી ગયો હતો. આ બાબતે ડોક્ટરે રેસ્ટોરન્ટ સંચાલકો સામે રોષ પ્રગટ કરી અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન (AMC)માં લેખિત ફરિયાદ નોંધાવી છે. બીજા બનાવમાં ગુજરાત હાઈકોર્ટમાં ફરજ બજાવતા ક્લાસ-૧ અધિકારીએ ઓનલાઈન મંગાવેલી બ્રેડ-પાઉં વાસી અને ફૂગ વાળી નીકળી હતી. અધિકારીએ સ્ટોર પર હાજર વ્યક્તિને આ બાબતે વાત કરતા તેણે ગલ્લા-તલ્લા કર્યા હતા, જેથી અધિકારીએ ૧૧૨ નંબર ઉપર ફોન કરી પોલીસ બોલાવી હતી અને ફરિયાદ નોંધાવી છે.

શાહીબાગમાં રહેતા ડો. ધ્રુવ પટેલ તેમના મિત્ર સાથે વિલિયમ જહોન્સ પિત્ઝામાં જમવા ગયા હતા. તેમણે પહેલા સલાડ ખાધું અને ત્યારબાદ પિત્ઝા ઓર્ડર કર્યા હતા. જેવો પહેલો માર્ગેરીટા પિત્ઝા ટેબલ પર આવ્યો, તે ખાવા જતાં જ તેમાં મોટો વાળ જોવા મળ્યો હતો. સ્વચ્છતાના અભાવે ડોક્ટરે તાત્કાલિક તે પિત્ઝા પડતો મૂકી સંચાલકોને જાણ કરી હતી.

ડો. ધ્રુવ પટેલે આરોપ લગાવ્યો હતો કે, જ્યારે મેં કર્મચારીઓને પિત્ઝામાં વાળ હોવાની ફરિયાદ કરી, ત્યારે તેમણે માત્ર પિત્ઝા બદલી આપવાની વાત કહીને સંતોષ માની લીધો હતો. મેનેજર સાથે વાત કરવાની માંગ કરી ત્યારે કર્મચારીઓ એકબીજા પર ખો આપતા રહ્યા અને મેનેજરે પણ કોઈ યોગ્ય પ્રતિસાદ ન આપ્યો. આ મામલે વિલિયમ જહોન્સ પિત્ઝા (શાહીબાગ)ના ફ્રેન્ચાઈઝી માલિક અભયભાઈએ જણાવ્યું હતું કે, બનાવતી વખતે ભૂલથી વાળ આવી ગયો હોઈ શકે છે. અમે આ બાબતે તકેદારી રાખીશું અને બીજી વખત વાળ નહીં આવે.

ગાંધીનગર પાસે આવેલા સુઘડ નજીક રહેતા અને ગુજરાત હાઈકોર્ટમાં ક્લાસ-૧ ઓફિસર તરીકે ફરજ બજાવતા ઓઝા યોગેન્દ્રકુમારે ઝેપટો એપ્લિકેશન મારફતે કભી ભી કંપનીના બ્રેડ-પાઉં અને અન્ય સામાન મંગાવ્યો હતો. જે ડિલિવરી બોય લઈને આવ્યો, ત્યારે પાઉં ફૂગ વાળી અને વાસ મારતી હતી. જે બાબતે ડિલિવરી બોયને વાત કરી તો તેણે જણાવ્યું કે, મોટેરા ખાતે આવેલી ઝેપટો કંપનીના સ્ટોરમાંથી આ સામાન લઈને આવ્યો છે. ઓનલાઈન ટેબલેટનું એડ્રેસ મેળવીને જ્યારે યોગેન્દ્રકુમાર સ્ટોર ઉપર પહોંચ્યા, ત્યારે હાજર વ્યક્તિએ જવાબ આપવામાં ગલ્લા-તલ્લા કર્યા હતા. આ બાબતે યોગેન્દ્રકુમારે ૧૧૨ નંબર પર કોલ કરીને ચાંદખેડા પોલીસ સ્ટેશન અને ફૂડ વિભાગમાં ઝેપટો સ્ટોરના વહીવટ કર્તાઓ અને માલિકની વિરોધમાં ફરિયાદ કરી છે. જાહેર જીવનમાં લોકોના આરોગ્ય સાથે ચેડા કરવા બદલ તેમણે ફરિયાદ નોંધાવી છે.

# શૈખુલ ઈસ્લામ ટ્રસ્ટ દ્વારા જશ્ને સૈયદ તથા પીરાની અમ્મા(રહે.)નો ઉર્ષ ખૂબ શાનો શૌકતથી ઉજવાયો



અમદાવાદ,તા.૧૯

મુસ્લિમ સમાજના વિશ્વ વિખ્યાત ધર્મગુરૂ શૈખુલ ઈસ્લામ હઝરત સૈયદ મુહમ્મદ મદની અશરફી જીલાનીની અધ્યક્ષતામાં અને તેમના શહેજાદા સૈયદ હમઝા અશરફ અશરફીની આગેવાનીમાં શૈખુલ ઈસ્લામ ટ્રસ્ટ દ્વારા રવિવારે મિરઝાપુર પ્રેયસ હાઈસ્કુલ મદની મસ્કન પાસે જશ્ને સૈયદ તથા જશ્ને પીરાની અમ્મા (રહે.) ખૂબ જ શાનો શૌકતથી મનાવવામાં આવ્યો હતો. જેમાં જાનશીને શૈખુલ ઈસ્લામ હઝરત સૈયદ હમઝા અશરફે ઈમાનઅફરોઝ તકરીર કરતા જણાવ્યું હતું કે, જે રીતે શરીરનો મેલ દૂર કરવા નહાવું પડે છે તે જ રીતે મેલા થઈ ગયેલા દિલ અને દિમાગને સાફ કરવા અલ્લાહનો ઝીક્ર કરવો જરૂરી છે.તેમ જણાવી તેમણે હાજર જનોને ઝીક્ર કરાવ્યો હતો. ત્યારબાદ સજરહ શરીફનું પઠન કર્યું હતું. શાયરે ઈસ્લામ હઝરત ખાલિદ અનવર અશરફે આગવી શૈલીમાં શૈખુલ ઈસ્લામની શાનમાં મન્કબત પેશ કરી હતી.

શૈખુલ ઈસ્લામ હઝરત સૈયદ મુહમ્મદ મદની મિયાં અશરફી સાહેબે હાજર જનોને બૈત કરાવી હતી. તેમના હસ્તે 'દીન-એ -કામિલ' તેમજ 'નિકાહ,આઈના ઔર હમ' પુસ્તકનું વિમોચન કરવામાં આવ્યું હતું. સૈયદ કાસીમ મિયાં અશરફીએ શાનદાર તકરીર કરી હાજર જનોને ખુશ કરી દીધા હતા. અંતમાં તેમણે દુઆ ફરમાવી હતી. આ કાર્યક્રમમાં સૈયદ તલ્હા અશરફ અશરફી સહિત દેશ અને રાજ્યભરમાંથી અશરફી સિલસિલાના ખલીફાઓ, મુરીદો અને અકીદતમંદોએ હજારોની સંખ્યામાં ઉપસ્થિત રહી શૈખુલ ઈસ્લામની ઝિયારત કરી હતી. કાર્યક્રમના અંતે હાજર જનોને ન્યાજ ખવડાવવામાં આવી હતી. શૈખુલ ઈસ્લામ ટ્રસ્ટના અગ્રણી જનાબ શૌક્તખાન અશરફીએ પ્રોગ્રામનું સફળ સંચાલન કર્યું હતું અને અંતે તમામ મહેમાનોનો આભાર વ્યક્ત કર્યો હતો. સમગ્ર કાર્યક્રમ દરમિયાન ટ્રસ્ટના સભ્યો અને સ્વયં સેવકોએ ખડેપગે સેવા બજાવી હતી.

### રોકાણ પર વળતર આપવાના નામે ગઠિયાએ આર્મીના નિવૃત જવાન પાસેથી રૂા.૩૦ લાખ પડાવ્યા

અમદાવાદ, તા.૧૯

ગાંધીનગર જિલ્લાના મોટી સિંહોલીમાં રહેતા આર્મીના નિવૃત જવાનને રોકાણ પર વળતર આપવાની લાલચ આપીને બચતના ૩૦ લાખ જેટલી રકમ પડાવીને છેતરપિંડી કરવામાં આવી હોવાની ફરિયાદ ગાંધીનગર રેંજ સાયબર ક્રાઈમ સેલમાં નોંધાઈ છે. ૩૦ લાખના રોકાણ પર ૪.૯૩ કરોડનો નફો દર્શાવીને તે નાણાં મેળવવા માટે બીજા ૨૫ લાખની માંગણી કરવામાં આવતા આર્મીના જવાનને છેતરાયાની જાણ થઈ હતી.

# અમદાવાદમાં ગરમીનો પારો ૪૦ ડિગ્રી પર પહોંચ્યો

**આકરી ગરમી વચ્ચે કમોસમી વરસાદ પડવાની આગાહી**



(સંવાદદાતા દ્વારા)

અમદાવાદ, તા.૧૯

ગુજરાતમાં આકરી ગરમીનો રાઉન્ડ શરૂ થઈ ગયો છે. મોટાભાગના શહેરોમાં તાપમાનનો પારો ૪૦ ડિગ્રીને પાર પહોંચી રહ્યો છે. રાજ્યમાં સતત બીજા દિવસે રાજકોટ શહેર સૌથી ગરમ રહ્યું. રાજકોટમાં ૪૦.૯ ડિગ્રી જ્યારે અમદાવાદમાં ૪૦ ડિગ્રી નોંધાયું. તો બીજી તરફ સાયક્લોનિક સર્ક્યુલેશન સક્રિય થતા ત્રણ દિવસ અલગ અલગ જિલ્લામાં કમોસમી વરસાદની આગાહી કરવામાં આવી છે. હવામાન વિભાગના વૈજ્ઞાનિક પ્રદીપ શર્માના જણાવ્યા મુજબ, એક સાયક્લોનિક સર્ક્યુલેશન સક્રિય થયું છે. જેના પ્રભાવના કારણે ૧૯, ૨૦ અને ૨૧ એપ્રિલના રોજ અનેક જિલ્લાઓમાં વરસાદ થઈ શકે છે. સૌરાષ્ટ્ર અને કચ્છમાં ત્રણ દિવસ સુધી કમોસમી વરસાદ થવાની શક્યતા છે. જોકે ૨૪ કલાકમાં તાપમાનમાં કોઈપણ મોટો બદલાવ જોવા મળ્યો નથી. જેમાં સૌથી વધુ તાપમાન રાજકોટમાં જોવા મળ્યું છે. તેમજ અમદાવાદમાં પણ ૪૧ ડિગ્રી તાપમાન નોંધાયું છે. તાપમાનમાં ખાસ કોઈ બદલાવ જોવા મળી શકે તેમ નથી. ૫ દિવસ સુધી માછીમારોને દરિયો ન ખેડવા માટેની પણ સૂચના આપવામાં આવી છે. ૧૫થી ૨૦ કિલોમીટર સુધી પવન ફૂંકાઈ શકે છે.

હવામાન વિભાગની આગાહી મુજબ, રાજ્યમાં સુરતને બાદ કરતા અન્ય જિલ્લાઓના તાપમાનમાં કોઈ મોટો ફેરફાર નોંધાયો નથી. હાલમાં ગુજરાતના ૫ શહેરમાં ગરમીનો પારો ૪૧°Cને પાર પહોંચી ગયો છે. ૧૮ એપ્રિલે ૪૧.૯ ડિગ્રી સાથે રાજકોટ સૌથી ગરમ શહેર રહ્યું હતું. તો અમદાવાદમાં પણ ગરમીનો પારો ૪૧.૮ અને સુરેન્દ્રનગરમાં ૪૧.૭ ડિગ્રીએ પહોંચ્યો હતો. જો કે આજથી ૨૧ એપ્રિલ સુધી કમોસમી વરસાદની આગાહીને પગલે વિવિધ શહેરોના મહતમ તાપમાનમાં ૨થી ૪ ડિગ્રીનો ઘટાડો થઈ શકે છે.

# સુરતમાં નકલી ટોલનાકાનો પર્દાફાશ

## નેશનલ હાઈવેને બાયપાસ કરતાં રોડ પર ટોળકી લૂંટ ચલાવતી હતી !

(સંવાદદાતા દ્વારા)

અમદાવાદ, તા.૧૯

સુરત જિલ્લાના કામરેજમાં નકલી ટોલનાકાનો પર્દાફાશ થયો છે. નેશનલ હાઈવે નંબર ૪૮ના ટોલ ટેક્સથી બચવા માટે આંતરિક રસ્તાનો ઉપયોગ કરતા વાહનચાલકો પાસેથી અહીં ગેરકાયદે રીતે પૈસા ઉઘરાવવામાં આવતા હતા.

કામરેજના ચોર્યાસી ગામની સીમમાં નેશનલ હાઈવેને ગ્રામ્ય વિસ્તાર સાથે જોડતા પંચાયતના રસ્તા પર આ ટોલનાકું ઊભું કરવામાં આવ્યું હતું. હકીકતમાં, હાઈવે પરના મુખ્ય ટોલનાકાને બાયપાસ કરવા માટે ઘણા વાહનચાલકો આ રસ્તાનો ઉપયોગ કરતા હતા. આ તકનો લાભ ઉઠાવી કેટલાક શખ્સોએ ત્યાં નાકું નાખી દીધું અને પસાર થતા નાના-મોટા વાહનો પાસેથી રસીદ ફાડી ઉઘાડી લૂંટ શરૂ કરી હતી.

જ્યારે જાગૃત નાગરિકોએ ટોલનાકું ચલાવનારાઓને મંજૂરી બાબતે પૂછપરછ કરી, ત્યારે તેઓ સંતોષકારક જવાબ આપી શક્યા નહોતા. આ સમગ્ર ગેરરીતિનો વીડિયો સોશિયલ મીડિયા પર વાઈરલ થયા બાદ કામરેજ પોલીસે તપાસનો ધમધમાટ શરૂ કર્યો છે. હાલમાં પોલીસે આ ગેરકાયદે ટોલનાકું ત્યાંથી હટાવી દીધું છે અને ઉઘરાવવામાં આવતી રસીદો કબજે કરી છે.

આ મામલે કામરેજના પી.આઈ. રામ ગોજીયાએ જણાવ્યું કે, "પૂછપરછ દરમિયાન સંચાલકોએ ગ્રામ પંચાયતનો ઠરાવ હોવાનો દાવો કર્યો છે. જોકે, પંચાયત આ રીતે રસ્તા પર ટોલ નાખીને નાણાં ઉઘરાવી શકે કે કેમ, તે અંગે તાલુકા વિકાસ અધિકારી (TDO) પાસે તપાસ કરાવવામાં આવી રહી છે."

### ૪ મહિનાથી પોલીસ જાપ્તામાંથી ફરાર હતો

# જૂનાગઢ SOGએ સાયબર ક્રાઈમના ફરાર આરોપીને અમદાવાદથી દબોચ્યો

(સંવાદદાતા દ્વારા)

અમદાવાદ તા.૧૯

જૂનાગઢ પોલીસની SOGએ સાયબર ક્રાઈમના એક ગંભીર ગુનાનો પર્દાફાશ કર્યો છે. શીલ પોલીસ સ્ટેશનમાં નોંધાયેલ સાયબર છેતરપિંડીના ગુનામાં છેલ્લા ચાર મહિનાથી પોલીસને હંફાવી રહેલા આરોપી કેવિન રમેશભાઈ દેકીવાડીયાને અમદાવાદના મેમનગર વિસ્તારમાંથી ઝડપી પાડવામાં આવ્યો છે. જૂનાગઢ રેન્જ આઈજી અને પોલીસ અધિક્ષકની સૂચના મુજબ નાસતા ફરતા આરોપીઓને પકડવાની ઝુંબેશ અંતર્ગત SOGની ટીમે ટેકનિકલ સર્વેલન્સ અને હ્યુમન ઈન્ટેલિજન્સના આધારે આ ઓપરેશન પાર પાડ્યું હતું. આરોપી કેવિન દેકીવાડીયા, જે મૂળ જૂનાગઢના ઝાંઝરડા રોડનો રહેવાસી છે, તે અમદાવાદના મેમનગર સ્થિત નિલમણી સોસાયટીના ઓક્સફોર્ડ ટાવરમાં મકાન ભાડે રાખીને છુપાયો હતો. પોલીસને ચોક્કસ બાતમી મળી હતી કે તે અહીંથી પોતાની ગેરકાયદેસર પ્રવૃત્તિઓ ચલાવી રહ્યો છે. આ બાતમીના આધારે SOGની ટીમે દરોડો પાડીને તેની અટકાયત કરી હતી. તપાસ દરમિયાન તેની પાસેથી જે મુદ્દામાલ મળી આવ્યો છે તે જોઈને પોલીસ પણ ચોંકી ઉઠી છે. તેની પાસેથી અલગ-અલગ બેંકોની ૨૫ પાસબુકો, ૪૩ જેટલા છ્રસ કાર્ડ્સ, ૨૩ સીમકાર્ડ અને ૫ મોબાઈલ ફોન મળી આવ્યા છે. પકડાયેલ આરોપી વિરૂદ્ધ BNS Actની કલમ ૩૧૭(૨), ૩૧૭(૪) અને IT Actની કલમ ૬૬(ડી) મુજબ ગુનો નોંધાયેલો હતો. તેની પાસેથી મળી આવેલ મુદ્દામાલની કિંમત અંદાજે ૪૨,૦૦૦ રૂપિયા આંકવામાં આવી છે. આટલી મોટી સંખ્યામાં પાસબુક અને ATM કાર્ડ મળી આવતા પોલીસને આશંકા છે કે આ એક મોટા સાયબર ફ્રોડ નેટવર્કનો ભાગ હોઈ શકે છે. હાલમાં આ તમામ મુદ્દામાલ બાબતે બી-ડિવિઝન પોલીસ સ્ટેશનમાં અલગથી જાણવાજોગ દાખલ કરવાની તજવીજ હાથ ધરવામાં આવી છે.

# નોકરીએ જવા નીકળેલા યુવકનો મૃતદેહ મળ્યો : હત્યા કે અકસ્માત ?

(સંવાદદાતા દ્વારા)

અમદાવાદ, તા.૧૯

છોટાઉદેપુરના કવાંટ તાલુકાના મુસેટ જામલી ગામેથી બાઈક લઈને નોકરીએ જવા નીકળેલા યુવાનનો મૃતદેહ મળી આવતા ચકચાર મચી છે. સમગ્ર મામલે પોલીસે અકસ્માતથી મોતની નોંધ કરી છે, ત્યારે મૃતકના પરિવારજનોનું કહેવું છે કે, તેમના દીકરાની હત્યા કરવામાં આવી છે. એટલે સમગ્ર મામલે ન્યાયિક તપાસની પરિવારજનોએ માગ કરી છે.

પ્રાપ્ત માહિતી અનુસાર, કવાંટ તાલુકાના મુસેટ જામલી ગામે રહેતો નિલેશ જેસીંગ વણકર એક કંપનીમાં નોકરી કરતો હતો અને રોજની જેમ સવારે બાઈક લઈને નોકરીએ જવા નીકળ્યો હતો. પરંતુ દિવસ દરમિયાન તેનો સંપર્ક ન થતાં પરિવારમાં ચિંતા ફેલાઈ હતી. નિલેશના પિતાએ ફોન કર્યો છતાં તેને ફોન ઉઠાવ્યો નહોતો અને બીજો મોબાઈલ પણ સ્વીચ ઓફ આવતો હોવાથી પરિવારજનોએ નિલેશની ઓફિસ સહિત આસપાસ તપાસ કરી હતી, પરંતુ કોઈ માહિતી મળી નહોતી.

જ્યારે સાંજના સમયે ગામના સરપંચે ફોન કરીને નિલેશના પરિવારને ઉમઠી ગામ પાસે વખતગઢ રોડ પર બોલાવવામાં આવ્યા હતા. જ્યાં નિલેશ પોતાની બાઈક નજીક મળી આવ્યો હતો. આ પછી નિલેશને ૧૦૮ મારફતે કવાંટ હોસ્પિટલ ખસેડવામાં આવ્યો હતો, જ્યાં તબીબોએ તેને મૃત જાહેર કર્યો હતો.

આ ઘટનાને લઈને પરિવારજનોએ નિલેશની હત્યા કરવામાં આવી હોવાનો આક્ષેપ કર્યો છે અને સમગ્ર મામલે ન્યાયિક તપાસ કરવાની પોલીસને માગ કરી છે. બીજી તરફ પોલીસનું કહેવું છે કે, પ્રાથમિક તપાસમાં આ બનાવ બાઈક અકસ્માતનો જણાય છે. જેમાં માથા અને ખભાના ભાગે ગંભીર ઈજાઓને કારણે મોત થયું હોવાની શક્યતા વ્યક્ત કરવામાં આવી છે. હાલ પોલીસે મૃતદેહને પોસ્ટમોર્ટમ માટે મોકલી વધુ તપાસ હાથ ધરી છે. હવે પોસ્ટમોર્ટમ રિપોર્ટ અને પોલીસ તપાસ બાદ જ હકીકત સામે આવશે.

### બાવળા-બગોદરા હાઈવે પર ગમખ્વાર અકસ્માત

# કેરાળા બ્રિજ પાસે રિક્ષા પલટી ખાતા ચાલકનું મોત

## રિક્ષા ડિવાઈડર કૂદીને સામેના રોડ પર ફંગોળાઈ

(સંવાદદાતા દ્વારા)

અમદાવાદ, તા.૧૯

અમદાવાદના બાવળા-બગોદરા હાઈવે પર શનિવારે વહેલી સવારે ગમખ્વાર અકસ્માત સર્જાયો હતો. કેરાળા બ્રિજ ઉતરી રહેલી એક પેસેન્જર રિક્ષા ચાલકે સ્ટેયરિંગ પરથી કાબૂ ગુમાવતા પલટી ખાઈ ગઈ હતી. અકસ્માત એટલો જોરદાર હતો કે, રિક્ષા ડિવાઈડર કૂદીને સામેના રોડ પર ફંગોળાઈ ગઈ હતી, જેમાં રિક્ષાચાલકનું મોત નિપજ્યું હતું. પ્રાપ્ત માહિતી અનુસાર, મૂળ સાણંદના દદુકા ગામના અને હાલ બાવળા રહેતા ૬૦ વર્ષીય ખેડૂત હિંમતસિંહ ડોડિયા ભાયલા ખાતે મોગલ ધામમાં લોકડાયરો સાંભળીને વહેલી સવારે પરત ફરી રહ્યા હતા. સવારે ૪ વાગ્યાના સુમારે તે એક રિક્ષામાં આગળની સીટ પર બેઠા હતા. રિક્ષામાં પાછળના ભાગે મહિલાઓ સહિત અન્ય ૬ પેસેન્જરો પણ સવાર હતા.

રિક્ષા જ્યારે કેરાળા બ્રિજ ઉતરીને કનૈયા હોટલ પાસે પહોંચી, ત્યારે રિક્ષાચાલક કનકસિંહ પ્રતાપસિંહ ઝાલાએ અચાનક સ્ટેયરિંગ પરનો કાબૂ ગુમાવી દીધો હતો. બેકાબૂ રિક્ષા પલટી મારીને ડિવાઈડર કૂદી સીધી બાવળા-બગોદરા તરફ જતી રોડની બીજી બાજુએ પટકાઈ હતી. અકસ્માત બાદ આસપાસના લોકો દોડી આવ્યા હતા અને ૧૦૮ એમ્બ્યુલન્સને જાણ કરી હતી. ઘટનાસ્થળે પહોંચેલા ૧૦૮ના તબીબોએ રિક્ષાચાલક કનકસિંહને મૃત જાહેર કર્યા હતા. આગળ બેઠેલા હિંમતસિંહને ખભા અને પગના ભાગે ફ્રેક્ચર જેવી ગંભીર ઈજાઓ થતા તેમને બાવળાની મહર્ષિ હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા હતા. રિક્ષામાં પાછળ બેઠેલા અન્ય પેસેન્જરોને પણ નાની-મોટી ઈજાઓ પહોંચી હતી, જેઓ ખાનગી વાહનોમાં સારવાર માટે રવાના થયા હતા. બાવળા પોલીસે આ મામલે ઈજાગ્રસ્ત હિંમતસિંહ ડોડિયાની ફરિયાદના આધારે ગુનો નોંધ્યો છે. મૃતક રિક્ષાચાલકના મૃતદેહનું પોસ્ટમોર્ટમ કરાવી અકસ્માત પાછળના ચોક્કસ કારણો જાણવા વધુ તપાસ હાથ ધરી છે.

# અમેરિકા-ઈઝરાયેલ-ઈરાન યુદ્ધ : 'કોઈ રાષ્ટ્રને તેના અધિકારોથી વંચિત રાખનાર ટ્રમ્પ કોણ છે ?' : ઈરાની રાષ્ટ્રપતિ પેઝેશ્કિયાન પરમાણુ પ્રતિબંધો પર યુએસ સત્તા પર સવાલ ઉઠાવે છે

(એજન્સી) તા.૧૯

જેમ જેમ યુએસ-ઈઝરાયેલ-ઈરાન યુદ્ધ તીવ્ર બની રહ્યું છે, તેમ તેમ યુનાઈટેડ સ્ટેટ્સ તરફથી મજબૂત રાજકીય સંદેશા અને ઈરાન દ્વારા કટ્ટર લશ્કરી પગલાં આ પ્રદેશને વધુ અનિશ્ચિતતામાં ધકેલી રહ્યા છે, જેમાં હોર્મુઝ સ્ટ્રેટ ફરી એકવાર વૈશ્વિક ચિંતાનું કેન્દ્ર છે. યુએસ પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પે ઈઝરાયેલ માટે મજબૂત સમર્થન વ્યક્ત કર્યું છે, તેને ચાલુ સંઘર્ષ દરમિયાન અમેરિકાના સૌથી મજબૂત સાથીઓમાંનો એક ગણાવ્યો છે. ટ્રુથ સોશિયલ પરની એક પોસ્ટમાં, ટ્રમ્પે ઈઝરાયલને "એક મહાન સાથી" ગણાવ્યું છે અને દબાણ હેઠળ નિર્ણાયક રીતે કાર્ય કરવાની તેની શક્તિ, વફાદારી અને ક્ષમતાની પ્રશંસા કરી છે. તેમણે કહ્યું કે જ્યારે અન્ય લોકો અડગ રહેવામાં નિષ્ફળ ગયા હતા ત્યારે દેશે હિંમત અને સ્પષ્ટતા દર્શાવી હતી. ટ્રમ્પે એમ પણ સૂચવ્યું હતું કે ઈઝરાયેલનો લશ્કરી અભિગમ તેને અલગ પાડે છે, કહે છે કે તે 'કેવી રીતે જીતવું તે જાણે છે'. તેમની ટિપ્પણીઓ યુનાઈટેડ સ્ટેટ્સ, ઈઝરાયેલ અને ઈરાન





વચ્ચે તણાવ ઊંચો રહે છે, યુદ્ધવિરામ પ્રયાસો અને પ્રાદેશિક સુરક્ષા પર સતત મતભેદો સાથે. તે જ સમયે, ઈરાનના ઈસ્લામિક રિવોલ્યુશનરી ગાર્ડ કોર્પ્સ (IRGC)એ હોર્મુઝ સ્ટ્રેટ પર પોતાનું નિયંત્રણ કડક બનાવી દીધું છે, જેનાથી વૈશ્વિક શિપિંગ માટે ભય પેદા થયો છે. IRGCએ જાહેરાત કરી કે અમેરિકા પર નૌકાદળ નાકાબંધી ચાલુ રાખીને યુદ્ધવિરામની શરતોનું ઉલ્લંઘન કરવાનો આરોપ લગાવ્યા બાદ સ્ટ્રેટ બંધ કરી દેવામાં આવ્યો છે. તેણે કહ્યું કે નિયંત્રિત કોરિડોર દ્વારા બિન-લશ્કરી જહાજોને અગાઉ આપવામાં આવેલી ઍક્સેસ હવે પાછી ખેંચી લેવામાં આવી છે. ફોર્સે ચેતવણી આપી હતી કે કોઈપણ જહાજે આ રૂટ પરથી પસાર થવાનો પ્રયાસ ન કરવો જોઈએ અને કહ્યું કે આવા કોઈપણ પગલાને પ્રતિકૂળ ગણવામાં આવશે. જળમાર્ગ પર સંપૂર્ણ અધિકારનો દાવો કરીને, ઈરાને એવા રૂટ પર દબાણ વધાર્યું છે જે વિશ્વના તેલ પુરવઠાનો મોટો હિસ્સો ધરાવે છે, ઊર્જા બજારો અને દરિયાઈ ટ્રાફિકને ધાર પર રાખ્યો છે.

# તહેરાને અમેરિકી વાટાઘાટો માટે કોઈ તારીખ જાહેર કરી નથી; એવું કહેતા હોર્મુઝ ફરી બંધ

(એજન્સી) તા.૧૯

● ઈરાનના મુખ્ય વાટાઘાટકારના મતે, ઈરાન અને અમેરિકાએ વાટાઘાટોમાં પ્રગતિ કરી છે પરંતુ હજુ પણ કરારથી ઘણા દૂર છે - બુધવારે યુદ્ધવિરામ સમાપ્ત થાય ત્યારે યુદ્ધમાં પાછા ફરવાની શક્યતા અંગે ચિંતાઓ વધારી છે.

● ઈરાનના નાયબ વિદેશ પ્રધાન સઈદ ખાતીબઝાદેહ કહે છે કે યુએસ સાથે સામ-સામે વાટાઘાટોના નવા રાઉન્ડ માટે કોઈ તારીખ નક્કી કરવામાં આવી નથી અને વોશિંગ્ટન દ્વારા તેની "મહત્તમવાદી" માંગણીઓ છોડી દેવાના ઈનકારની ટીકા કરે છે. ટ્રમ્પ કહે છે કે ઈરાને યુદ્ધવિરામનું 'ગંભીર ઉલ્લંઘન' કર્યું છે પરંતુ શાંતિ કરાર 'થશે' એવો આગ્રહ રાખે છે. રાષ્ટ્રપતિ ટ્રમ્પ કહે છે કે ઈરાને યુદ્ધવિરામનું 'ગંભીર ઉલ્લંઘન' કર્યું છે, પરંતુ તેઓ હજુ પણ વિચારે છે કે તેઓ શાંતિ કરાર મેળવી શકે છે, ABC રિપોર્ટર જોનાથન કાર્લે X પર જણાવ્યું છે. કાર્લે કહ્યું કે યુએસ રાષ્ટ્રપતિએ તેમને કહ્યું, "તે થશે. એક યા બીજી રીતે. સરસ રસ્તો કે મુશ્કેલ રસ્તો. તે થવાનું છે. તમે મને ટાંકી શકો છો". ઈરાની દળોએ ચેતવણી આપ્યા પછી હોર્મુઝ સ્ટ્રેટમાંથી પસાર થવાનો પ્રયાસ કરી રહેલા બે ટેક્રરોને પાછા ફેરવી દીધા છે, કહ્યું કે તેઓએ સતત યુએસ દરિયાઈ નાકાબંધીને કારણે આવું કર્યું છે. બોત્સ્વાના અને અંગોલાના ધ્વજ હેઠળ મુસાફરી કરી રહેલા જહાજોને તસ્નીમ સમાચાર એજન્સીએ વ્યૂહાત્મક જળમાર્ગ દ્વારા "અનધિકૃત પરિવહન" તરીકે વર્ણવ્યા પછી, માર્ગ બદલવાની ફરજ પડી હતી. ઈરાને શનિવારે કહ્યું હતું કે તે સ્ટ્રેટ



અમેરિકા (યુએસ) સોમવાર, ૨૦ એપ્રિલના રોજ ઈરાન સાથે વાટાઘાટોના બીજા રાઉન્ડ માટે પાકિસ્તાનમાં એક પ્રતિનિધિમંડળ મોકલશે, કારણ કે, રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પે ચેતવણી આપી હતી કે, જો તેહરાન પ્રસ્તાવિત કરારનો ઈન્કાર કરે તો તેના ગંભીર પરિણામો ભોગવવા પડશે. ટ્રમ્પે કહ્યું કે, અમેરિકન વાટાઘાટકારો ઈસ્લામાબાદ પહોંચશે પરંતુ તેમાં સામેલ અધિકારીઓનો ઉલ્લેખ કર્યો નથી. એસોસિએટેડ પ્રેસે અહેવાલ આપ્યો છે કે, ઈરાને ભાગીદારીની પુષ્ટિ કરી નથી અને કહ્યું છે કે, જ્યાં સુધી યુએસ નૌકાદળ નાકાબંધી ચાલુ રહેશે ત્યાં સુધી તે વાટાઘાટોમાં જોડાશે નહીં. યુએસ ઊર્જા સચિવ ક્રિસ રાઈટે જણાવ્યું હતું કે, હોર્મુઝ સ્ટ્રેટ પર ઈરાન સાથે વાટાઘાટો 'સારી રીતે ચાલી રહી છે' અને વોશિંગ્ટન 'સોદાથી ખૂબ દૂર નથી.' રવિવારે ફોક્સ ન્યૂઝ પર બોલતા તેમણે કહ્યું કે, જાહેર વાણી-વર્તન છતાં વાટાઘાટો આગળ વધી રહી છે, તેમણે રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પને દબાણ અને અનિશ્ચિતતાનો ઉપયોગ કરતા 'સર્જનાત્મક વાટાઘાટકાર' તરીકે વર્ણવ્યા. રાઈટે ઉમેર્યું કે એકવાર સ્ટ્રેટ ફરીથી ખુલી ગયા પછી શિપિંગ ફરી શરૂ થવાની અપેક્ષા છે, જો કે, તેને સંપૂર્ણપણે સામાન્ય થવામાં થોડો સમય લાગી શકે છે. તસ્નીમ ન્યૂઝ એજન્સીના જણાવ્યા અનુસાર જ્યાં સુધી યુએસ નૌકાદળનો નાકાબંધી ચાલુ રહેશે ત્યાં સુધી, ઈરાને હજુ સુધી વાટાઘાટોના આગામી રાઉન્ડ માટે પાકિસ્તાનમાં પ્રતિનિધિમંડળ મોકલવાનું નક્કી કર્યું નથી. અહેવાલમાં જણાવાયું છે કે, તેહરાન વર્તમાન પરિસ્થિતિઓમાં વાટાઘાટો માટે પ્રતિબદ્ધતાથી પાછળ રહી રહ્યું છે. ઈરાનના ઉપરાષ્ટ્રપતિ મોહમ્મદ રેઝા આરેફે દેશની વાટાઘાટ ટીમની પ્રશંસા કરતા કહ્યું કે, તેઓ રાષ્ટ્રીય હિતોનું 'બહાદુરીથી રક્ષણ' કરી રહ્યા છે, જ્યારે વિરોધી પક્ષને 'અસ્થિર' ગણાવી રહ્યા છે, 'દબાણ આવે ત્યારે ભીખ માંગવા'થી હઠીલા અભિગમ તરફ આગળ વધી રહ્યા છે, અલ જઝીરાના અહેવાલ મુજબ. ભારતીય ધ્વજવાળા ટેન્કરે સુરક્ષિત રીતે હોર્મુઝ સ્ટ્રેટ પાર કરી, જ્યારે બે જહાજો ગોળીબારમાં આવ્યા બાદ પાછા ફર્યા, જેના કારણે નવી દિલ્હીએ દરિયાઈ સલામતી અંગે ઈરાન સાથે ચિંતા વ્યક્ત કરી, પ્રેસ ટ્રસ્ટ ઓફ ઈન્ડિયા (પીટીઆઈ)એ અહેવાલ આપ્યો.

દેશ ગરીમા, ૩૧ ભારતીય ક્રૂ સાથે, ૧૮ એપ્રિલે રૂટ પાર કર્યો હતો અને ૨૨ એપ્રિલે મુંબઈ પહોંચવાનો છે. તેનાથી વિપરીત, સામનાર હેરાદ અને જગ અર્નવે ગોળીબારની ઘટના પછી માર્ગ બદલી નાખ્યો, જો કે, કોઈ ઈજા થઈ ન હતી. ભારતે ઈરાનના રાજદૂતને સમન્સ પાઠવીને વેપારી શિપિંગને સુરક્ષિત



રાખવા અને સુરક્ષિત માર્ગ ફરી શરૂ કરવાની જરૂરિયાત પર ભાર મૂક્યો. વધારાના જહાજો પણ પાછા ફર્યા, ૧૪ ભારતીય ધ્વજવંદન જહાજો હવે પર્સિયન ગલ્ફમાં છે.

વૈશ્વિક ઊર્જા માર્ગ તરીકે જાણીતો હોર્મુઝ સ્ટ્રેટ, ચાલુ પ્રાદેશિક તણાવ વચ્ચે તણાવમાં છે. ઉપરાષ્ટ્રપતિ જે.ડી. વાન્સની ભાગીદારી અનિશ્ચિતતાથી ઘેરાયેલી હતી. ટ્રમ્પે શરૂઆતમાં કહ્યું હતું કે, સુરક્ષા ચિંતાઓને કારણે વાન્સ હાજરી આપશે નહીં પરંતુ યુએસ અધિકારીઓએ પછીથી સ્પષ્ટતા કરી કે તેઓ ઈસ્લામાબાદ જઈ રહેલા પ્રતિનિધિમંડળનો ભાગ હશે. વાટાઘાટોને 'છેલ્લી તક' ગણાવતા, ટ્રમ્પે ચેતવણી આપી હતી કે, કરાર સુધી પહોંચવામાં નિષ્ફળતા મોટી ઉગ્રતા લાવી શકે છે, જેમાં ઈરાનના પાવર પ્લાન્ટ અને પુલ જેવા માળખાગત સુવિધાઓ માટે જોખમોનો સમાવેશ થાય છે. તેમણે ઈરાન પર હોર્મુઝ સ્ટ્રેટમાં યુદ્ધવિરામનું ઉલ્લંઘન કરવાનો પણ આરોપ લગાવ્યો અને કહ્યું કે, સોદો 'સારા માર્ગે અથવા મુશ્કેલ માર્ગે' થશે અને પુનરાવર્તિત કર્યું કે જો વાટાઘાટો નિષ્ફળ જાય તો વોશિંગ્ટન નિર્ણાયક રીતે કાર્ય કરશે, ધ વોશિંગ્ટન પોસ્ટના અહેવાલ મુજબ. ઈરાને જાળવી રાખ્યું છે કે, તે વર્તમાન નાકાબંધીની પરિસ્થિતિઓમાં વાટાઘાટો કરશે નહીં. સંસદના અધ્યક્ષ મોહમ્મદ બાઘર ગાલિબાફે જણાવ્યું હતું કે, ચર્ચાઓ હજુ પણ અંતિમ તબક્કા સુધી પહોંચી નથી, નોંધ્યું છે કે, મર્યાદિત પ્રગતિ છતાં મુખ્ય અંતર યથાવત્ છે, વોશિંગ્ટન પોસ્ટના અહેવાલ મુજબ. ટૂંકા ગાળાના પુનઃખોલન પછી ઈરાને ફરીથી દરિયાઈ ટ્રાફિકને પ્રતિબંધિત કરવાનો નિર્ણય લીધા પછી, હોર્મુઝ સ્ટ્રેટ, એક મહત્ત્વપૂર્ણ વૈશ્વિક તેલ માર્ગમાં તણાવ ઊંચો રહે છે.

ધ ગાર્ડિયનના અહેવાલ મુજબ, ઈરાની દળોએ જળમાર્ગ દ્વારા પસાર થવાનો પ્રયાસ કરી રહેલા જહાજોને પાછા ફેરવી દીધા હતા અને ચેતવણી આપી હતી કે, કોઈપણ અનધિકૃત હિલચાલને પ્રતિકૂળ ગણવામાં આવી શકે છે, સતત યુએસ દરિયાઈ નાકાબંધી વચ્ચે. ઈરાની અધિકારીઓએ યુએસ-ઈઝરાયેલ જાસૂસી નેટવર્ક સાથે કથિત લિંક્સ પર બે વિદેશી નાગરિકો સહિત ચાર વ્યક્તિઓની ધરપકડની જાણ કરી હતી.

શંકાસ્પદો પર પ્રતિબંધિત સેટેલાઈટ ઈન્ટરનેટ સાધનો આયાત કરવાનો આરોપ હતો. તાજેતરના અઠવાડિયામાં દેશમાં લગભગ સંપૂર્ણ ઈન્ટરનેટ બ્લેકઆઉટનો પણ અનુભવ થયો છે, જેમાં દુશ્મન રાજ્યો સાથે સહયોગ કરવાના આરોપમાં સેંકડોની અટકાયત કરવામાં આવી છે. ઈરાને સતત લશ્કરી તૈયારીનો સંકેત આપતા કહ્યું કે, તેણે યુદ્ધવિરામ દરમિયાન મિસાઈલ લોન્ચર્સની ભરપાઈ ઝડપી બનાવી છે. આર્મી ચીફ અમીર હતામીએ કહ્યું કે, દળો વિરોધીઓનો સામનો કરવા માટે તૈયાર રહે છે. ઈરાને તેહરાન અને મશહદ સહિત છ એરપોર્ટ ફરી ખોલ્યા છે, અને સોમવારે મશહદથી આંતરરાષ્ટ્રીય ફલાઈટ્સ ફરી શરૂ થવાની ધારણા છે, જે નાગરિક કામગીરીને આંશિક રીતે પુનઃસ્થાપિત કરવાનો સંકેત આપે છે. લેબેનોનમાં ઈઝરાયેલી સંરક્ષણ પ્રધાન ઈઝરાયેલ કાત્ઝે ચેતવણી આપી હતી કે, જો બેરૂત હિઝબુલ્લાહની પ્રવૃત્તિઓને રોકવા માટે ૧૦ દિવસના યુદ્ધવિરામ હેઠળની પ્રતિબદ્ધતાઓનું પાલન કરવામાં નિષ્ફળ જાય તો લશ્કરી કાર્યવાહી શક્ય છે. ચાલુ હડતાલ અને નવી લશ્કરી સરહદની રચનાએ યુદ્ધવિરામની ટકાઉપણું અંગે ચિંતા વ્યક્ત કરી છે. તુર્કીના વિદેશપ્રધાન હકાન ફિદાને કહ્યું કે, વોશિંગ્ટન અને તેહરાન બંને વણઉકેલાયેલા મતભેદો છતાં વાટાઘાટો ચાલુ રાખવા તૈયાર દેખાય છે અને યુદ્ધવિરામ લંબાવવાની હાકલ કરી છે. પોપ લીઓ XIVએ યુદ્ધવિરામને 'આશાનું કારણ' ગણાવ્યું. ઈઝરાયેલમાં વડાપ્રધાન બેન્જામિન નેતાન્યાહુએ સુરક્ષા ચિંતાઓનો હવાલો આપીને કોર્ટની જુબાની મુલતવી રાખવાનો પ્રયાસ કર્યો પરંતુ ફરિયાદીઓએ તેને નકારી કાઢ્યો. વિનંતીને રદ કરી, તેને સમયપત્રક મુજબ હાજર રહેવાની જરૂર પડી.

**હદીસ બોધ**

ગુસ્સાનો સર્વશ્રેષ્ઠ ઈલાજ મૌન છે. (હદીસ બોધ)

**બોધ વચન**

બાળકને થોડો પ્યાર આપશો તો તેના બદલામાં તેની પાસેથી ઘણું મેળવી શકશો.
- રશ્કિન

**આજની આરસી**

| | |
|---|---|
| ૨૦ એપ્રિલ સોમવાર ૨૦૨૬ | |
| ૨ ઝિલકદ હિજરી ૧૪૪૭ | |
| વૈશાખ સુદ ત્રીજ સંવત ૨૦૮૨ | |
| સુબ્હ સાદિક | ૪-૫૩ |
| ખત્મે ઝવાલ | ૧૨-૩૯ |
| તુલૂએ આફતાબ (સૂર્યોદય) | ૬-૧૫ |
| ગુરૂબે આફતાબ (સૂર્યાસ્ત) | ૭-૦૨ |

**અગત્યની સૂચના**

આ અખબારમાં જરૂરિયાતને અનુલક્ષીને ધાર્મિક શબ્દોનો ઉલ્લેખ, ફોટો કેટલીકવાર છાપવા પડે છે, જે વાચક મિત્રોના ધ્યાને આવે તો તેની તેમણે ખાસ હિફાઝત કરવી.
- વ્યવસ્થાપક

# નિષ્ફળ KKR ઈડન ગાર્ડન્સ પર વૈભવ સૂર્યવંશીના તોફાનનો સામનો કરવા તૈયાર : KKR vs RR મુકાબલો

કોલકાતા, તા.૧૯

ઐતિહાસિક ઈડન ગાર્ડન્સ મેદાન અનેક યાદગાર ક્ષણોનું સાક્ષી રહ્યું છે, પરંતુ IPL 2026ની સીઝન કોલકાતા નાઈટ રાઈડર્સ (KKR) માટે અત્યંત નિરાશાજનક સાબિત થઈ રહી છે. ટૂર્નામેન્ટ જ્યારે તેના મધ્ય તબક્કા તરફ આગળ વધી રહી છે, ત્યારે ત્રણ વખતની ચેમ્પિયન ટીમ પોઈન્ટ ટેબલમાં સૌથી નીચેના સ્તરે છે. અજિંક્ય રહાણેના નેતૃત્વમાં KKR અત્યાર સુધી એક પણ મેચ જીતી શકી નથી; તેમની પાસે માત્ર એક પોઈન્ટ છે જે વરસાદને કારણે રદ થયેલી મેચમાંથી મળ્યો હતો. રવિવારે રમાનારા આ મુકાબલામાં કોલકાતાનો સામનો રાજસ્થાન રોયલ્સ (RR) સામે થશે, જે પોતે ગત મેચની હાર બાદ વાપસી કરવા આતુર છે.

આ મેચમાં સૌની નજર ૧૫ વર્ષીય યુવા સનસનાટી વૈભવ સૂર્યવંશી પર રહેશે. બિહારના આ તેજસ્વી ખેલાડીએ આ સીઝનમાં ડર્યા વગર બેટિંગ કરીને દિગ્ગજ બોલરોને હંફાવ્યા છે. જોકે, છેલ્લી મેચમાં હૈદરાબાદ સામે તે ખાતું ખોલાવ્યા વગર આઉટ થયો હતો, જેના કારણે તે હવે વધુ આક્રમક રીતે મેદાનમાં ઉતરશે. KKR માટે ચિંતાનો વિષય એ છે કે તેમની પાસે તૈયારી માટે ખૂબ જ ઓછો સમય હતો. શુક્રવારે સાંજે





અમદાવાદમાં રમીને આવેલા ખેલાડીઓએ રવિવારે બપોરે કોલકાતાની કાળઝાળ ગરમીમાં મેદાનમાં ઉતરવાનું છે.

વ્યૂહાત્મક રીતે જોઈએ તો KKR વૈભવ સૂર્યવંશીને રોકવા માટે વૈભવ અરોરા પર નિર્ભર રહેશે. ગત વર્ષે પણ અરોરાએ જ સૂર્યવંશીને સસ્તામાં આઉટ કર્યો હતો. હૈદરાબાદના બોલરે સૂર્યવંશીની શોર્ટ બોલ સામેની નબળાઈનો જે રીતે ફાયદો ઉઠાવ્યો હતો, KKR પણ એ જ પ્લાન અમલમાં મૂકી શકે છે. બીજી તરફ, કેપ્ટન રહાણે માટે સ્ટાર ખેલાડીઓનું ખરાબ ફોર્મ માથાનો દુખાવો બન્યું છે. ખાસ કરીને રિંકુ સિંઘ આ સીઝનમાં પોતાની લયમાં જોવા મળ્યો નથી, જે મધ્યમ ક્રમમાં મોટી ચિંતા છે.

બોલિંગ વિભાગમાં KKR હજુ પણ મતીશા પથિરાનાની ઈજાથી ઝઝૂમી રહ્યું છે, જે આ મેચમાં પણ રમે તેવી શક્યતા ઓછી છે. આથી ટીમ ફરી એકવાર સુનીલ નારાયણ, વરૂણ ચક્રવર્તી અને સુયશ શર્માની સ્પિન ત્રિપુટી પર ભરોસો રાખશે. બપોરની મેચ હોવાથી પિચ સૂકી રહેશે, જે સ્પિનરોને મદદ કરી શકે છે. રાજસ્થાન રોયલ્સ પણ રવિ બિશ્નોઈ અને રવિન્દ્ર જાડેજા જેવા સ્પિનરો સાથે KKRના સંઘર્ષ કરી રહેલા બેટરો પર દબાણ લાવવાનો પ્રયાસ કરશે.

**કોલકાતા નાઈટ રાઈડર્સ (સંભવિત પ્લેઈંગ XI):**

ટિમ સેઈફર્ટ (વિકેટકીપર), અજિંક્ય રહાણે (કેપ્ટન), અંગક્રિશ રઘુવંશી, કેમેરોન ગ્રીન, રિંકુ સિંઘ, રોવમેન પોવેલ, રમનદીપ સિંઘ, સુનીલ નારાયણ, વરુણ ચક્રવર્તી, વૈભવ અરોરા, કાર્તિક ત્યાગી.

**રાજસ્થાન રોયલ્સ (સંભવિત પ્લેઈંગ XI):**

યશસ્વી જયસ્વાલ, વૈભવ સૂર્યવંશી, ધ્રુવ જુરેલ (વિકેટકીપર), રિયાન પરાગ (કેપ્ટન), શિમરોન હેટમાયર, રવિન્દ્ર જાડેજા, ડોનોવન ફરેરા, જોફ્રા આર્ચરે, રવિ બિશ્નોઈ, સંદીપ શર્મા, નાન્દ્રે બર્ગર.

# દલિત સ્થિતિ સમીક્ષા : ખ્રિસ્તીઓએ ભાજપ સરકારની ‘વિલંબ અને ઈન્કાર’ યુક્તિઓની ટીકા કરી

(એજન્સી)

નવી દિલ્હી, તા.૧૯

ખ્રિસ્તી ધર્મ અને ઈસ્લામમાં રૂપાંતરિત થયેલા દલિતોને વિશેષ બંધારણીય દરજ્જો મળવો જોઈએ કે નહીં તે નક્કી કરવામાં કેન્દ્રની વિલંબિત યુક્તિઓની ખ્રિસ્તી સમુદાયે ટીકા કરી છે. ભાજપ સરકારે તાજેતરમાં દલિત ખ્રિસ્તીઓ અને મુસ્લિમોને અનુસૂચિત જાતિ (SC) દરજ્જો આપવા માટે તપાસ કરતા તપાસ પંચને બે મહિનાનો સમય લંબાવ્યો હતો. સામાજિક ન્યાય અને અધિકારીતા મંત્રાલયે ૯ એપ્રિલના રોજ પેનલની સમયમર્યાદા ૧૦ જૂન સુધી લંબાવીને નોટિસ જારી કરી હતી. ત્રણ વર્ષમાં આ ત્રીજો વધારો છે. "આ સરકાર દ્વારા વિલંબ અને ઈન્કાર કરવાની યુક્તિ છે. વધુ એક વધારાએ તેનો વાસ્તવિક હેતુ છતી કરી દીધો છે," નવી દિલ્હી સ્થિત ઈન્ડિયન સોશિયલ ઈન્સ્ટિટ્યૂટના પૂર્વ ડિરેક્ટર ફાધર પ્રકાશ લુઈસને યુનિયન ઓફ કેથોલિક એશિયન (UCA) ન્યૂઝે ટાંક્યું હતું. "સરકાર ફરીથી આ દલિત સમુદાયોની આશાઓ સાથે રમી રહી છે," તેમણે કહ્યું. "બધા જાણે છે કે પેનલ પોતાનો રિપોર્ટ રજૂ કરી શકશે નહીં. જો તે કરે તો પણ, સરકાર તેને સંસદમાં રજૂ નહીં કરે અને જો તે રજૂ કરવામાં આવે તો, તેનો પરાજય થઈ શકે છે કારણ કે હિન્દુ દલિતો સમાન કેક શેર કરવા માંગતા નથી," જેસુઈટ વિદ્વાનએ કહ્યું. અનુસૂચિત જાતિઓ બંધારણ હેઠળ માન્યતા પ્રાપ્ત વંચિત સમુદાયો છે. તેઓ શિક્ષણ, રોજગાર અને રાજકીય પ્રતિનિધિત્વમાં અનામત મેળવવા માટે હકદાર છે. આ શ્રેણી ૧૯૫૦ના બંધારણીય આદેશ દ્વારા બનાવવામાં આવી હતી. દલિતો પરંપરાગત હિન્દુ જાતિ વ્યવસ્થાની બહાર છે અને લાંબા સમયથી ઉચ્ચ જાતિના હિન્દુઓ તરફથી ભેદભાવનો સામનો કરી રહ્યા છે. જાતિ આધારિત ભેદભાવ દાયકાઓ પહેલા ગેરકાયદેસર હતો, પરંતુ ભારતના ઘણા ભાગોમાં તે પ્રચલિત છે. ૧૯૫૦ના આદેશમાં શરૂઆતમાં ફક્ત દલિત હિન્દુઓને જ આવરી લેવામાં આવ્યા હતા. શીખ અને બૌદ્ધોને પછીથી ઉમેરવામાં આવ્યા હતા. દલિત ખ્રિસ્તીઓ અને મુસ્લિમોને બાકાત રાખવામાં આવ્યા હતા કારણ કે તેમના ધર્મો જાતિને માન્યતા આપતા નથી. અધિકાર હિમાયતીઓ કહે છે કે ધર્માંતરણ પછી દલિત ખ્રિસ્તીઓ અને મુસ્લિમો હજુ પણ સામાજિક અને આર્થિક ભેદભાવનો સામનો કરે છે. દલિત ખ્રિસ્તીઓએ ૧૯૫૦ ના આદેશને કોર્ટમાં પડકાર્યો છે, તેને બાકાત અને અન્યાયી ગણાવ્યો છે. આ કમિશનની સ્થાપના ઓક્ટોબર ૨૦૨૨માં કરવામાં આવી હતી. તેનું નેતૃત્વ પૂર્વ મુખ્ય ન્યાયાધીશ કે.જી. બાલકૃષ્ણન કરી રહ્યા છે. તે દલિત ખ્રિસ્તીઓ અને મુસ્લિમોને અનુસૂચિત જાતિનો દરજ્જો મળવો જોઈએ કે નહીં તેની તપાસ કરી રહ્યું છે. કેથોલિક બિશપ્સ કોન્ફરન્સ ઓફ ઈન્ડિયાના અનુસૂચિત જાતિ અને પછાત વર્ગોના કાર્યાલયના સચિવ ફાધર વિજય કુમાર નાયકે સમાન ચિંતા વ્યક્ત કરી: “અમે વર્તમાન કમિશન અંગે શંકા રાખીએ છીએ. મિશ્રા કમિશનથી વિપરીત, કોઈ યોગ્ય પદ્ધતિનું પાલન કરવામાં આવ્યું ન હતું. ખૂબ ઓછી ક્ષેત્ર મુલાકાતો લેવામાં આવી હતી અને કોઈ પ્રશ્નાવલી પ્રસારિત કરવામાં આવી ન હતી.” તેમણે કહ્યું કે બિશપ્સ કોન્ફરન્સમાં ચર્ચ અને વ્યાપક સમાજમાં દલિત ખ્રિસ્તીઓ દ્વારા સામનો કરવામાં આવતા ભેદભાવના તાજેતરના કેસો એકત્રિત કરવામાં આવ્યા હતા. તેણે સંકલિત અહેવાલો બાલકૃષ્ણન કમિશનને સુપરત કર્યા હતા. અમને આશા છે કે તે કમિશનને દલિત ખ્રિસ્તીઓની વાસ્તવિકતાઓને સમજવામાં મદદ કરશે,” નાયકે કહ્યું. ઓલ ઈન્ડિયા કેથોલિક યુનિયનના પ્રવક્તા, વરિષ્ઠ પત્રકાર અને જોન દયાલે જણાવ્યું હતું કે મોદી સરકારે હિન્દુ ધર્મમાંથી ધર્માંતરિત થયેલા લોકોને લાભ આપવાનો પોતાનો વૈચારિક વિરોધ સ્પષ્ટ કરી દીધો છે. તેને હિન્દુ ધર્મમાંથી દલિતોના મોટા પાયે હિજરતનો ભય છે. તેમણે કહ્યું કે, ભાજપ સરકાર બૌદ્ધ ધર્મમાં ધર્માંતરણને સહન કરે છે કારણ કે તે તેને વ્યાપક હિન્દુ પરંપરામાં એક સંપ્રદાય તરીકે જુએ છે. ચેન્નાઈમાં લોયોલા સંસ્થાઓના રેક્ટર, જેસુઈટ ફાધર ફ્રાન્સિસ પી ઝેવિયરે જણાવ્યું હતું કે ઘણા દલિતોએ સામાજિક ભેદભાવ અને શોષણથી બચવા માટે ખ્રિસ્તી ધર્મ અપનાવ્યો હતો. પરંતુ તેઓ ચર્ચમાં જાતિ આધારિત વર્તનથી સંપૂર્ણપણે બચી શક્યા નથી,’ તેમણે કહ્યું. “દલિત ખ્રિસ્તીઓને SC દરજ્જો આપવો જોઈએ. ધાર્મિક ધર્માંતરણ જાતિ આધારિત ભેદભાવ, સામાજિક કલંક અથવા આર્થિક હાંસિયાને ભૂંસી નાખતું નથી.” સત્તાવાર માહિતી દર્શાવે છે કે ભારતના ૧.૪ અબજ લોકોમાંથી લગભગ ૨૦૧ મિલિયન દલિત છે. દેશના ૨૫ મિલિયન ખ્રિસ્તીઓમાંથી લગભગ ૬૦% દલિત અને આદિવાસી મૂળના છે .

# તેલંગાણાના મુખ્યમંત્રીને દલિત પ્રોફેસરને ‘શહેરી નક્સલી’ તરીકે નિશાન બનાવવાનું બંધ કરાવવા વિનંતી કરાઈ

(એજન્સી) હૈદરાબાદ, તા.૧૯

દેશભર અને વિદેશના કાર્યકરોએ તેલંગાણાના મુખ્યમંત્રી એ. રેવંત રેડ્ડીને કરીમનગરમાં સાતવાહન યુનિવર્સિટીના કેમ્પસમાં પ્રોફેસર સુજાતા સુરેપલ્લીની ઉત્પીડન અને બદનામીનો અંત લાવવા અને તેમની સલામતી, ગૌરવ અને સુખાકારી માટે હાનિકારક કોઈપણ કાર્યવાહીથી દૂર રહેવા વિનંતી કરી છે. શિક્ષણવિદો, સામાજિક કાર્યકરો, હિમાયતીઓ, રાજકારણીઓ અને જીવનના તમામ ક્ષેત્રોના લોકો સહિત ક્રાંતિકારી લેખક પી. વરવરા રાવ સહિત ૨૦૯ કાર્યકરો દ્વારા સહી કરાયેલા પત્રમાં, તેમણે પેંચલા શ્રીનિવાસ અને અન્ય લોકો સામે અનુસૂચિત જાતિ અને અનુસૂચિત જનજાતિ (અત્યાચાર નિવારણ) અધિનિયમ, ૧૯૮૯ હેઠળ કાનૂની કાર્યવાહી કરવાની માંગ કરી છે; જે ડૉ. સુજાતા દ્વારા નોંધાયેલ પ્રથમ માહિતી અહેવાલ (FIR)ના આધારે છે. તેમણે મુખ્યમંત્રી, જેમની પાસે શિક્ષણ વિભાગ પણ છે, તેમને વિનંતી કરી કે ડૉ. સુજાતાને મળેલા તમામ શૈક્ષણિક હોદ્દા અને પ્રમોશન તાત્કાલિક પ્રક્રિયા મુજબ પૂરા પાડવામાં આવે અને સાતવાહન યુનિવર્સિટીના કુલપતિ સામે તેમને ‘શહેરી નક્સલી’ તરીકે ઓળખાવવામાં તેમની ભૂમિકા બદલ તપાસ અને યોગ્ય કાર્યવાહી શરૂ કરવામાં આવે. "છેલ્લા બે અઠવાડિયામાં, તેમને ફરીથી અપમાનજનક રીતે નિશાન બનાવવામાં આવ્યા છે અને ‘શહેરી નક્સલી’ તરીકે બદનામ કરવામાં આવ્યા છે. આ સંબંધમાં સરકારી અધિકારીઓ અને સાંસદોને પત્રો મોકલવામાં આવ્યા છે અને પ્રિન્ટ, ઈલેક્ટ્રોનિક અને સોશિયલ મીડિયા દ્વારા ખોટા સંદેશાઓનો ફેલાવો કરવામાં આવ્યો છે," પત્રમાં લખ્યું છે. કાર્યકર્તાઓએ દાવો કર્યો હતો કે આ પ્રકારનો હુમલો પેંચલા શ્રીનિવાસ નામના એક વ્યક્તિ દ્વારા કરવામાં આવ્યો છે, જે અગાઉ સહાયક પ્રોફેસર (કોન્ટ્રાક્ટ પર) હતા અને ૨૦૨૧માં યુનિવર્સિટીમાંથી કેટલીક અનિયમિતતાઓ અને મહિલા વિદ્યાર્થીઓની ઉત્પીડનને કારણે તેમને કાઢી મૂકવામાં આવ્યા હતા. બેંક છેતરપિંડીના કેસમાં તેમને જેલમાં ધકેલી દેવામાં આવ્યા હોવાનો પણ ઉલ્લેખ કરીને, કાર્યકરોએ જણાવ્યું હતું કે તેમણે એપ્રિલ ૨૦૨૬માં વાઈસ ચાન્સેલર દ્વારા પાર્ટ-ટાઈમ લેક્ચરર તરીકે યુનિવર્સિટીમાં ફરીથી જોડાવા માટે ‘રાજકીય પ્રભાવ’નો ઉપયોગ કર્યો હતો, જોકે અસંખ્ય વિદ્યાર્થીઓના વાજબી વાંધાઓ હતા. "અમારા ધ્યાનમાં આવ્યું છે કે ડૉ. સુજાતાને મનસ્વી રીતે અને બદલો લેવા માટે પ્રિન્સિપાલ અને ડીન તરીકેના તેમના પદ પરથી દૂર કરવામાં આવ્યા છે, જ્યારે પ્રક્રિયા મુજબ તેમને શૈક્ષણિક પદોન્નતિ મળવાની છે. આ ઉપરાંત, તેમને કેમ્પસમાં સઘન દેખરેખનો સામનો કરવો પડી રહ્યો છે," કાર્યકરોએ આરોપ લગાવ્યો હતો. તેમણે એવી પણ ચિંતા વ્યક્ત કરી હતી કે કલ્યાણ મંત્રી અદલુરી લક્ષ્મણ કુમારના હસ્તક્ષેપ પછી પણ, જેમણે સુજાતાના ઉત્પીડનનો અંત લાવવા માટે વાઈસ ચાન્સેલરને હાકલ કરી હતી, તેમના તરફથી આ મુદ્દાને ગંભીરતાથી ઉકેલવા માટે કોઈ નક્કર કાર્યવાહી કરવામાં આવી નથી. "બીજી બાજુ, વીસી કેટલાક ઉલ્લંઘનોને સક્ષમ બનાવવામાં સંડોવાયેલા હોય તેવું લાગે છે," કાર્યકરોએ શંકા વ્યક્ત કરી હતી. કાર્યકર્તાઓએ ૨ એપ્રિલના રોજ તેલંગાણા SC & ST કમિશનના અધ્યક્ષને તેમના પર કથિત નિશાન બનાવવા અંગે સુજાતાની વિગતવાર ફરિયાદ પણ જોડી હતી. કાર્યકર્તાઓએ ઊંડી ચિંતા વ્યક્ત કરી હતી કે તેલંગાણાની શૈક્ષણિક સંસ્થાઓ અને યુનિવર્સિટીઓમાં, જમણેરી વહીવટકર્તાઓ અને ફેકલ્ટીની હાજરી વધી રહી છે. "અમે તમને રાજ્યમાં બંધારણીય અને ધર્મનિરપેક્ષ મૂલ્યોને જાળવી રાખવાના તમારા ચૂંટણી પૂર્વેના વચનની યાદ અપાવવા માંગીએ છીએ. તમારી સરકારની ફરજ છે કે તે સતર્ક રહે અને કેમ્પસ અને શૈક્ષણિક સંસ્થાઓમાં અશાંતિ ફેલાવવાના જમણેરી અને કટ્ટરપંથી દળો દ્વારા કરવામાં આવતા કોઈપણ દુષ્ટ પ્રયાસોને અંકુશમાં લે," કાર્યકર્તાઓએ મુખ્યમંત્રીને યાદ અપાવ્યું.

## કતારમાં તેલુગુ દલિત સમુદાય દ્વારા આંબેડકર જયંતિની ઉજવણી

(એજન્સી) દુબઈ, તા.૧૯

કતારમાં આંધ્ર પ્રદેશ અને તેલંગાણાના તેલુગુ દલિત સમુદાયે દોહામાં ડૉ. બી.આર. આંબેડકરની ૧૩૬મી જન્મજયંતિ ઉજવી. આ કાર્યક્રમમાં ભારતીય સમુદાયના અગ્રણી નેતાઓએ હાજરી આપી હતી, જેમાં શિક્ષણ અને સમાનતા પર આંબેડકરના ઉપદેશો પર ભાર મૂકવામાં આવ્યો હતો. કતારમાં રહેતા આંધ્ર પ્રદેશ અને તેલંગાણાના તેલુગુ દલિત સમુદાયે ડૉ. બી.આર. આંબેડકરની ૧૩૬મી જન્મજયંતિ ઉજવી છે. આ કાર્યક્રમ દોહામાં યોજાયો હતો અને તેમાં અગ્રણી ભારતીય સમુદાયના સભ્યોએ હાજરી આપી હતી. IWWOના પ્રમુખ શ્રીમતી રજની મૂર્તિએ સભાને સંબોધતા જણાવ્યું હતું કે ડૉ. બી.આર. આંબેડકરના ઉપદેશો હજુ પણ ભારતીય સમુદાય માટે સુસંગત છે, પછી ભલે તેઓ ઘરે રહેતા હોય કે વિદેશમાં, તેમણે યુવાનોને ડૉ. આંબેડકરના ઉપદેશ મુજબ ગુણવત્તાયુક્ત શિક્ષણ મેળવવા વિનંતી કરી. તેમણે સમજાવ્યું કે કતારમાં ભારતીય દૂતાવાસ પીડિત મજૂરોને શક્ય તેટલી બધી સહાય કરવામાં મોખરે છે, જ્યાં એક મોટો દલિત સમુદાય સામેલ છે. રજની મૂર્તિએ ભાર મૂક્યો હતો કે કતાર અને બાકીના ગલ્ફ દેશોમાં જાતિ કે સંપ્રદાયના ભેદભાવ વિના પ્રતિભાઓને યોગ્ય તકો પૂરી પાડવામાં આવે છે, જ્યાં દલિત યુવાનોએ તેમની પ્રતિભા દર્શાવવી જરૂરી છે. કતારમાં ભારતીય સમુદાય એક છે, જ્યાં જાતિ ક્યારેય માપદંડ રહી નથી, એમ ભારતીય સમુદાય કલ્યાણ સંગઠન, ICBFના પ્રમુખ શનાવાસ ટી. બાવાએ જણાવ્યું હતું.


[પરિશિષ્ટ -IV-A જુઓ પ્રોવિસો નિયમ ૮(૬) આર/ડબ્લ્યુ ૯(૧)]

**સ્થાવર મિલકતોના વેચાણની ઈ-હરાજી માટે જાહેર નોટિસ**

**એડલવાઈસ એસેટ રિકન્સ્ટ્રક્શન કંપની લિમિટેડ**
CIN: U67100MH2007PLC174759
**રજિ. કાર્યાલય :** એડલવાઈસ હાઉસ, પહેલો માળ ઓફ સીએસટી રોડ, કલીના, મુંબઈ-૪૦૦૦૯૮.

**નાણાકીય અસ્કયામતોના સિક્યોરિટાઇઝેશન અને પુનઃનિર્માણ અને સુરક્ષા હિત અધિનિયમ, ૨૦૦૨ના અમલ હેઠળ સ્થાવર સુરક્ષિત અસ્કયામતોના વેચાણ માટેની ઇ-ઓક્શન વેચાણ નોટિસ સિક્યોરિટી ઈન્ટરેસ્ટ (એન્ફોર્સમેન્ટ) નિયમો, ૨૦૦૨ (“નિયમો”)ના નિયમ ૮(૬) અને ૯(૧)ની જોગવાઈ સાથે વાંચો**

નીચે દર્શાવેલ **વિવિધ વેચાણ સંસ્થાઓ**ની નાણાકીય સુવિધાઓ (ત્યારબાદ “સોંપનાર” તરીકે ઓળખવામાં આવે છે) એડલવાઈસ એસેટ રિકન્સ્ટ્રક્શન કંપની લિમિટેડને સોંપવામાં આવી છે જે તેની ક્ષમતામાં **વિવિધ ટ્રસ્ટીઓ**ના ટ્રસ્ટીઓ તરીકે પૂરી પાડવામાં આવેલ કોલમમાં સ્પષ્ટપણે ઉલ્લેખિત છે. આ અસાઈનમેન્ટના અનુસંધાનમાં, EARCએ અસાઈનરના અધિકારોમાં પ્રવેશ કર્યો અને સુરક્ષિત ક્રેડિટર તરીકે તેના અધિકારોનો ઉપયોગ કર્યો. તે EARC, સુરક્ષિત લેણદાર તરીકેની તેની ક્ષમતામાં, SARFAESI એક્ટના ૧૩(૪) અને ત્યાંના નિયમો હેઠળ નીચે જણાવેલ સ્થાવર સુરક્ષિત સંપત્તિનો કબજો લીધો હતો.

**૧૫/૩૦ દિવસ**ની સૂચના આથી સામાન્ય રીતે જાહેર જનતાને અને ખાસ કરીને દેણદાર(રો) અને બાંયધરી આપનાર(રો)ને આપવામાં આવે છે કે નીચે વર્ણવેલ સ્થાવર સુરક્ષિત અસ્કયામતો સલામત લેણદારની તરફેણમાં ગીરો છે, જેનો **ભૌતિક કબજો** સિક્યોર્ડ લેણદારના અધિકૃત અધિકારી (AO) દ્વારા લેવામાં આવ્યો છે, તે રકમની વસૂલાત માટે **“જેમ છે ત્યાં”, “જેમ છે તેમ“ અને “જે છે તે”** આધારે વેચવામાં આવશે. દેણદાર અને બાંયધરી આપનાર પાસેથી EARC દ્વારા મેળવેલા કોઈપણ નાણાં માટે વધુ વ્યાજ અને તેના પરના અન્ય ખર્ચાઓ/ખર્ચો સાથે EARCને લીધે નીચે ઉલ્લેખ કર્યો છે. દરેક મિલકત માટે અનામત કિંમત અને અર્નેસ્ટ મની ડિપોઝિટ નીચે ઉલ્લેખિત છે.

**ઈ-હરાજીમાં મૂકવા માટેની સલામત મિલકતની વિગતો :**

| લોન એકા. નં./વેચાણની સંસ્થા | દેણદાર/સહ-દેણદાર/ગેરંટર/ મોર્ગેજરના નામ | ટ્રસ્ટનું નામ | ૧૫-૦૪-૨૦૨૬ના રોજ કુલ બાકી દેવા ભા.રૂ. | અનામત રકમ (ભા.રૂ.) | અર્નેસ્ટ મની ડિપોઝિટ (ઈએમડી) ભા.રૂ. | હરાજીની તારીખ અને સમય | કબજાનો પ્રકાર |
|---|---|---|---|---|---|---|---|
| SHLHAHMD 0002847- ટ્રુહોમ ફાઈનાન્સ લિમિટેડ | ૧. સુનીલ કુમાર પ્રવિણભાઈ મકવાણા (દેણદાર), ૨. વાઘેલા તેજલ મગનભાઈ (સહ-દેણદાર) | ઈએઆરસી ટ્રસ્ટ એસસી-૪૭૩ | રૂ. ૨૯,૧૭,૬૩૧.૬૫/- | રૂ. ૧૨,૫૫,૦૦૦.૦૦ | રૂ. ૧,૨૫,૫૦૦.૦૦ | ૨૧-૦૫-૨૦૨૬ અને બપોરે ૧૨:૦૦ વાગે | ભૌતિક |
| **મિલકતનું વર્ણન :** સ્થાવર મિલકતના તે તમામ હક્ક, ટાઈટલ અને હિત ધરાવતા ફલેટ નં.એ/૧૧ના, ત્રીજો માળ, ક્ષેત્રફળ લગભગ ૬૫.૧૨ ચો.મી. બાંધકામ વિસ્તાર સ્કીમ નામે પુનિત સાબરમતી કો.ઓ.હા.સો.લિ. ‘પુનીત નગર ફલેટ તરીકે જાણીતી, સ્થિત અત્રે મોજે રાણીપ, તા. સાબરમતી, જિ. અમદાવાદ જમીન ધરાવતા સબ પ્લોટ નં.૩ અને ૬ પૈકી ફાઈનલ પલોટ નં.૬, ટીપી સ્કીમ નં.૩, સર્વે નં.૩૮૧, રજિ. સબ જિ. અને જિ. અમદાવાદ-૨ (વાડજ) **મિલકતની ખૂંટો :** ઉત્તર : બ્લોક નં.બી, દક્ષિણ : ફલેટ નં.એ-૧૦, પૂર્વ : ફલેટ નં.એ-૧૨, પશ્ચિમ : ગેલેરી | | | | | | | |
| ‘631679124,‘000101 4560005504449/ એચડીએફસી બેંક લિ. | ૧. ઠક્કર ભદ્રેશ (દેણદાર) | ઈએઆરસી ટ્રસ્ટ એસસી-૪૬૯ | રૂ. ૬૨,૬૪,૨૨૯.૨૯ | રૂ. ૨૧,૦૦,૦૦૦.૦૦ | રૂ. ૨,૧૦,૦૦૦.૦૦ | ૦૭-૦૫-૨૦૨૬ અને બપોરે ૦૧:૩૦ વાગે | ભૌતિક |
| **મિલકતનું વર્ણન :** યુનિટ-૧૧, મધુવન રેસિડેન્સી, એસ. નં.૧૫૦ + ૧૫૧ + ૧૫૨ + ૧૫૪ + ૧૫૫/(૧ + ૨ + ૩) +૧૫ ૧૫૮/(૧ + ૨) સહયોગ પેટ્રોલ પંપ પાસે, બાયપાસ સર્કલ, મોડાસા - ૩૮૩૩૧૫ | | | | | | | |
| LMEHSTL0 000075561/ ઈએચએફએલ | શ્રી રતનસિંહ આર. રાઠોડ (દેણદાર) શ્રીમતી કમલા રાઠોડ (સહ-દેણદાર) | ઈએઆરસી ટ્રસ્ટ એસસી-૪૧૭ | રૂ. ૨૬,૨૫,૧૬૮.૬૦ | રૂ. ૧૭,૦૦,૦૦૦.૦૦ | રૂ. ૧,૭૦,૦૦૦.૦૦ | ૦૭-૦૫-૨૦૨૬ અને બપોરે ૦૧:૦૦ વાગે | ભૌતિક |
| **મિલકતનું વર્ણન :** સ્થાવર મિલકતના તે તમામ ભાગ અને હિસ્સાઓ જેનું પ્લોટ નં.૩૧ના દિવ્ય ભૂમી સોસાયટી, મેલડી માતા પાસે પાલોદર રોડ, રામોસાણા ગ્રામ પંચાયત સામે, મહેસાણા-૩૮૪૦૦૨ અને કહેવાતી મિલકત સ્થિત અત્રે આર.બ્લોક નં.૧૧૬ પૈકી, પ્લોટ નં.૩૧, ક્ષેત્રફળ બિલ્ટ અપ એરિયા ૫૮.૭૧ ચો.મી. માર્જિન જમીન ૧૪.૩૦ ચો.મી. બિનવહેંચાયેલ હિસ્સાની રોડ અને કોમન પ્લોટ ૬૪.૯૦ ચો.મી. કુલ ૧૩૭.૯૧ ચો.મી. સ્થિત અત્રે રામોસણા તા. અને જિ. મહેસાણા રજિ. સબ જિ. મહેસાણા અને ખૂંટો તરફ : પૂર્વ તરફ : પ્લોટ નં.૩૦, ઉત્તર તરફ : કહેવાતા પ્લોટની માર્જિનની જમીન પછી બ્લોક નં.૯૯, પશ્ચિમ તરફ : પ્લોટ નં.૩૨, દક્ષિણ તરફ : કહેવાતા પ્લોટ ની હદ, આંતરિક રોડ | | | | | | | |

**હરાજી પ્રક્રિયા સંબંધિત મહત્ત્વપૂર્ણ માહિતી :**

| | | |
|---|---|---|
| 1. | ઈએમડી ડિમાન્ડ ડ્રાફ્ટ્સ (DD) **એડલવાઈઝ એસેટ રિકન્સ્ટ્રકશન કંપની લિમિટેડ-ઈએમડી એકાઉન્ટ**ની તરફેણમાં મુંબઈ ખાતે ચૂકવવાપાત્ર રહેશે. | |
| 2. | ઈએમડી પેમેન્ટ આરટીજીએસ મારફતે નીચે મુજબ કરવાનું રહેશે. એકાઉન્ટનું નામ **એડલવાઈઝ એસેટ રિકન્સ્ટ્રકશન કંપની લિમિટેડ*** ઈએમડી એકાઉન્ટ નં.**000405158602**, બેંકનું નામ - આઈસીઆઈસીઆઈ બેંક ; આઈએફએસસી કોડ : **IFSC ICIC0000004** | |
| 3. | EMD સબમિટ કરવાની છેલ્લી તારીખ | હરાજીની તારીખના ૧ દિવસ પહેલા પ્રાપ્ત |
| 4. | બિડ્સ સબમિશન માટેનું સ્થળ | પહેલો માળ, એડલવાઈસ હાઉસ, ઓફ સીએસટી રોડ, કલીના, મુંબઈ-૪૦૦૦૯૮ |
| 5. | હરાજીનું સ્થળ (હરાજી માટેની વેબસાઈટ) | ઈ-હરાજી (https://auction.edelweissarc.in) |
| 6. | સંપર્ક વિગતો | કસ્ટમર કેર : ૧૮૦૦ ૨૬૬ ૬૫૪૦ |
| 7. | મિલકતના નિરીક્ષણની તારીખ અને સમય | અગાઉની એપોઈન્ટમેન્ટ મુજબ |

વેચાણના વિગતવાર નિયમો અને શરતો માટે કૃપા કરીને EARCની વેબસાઈટ એટલે કે https://auction.edelweissarc.inમાં આપેલી લિંકનો સંદર્ભ લો.

**તારીખ : ૨૦-૦૪-૨૦૨૬** **અધિકૃત અધિકારી**
**સ્થળ : મુંબઈ** **વતી, એડલવાઈસ એસેટ રિકન્સ્ટ્રકશન કંપની લિમિટેડ**

Edelweiss Asset Reconstruction



standard chartered **સ્ટાન્ડર્ડ ચાર્ટર્ડ બેંક**

**સરફેસી એક્ટ, ૨૦૦૨ (ધ એક્ટ)ની કલમ ૧૩(૨) હેઠળ ડિમાન્ડ નોટિસ**

| ક્રમ નં. | દેણદાર(રો)નું નામ અને સરનામું | લોનની રકમ (રૂ.) | લોન એકાઉન્ટ નં. | મોર્ગેજ પ્રોપર્ટીની વિગતો | બાકી રકમ (રૂ.) | NPA તારીખ |
|---|---|---|---|---|---|---|
| | (A) | (B) | (C) | (D) | (E) | (F) |
| ૧.<br>૨. | ધીરેન્દ્ર ચોપરા<br>કવિતા ચોપરા | રૂ.૧૮,૦૦,૦૦૦/- (રૂા. અઢાર લાખ માત્ર) | ૫૩૫૩૨૨૯૫ | તે તમામ ટાઈટલ અને હિત ધરાવતા મિલકતના તે તમામ ભાગ અને હિસ્સાઓ દુકાન નં. ૧૦થી ૧૯ ક્ષેત્રફળ ૪૯૯૨ ચો.ફૂટ કાર્પેટ એરિયા અને ક્ષેત્રફળ ૮૩૨૦ ચો.ફૂટ સુપર બિલ્ટ અપ એરિયા ગ્રાઉન્ડ ફલોર પર, સ્કીમ નામે ‘વેદ આર્કેડ’ તરીકે જાણીતું, સર્વે નં.૧૧૮૩નો રચનાત્મક ભાગ, ટીપી સ્કીમ નં.૧૧૩ અને એફપી નં.૧૬૪ ક્ષેત્રફળ ૭૦૪૧ ચો.મી. સ્થિત અત્રે મોજે ગામ વસ્ત્રાલ, રજિ. જિ. અમદાવાદ અને રજિ.સબ જિ. અમદાવાદ-૧૨ (નિકોલ)<br>**ખૂંટો તરફ :-**<br>પૂર્વ : મોલનો આંતરિક ભાગ<br>પશ્ચિમ : માર્જિન સ્પેસ પછી એએમસી પ્લોટ<br>ઉત્તર : માર્જિન અને નિસરણી<br>દક્ષિણ : દુકાન નં.૬થી ૯ અને માર્જિન<br>૨. તે તમામ ટાઈટલ અને હિત ધરાવતા મિલકતના તે તમામ ભાગ અને હિસ્સાઓ દુકાન નં. ૧૦૫થી ૧૧૯ ક્ષેત્રફળ ૬૨૦૪ ચો.ફૂટ કાર્પેટ એરિયા અને ક્ષેત્રફળ ૧૧,૨૮૦ ચો.ફૂટ સુપર બિલ્ટ અપ એરિયા પ્રથમ માળે, સ્કીમ નામે ‘વેદ આર્કેડ’ તરીકે જાણીતું, સર્વે નં.૧૧૮૩નો રચનાત્મક ભાગ, ટીપી સ્કીમ નં.૧૧૩ અને એફપી નં.૧૬૪ ક્ષેત્રફળ ૭૦૪૧ ચો.મી. સ્થિત અત્રે મોજે ગામ વસ્ત્રાલ, રજિ. જિ. અમદાવાદ અને રજિ.સબ જિ. અમદાવાદ-૧૨ (નિકોલ)<br>ખૂંટો તરફ<br>પૂર્વ : મોલનો આંતરિક ભાગ<br>પશ્ચિમ : માર્જિન સ્પેસ પછી એએમસી પ્લોટ<br>ઉત્તર : નિસરણી અને માર્જિન પછી ખાનગી પ્લોટ<br>દક્ષિણ : માર્જિન સ્પેસ પછી એએમસી પ્લોટ<br>૩. તે તમામ ટાઈટલ અને હિત ધરાવતા મિલકતના તે તમામ ભાગ અને હિસ્સાઓ દુકાન નં. ૨૦૧થી ૨૧૫ ક્ષેત્રફળ ૬૨૦૪ ચો.ફૂટ કાર્પેટ એરિયા અને ક્ષેત્રફળ ૧૧,૨૮૦ ચો.ફૂટ સુપર બિલ્ટ અપ એરિયા બીજા માળે, સ્કીમ નામે ‘વેદ આર્કેડ’ તરીકે જાણીતું, સર્વે નં.૧૧૮૩નો રચનાત્મક ભાગ, ટીપી સ્કીમ નં.૧૧૩ અને એફપી નં.૧૬૪ ક્ષેત્રફળ ૭૦૪૧ ચો.મી. સ્થિત અત્રે મોજે ગામ વસ્ત્રાલ, રજિ. જિ. અમદાવાદ અને રજિ.સબ જિ. અમદાવાદ-૧૨ (નિકોલ)<br>ખૂંટો તરફ<br>પૂર્વ : મોલનો આંતરિક ભાગ<br>પશ્ચિમ : માર્જિન સ્પેસ પછી એએમસી પ્લોટ<br>ઉત્તર : નિસરણી અને માર્જિન પછી ખાનગી પ્લોટ<br>દક્ષિણ : માર્જિન સ્પેસ પછી એએમસી પ્લોટ | રૂ.૧૭,૧૪,૯૬,૨૪૨.૧૯ (રૂા. સત્તર કરોડ ચૌદ લાખ છન્નુ હજાર બસ્સો બેતાલીસ અને ઓગણીસ પૈસા માત્ર) | ૦૧.૦૪.૨૦૨૬ |

જ્યારે, સ્ટાન્ડર્ડ ચાર્ટર્ડ બેંક, સ્ટાન્ડર્ડ ચાર્ટર્ડ બેંકમાં તેની શાખા કચેરી ધરાવે છે, બીર ધ સેરેબ્રમ આઈટી પાર્ક, કુમાર સિટી, કલ્યાણી નગર, પૂણે ૪૧૧૦૧૪ (ત્યારબાદ "બેંક" તરીકે ઓળખવામાં આવે છે) એ કોલમમાં લખેલા ઉપરોક્ત નામના દેણદાર(રો) સુધી લંબાવવામાં આવ્યો હતો. કોલમ Bમાં લોનની રકમ, લોન એકાઉન્ટ નંબર દ્વારા લખેલી અલગ ક્રેડિટ સુવિધાઓ અનુક્રમે સીરીયલ નંબર દ્વારા દેણદારોના દરેક સમૂહના નામ સામે કોલમ Cમાં ઉલ્લેખિત છે.

દરેક દેણદાર (ત્યારબાદ "સુરક્ષિત સંપત્તિ" તરીકે ઓળખાય છે)ના નામ સામે કોલમ Dમાં લખેલી સ્થાવર મિલકત પર ગીરો દ્વારા ઉક્ત ક્રેડિટ સુવિધાઓ અન્ય બાબતોમાં સુરક્ષિત કરવામાં આવે છે. ઉપરોક્ત નામના દેણદાર(રો) લોન ખાતામાં નાણાકીય શિસ્ત જાળવવામાં નિષ્ફળ ગયા છે અને બેંક દ્વારા બેંકિંગ વ્યવસાયના સામાન્ય અભ્યાસક્રમમાં જાળવવામાં આવેલા એકાઉન્ટના ખાતા મુજબ તેમના નામ સામે કોલમ Eમાં દર્શાવેલ બાકી રકમ અસ્તિત્વમાં છે. દરેક દેણદાર(રો).

ઉપરોક્ત નામના દેણદાર(રો)ના તરફથી લોનની રકમની ચુકવણીમાં સતત ડિફોલ્ટને કારણે ઉપરોક્ત નામના દેણદાર(રો)ના લોન ખાતાને બેંક દ્વારા ઉલ્લેખિત તારીખો પર નોન-પર્ફોર્મિંગ એસેટ/ટ્સ તરીકે વર્ગીકૃત કરવામાં આવ્યા છે. ભારતીય રિઝર્વ બેંક દ્વારા નિર્ધારિત ધોરણોની અંદર કૉલમ Fમાં. પરિણામે ધારા ૧૩(૨) હેઠળની નોટિસો પણ દરેક દેણદારોને જારી કરવામાં આવી હતી, જેમણે ડિલિવરી વિના પરત મેળવ્યું છે.

ઉપરોક્ત ડિફોલ્ટને ધ્યાનમાં રાખીને, બેંક આ દ્વારા ઉપરોક્ત નામના દેણદાર(રો)ને ઉપરોક્ત કૉલમ Eમાં દર્શાવેલ તમામ બાકી લેણાંની ચૂકવણી કરીને બેંક પ્રત્યેની તેમની જવાબદારીઓને સંપૂર્ણ રીતે ડિસ્ચાર્જ કરવા કહે છે, જેમાં અદ્યતન વ્યાજ, ખર્ચ અને શુલ્ક સામેલ છે. આ નોટિસના પ્રકાશનની તારીખથી ૬૦ દિવસની અંદર, જેમાં નિષ્ફળ થવા પર, બેંક સિક્યોર્ડ એસેટનો કબજો મેળવવા માટે હકદાર બનશે અને બેંકને કાયદામાં ઉપલબ્ધ છે તેમ અન્ય પગલાં પણ લેશે.

તે, કૃપા કરીને જાણ કરવામાં આવે છે કે તમે, ઉપરોક્ત નામના દેણદાર(રો) આથી અલગ થવાથી (ટ્રાન્સફર, વેચાણ, લીઝ અથવા અન્ય રીતે) અથવા તૃતીય પક્ષનું હિત ઊભું કરવાથી અથવા ચોક્કસ સિવાય કોઈપણ રીતે સુરક્ષિત સંપત્તિ સાથે વ્યવહાર કરવાથી પ્રતિબંધિત છે. બેંક તરફથી પૂર્વ લેખિત પરવાનગી. જાણ કરો કે તેનું કોઈપણ ઉલ્લંઘન એક વર્ષ સુધીની કેદ અથવા દંડ અથવા બંને સાથે શિક્ષાને પાત્ર રહેશે.

તે, તમારા, દેણદારોનું ધ્યાન, SARFAESI એક્ટની કલમ ૧૩ની પેટા-કલમ (૮) તરફ આકર્ષિત કરવામાં આવે છે, જે સુરક્ષિત સંપત્તિઓને રિડીમ કરવા માટે ઉપલબ્ધ સમયના સંદર્ભમાં છે, જેમાં જણાવવામાં આવ્યું છે કે તમે સુરક્ષિત સંપત્તિને રિડીમ કરી શકો છો. જાહેર હરાજી અને/અથવા ઈ-ઓક્શન દ્વારા ક્વોટેશન આમંત્રિત કરીને સુરક્ષિત સંપત્તિ(ઓ)ના વેચાણ માટેની નોટિસના પ્રકાશનની તારીખ સુધી બેંક દ્વારા કરાયેલા તમામ ખર્ચ, ચાર્જ અને ખર્ચ સાથે બાકી લેણાંની સંપૂર્ણ રકમનું ટેન્ડરિંગ, જાહેર અથવા ખાનગી સંધિ દ્વારા ટેન્ડર.

તે, મહેરબાની કરીને નોંધ કરો કે આ સિક્યુરિટાઈઝેશન એન્ડ રિકન્સ્ટ્રક્શન ઓફ ફાઈનાન્શિયલ એસેટ્સ એન્ડ એન્ફોર્સમેન્ટ ઓફ સિક્યોરિટી ઈન્ટરેસ્ટ એક્ટ, ૨૦૦૨ની કલમ ૧૩(૨) હેઠળ આખરી સૂચના છે. કહેવાની જરૂર નથી કે બેંક કોઈપણ અથવા તમામનો ઉપયોગ કરવાના તેના અધિકારની અંદર હશે. તમારા જોખમ, જવાબદારી અને ખર્ચ પર સંપૂર્ણપણે સરનામું આપનાર સામે ઉપર દર્શાવેલ અધિકારો.

**તારીખ : ૨૦/૦૪/૨૦૨૬**
**સ્થળ : અમદાવાદ**

**સહી/-**
**અધિકૃત અધિકારી**
**સ્ટાન્ડર્ડ ચાર્ટર્ડ બેંક**

**હદીસ બોધ**

ગુસ્સાનો સર્વશ્રેષ્ઠ ઈલાજ મૌન છે. (હદીસ બોધ)

**બોધ વચન**

બાળકને થોડો પ્યાર આપશો તો તેના બદલામાં તેની પાસેથી ઘણું મેળવી શકશો. - રશ્કિન

**આજની આરસી**

૨૦ એપ્રિલ સોમવાર ૨૦૨૬
૨ ઝિલકદ હિજરી ૧૪૪૭
વૈશાખ સુદ ત્રીજ સંવત ૨૦૮૨

| | |
|---|---|
| સુબ્હ સાદિક | ૪-૫૩ |
| ખત્મે ઝવાલ | ૧૨-૩૯ |
| તુલૂએ આફતાબ (સૂર્યોદય) | ૬-૧૫ |
| ગુરૂબે આફતાબ (સૂર્યાસ્ત) | ૭-૦૨ |

**અગત્યની સૂચના**

આ અખબારમાં જરૂરિયાતને અનુલક્ષીને ધાર્મિક શબ્દોનો ઉલ્લેખ, ફોટો કેટલીકવાર છાપવા પડે છે, જે વાચક મિત્રોના ધ્યાને આવે તો તેની તેમણે ખાસ હિફાઝત કરવી.

- વ્યવસ્થાપક

# ઈડન ગાર્ડન્સમાં રસાકસી : રિંકુ સિંહે બાજી પલટી, રાજસ્થાનને હરાવી KKRએ મેળવી સિઝનની પ્રથમ જીત

કોલકાતા, તા.૧૯

IPL ૨૦૨૬માં સતત પાંચ મેચોની હાર બાદ આખરે કોલકાતા નાઈટ રાઈડર્સ (KKR)એ જીતનો સ્વાદ ચાખ્યો છે. રવિવારે ઈડન ગાર્ડન્સ ખાતે રમાયેલી એક રોમાંચક મેચમાં રિંકુ સિંહની શાનદાર અડધી સદીની મદદથી KKRએ રાજસ્થાન રોયલ્સ (RR)ને ૪ વિકેટે હરાવી આ સિઝનની પોતાની પ્રથમ જીત નોંધાવી છે. ૧૫૬ રનના લક્ષ્યનો પીછો કરતા KKRએ ૧૯.૪ ઓવરમાં ૬ વિકેટ ગુમાવી લક્ષ્ય હાંસલ કરી લીધું હતું.



**રિંકુ સિંહ અને અનુકુલ રોયની જોડીએ કરિશ્મો કર્યો :** એક તબક્કે KKRની હાલત ખૂબ જ કફોડી હતી. માત્ર ૮૫ રનમાં ૬ વિકેટ પડી ગયા બાદ ટીમ હારના આરે હતી પરંતુ રિંકુ સિંહે (અણનમ ૫૩ રન, ૩૪ બોલ) ફરી એકવાર પોતાની ક્ષમતા સાબિત કરી. તેને અનુકુલ રોય (અણનમ ૨૯ રન, ૧૬ બોલ)નો સાથ મળ્યો અને બંને વચ્ચે સાતમી વિકેટ માટે માત્ર ૩૭ બોલમાં ૭૬ રનની અતૂટ ભાગીદારી થઈ. રિંકુને ૮ રનના સ્કોર પર નન્દ્રે બર્ગર દ્વારા જીવનદાન મળ્યું હતું, જે મેચનું ટર્નિંગ પોઈન્ટ સાબિત થયું. અંતિમ ઓવરમાં ૧૧ રનની જરૂર હતી ત્યારે રિંકુએ સિક્સર ફટકારીને ટીમને જીત અપાવી હતી.

**KKRના ટોપ-ઓર્ડરનું ધબડકો :** નાના લક્ષ્યનો પીછો કરવા ઉતરેલી KKRની શરૂઆત અત્યંત ખરાબ રહી હતી. જોફ્રા આર્ચર અને નન્દ્રે બર્ગરે બંને ઓપનરોને શૂન્ય રને પેવેલિયન ભેગા કર્યા હતા. કેમેરોન ગ્રીને લડત આપવાનો પ્રયાસ કર્યો હતો પરંતુ ધ્રુવ જુરેલના શાનદાર રન આઉટના કારણે તે પણ પેવેલિયન પરત ફર્યો હતો. રવિ બિશ્નોઈ અને રવિન્દ્ર જાડેજાની ચુસ્ત બોલિંગ સામે મધ્યક્રમના બેટ્સમેનો નિષ્ફળ રહ્યા હતા અને એક સમયે KKR મુશ્કેલીમાં મૂકાયું હતું.

**વરૂણ ચક્રવર્તી અને કાર્તિક ત્યાગીની અસરકારક બોલિંગ :** આ અગાઉ ટોસ હારીને પ્રથમ બેટિંગ કરવા ઉતરેલી રાજસ્થાન રોયલ્સની શરૂઆત ધમાકેદાર રહી હતી. યશસ્વી જાયસ્વાલ અને વૈભવ સૂર્યવંશીએ પાવરપ્લેમાં ૬૩ રન જોડી દીધા હતા. જો કે, સ્પિનરો આવતા જ રમત બદલાઈ ગઈ હતી. વરુણ ચક્રવર્તીએ શાનદાર સ્પેલ ફેંકતા ૧૪ રનમાં ૩ વિકેટ ઝડપી હતી, જેમાં તેની T20 કારકિર્દીની ૨૦૦મી વિકેટનો પણ સમાવેશ થાય છે. અંતિમ ઓવરોમાં કાર્તિક ત્યાગીએ ૩ વિકેટ ઝડપીને રાજસ્થાનને ૧૫૫ રન પર રોકી દીધું હતું. રાજસ્થાન તરફથી મધ્યક્રમમાં કોઈ મોટી ભાગીદારી ન થતાં તેઓ મોટો સ્કોર બનાવવામાં નિષ્ફળ રહ્યા હતા.

**ટૂંકમાં સ્કોર :** રાજસ્થાન રોયલ્સ : ૧૫૫/૯ (૨૦ ઓવર)
કોલકાતા નાઈટ રાઈડર્સ : ૧૬૧/૬ (૧૯.૪ ઓવર)
પરિણામ : KKR ૪ વિકેટે વિજેતા.

# IPL 2026 : આર્ય અને કોનોલીના પ્રચંડ બેટિંગ પ્રહારથી LSG પરાસ્ત, પંજાબ કિંગ્સનો ૫૪ રને શાનદાર વિજય

ન્યુ ચંદીગઢ, તા.૧૯



પંજાબ કિંગ્સ પાસે કદાચ આઈપીએલનું સૌથી ભયાનક ટોપ ઓર્ડર છે, જેમાં ત્રણ નીડર યુવા બેટ્સમેનોનો સમાવેશ થાય છે. રવિવારે રમાયેલી મેચમાં પ્રિયાંશ આર્ય અને કૂપર કોનોલીએ લખનઉ સુપર જાયન્ટ્સ (LSG)ના બોલિંગ આક્રમણને અત્યંત સુંદરતા અને આક્રમકતા સાથે વિખેરી નાખ્યું હતું. આ બંને બેટ્સમેનો વચ્ચે બીજી વિકેટ માટે માત્ર ૮૦ બોલમાં ૧૮૨ રનની ભાગીદારી નોંધાઈ હતી, જેના કારણે પંજાબે ૭ વિકેટે ૨૫૪ રનનો જંગી સ્કોર ઊભો કર્યો હતો. જવાબમાં લખનૌની ટીમ નિર્ધારિત ઓવરમાં ૫ વિકેટે ૨૦૦ રન જ બનાવી શકી હતી અને પંજાબે ૫૪ રને જીત હાંસલ કરી હતી. સામાન્ય રીતે આવી તોફાની ઈનિંગ્સમાં સ્નાયુબદ્ધ શક્તિનો ઉપયોગ થતો હોય છે પરંતુ આર્ય અને કોનોલીએ માત્ર ટાઈમિંગ અને નઝાકતથી રનનો ખડકલો કરી દીધો હતો. આર્યએ માત્ર ૩૭ બોલમાં ૯૩ રન ફટકાર્યા હતા, જેમાં ૯ ગગનચુંબી છગ્ગાનો સમાવેશ થાય છે. બીજી તરફ, કોનોલીએ ૪૬ બોલમાં ૮૭ રન બનાવ્યા હતા. આ બંનેની આક્રમક બેટિંગ સામે મોહમ્મદ શમી જેવા અનુભવી બોલર પણ લાચાર દેખાતા હતા. જો કે, લખનૌ તરફથી પ્રિન્સ યાદવે શાનદાર બોલિંગ કરતા ૨૫ રન આપીને ૨ વિકેટ ઝડપી હતી, જે આખી ઈનિંગમાં અપવાદરૂપ પ્રદર્શન હતું. લખનૌ સુપર જાયન્ટ્સ માટે ૨૫૫ રનનો પીછો કરવો શરૂઆતથી જ મુશ્કેલ હતો. ઋષભ પંતે ૨૩ બોલમાં ૪૩ રન અને એડન માર્કરામે ૨૨ બોલમાં ૪૨ રનની લડાયક ઈનિંગ્સ રમી હતી પરંતુ તેઓ જરૂરી રન રેટ જાળવી શક્યા નહીં. પંજાબની ટીમનું ફિલ્ડિંગ પ્રદર્શન થોડું નબળું રહ્યું હોવા છતાં, બેટ્સમેનોએ બનાવેલા રનનો પહાડ લખનૌ માટે પાર કરવો અશક્ય બની ગયો હતો. અંતમાં માર્કસ સ્ટોઈનિસે ૧૬ બોલમાં અણનમ ૨૯ રન ફટકારીને સ્કોરને ૨૫૦ની પાર પહોંચાડવામાં મહત્વની ભૂમિકા ભજવી હતી. આ વિસ્ફોટક ઈનિંગ્સ સાથે પ્રિયાંશ આર્ય હવે અભિષેક શર્મા અને યશસ્વી જયસ્વાલ જેવા ભારતીય ડાબોડી ઓપનરોની હરોળમાં સામેલ થઈ ગયો છે. પંજાબ કિંગ્સની આ જીતે ફરી એકવાર સાબિત કરી દીધું છે કે પાવરપ્લે અને મિડલ ઓવર્સમાં તેમની વિસ્ફોટક બેટિંગ કોઈપણ બોલિંગ લાઈનઅપને ધરાશાયી કરી શકે છે.

# દલિત સ્થિતિ સમીક્ષા : ખ્રિસ્તીઓએ ભાજપ સરકારની ‘વિલંબ અને ઈન્કાર’ યુક્તિઓની ટીકા કરી

(એજન્સી)

નવી દિલ્હી, તા.૧૯

ખ્રિસ્તી ધર્મ અને ઈસ્લામમાં રૂપાંતરિત થયેલા દલિતોને વિશેષ બંધારણીય દરજ્જો મળવો જોઈએ કે નહીં તે નક્કી કરવામાં કેન્દ્રની વિલંબિત યુક્તિઓની ખ્રિસ્તી સમુદાયે ટીકા કરી છે. ભાજપ સરકારે તાજેતરમાં દલિત ખ્રિસ્તીઓ અને મુસ્લિમોને અનુસૂચિત જાતિ (SC) દરજ્જો આપવા માટે તપાસ કરતા તપાસ પંચને બે મહિનાનો સમય લંબાવ્યો હતો. સામાજિક ન્યાય અને અધિકારીતા મંત્રાલયે ૯ એપ્રિલના રોજ પેનલની સમયમર્યાદા ૧૦ જૂન સુધી લંબાવીને નોટિસ જારી કરી હતી. ત્રણ વર્ષમાં આ ત્રીજો વધારો છે. "આ સરકાર દ્વારા વિલંબ અને ઈન્કાર કરવાની યુક્તિ છે. વધુ એક વધારાએ તેનો વાસ્તવિક હેતુ છતી કરી દીધો છે," નવી દિલ્હી સ્થિત ઈન્ડિયન સોશિયલ ઈન્સ્ટિટ્યૂટના પૂર્વ ડિરેક્ટર ફાધર પ્રકાશ લુઈસને યુનિયન ઓફ કેથોલિક એશિયન (UCA) ન્યૂઝે ટાંક્યું હતું. "સરકાર ફરીથી આ દલિત સમુદાયોની આશાઓ સાથે રમી રહી છે," તેમણે કહ્યું. "બધા જાણે છે કે પેનલ પોતાનો રિપોર્ટ રજૂ કરી શકશે નહીં. જો તે કરે તો પણ, સરકાર તેને સંસદમાં રજૂ નહીં કરે અને જો તે રજૂ કરવામાં આવે તો, તેનો પરાજય થઈ શકે છે કારણ કે હિન્દુ દલિતો સમાન કેક શેર કરવા માંગતા નથી," જેસુઈટ વિદ્વાનએ કહ્યું. અનુસૂચિત જાતિઓ બંધારણ હેઠળ માન્યતા પ્રાપ્ત વંચિત સમુદાયો છે. તેઓ શિક્ષણ, રોજગાર અને રાજકીય પ્રતિનિધિત્વમાં અનામત મેળવવા માટે હકદાર છે. આ શ્રેણી ૧૯૫૦ના બંધારણીય આદેશ દ્વારા બનાવવામાં આવી હતી. દલિતો પરંપરાગત હિન્દુ જાતિ વ્યવસ્થાની બહાર છે અને લાંબા સમયથી ઉચ્ચ જાતિના હિન્દુઓ તરફથી ભેદભાવનો સામનો કરી રહ્યા છે. જાતિ આધારિત ભેદભાવ દાયકાઓ પહેલા ગેરકાયદેસર હતો, પરંતુ ભારતના ઘણા ભાગોમાં તે પ્રચલિત છે. ૧૯૫૦ના આદેશમાં શરૂઆતમાં ફક્ત દલિત હિન્દુઓને જ આવરી લેવામાં આવ્યા હતા. શીખ અને બૌદ્ધોને પછીથી ઉમેરવામાં આવ્યા હતા. દલિત ખ્રિસ્તીઓ અને મુસ્લિમોને બાકાત રાખવામાં આવ્યા હતા કારણ કે તેમના ધર્મો જાતિને માન્યતા આપતા નથી. અધિકાર હિમાયતીઓ કહે છે કે ધર્માંતરણ પછી દલિત ખ્રિસ્તીઓ અને મુસ્લિમો હજુ પણ સામાજિક અને આર્થિક ભેદભાવનો સામનો કરે છે. દલિત ખ્રિસ્તીઓએ ૧૯૫૦ના આદેશને કોર્ટમાં પડકાર્યો છે, તેને બાકાત અને અન્યાયી ગણાવ્યો છે. આ કમિશનની સ્થાપના ઓક્ટોબર ૨૦૨૨માં કરવામાં આવી હતી. તેનું નેતૃત્વ પૂર્વ મુખ્ય ન્યાયાધીશ કે.જી. બાલકૃષ્ણન કરી રહ્યા છે. તે દલિત ખ્રિસ્તીઓ અને મુસ્લિમોને અનુસૂચિત જાતિનો દરજ્જો મળવો જોઈએ કે નહીં તેની તપાસ કરી રહ્યું છે. કેથોલિક બિશપ્સ કોન્ફરન્સ ઓફ ઈન્ડિયાના અનુસૂચિત જાતિ અને પછાત વર્ગોના કાર્યાલયના સચિવ ફાધર વિજય કુમાર નાયકે સમાન ચિંતા વ્યક્ત કરી: “અમે વર્તમાન કમિશન અંગે શંકા રાખીએ છીએ. મિશ્રા કમિશનથી વિપરીત, કોઈ યોગ્ય પદ્ધતિનું પાલન કરવામાં આવ્યું ન હતું. ખૂબ ઓછી ક્ષેત્ર મુલાકાતો લેવામાં આવી હતી અને કોઈ પ્રશ્નાવલી પ્રસારિત કરવામાં આવી ન હતી.” તેમણે કહ્યું કે બિશપ્સ કોન્ફરન્સમાં ચર્ચ અને વ્યાપક સમાજમાં દલિત ખ્રિસ્તીઓ દ્વારા સામનો કરવામાં આવતા ભેદભાવના તાજેતરના કેસો એકત્રિત કરવામાં આવ્યા હતા. તેણે સંકલિત અહેવાલો બાલકૃષ્ણન કમિશનને સુપરત કર્યા હતા. અમને આશા છે કે તે કમિશનને દલિત ખ્રિસ્તીઓની વાસ્તવિકતાઓને સમજવામાં મદદ કરશે,” નાયકે કહ્યું. ઓલ ઈન્ડિયા કેથોલિક યુનિયનના પ્રવક્તા, વરિષ્ઠ પત્રકાર અને જોન દયાલે જણાવ્યું હતું કે મોદી સરકારે હિન્દુ ધર્મમાંથી ધર્માંતરિત થયેલા લોકોને લાભ આપવાનો પોતાનો વૈચારિક વિરોધ સ્પષ્ટ કરી દીધો છે. તેને હિન્દુ ધર્મમાંથી દલિતોના મોટા પાયે હિજરતનો ભય છે. તેમણે કહ્યું કે, ભાજપ સરકાર બૌદ્ધ ધર્મમાં ધર્માંતરણને સહન કરે છે કારણ કે તે તેને વ્યાપક હિન્દુ પરંપરામાં એક સંપ્રદાય તરીકે જુએ છે. ચેન્નાઈમાં લોયોલા સંસ્થાઓના રેક્ટર, જેસુઈટ ફાધર ફ્રાન્સિસ પી ઝેવિયરે જણાવ્યું હતું કે ઘણા દલિતોએ સામાજિક ભેદભાવ અને શોષણથી બચવા માટે ખ્રિસ્તી ધર્મ અપનાવ્યો હતો. પરંતુ તેઓ ચર્ચમાં જાતિ આધારિત વર્તનથી સંપૂર્ણપણે બચી શક્યા નથી,’ તેમણે કહ્યું. “દલિત ખ્રિસ્તીઓને SC દરજ્જો આપવો જોઈએ. ધાર્મિક ધર્માંતરણ જાતિ આધારિત ભેદભાવ, સામાજિક કલંક અથવા આર્થિક હાંસિયાને ભૂંસી નાખતું નથી.” સત્તાવાર માહિતી દર્શાવે છે કે ભારતના ૧.૪ અબજ લોકોમાંથી લગભગ ૨૦૧ મિલિયન દલિત છે. દેશના ૨૫ મિલિયન ખ્રિસ્તીઓમાંથી લગભગ ૬૦% દલિત અને આદિવાસી મૂળના છે.

# તેલંગાણાના મુખ્યમંત્રીને દલિત પ્રોફેસરને ‘શહેરી નક્સલી’ તરીકે નિશાન બનાવવાનું બંધ કરાવવા વિનંતી કરાઈ

(એજન્સી)

હૈદરાબાદ, તા.૧૯

દેશભર અને વિદેશના કાર્યકરોએ તેલંગાણાના મુખ્યમંત્રી એ. રેવંત રેડ્ડીને કરીમનગરમાં સાતવાહન યુનિવર્સિટીના કેમ્પસમાં પ્રોફેસર સુજાતા સુરેપલ્લીની ઉત્પીડન અને બદનામીનો અંત લાવવા અને તેમની સલામતી, ગૌરવ અને સુખાકારી માટે હાનિકારક કોઈપણ કાર્યવાહીથી દૂર રહેવા વિનંતી કરી છે. શિક્ષણવિદો, સામાજિક કાર્યકરો, હિમાયતીઓ, રાજકારણીઓ અને જીવનના તમામ ક્ષેત્રોના લોકો સહિત ક્રાંતિકારી લેખક પી. વરવરા રાવ સહિત ૨૦૯ કાર્યકરો દ્વારા સહી કરાયેલા પત્રમાં, તેમણે પેંચલા શ્રીનિવાસ અને અન્ય લોકો સામે અનુસૂચિત જાતિ અને અનુસૂચિત જનજાતિ (અત્યાચાર નિવારણ) અધિનિયમ, ૧૯૮૯ હેઠળ કાનૂની કાર્યવાહી કરવાની માંગ કરી છે; જે ડૉ. સુજાતા દ્વારા નોંધાયેલ પ્રથમ માહિતી અહેવાલ (FIR)ના આધારે છે. તેમણે મુખ્યમંત્રી, જેમની પાસે શિક્ષણ વિભાગ પણ છે, તેમને વિનંતી કરી કે ડૉ. સુજાતાને મળેલા તમામ શૈક્ષણિક હોદ્દા અને પ્રમોશન તાત્કાલિક પ્રક્રિયા મુજબ પૂરા પાડવામાં આવે અને સાતવાહન યુનિવર્સિટીના કુલપતિ સામે તેમને ‘શહેરી નક્સલી’ તરીકે ઓળખાવવામાં તેમની ભૂમિકા બદલ તપાસ અને યોગ્ય કાર્યવાહી શરૂ કરવામાં આવે. "છેલ્લા બે અઠવાડિયામાં, તેમને ફરીથી અપમાનજનક રીતે નિશાન બનાવવામાં આવ્યા છે અને ‘શહેરી નક્સલી’ તરીકે બદનામ કરવામાં આવ્યા છે. આ સંબંધમાં સરકારી અધિકારીઓ અને સાંસદોને પત્રો મોકલવામાં આવ્યા છે અને પ્રિન્ટ, ઈલેક્ટ્રોનિક અને સોશિયલ મીડિયા દ્વારા ખોટા સંદેશાઓનો ફેલાવો કરવામાં આવ્યો છે," પત્રમાં લખ્યું છે. કાર્યકર્તાઓએ દાવો કર્યો હતો કે આ પ્રકારનો હુમલો પેંચલા શ્રીનિવાસ નામના એક વ્યક્તિ દ્વારા કરવામાં આવ્યો છે, જે અગાઉ સહાયક પ્રોફેસર (કોન્ટ્રાક્ટ પર) હતા અને ૨૦૨૧માં યુનિવર્સિટીમાંથી કેટલીક અનિયમિતતાઓ અને મહિલા વિદ્યાર્થીઓની ઉત્પીડનને કારણે તેમને કાઢી મૂકવામાં આવ્યા હતા. બેંક છેતરપિંડીના કેસમાં તેમને જેલમાં ધકેલી દેવામાં આવ્યા હોવાનો પણ ઉલ્લેખ કરીને, કાર્યકરોએ જણાવ્યું હતું કે તેમણે એપ્રિલ ૨૦૨૬માં વાઈસ ચાન્સેલર દ્વારા પાર્ટ-ટાઈમ લેક્ચરર તરીકે યુનિવર્સિટીમાં ફરીથી જોડાવા માટે ‘રાજકીય પ્રભાવ’નો ઉપયોગ કર્યો હતો, જોકે અસંખ્ય વિદ્યાર્થીઓના વાજબી વાંધાઓ હતા. "અમારા ધ્યાનમાં આવ્યું છે કે ડૉ. સુજાતાને મનસ્વી રીતે અને બદલો લેવા માટે પ્રિન્સિપાલ અને ડીન તરીકેના તેમના પદ પરથી દૂર કરવામાં આવ્યા છે, જ્યારે પ્રક્રિયા મુજબ તેમને શૈક્ષણિક પદોન્નતિ મળવાની છે. આ ઉપરાંત, તેમને કેમ્પસમાં સઘન દેખરેખનો સામનો કરવો પડી રહ્યો છે," કાર્યકરોએ આરોપ લગાવ્યો હતો. તેમણે એવી પણ ચિંતા વ્યક્ત કરી હતી કે કલ્યાણ મંત્રી અદલુરી લક્ષ્મણ કુમારના હસ્તક્ષેપ પછી પણ, જેમણે સુજાતાના ઉત્પીડનનો અંત લાવવા માટે વાઈસ ચાન્સેલરને હાકલ કરી હતી, તેમના તરફથી આ મુદ્દાને ગંભીરતાથી ઉકેલવા માટે કોઈ નક્કર કાર્યવાહી કરવામાં આવી નથી.

## કતારમાં તેલુગુ દલિત સમુદાય દ્વારા આંબેડકર જયંતિની ઉજવણી

(એજન્સી) દુબઈ, તા.૧૯

કતારમાં આંધ્ર પ્રદેશ અને તેલંગાણાના તેલુગુ દલિત સમુદાયે દોહામાં ડૉ. બી.આર. આંબેડકરની ૧૩૬મી જન્મજયંતિ ઉજવી. આ કાર્યક્રમમાં ભારતીય સમુદાયના અગ્રણી નેતાઓએ હાજરી આપી હતી, જેમાં શિક્ષણ અને સમાનતા પર આંબેડકરના ઉપદેશો પર ભાર મૂકવામાં આવ્યો હતો. કતારમાં રહેતા આંધ્ર પ્રદેશ અને તેલંગાણાના તેલુગુ દલિત સમુદાયે ડૉ. બી.આર. આંબેડકરની ૧૩૬મી જન્મજયંતિ ઉજવી છે. આ કાર્યક્રમ દોહામાં યોજાયો હતો અને તેમાં અગ્રણી ભારતીય સમુદાયના સભ્યોએ હાજરી આપી હતી. IWWOના પ્રમુખ શ્રીમતી રજની મૂર્તિએ સભાને સંબોધતા જણાવ્યું હતું કે ડૉ. બી.આર. આંબેડકરના ઉપદેશો હજુ પણ ભારતીય સમુદાય માટે સુસંગત છે, પછી ભલે તેઓ ઘરે રહેતા હોય કે વિદેશમાં, તેમણે યુવાનોને ડૉ. આંબેડકરના ઉપદેશ મુજબ ગુણવત્તાયુક્ત શિક્ષણ મેળવવા વિનંતી કરી. તેમણે સમજાવ્યું કે કતારમાં ભારતીય દૂતાવાસ પીડિત મજૂરોને શક્ય તેટલી બધી સહાય કરવામાં મોખરે છે, જ્યાં એક મોટો દલિત સમુદાય સામેલ છે. રજની મૂર્તિએ ભાર મૂક્યો હતો કે કતાર અને બાકીના ગલ્ફ દેશોમાં જાતિ કે સંપ્રદાયના ભેદભાવ વિના પ્રતિભાઓને યોગ્ય તકો પૂરી પાડવામાં આવે છે, જ્યાં દલિત યુવાનોએ તેમની પ્રતિભા દર્શાવવી જરૂરી છે. કતારમાં ભારતીય સમુદાય એક છે, જ્યાં જાતિ ક્યારેય માપદંડ રહી નથી, એમ ભારતીય સમુદાય કલ્યાણ સંગઠન, ICBFના પ્રમુખ શનાવાસ ટી. બાવાએ જણાવ્યું હતું.


[પરિશિષ્ટ -IV-A જુઓ પ્રોવિસો નિયમ ૮(૬) આર/ડબ્લ્યુ ૯(૧)]

**સ્થાવર મિલકતોના વેચાણની ઈ-હરાજી માટે જાહેર નોટિસ**

**એડલવાઈસ એસેટ રિકન્સ્ટ્રક્શન કંપની લિમિટેડ**

CIN: U67100MH2007PLC174759

**રજિ. કાર્યાલય :** એડલવાઈસ હાઉસ, પહેલો માળ ઓફ સીએસટી રોડ, કલીના, મુંબઈ-૪૦૦૦૯૮.

**નાણાકીય અસ્કયામતોના સિક્યોરિટાઇઝેશન અને પુનઃનિર્માણ અને સુરક્ષા હિત અધિનિયમ, ૨૦૦૨ના અમલ હેઠળ સ્થાવર સુરક્ષિત અસ્કયામતોના વેચાણ માટેની ઇ-ઓક્શન વેચાણ નોટિસ સિક્યોરિટી ઈન્ટરેસ્ટ (એન્ફોર્સમેન્ટ) નિયમો, ૨૦૦૨ (“નિયમો”)ના નિયમ ૮(૬) અને ૯(૧)ની જોગવાઈ સાથે વાંચો**

નીચે દર્શાવેલ **વિવિધ વેચાણ સંસ્થાઓ**ની નાણાકીય સુવિધાઓ (ત્યારબાદ “સોંપનાર” તરીકે ઓળખવામાં આવે છે) એડલવાઈસ એસેટ રિકન્સ્ટ્રક્શન કંપની લિમિટેડને સોંપવામાં આવી છે જે તેની ક્ષમતામાં **વિવિધ ટ્રસ્ટીઓ**ના ટ્રસ્ટીઓ તરીકે પૂરી પાડવામાં આવેલ કોલમમાં સ્પષ્ટપણે ઉલ્લેખિત છે. આ અસાઈનમેન્ટના અનુસંધાનમાં, EARCએ અસાઈનરના અધિકારોમાં પ્રવેશ કર્યો અને સુરક્ષિત ક્રેડિટર તરીકે તેના અધિકારોનો ઉપયોગ કર્યો. તે EARC, સુરક્ષિત લેણદાર તરીકેની તેની ક્ષમતામાં, SARFAESI એક્ટના ૧૩(૪) અને ત્યાંના નિયમો હેઠળ નીચે જણાવેલ સ્થાવર સુરક્ષિત સંપત્તિનો કબજો લીધો હતો.

**૧૫/૩૦ દિવસ**ની સૂચના આથી સામાન્ય રીતે જાહેર જનતાને અને ખાસ કરીને દેણદાર(રો) અને બાંયધરી આપનાર(રો)ને આપવામાં આવે છે કે નીચે વર્ણવેલ સ્થાવર સુરક્ષિત અસ્કયામતો સલામત લેણદારની તરફેણમાં ગીરો છે, જેનો **ભૌતિક કબજો** સિક્યોર્ડ લેણદારના અધિકૃત અધિકારી (AO) દ્વારા લેવામાં આવ્યો છે, તે રકમની વસૂલાત માટે **“જેમ છે ત્યાં”, “જેમ છે તેમ“ અને “જે છે તે”** આધારે વેચવામાં આવશે. દેણદાર અને બાંયધરી આપનાર પાસેથી EARC દ્વારા મેળવેલા કોઈપણ નાણાં માટે વધુ વ્યાજ અને તેના પરના અન્ય ખર્ચાઓ/ખર્ચો સાથે EARCને લીધે નીચે ઉલ્લેખ કર્યો છે. દરેક મિલકત માટે અનામત કિંમત અને અર્નેસ્ટ મની ડિપોઝિટ નીચે ઉલ્લેખિત છે.

**ઈ-હરાજીમાં મૂકવા માટેની સલામત મિલકતની વિગતો :**

| લોન એકા. નં./વેચાણની સંસ્થા | દેણદાર/સહ-દેણદાર/ગેરેન્ટર/મોર્ગેજરના નામ | ટ્રસ્ટનું નામ | ૧૫-૦૪-૨૦૨૬ના રોજ કુલ બાકી દેવા ભા.રૂ. | અનામત રકમ (ભા.રૂ.) | અર્નેસ્ટ મની ડિપોઝિટ (ઈએમડી) ભા.રૂ. | હરાજીની તારીખ અને સમય | કબજાનો પ્રકાર |
|---|---|---|---|---|---|---|---|
| SHLHAHMD 0002847- ટુહોમ ફાઈનાન્સ લિમિટેડ | ૧. સુનીલ કુમાર પ્રવિણભાઈ મકવાણા (દેણદાર), ૨. વાઘેલા તેજલ મગનભાઈ (સહ-દેણદાર) | ઈએઆરસી ટ્રસ્ટ એસસી-૪૭૩ | રૂ. ૨૯,૧૭,૬૩૧.૬૫/- | રૂ. ૧૨,૫૫,૦૦૦.૦૦ | રૂ. ૧,૨૫,૫૦૦.૦૦ | ૨૧-૦૫-૨૦૨૬ અને બપોરે ૧૨:૦૦ વાગે | ભૌતિક |
| **મિલકતનું વર્ણન :** સ્થાવર મિલકતના તે તમામ હક્ક, ટાઈટલ અને હિત ધરાવતા ફલેટ નં.એ/૧૧ના, ત્રીજો માળ, ક્ષેત્રફળ લગભગ ૬૫.૧૨ ચો.મી. બાંધકામ વિસ્તાર સ્કીમ નામે પુનિત સાબરમતી કો.ઓ.હા.સો.લિ. ‘પુનીત નગર ફલેટ તરીકે જાણીતી, સ્થિત અત્રે મોજે રાણીપ, તા. સાબરમતી, જિ. અમદાવાદ જમીન ધરાવતા સબ પ્લોટ નં.૩ અને ૬ પૈકી ફાઈનલ પ્લોટ નં.૬, ટીપી સ્કીમ નં.૩, સર્વે નં.૩૮૧, રજિ. સબ જિ. અને જિ. અમદાવાદ-૨ (વાડજ) **મિલકતની ખૂંટો :** ઉત્તર : બ્લોક નં.બી, દક્ષિણ : ફલેટ નં.એ-૧૦, પૂર્વ : ફલેટ નં.એ-૧૨, પશ્ચિમ : ગેલેરી | | | | | | | |
| ‘631679124,‘000101 4560005504449/ એચડીએફસી બેંક લિ. | ૧. ઠક્કર ભદ્રેશ (દેણદાર) | ઈએઆરસી ટ્રસ્ટ એસસી-૪૬૯ | રૂ. ૬૨,૬૪,૨૨૯.૨૯ | રૂ. ૨૧,૦૦,૦૦૦.૦૦ | રૂ. ૨,૧૦,૦૦૦.૦૦ | ૦૭-૦૫-૨૦૨૬ અને બપોરે ૦૧:૩૦ વાગે | ભૌતિક |
| **મિલકતનું વર્ણન :** યુનિટ-૧૧, મધુવન રેસિડેન્સી, એસ. નં.૧૫૦ + ૧૫૧ + ૧૫૨ + ૧૫૪ + ૧૫૫/(૧ + ૨ + ૩) +૧૫ ૧૫૮/(૧ + ૨) સહયોગ પેટ્રોલ પંપ પાસે, બાયપાસ સર્કલ, મોડાસા - ૩૮૩૩૧૫ | | | | | | | |
| LMEHSTL0 000075561/ ઈએચએફએલ | શ્રી રતનસિંહ આર. રાઠોડ (દેણદાર) શ્રીમતી કમલા રાઠોડ (સહ-દેણદાર) | ઈએઆરસી ટ્રસ્ટ એસસી-૪૧૭ | રૂ. ૨૬,૨૫,૧૬૮.૬૦ | રૂ. ૧૭,૦૦,૦૦૦.૦૦ | રૂ. ૧,૭૦,૦૦૦.૦૦ | ૦૭-૦૫-૨૦૨૬ અને બપોરે ૦૧:૦૦ વાગે | ભૌતિક |
| **મિલકતનું વર્ણન :** સ્થાવર મિલકતના તે તમામ ભાગ અને હિસ્સાઓ જેનું પ્લોટ નં.૩૧ના દિવ્ય ભૂમી સોસાયટી, મેલડી માતા પાસે પાલોદર રોડ, રામોસાણા ગ્રામ પંચાયત સામે, મહેસાણા-૩૮૪૦૦૨ અને કહેવાતી મિલકત સ્થિત અત્રે આર.બ્લોક નં.૧૧૬ પૈકી, પ્લોટ નં.૩૧, ક્ષેત્રફળ બિલ્ટ અપ એરિયા ૫૮.૭૧ ચો.મી. માર્જિન જમીન ૧૪.૩૦ ચો.મી. બિનવહેંચાયેલ હિસ્સાની રોડ અને કોમન પ્લોટ ૬૪.૯૦ ચો.મી. કુલ ૧૩૭.૯૧ ચો.મી. સ્થિત અત્રે રામોસણા તા. અને જિ. મહેસાણા રજિ. સબ જિ. મહેસાણા અને ખૂંટો તરફ : પૂર્વ તરફ : પ્લોટ નં.૩૦, ઉત્તર તરફ : કહેવાતા પ્લોટની માર્જિનની જમીન પછી બ્લોક નં.૯૯, પશ્ચિમ તરફ : પ્લોટ નં.૩૨, દક્ષિણ તરફ : કહેવાતા પ્લોટ ની હદ, આંતરિક રોડ | | | | | | | |

**હરાજી પ્રક્રિયા સંબંધિત મહત્ત્વપૂર્ણ માહિતી :**

| | | |
|---|---|---|
| 1. | ઈએમડી ડિમાન્ડ ડ્રાફ્ટ્સ (DD) **એડલવાઈઝ એસેટ રિકન્સ્ટ્રક્શન કંપની લિમિટેડ-ઈએમડી એકાઉન્ટ**ની તરફેણમાં મુંબઈ ખાતે ચૂકવવાપાત્ર રહેશે. | |
| 2. | ઈએમડી પેમેન્ટ આરટીજીએસ મારફતે નીચે મુજબ કરવાનું રહેશે. એકાઉન્ટનું નામ **એડલવાઈઝ એસેટ રિકન્સ્ટ્રક્શન કંપની લિમિટેડ*** ઈએમડી એકાઉન્ટ નં.**000405158602**, બેંકનું નામ - આઈસીઆઈસીઆઈ બેંક ; આઈએફએસસી કોડ : **IFSC ICIC0000004** | |
| 3. | EMD સબમિટ કરવાની છેલ્લી તારીખ | હરાજીની તારીખના ૧ દિવસ પહેલા પ્રાપ્ત |
| 4. | બિડ્સ સબમિશન માટેનું સ્થળ | પહેલો માળ, એડલવાઈસ હાઉસ, ઓફ સીએસટી રોડ, કલીના, મુંબઈ-૪૦૦૦૯૮ |
| 5. | હરાજીનું સ્થળ (હરાજી માટેની વેબસાઈટ) | ઈ-હરાજી (https://auction.edelweissarc.in) |
| 6. | સંપર્ક વિગતો | કસ્ટમર કેર : ૧૮૦૦ ૨૬૬ ૬૫૪૦ |
| 7. | મિલકતના નિરીક્ષણની તારીખ અને સમય | અગાઉની એપોઈન્ટમેન્ટ મુજબ |

વેચાણના વિગતવાર નિયમો અને શરતો માટે કૃપા કરીને EARCની વેબસાઈટ એટલે કે https://auction.edelweissarc.inમાં આપેલી લિંકનો સંદર્ભ લો.

**તારીખ : ૨૦-૦૪-૨૦૨૬**
**સ્થળ : મુંબઈ**

**અધિકૃત અધિકારી**
**વતી, એડલવાઈસ એસેટ રિકન્સ્ટ્રક્શન કંપની લિમિટેડ**

Edelweiss Asset Reconstruction



standard chartered **સ્ટાન્ડર્ડ ચાર્ટર્ડ બેંક**

**સરફેસી એક્ટ, ૨૦૦૨ (ધ એક્ટ)ની કલમ ૧૩(૨) હેઠળ ડિમાન્ડ નોટિસ**

| ક્રમ નં. | દેણદાર(રો)નું નામ અને સરનામું | લોનની રકમ (રૂ.) | લોન એકાઉન્ટ નં. | મોર્ગેજ પ્રોપર્ટીની વિગતો | બાકી રકમ (રૂ.) | NPA તારીખ |
|---|---|---|---|---|---|---|
| | (A) | (B) | (C) | (D) | (E) | (F) |
| ૧.<br>૨. | ધીરેન્દ્ર ચોપરા<br>કવિતા ચોપરા | રૂ.૧૮,૦૦,૦૦૦/- (રૂ. અઢાર લાખ માત્ર) | ૫૩૫૩૨૨૯૫ | તે તમામ ટાઈટલ અને હિત ધરાવતા મિલકતના તે તમામ ભાગ અને હિસ્સાઓ દુકાન નં. ૧૦થી ૧૯ ક્ષેત્રફળ ૪૯૯૨ ચો.ફૂટ કાર્પેટ એરિયા અને ક્ષેત્રફળ ૮૩૨૦ ચો.ફૂટ સુપર બિલ્ટ અપ એરિયા ગ્રાઉન્ડ ફ્લોર પર, સ્કીમ નામે ‘વેદ આર્કેડ’ તરીકે જાણીતું, સર્વે નં.૧૧૮૩નો રચનાત્મક ભાગ, ટીપી સ્કીમ નં.૧૧૩ અને એફપી નં.૧૬૪ ક્ષેત્રફળ ૭૦૪૧ ચો.મી. સ્થિત અત્રે મોજે ગામ વસ્ત્રાલ, રજિ. જિ. અમદાવાદ અને રજિ.સબ જિ. અમદાવાદ-૧૨ (નિકોલ)<br>**ખૂંટો તરફ :-**<br>પૂર્વ : મોલનો આંતરિક ભાગ<br>પશ્ચિમ : માર્જિન સ્પેસ પછી એએમસી પ્લોટ<br>ઉત્તર : માર્જિન અને નિસરણી<br>દક્ષિણ : દુકાન નં.૬થી ૯ અને માર્જિન<br>૨. તે તમામ ટાઈટલ અને હિત ધરાવતા મિલકતના તે તમામ ભાગ અને હિસ્સાઓ દુકાન નં. ૧૦૫થી ૧૧૯ ક્ષેત્રફળ ૬૨૦૪ ચો.ફૂટ કાર્પેટ એરિયા અને ક્ષેત્રફળ ૧૧,૨૮૦ ચો.ફૂટ સુપર બિલ્ટ અપ એરિયા પ્રથમ માળે, સ્કીમ નામે ‘વેદ આર્કેડ’ તરીકે જાણીતું, સર્વે નં.૧૧૮૩નો રચનાત્મક ભાગ, ટીપી સ્કીમ નં.૧૧૩ અને એફપી નં.૧૬૪ ક્ષેત્રફળ ૭૦૪૧ ચો.મી. સ્થિત અત્રે મોજે ગામ વસ્ત્રાલ, રજિ. જિ. અમદાવાદ અને રજિ.સબ જિ. અમદાવાદ-૧૨ (નિકોલ)<br>ખૂંટો તરફ<br>પૂર્વ : મોલનો આંતરિક ભાગ<br>પશ્ચિમ : માર્જિન સ્પેસ પછી એએમસી પ્લોટ<br>ઉત્તર : નિસરણી અને માર્જિન પછી ખાનગી પ્લોટ<br>દક્ષિણ : માર્જિન સ્પેસ પછી એએમસી પ્લોટ<br>૩. તે તમામ ટાઈટલ અને હિત ધરાવતા મિલકતના તે તમામ ભાગ અને હિસ્સાઓ દુકાન નં. ૨૦૧થી ૨૧૫ ક્ષેત્રફળ ૬૨૦૪ ચો.ફૂટ કાર્પેટ એરિયા અને ક્ષેત્રફળ ૧૧,૨૮૦ ચો.ફૂટ સુપર બિલ્ટ અપ એરિયા બીજા માળે, સ્કીમ નામે ‘વેદ આર્કેડ’ તરીકે જાણીતું, સર્વે નં.૧૧૮૩નો રચનાત્મક ભાગ, ટીપી સ્કીમ નં.૧૧૩ અને એફપી નં.૧૬૪ ક્ષેત્રફળ ૭૦૪૧ ચો.મી. સ્થિત અત્રે મોજે ગામ વસ્ત્રાલ, રજિ. જિ. અમદાવાદ અને રજિ.સબ જિ. અમદાવાદ-૧૨ (નિકોલ)<br>ખૂંટો તરફ<br>પૂર્વ : મોલનો આંતરિક ભાગ<br>પશ્ચિમ : માર્જિન સ્પેસ પછી એએમસી પ્લોટ<br>ઉત્તર : નિસરણી અને માર્જિન પછી ખાનગી પ્લોટ<br>દક્ષિણ : માર્જિન સ્પેસ પછી એએમસી પ્લોટ | રૂ.૧૭,૧૪,૯૬,૨૪૨.૧૯ (રૂ. સત્તર કરોડ ચૌદ લાખ છન્નુ હજાર બસ્સો બેતાલીસ અને ઓગણીસ પૈસા માત્ર) | ૦૧.૦૪.૨૦૨૬ |

જ્યારે, સ્ટાન્ડર્ડ ચાર્ટર્ડ બેંક, સ્ટાન્ડર્ડ ચાર્ટર્ડ બેંકમાં તેની શાખા કચેરી ધરાવે છે, બીર ધ સેરેબ્રમ આઈટી પાર્ક, કુમાર સિટી, કલ્યાણી નગર, પૂણે ૪૧૧૦૧૪ (ત્યારબાદ "બેંક" તરીકે ઓળખવામાં આવે છે) એ કોલમમાં લખેલા ઉપરોક્ત નામના દેણદાર(રો) સુધી લંબાવવામાં આવ્યો હતો. કોલમ Bમાં લોનની રકમ, લોન એકાઉન્ટ નંબર દ્વારા લખેલી અલગ ક્રેડિટ સુવિધાઓ અનુક્રમે સીરીયલ નંબર દ્વારા દેણદારોના દરેક સમૂહના નામ સામે કોલમ Cમાં ઉલ્લેખિત છે.

દરેક દેણદાર (ત્યારબાદ "સુરક્ષિત સંપત્તિ" તરીકે ઓળખાય છે)ના નામ સામે કોલમ Dમાં લખેલી સ્થાવર મિલકત પર ગીરો દ્વારા ઉક્ત ક્રેડિટ સુવિધાઓ અન્ય બાબતોમાં સુરક્ષિત કરવામાં આવે છે. ઉપરોક્ત નામના દેણદાર(રો) લોન ખાતામાં નાણાકીય શિસ્ત જાળવવામાં નિષ્ફળ ગયા છે અને બેંક દ્વારા બેંકિંગ વ્યવસાયના સામાન્ય અભ્યાસક્રમમાં જાળવવામાં આવેલા એકાઉન્ટના ખાતા મુજબ તેમના નામ સામે કોલમ Eમાં દર્શાવેલ બાકી રકમ અસ્તિત્વમાં છે. દરેક દેણદાર(રો).

ઉપરોક્ત નામના દેણદાર(રો)ના તરફથી લોનની રકમની ચુકવણીમાં સતત ડિફોલ્ટને કારણે ઉપરોક્ત નામના દેણદાર(રો)ના લોન ખાતાને બેંક દ્વારા ઉલ્લેખિત તારીખો પર નોન-પર્ફોર્મિંગ એસેટ/ટ્સ તરીકે વર્ગીકૃત કરવામાં આવ્યા છે. ભારતીય રિઝર્વ બેંક દ્વારા નિર્ધારિત ધોરણોની અંદર કૉલમ Fમાં. પરિણામે ધારા ૧૩(૨) હેઠળની નોટિસો પણ દરેક દેણદારોને જારી કરવામાં આવી હતી, જેમણે ડિલિવરી વિના પરત મેળવ્યું છે.

ઉપરોક્ત ડિફોલ્ટને ધ્યાનમાં રાખીને, બેંક આ દ્વારા ઉપરોક્ત નામના દેણદાર(રો)ને ઉપરોક્ત કૉલમ Eમાં દર્શાવેલ તમામ બાકી લેણાંની ચૂકવણી કરીને બેંક પ્રત્યેની તેમની જવાબદારીઓને સંપૂર્ણ રીતે ડિસ્ચાર્જ કરવા કહે છે, જેમાં અદ્યતન વ્યાજ, ખર્ચ અને શુલ્ક સામેલ છે. આ નોટિસના પ્રકાશનની તારીખથી ૬૦ દિવસની અંદર, જેમાં નિષ્ફળ થવા પર, બેંક સિક્યોર્ડ એસેટનો કબજો મેળવવા માટે હકદાર બનશે અને બેંકને કાયદામાં ઉપલબ્ધ છે તેમ અન્ય પગલાં પણ લેશે.

તે, કૃપા કરીને જાણ કરવામાં આવે છે કે તમે, ઉપરોક્ત નામના દેણદાર(રો) આથી અલગ થવાથી (ટ્રાન્સફર, વેચાણ, લીઝ અથવા અન્ય રીતે) અથવા તૃતીય પક્ષનું હિત ઊભું કરવાથી અથવા ચોક્કસ સિવાય કોઈપણ રીતે સુરક્ષિત સંપત્તિ સાથે વ્યવહાર કરવાથી પ્રતિબંધિત છે. બેંક તરફથી પૂર્વ લેખિત પરવાનગી. જાણ કરો કે તેનું કોઈપણ ઉલ્લંઘન એક વર્ષ સુધીની કેદ અથવા દંડ અથવા બંને સાથે શિક્ષાને પાત્ર રહેશે.

તે, તમારા, દેણદારોનું ધ્યાન, SARFAESI એક્ટની કલમ ૧૩ની પેટા-કલમ (૮) તરફ આકર્ષિત કરવામાં આવે છે, જે સુરક્ષિત સંપત્તિઓને રિડીમ કરવા માટે ઉપલબ્ધ સમયના સંદર્ભમાં છે, જેમાં જણાવવામાં આવ્યું છે કે તમે સુરક્ષિત સંપત્તિને રિડીમ કરી શકો છો. જાહેર હરાજી અને/અથવા ઈ-ઓક્શન દ્વારા ક્વોટેશન આમંત્રિત કરીને સુરક્ષિત સંપત્તિ(ઓ)ના વેચાણ માટેની નોટિસના પ્રકાશનની તારીખ સુધી બેંક દ્વારા કરાયેલા તમામ ખર્ચ, ચાર્જ અને ખર્ચ સાથે બાકી લેણાંની સંપૂર્ણ રકમનું ટેન્ડરિંગ, જાહેર અથવા ખાનગી સંધિ દ્વારા ટેન્ડર.

તે, મહેરબાની કરીને નોંધ કરો કે આ સિક્યુરિટાઈઝેશન એન્ડ રિકન્સ્ટ્રક્શન ઓફ ફાઈનાન્શિયલ એસેટ્સ એન્ડ એન્ફોર્સમેન્ટ ઓફ સિક્યોરિટી ઈન્ટરેસ્ટ એક્ટ, ૨૦૦૨ની કલમ ૧૩(૨) હેઠળ આખરી સૂચના છે. કહેવાની જરૂર નથી કે બેંક કોઈપણ અથવા તમામનો ઉપયોગ કરવાના તેના અધિકારની અંદર હશે. તમારા જોખમ, જવાબદારી અને ખર્ચ પર સંપૂર્ણપણે સરનામું આપનાર સામે ઉપર દર્શાવેલ અધિકારો.

**તારીખ : ૨૦/૦૪/૨૦૨૬**
**સ્થળ : અમદાવાદ**

**સહી/-**
**અધિકૃત અધિકારી**
**સ્ટાન્ડર્ડ ચાર્ટર્ડ બેંક**

# કેન્દ્ર સરકારે મહિલા અનામત અંગે વારંવાર પૂછાતા પ્રશ્નો (FAQs) બહાર પાડ્યા : ખુલાસા શું કર્યા ?

(એજન્સી) તા.૧૯

લોકસભામાં નીચલા ગૃહ અને રાજ્ય વિધાનસભાઓમાં મહિલાઓ માટે ૩૩ ટકા અનામત આપવાનો પ્રયાસ કરતા બંધારણ સુધારા બિલની હાર બાદ સરકારે રવિવારે વિધાનસભાઓમાં મહિલાઓ માટે અનામત સંબંધિત વારંવાર પૂછાતા પ્રશ્નો (FAQs)નો સમૂહ બહાર પાડ્યો. મહિલા અનામતના નામે સરકાર ૨૦૧૧ની વસ્તી ગણતરીના આધારે પોતાની મરજીથી સીમાંકન કરવાનો પ્રયાસ કરી રહી હોવાના વિપક્ષના દાવા વચ્ચે આ વારંવાર પૂછાતા પ્રશ્નો (FAQs) બહાર આવ્યા.

**આ પ્રશ્નો છે :-**

૧. ૧૬ એપ્રિલ, ૨૦૨૬ના રોજ કેન્દ્ર સરકારે લોકસભામાં કયા બિલ રજૂ કર્યા હતા ?

A:- ૧૬ એપ્રિલના રોજ, કેન્દ્ર સરકારે લોકસભામાં ત્રણ મુખ્ય બિલ રજૂ કર્યા : બંધારણ (એકસો એકત્રીસમો સુધારો) બિલ, ૨૦૨૬, સીમાંકન બિલ, ૨૦૨૬ અને કેન્દ્રશાસિત પ્રદેશો કાયદા (સુધારા) બિલ, ૨૦૨૬.

૨. આ ત્રણ બિલ આ સમયે કેમ લાવવામાં આવ્યા ?

A:- 'નારી શક્તિ વંદન અધિનિયમ', જેને સામાન્ય રીતે મહિલા અનામત કાયદા તરીકે ઓળખવામાં આવે છે, તેમાં એવી જોગવાઈ છે કે ૨૦૨૬ પછી થયેલી વસ્તી ગણતરી પછી સીમાંકનના આધારે મહિલાઓ માટે અનામત લાગુ કરવામાં આવશે.

જો સરકારે વસ્તી ગણતરી અને ત્યારબાદ સીમાંકનની રાહ જોઈ હોત, તો ૨૦૨૯ની સામાન્ય ચૂંટણીઓમાં પણ મહિલાઓ ૩૩ ટકા અનામતનો લાભ મેળવી શકી ન હોત કારણ કે વસ્તી ગણતરી અને ત્યારબાદ સીમાંકનનો સમયગાળો સમય લે છે. તેથી, અડધી વસ્તીને સમયસર લાભ મળે તે સુનિશ્ચિત કરવા માટે, કાયદાના અમલીકરણને આ શરતથી અલગ કરવું જરૂરી માનવામાં આવ્યું હતું.

૩. જો આ બિલો પસાર થયા હોત તો તેના શું ફાયદા થયા હોત ?

A:- જો આ બિલો પસાર અને મંજૂર થયા હોત, તો ૨૦૨૯ની સામાન્ય ચૂંટણીઓ પહેલાં જ મહિલાઓને લોકસભામાં ૩૩ ટકા અનામત મળી શકત.

૪. સીમાંકનનો અર્થ નારી શક્તિ વંદન અધિનિયમ સાથે કેમ જોડવામાં આવ્યો હતો અને બેઠકો વધારવાનો પ્રસ્તાવ શા માટે હતો ?

A:- સીમાંકનનો અર્થ મતવિસ્તારની સીમા નક્કી કરવી છે. મહિલા અનામત લાગુ કરવા માટે તે જરૂરી છે. ૧૯૭૬માં લોકસભામાં બેઠકોની મર્યાદા ૫૫૦ નક્કી કરવામાં આવી હતી. ૧૯૭૧માં, ભારતની વસ્તી ૫૪ કરોડ હતી. આજે તે ૧૪૦ કરોડ છે. તેથી, લોકસભામાં બેઠકો વધારીને ૮૫૦ કરવી મહત્વપૂર્ણ છે. આનાથી સંસદમાં લોકોનું વાજબી



પ્રતિનિધિત્વ શક્ય બનશે.

૫. શું રાજકીય લાભ માટે સીમાંકન કમિશન એક્ટમાં ફેરફાર કરવાનો કોઈ પ્રયાસ કરવામાં આવ્યો હતો ? શું ચાલુ રાજ્ય ચૂંટણીઓ પર અસર થશે ?

A:- સીમાંકન કમિશન એક્ટમાં કોઈ ફેરફાર પ્રસ્તાવિત કરવામાં આવ્યા ન હતા. હાલનું કાનૂની માળખું અકબંધ છે અને કમિશનની કોઈપણ ભલામણો માટે સંસદીય મંજૂરી અને રાષ્ટ્રપતિની સંમતિની જરૂર પડશે.

તમિલનાડુ અથવા પશ્ચિમ બંગાળ જેવા રાજ્યો સહિત ચાલુ ચૂંટણીઓ, અસર કરશે નહીં, કારણ કે ૨૦૨૯ સુધીની ચૂંટણીઓ વર્તમાન સિસ્ટમ હેઠળ યોજાશે.

૬. લોકસભા બેઠકો વધારીને ૮૫૦ કરવા પાછળનો તર્ક શું હતો ?

A:- આ દરખાસ્ત પ્રમાણસર વિસ્તરણ અભિગમ પર આધારિત હતી. બેઠકોમાં એકસમાન ૫૦ ટકાનો વધારો બધા રાજ્યો અને કેન્દ્રશાસિત પ્રદેશો માટે પ્રમાણ જાળવી રાખશે. આ સિદ્ધાંતને વર્તમાન ૫૪૩ બેઠકો પર લાગુ કરવાથી લગભગ ૮૧૫ બેઠકો થશે. તેથી, બેઠકોની ઉપલી મર્યાદા લોકસભામાં ૫૫૦ બેઠકોની વર્તમાન મર્યાદાથી વધારીને ૮૫૦ બેઠકો કરવામાં આવી હતી.

૭. શું દક્ષિણ કે નાના રાજ્યો નવા સીમાંકન પ્રસ્તાવથી પ્રતિકૂળ અસર પામ્યા હશે ?

A:- ના. બધા રાજ્યોમાં બેઠકોમાં એકસમાન ૫૦ ટકાનો વધારો જોવા મળશે. દક્ષિણના રાજ્યોને પ્રતિનિધિત્વમાં કોઈ ઘટાડો થશે નહીં; તેના બદલે, તેમનો એકંદર હિસ્સો સ્થિર રહેશે. ઉદાહરણ તરીકે, તમિલનાડુની બેઠકો પ્રમાણસર વધશે, જેથી કોઈ ગેરલાભ ન થાય. દક્ષિણના રાજ્યોમાં હાલમાં લોકસભામાં ૨૩.૭૬ ટકા બેઠકો છે. બિલ પસાર થયા પછી આ ૨૩.૮૭ ટકા થઈ ગઈ હોત.

કર્ણાટકમાં લોકસભાની બેઠકો હાલની ૨૮થી વધીને ૪૨ થઈ ગઈ હોત; આંધ્રપ્રદેશમાં, બેઠકો હાલની ૨૫થી વધીને ૩૮ થઈ ગઈ હોત; તેલંગાણામાં, કુલ બેઠકો હાલની ૧૭થી વધીને ૨૬ થઈ ગઈ હોત; તમિલનાડુમાં, તે હાલની ૩૯થી વધીને ૫૯ થઈ ગઈ હોત અને કેરળમમાં, તે હાલની ૨૦ બેઠકોથી ૩૦ થઈ ગઈ હોત. પાંચ દક્ષિણ રાજ્યોમાં કુલ બેઠકો હાલની ૧૨૯થી વધીને ૧૯૫ થઈ ગઈ હોત.

આ ૫૪૩ બેઠકો ૮૧૬ બેઠકો છે - ૫૦ ટકા વધારો મોડેલ.

૮. શું જે રાજ્યોએ વસ્તી વૃદ્ધિને નિયંત્રિત કરી છે તેમને કોઈ ગેરલાભ થશે ?

A:- ના, રાજ્યોમાં બેઠકોમાં વધારો એકસરખી રીતે પ્રસ્તાવિત હોવાથી, તેમનું પ્રમાણસર પ્રતિનિધિત્વ યથાવત રહેશે અથવા થોડું સુધરશે.

૯. શું અનુસૂચિત જાતિ અને અનુસૂચિત જનજાતિના પ્રતિનિધિત્વને અસર થશે ?

A:- ના, સીમાંકનની પ્રક્રિયા અનુસૂચિત જાતિ અને અનુસૂચિત જનજાતિ માટે પ્રમાણસર અનામત સુનિશ્ચિત કરે છે. વિસ્તૃત ગૃહ સાથે, અનામત બેઠકોની સંખ્યામાં નોંધપાત્ર વધારો થશે, જેનાથી તેમનું પ્રતિનિધિત્વ મજબૂત થશે.

૧૦. શું આ બંધારણીય સુધારો બિલ જાતિ વસ્તી ગણતરીમાં વિલંબ કરવા માટે રજૂ કરવામાં આવ્યું હતું ?

A:- ના, સરકારે જાતિ વસ્તી ગણતરી માટે સમય-બાઉન્ડ કાર્યક્રમ પહેલેથી જ શરૂ કરી દીધો છે. પ્રક્રિયામાં વિગતવાર ગણતરીનો સમાવેશ થાય છે અને જાતિ-સંબંધિત ડેટા વસ્તી ગણતરીના તબક્કા દરમિયાન નોંધાયેલ.

૧૧. અનામત માળખામાં મુસ્લિમ મહિલાઓ માટે અલગ ક્વોટા કેમ ન હતો ?

A:- ભારતના બંધારણમાં ધર્મના આધારે અનામતની જોગવાઈ નથી. બંધારણમાં દર્શાવેલ અનામત નીતિઓ સામાજિક અને આર્થિક પછાતપણાના આધારે છે.

૧૨. ૨૦૨૪ની સામાન્ય ચૂંટણીઓમાં જ મહિલા અનામત કેમ લાગુ કરવામાં ન આવી ?

A:-અનામત લાગુ કરવા માટે બેઠકોનું સીમાંકન જરૂરી છે. સીમાંકન એ એક વ્યાપક સલાહકાર પ્રક્રિયા છે. સીમાંકન પૂર્ણ કરવામાં લગભગ બે વર્ષ લાગે છે. તેથી, મહિલા અનામત લાગુ કરવા માટે આ બિલો (સીમાંકન બિલ સહિત) સંસદમાં લાવવામાં આવ્યા હતા.

૧૩. જો તાત્કાલિક અમલમાં મૂકવાનો ન હતો તો ૨૦૨૩માં મહિલા અનામત બિલ કેમ રજૂ કરવામાં આવ્યું ?

A:- મહિલા અનામત માટે કાનૂની અને બંધારણીય માળખું સ્થાપિત કરવા માટે આ બિલ ૨૦૨૩માં રજૂ અને પસાર કરવામાં આવ્યું હતું. તે સમયે વ્યાપક રાજકીય સમર્થન પ્રતિબિંબિત થયું, જેનાથી નારી શક્તિ વંદન અધિનિયમનો અમલ શક્ય બન્યો.

૧૪. અલગ કેન્દ્રશાસિત પ્રદેશ બિલની જરૂર કેમ પડી ?

A:- જમ્મુ અને કાશ્મીર, દિલ્હી અને પુડુચેરી જેવા કેન્દ્રશાસિત પ્રદેશોમાં વિધાનસભાઓ અલગ કાયદાકીય જોગવાઈઓ દ્વારા સંચાલિત થાય છે. તેથી, આ પ્રદેશોમાં મહિલા અનામત લાગુ કરવા માટે ચોક્કસ સુધારા જરૂરી હતા, જેના કારણે અલગ બિલની જરૂર પડી.

# ન્યાયાધીશોએ શ્રદ્ધા અને આસ્થાના કેસમાં ધાર્મિક માન્યતાઓ કરતાં બંધારણીય માળખાનું પાલન કરવું જોઈએ : સુપ્રીમ કોર્ટ

**સબરીમાલા સમીક્ષા અરજીની સુનાવણી કરતી વખતે સુપ્રીમ કોર્ટની નવ ન્યાયાધીશોની બંધારણીય બેન્ચે એક મહત્ત્વપૂર્ણ અવલોકન કર્યું, સુપ્રીમ કોર્ટે જણાવ્યું હતું કે કોઈપણ કેસનો નિર્ણય લેતી વખતે ન્યાયાધીશોએ તેમની વ્યક્તિગત ધાર્મિક માન્યતાઓને બાજુ પર રાખવી જોઈએ અને માત્ર 'અંતરાત્માની સ્વતંત્રતા' અને 'બંધારણીય માળખા'નું પાલન કરવું જોઈએ**

(એજન્સી) નવી દિલ્હી, તા.૧૯

શુક્રવાર (૧૭ એપ્રિલ), સબરીમાલા સમીક્ષા અરજી કેસમાં સુનાવણીના પાંચમા દિવસે, સુપ્રીમ કોર્ટની નવ ન્યાયાધીશોની બંધારણીય બેન્ચે એક મહત્વપૂર્ણ અવલોકન કર્યું, જેમાં જણાવ્યું હતું કે "ધર્મ" અને "અંતરાત્માની સ્વતંત્રતા" એક જ ક્ષેત્રમાં મર્યાદિત ન હોઈ શકે. કોર્ટે સ્પષ્ટ કર્યું કે શ્રદ્ધા સંબંધિત બાબતોનો નિર્ણય લેતી વખતે, બંધારણએ વ્યક્તિગત ધાર્મિક માન્યતાઓ કરતાં વધુ પ્રભુત્વ ધરાવવું જોઈએ. આ સંદર્ભમાં, બેન્ચના એકમાત્ર મહિલા ન્યાયાધીશ, ન્યાયાધીશ બી.વી. નાગરત્નાએ વરિષ્ઠ વકીલ રાજીવ ધવનને પૂછ્યું કે શું અંતરાત્મા ધર્મ કરતાં વ્યાપક ખ્યાલ છે અને શું તેને ધાર્મિક રંગ આપવો જોઈએ ? આ દરમિયાન, ન્યાયાધીશ હસનુદ્દીન અમાનુલ્લાહે જણાવ્યું હતું કે બંધારણીય અદાલતોએ ધાર્મિક ચેતનાથી ઉપર ઉઠવું જોઈએ અને વ્યાપક બંધારણીય સંતુલનનો વિચાર કરવો જોઈએ. તેમણે પ્રશ્ન ઉઠાવ્યો કે શું ન્યાયાધીશો તરીકે, આપણે ધર્મ અને અંતરાત્માનું એક જ માપદંડ નક્કી કરી શકીએ છીએ. તેમનું માનવું હતું કે ધર્મ એક વ્યક્તિગત બાબત છે, જ્યારે ન્યાયિક નિર્ણયોની વાત આવે છે, ત્યારે ન્યાયાધીશે તે ધાર્મિક ચેતનાથી ઉપર ઉઠવું જોઈએ અને વ્યાપક બંધારણીય દૃષ્ટિકોણ અને સંતુલનનો વિચાર કરવો જોઈએ. અરજદારો પૈકી એકનું પ્રતિનિધિત્વ કરતા એડવોકેટ ધવને દલીલ કરી હતી કે કોર્ટે વ્યક્તિગત કેસોનો નિર્ણય લેવાને બદલે વ્યાપક સિદ્ધાંતો નક્કી કરવા જોઈએ, કારણ કે આ કેસમાં કાયદો ફક્ત સબરીમાલા પૂરતો મર્યાદિત રહેશે નહીં પરંતુ દરેક ધર્મ, દરેક સંપ્રદાય અને આદિવાસી ધર્મોને પણ અસર કરશે. કોર્ટે જણાવ્યું હતું કે ધાર્મિક રિવાજોની ન્યાયિક રીતે તપાસ કરી શકાય છે અને ન્યાયાધીશોએ વ્યક્તિગત ધાર્મિક માન્યતાઓ અવગણીને અંતરાત્માની સ્વતંત્રતા અને વ્યાપક બંધારણીય માળખાના માર્ગદર્શન હેઠળ ધાર્મિક બાબતોનો નિર્ણય લેવો જોઈએ. સુપ્રીમ કોર્ટ સબરીમાલા મંદિરમાં મહિલાઓના પ્રવેશ સંબંધિત સમીક્ષા અરજીઓના જૂથની સુનાવણી કરી રહી છે. કોર્ટ કલમ ૨૫ અને ૨૬, આવશ્યક ધાર્મિક પ્રથાઓના સિદ્ધાંત અને શ્રદ્ધાના મામલામાં ન્યાયિક સમીક્ષાની મર્યાદાઓના અવકાશની તપાસ કરી રહી છે. આ સુનાવણી દરમિયાન, એડવોકેટ ધવને જણાવ્યું હતું કે કલમ ૨૫(૧) અંતરાત્માની સ્વતંત્રતાની જોગવાઈ કરે છે, જેનો અર્થ એ છે કે તે ફક્ત ધર્મનું પાલન કરવાની સ્વતંત્રતા વિશે જ નહીં, પરંતુ રાજ્ય, ધર્મ અને પ્રથાઓને આદરપૂર્ણ અને અધિકૃત રીતે પ્રશ્ન કરવાના અધિકાર વિશે પણ છે. તેમણે જણાવ્યું હતું કે કલમ ૧૭, જે અસ્પૃશ્યતાને નાબૂદ કરે છે, તે એક સ્વતંત્ર બંધારણીય આદેશ છે જેને કોઈપણ કોર્ટ અથવા ધર્મ દ્વારા રદ કરી શકાય નહીં. જોકે, તેમણે સ્પષ્ટતા કરી હતી કે સબરીમાલા કેસમાં ન્યાયાધીશ ડીવાય ચંદ્રચુડનો અભિપ્રાય, જે મહિલાઓના



બાકાતને કલમ ૧૭ સાથે જોડે છે, તે બહુમતીનો અભિપ્રાય ન હતો. બેન્ચે એ પણ પ્રશ્ન ઉઠાવ્યો હતો કે શું કોઈ ચોક્કસ અર્થઘટન સમાજમાં વિભાજન પેદા કરી શકે છે. જવાબમાં, એડવોકેટ ધવને જણાવ્યું હતું કે વિવિધ ભારતની જવાબદારી મોટાભાગે કોર્ટની છે અને આ કલમ ૨૫ અને ૨૬નું અર્થઘટન કેવી રીતે કરવામાં આવે છે તેના પર આધાર રાખે છે. ધવને ૨૦૧૮ના સબરીમાલા ચુકાદામાં રહેલા તફાવતો તરફ પણ ધ્યાન દોર્યું હતું, જેમાં તેમણે જણાવ્યું હતું કે ન્યાયાધીશો મૂળભૂત ધાર્મિક પ્રથાઓ, બંધારણીય નૈતિકતા અને કલમ ૨૬ના અર્થઘટન પર મતભેદ ધરાવે છે. તેમના મતે, ધાર્મિક પ્રથાનું મૂલ્યાંકન ફક્ત તેના આધારે કરી શકાતું નથી કે તેને દૂર કરવાથી ધર્મની ઓળખ બદલાશે કે નહીં. તેમણે જણાવ્યું હતું કે સમય જતાં શ્રદ્ધા બદલાય છે અને સામાજિક સુધારણા ફક્ત કાયદા દ્વારા જ નહીં પરંતુ સામાજિક સ્વીકૃતિ દ્વારા પણ શક્ય છે. આ અગાઉ, આત્મા ટ્રસ્ટનું પ્રતિનિધિત્વ કરતા વરિષ્ઠ વકીલ એમ.આર. વેંકટેશે દલીલ કરી હતી કે કલમ ૨૫(૨)(a) હેઠળ, રાજ્ય ફક્ત ધર્મના બિનસાંપ્રદાયિક પાસાઓને નિયંત્રિત કરી શકે છે અને તેના મૂળમાં દખલ કરી શકતું નથી. તેમણે જણાવ્યું હતું કે અદાલતોએ ધાર્મિક પ્રથાઓને "ફરજિયાત" અને "બિન-ફરજિયાત"માં વિભાજીત કરીને વિપરીત અભિગમ અપનાવ્યો છે. તેમણે દલીલ કરી હતી કે ધાર્મિક સ્વતંત્રતા અને પસંદગીને મર્યાદિત કરે છે. વેંકટેશે દલીલ કરી હતી કે માસિક સ્રાવ દરમિયાન મહિલાઓને સ્વેચ્છાએ મંદિરો અથવા પ્રાર્થના ખંડોમાં પ્રવેશવાનું ટાળવાની પ્રથા શિસ્ત અને શ્રદ્ધા પર આધારિત છે, ભેદભાવ પર નહીં. તેમણે જણાવ્યું હતું કે દક્ષિણ ભારતમાં મહિલાઓ પરંપરાગત રીતે ધાર્મિક શિસ્તના ભાગરૂપે માસિક સ્રાવ દરમિયાન પ્રતિબંધોનું પાલન કરે છે. ઉલ્લેખનીય છે કે, મુખ્ય ન્યાયાધીશ સૂર્યકાંત ઉપરાંત, બંધારણીય બેંચમાં ન્યાયાધીશ નાગરત્ના, ન્યાયાધીશ અહસાનુદ્દીન અમાનુલ્લાહ, ન્યાયાધીશ એમ.એમ. સુંદરેશ, ન્યાયાધીશ અરવિંદ કુમાર, ન્યાયાધીશ ઓગસ્ટિન જ્યોર્જ મસીહ, ન્યાયાધીશ પ્રસન્ના બી. વરાલે, ન્યાયાધીશ આર. મહાદેવન અને ન્યાયાધીશ જોયમલ્યા બાગચીનો પણ સમાવેશ થાય છે.

# CPIના સાંસદે વડાપ્રધાનના રાષ્ટ્રીય સંબોધન અંગે EC સમક્ષ અરજી કરી; MCCનું ઉલ્લંઘન અને રાજ્ય મીડિયાના દુરૂપયોગનો આરોપ લગાવ્યો

**CPI નેતા સંદોષ કુમારે PMની 'ભ્રૂણહત્યા' ટિપ્પણીને પક્ષપાતી ગણાવી અને ECને ચેતવણી આપી કે જાહેર પ્રસારણમંચના ઉપયોગ પર કાર્યવાહી કરવામાં નિષ્ફળતા સંસ્થાકીય સંડોવણી દર્શાવે છે**

(એજન્સી) નવી દિલ્હી, તા.૧૯

CPI સાંસદ પી સંદોષ કુમારે મુખ્ય ચૂંટણી કમિશનર જ્ઞાનેશ કુમારને પત્ર લખીને આરોપ લગાવ્યો છે કે વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ રાષ્ટ્રને તેમના તાજેતરના સંબોધન દ્વારા આદર્શ આચાર સંહિતા (MCC)નું ઉલ્લંઘન કર્યું છે અને ચૂંટણી પેનલ દ્વારા તાત્કાલિક હસ્તક્ષેપની માંગ કરી છે. ૧૯ એપ્રિલના રોજ લખેલા પત્રમાં, કુમારે જણાવ્યું હતું કે પાંચ રાજ્યોમાં MCC અમલમાં છે ત્યારે આપવામાં આવેલું વડાપ્રધાનનું ભાષણ રાજકીય હતું અને તેમાં 'પક્ષપાતી દાવાઓ' અને 'પસંદગીયુક્ત કથાઓ' સામેલ હતી જેનો હેતુ સક્રિય રાજકીય સ્પર્ધા હેઠળના મુદ્દા પર જાહેર અભિપ્રાયને પ્રભાવિત કરવાનો હતો. તેમણે કહ્યું કે દૂરદર્શન અને સંસદ ટીવી જેવા જાહેર પ્લેટફોર્મ પર સંબોધનનું પ્રસારણ રાજ્યના સંસાધનોનો દુરૂપયોગ સમાન છે. રાજકીય ભાષણ માટે જાહેર ભંડોળ પૂરું પાડવામાં આવતા પ્લેટફોર્મનો ઉપયોગ



ચૂંટણીના ધોરણોનું ગંભીર ઉલ્લંઘન છે. CPI નેતાએ દલીલ કરી હતી કે આવી ક્રિયાઓ ચૂંટણી દરમિયાન ચૂંટણી સંસ્થાને સુનિશ્ચિત કરવા માટે ફરજિયાત છે. તેમણે ચેતવણી આપી હતી કે કાર્યવાહી કરવામાં નિષ્ફળતા કમિશનની નિષ્પક્ષતામાં લોકોનો વિશ્વાસ ઘટાડી શકે છે અને "સંસ્થાકીય સંડોવણી"નો સંકેત આપી શકે છે. કુમારે કમિશનને "ત્વરિત અને નિષ્ઠાવાન પગલાં લેવા" અને આ મામલાની તપાસ શરૂ કરવા અને ચૂંટણી પ્રક્રિયાની પવિત્રતા જાળવવા માટે જવાબદારી સુનિશ્ચિત કરવા વિનંતી કરી હતી. શનિવારે પોતાના સંબોધનમાં, વડાપ્રધાને કોંગ્રેસ અને તેના સાથી પક્ષોને "ભ્રૂણહત્યાનું પાપ" માટે મહિલાઓ પાસેથી કડક સજાની ચેતવણી આપી. મોદીએ મહિલાઓની માફી માંગી અને કહ્યું કે સરકારે મત ગુમાવ્યો હશે, પરંતુ તે મહિલાઓને સશક્તિકરણ કરવાના પ્રયાસો ક્યારેય છોડશે નહીં. કોંગ્રેસ અને તેના સાથી પક્ષોએ ગૃહમાં સમગ્ર દેશની સામે પ્રામાણિક પ્રયાસોની ભ્રૂણહત્યા કરી છે. કોંગ્રેસ, ડીએમકે, ટીએમસી અને સપા જેવા પક્ષો આ ભ્રૂણહત્યા માટે દોષિત છે. નારી શક્તિ વનધન અધિનિયમ હેઠળ લોકસભા અને વિધાનસભા બેઠકોની સંખ્યામાં ૫૦ ટકા વધારો કરવા અને વિધાનસભાઓમાં મહિલાઓ માટે ૩૩ ટકા અનામત લાગુ કરવા માટેના બંધારણ સુધારા બિલની લોકસભામાં હાર બાદ વડાપ્રધાન દ્વારા આ ભાષણ આપવામાં આવ્યું હતું.

# ઈમરાન ખાનની પત્ની બુશરા બીબીએ તબીબી કારણોસર સજા સ્થગિત કરવાની માંગ કરી

(એજન્સી) ઈસ્લામાબાદ, તા.૧૯

સ્થાનિક મીડિયા અહેવાલો અનુસાર પાકિસ્તાનના ભૂતપૂર્વ વડાપ્રધાન ઈમરાન ખાનની પત્ની બુશરા બીબી અલ-કાદિર ટ્રસ્ટ કેસમાં તબીબી કારણોસર સજા સ્થગિત કરવાની માંગ કરી રહી છે. આ અંગે ઈસ્લામાબાદ હાઈકોર્ટ (IHC)માં અરજી રજૂ કરવામાં આવી છે, એમ અગ્રણી પાકિસ્તાની અખબાર, ધ એક્સપ્રેસ ટ્રિબ્યુને રવિવાર, ૧૯ એપ્રિલના રોજ અહેવાલ આપ્યો હતો. બુશરા બીબીની આ અઠવાડિયે રાવલપિંડીની એક ખાનગી હોસ્પિટલમાં આંખની સર્જરી કરવામાં આવી હતી. જેલ અધિકારીઓના જણાવ્યા મુજબ, તેમને આ પ્રક્રિયા માટે ખાનગી સુવિધામાં ટ્રાન્સફર કરવામાં આવ્યા હતા, જે અલ શિફા આંખની હોસ્પિટલમાં રેટિના નિષ્ણાત ડૉ. નદીમ કુરેશી દ્વારા કરવામાં આવી હતી. ત્યાં એક રાત વિતાવ્યા પછી તેમને રજા આપવામાં આવી હતી અને અદિયાલા જેલમાં પરત ફર્યા હતા. અધિકારીઓએ ઉલ્લેખ કર્યો હતો કે તબીબી સલાહ અનુસાર ફોલો-અપ તપાસ કરવામાં આવશે. અરજીમાં IHCને રાવલપિંડીની અલ-શિફા ટ્રસ્ટ આંખ હોસ્પિટલના નેત્રરોગ વિભાગના વડા, જેલ અધિક્ષક અને જેલના નાયબ અધિક્ષકને બુશરા બીબી પર કરવામાં આવેલી શસ્ત્રક્રિયા સંબંધિત સંબંધિત દસ્તાવેજો સાથે બોલાવવા વિનંતી કરવામાં આવી હતી, જેમાં સંપૂર્ણ તબીબી રેકોર્ડ, ઓપરેશન નોંધો, નિદાન અને સારવાર ઈતિહાસનો સમાવેશ થાય છે. "અરજદારને તાત્કાલિક અલ-શિફા ટ્રસ્ટ આંખ હોસ્પિટલ, રાવલપિંડીમાં સતત તબીબી દેખરેખ હેઠળ યોગ્ય પોસ્ટઓપરેટિવ સારવાર માટે ખસેડવામાં આવે, અને સંબંધિત જેલ અધિકારીઓને કાયદા અને પૂર્વ ન્યાયિક નિર્દેશો અનુસાર અરજદારના વકીલ અને પરિવારના સભ્યોને નિયમિત, અર્થપૂર્ણ અને અવરોધ વિનાની પહોંચ સુનિશ્ચિત કરવાનો નિર્દેશ આપવામાં આવે", અરજીમાં કહેવામાં આવ્યું છે.

બુશરા બીબીના વકીલ, સલમાન સફદરે, ઈમરાન અને બુશરા બીબીની સજાને સ્થગિત કરવાની માંગ કરતી અરજી પર સુનાવણી દરમિયાન, જે ૨૨ એપ્રિલે ફરી શરૂ થશે, મુખ્ય ન્યાયાધીશ સરદાર સરફરાઝ ડોગરની આગેવાની હેઠળની IHC ડિવિઝન બેન્ચ દ્વારા રજૂ કરવામાં આવી છે, તેના સ્વાસ્થ્યની સ્થિતિ સમજાવવા માટે અરજી દાખલ કરી છે.

રિપોર્ટ મુજબ, બુશરા બીબીને સાત વર્ષની સજા ફટકારવામાં આવી છે. અરજીમાં ઉમેર્યું હતું કે બુશરા બીબીને "લાંબા સમય સુધી જેલમાં રહેવું, સજા સ્થગિત કરવાની તેમની અરજીના



નિર્ણયમાં વારંવાર વિલંબ, વકીલને મળવાનો સતત ઈનકાર અને હવે ગંભીર તબીબી બગાડનો સામનો કરવો પડ્યો છે જે અજ્ઞાત સંજોગોમાં કરવામાં આવેલી સર્જિકલ પ્રક્રિયામાં પરિણમ્યો છે." અરજી અનુસાર, બુશરા બીબીની અપીલ એક વર્ષથી વધુ સમયથી પેન્ડિંગ છે, અને તેમની સતત અટકાયત "કોઈ ઉપયોગી હેતુ" પૂર્ણ કરશે નહીં અને "ભરપાઈ ન થઈ શકે તેવું નુકસાન પહોંચાડશે", અરજીમાં જણાવાયું છે.

અરજીમાં જણાવાયું છે કે બુશરા બીબીના પરિવારના સભ્યોને "જેલ અધિકારીઓ દ્વારા અચાનક અને અનૌપચારિક રીતે જાણ કરવામાં આવી હતી કે અરજદારે ચોક્કસ ગૂંચવણોને કારણે આંખની શસ્ત્રક્રિયા કરાવી છે".

"આ ગંભીર ચિંતા અને ગંભીર ચિંતાનો વિષય છે કે ઉપરોક્ત તબીબી પ્રક્રિયા પહેલાં ન તો વકીલને જાણ કરવામાં આવી હતી કે ન તો અરજદારના પરિવારના કોઈપણ સભ્યને સલાહ આપવામાં આવી હતી, ન તો અરજદારની તબીબી સ્થિતિમાં કોઈ બગાડ અંગે અગાઉથી કોઈ ખુલાસો કરવામાં આવ્યો હતો જેના માટે આવી સર્જિકલ હસ્તક્ષેપની જરૂર પડી શકે છે," અરજીમાં જણાવાયું છે. તેમાં વધુમાં દાવો કરવામાં આવ્યો હતો કે સમગ્ર તબીબી પ્રક્રિયા "સંપૂર્ણ અસ્પષ્ટતામાં હાથ ધરવામાં આવી હોય તેવું લાગે છે, પારદર્શિતાના મૂળભૂત ધોરણોનું પાલન કર્યા વિના અને અરજદારને તેના વકીલ અથવા પરિવાર સાથે પરામર્શનો લાભ આપ્યા વિના."

# સ્થાનિક ગુના સિન્ડિકેટ સાથે જોડાયેલા PMLA તપાસમાં EDએ કોલકાતાના ડેપ્યુટી પોલીસ કમિશનર પર દરોડા પાડ્યા

(એજન્સી) તા.૧૯

અધિકારીઓએ જણાવ્યું હતું કે, ચૂંટણીવાળા રાજ્યમાં એક કથિત ગુનેગાર અને તેના સિન્ડિકેટ સામે મની-લોન્ડરિંગ તપાસના ભાગરૂપે, રવિવારે એન્ફોર્સમેન્ટ ડિરેક્ટોરેટે કોલકાતા પોલીસના ડેપ્યુટી કમિશનર શાંતનુ સિંહા બિસ્વાસ અને અન્ય એક વ્યક્તિના પરિસરમાં દરોડા પાડ્યા હતા. બિસ્વાસ સાથે જોડાયેલા બે પરિસર, જેમાં બાલીગંજ વિસ્તારમાં તેમનું નિવાસસ્થાન અને સન એન્ટરપ્રાઈઝ નામની કંપનીના મેનેજિંગ ડિરેક્ટર જોય કામદાર સાથે સંકળાયેલ એક સ્થાનનો સમાવેશ થાય છે, પ્રિવેન્શન ઓફ મની લોન્ડરિંગ એક્ટ (PMLA)ની જોગવાઈઓ હેઠળ દરોડા પાડવામાં આવ્યા હતા. આ કાર્યવાહી કથિત સ્થાનિક ગુનેગાર, બિસ્વાજીત પોડર ઉર્ફે સોના પપ્પુ સામે મની-લોન્ડરિંગ કેસ સાથે જોડાયેલી છે, જેના પર હત્યાના પ્રયાસ અને ખંડણીના આરોપસર અનેક કેસોમાં કેસ નોંધાયેલ છે. ફેડરલ એજન્સીએ ૧ એપ્રિલના રોજ કેસમાં પ્રથમ રાઉન્ડની દરોડા પાડ્યા હતા, જેમાં ૧.૪૭ કરોડ રૂપિયા રોકડા, ૬૭.૬૪ લાખ રૂપિયાના સોનાના દાગીના અને ચાંદી અને એક દેશી બનાવટની રિવોલ્વર જપ્ત કરવામાં આવી હતી. કોલકાતા પોલીસમાં પોડર વિરુદ્ધ રમખાણો, હત્યાનો પ્રયાસ, ગુનાહિત કાવતરું અને આર્મ્સ એક્ટ




હેઠળ ઉલ્લંઘનમાં કથિત સંડોવણી બદલ નોંધાયેલી એફઆઈઆર પરથી આ તપાસ શરૂ થઈ છે. ઈડીએ ૯ એપ્રિલના રોજ એક નિવેદનમાં જણાવ્યું હતું કે પોડર સહિત આરોપીઓ પશ્ચિમ બંગાળમાં સંગઠિત ગુનાહિત સિન્ડિકેટ પ્રવૃત્તિઓમાં રોકાયેલા હતા અને આવા ઓપરેશન દ્વારા ગેરકાયદેસર રીતે ભંડોળ એકત્ર કરતા હતા. કોલકાતામાં ગોલપાર્ક નજીક કંકુલિયા રોડ પર હિંસાના કેસમાં પણ પોડર પોલીસને વોન્ટેડ છે અને હાલમાં તે ફરાર છે. એજન્સીના જણાવ્યા અનુસાર, ઈડીએ પોડરને સમન્સ જારી કર્યું છે, પરંતુ તે અત્યાર સુધી તપાસમાં જોડાયો નથી.

### પતિને મારવા પત્ની અને પ્રેમીએ સોપારી આપી

# છાણીમાં યુવકનું અપહરણ કરી કેનાલમાં ફેંકી દેવાના ચકચારી કિસ્સામાં પત્નીની સંડોવણી, પ્રેમમાં પતિ બાધારૂપ હતો

(સંવાદદાતા દ્વારા)
વડોદરા, તા.૧૯
વડોદરાના છાણી વિસ્તારમાં પંદર દિવસ પહેલાં યુવકનું અપહરણ કરી સોજીત્રા પાસે કેનાલમાં ફેંકી દેતાં ચમત્કારિક બચાવ થયો હોવાના ચકચારી બનાવમાં પાંચ અપહરણકારોની ધરપકડ બાદ હવે અપહ્યત યુવકની પત્નીની સંડોવણી ખૂલતાં તેની પણ ધરપકડ કરવામાં આવી છે. છાણીમાં પાનનો ગલ્લો ધરાવતો ગિરીશ ગઇ તા.૮મી એપ્રિલે રાત્રે ઘેર જતો હતો ત્યારે છાણી-સોખડા રોડપર કારમાં તેનું અપહરણ કરવામાં આવ્યું હતું. અપહરણકારોએ દેણા, દુમાડ જેવા સ્થળોએ ફેરવી સોજીત્રાની કેનાલમાં તેને ફેંકી દીધો હતો. સદનસીબે ગિરીશના હાથમાં પીલર આવી જતાં ત્રણ કલાક પાણીમાં રહ્યો હતો અને સવારે બહાર નીકળી જીવ બચાવ્યો હતો. આ બનાવમાં છાણી પોલીસે પાંચેય અપહરણકારોને ઝડપી પાડતાં તેમને જેલમાં મોકલવામાં આવ્યા હતા. સમગ્ર બનાવમાં પ્રેમપ્રકરણ હોવાનું બહાર આવતાં અપહ્યત ગિરીશની પત્ની ફાલ્ગુનીની પણ ધરપકડ કરવામાં આવી છે. પોલીસે જણાવ્યું કે, ફાલ્ગુની અને હેરસલૂન ધરાવતા કૌશિક મહેન્દ્ર શર્મા (બામરોલી,વસો,ખેડા) સંપર્કમાં હતા. તેમને સાથે રહેવું હોવાથી ગિરીશ નડતો હતો. જેથી ગિરીશનું કાસળ કાઢવા કૌશિકે નિલકંઠ મારફતે વડોદરાના નરેન્દ્ર ઉર્ફે નિકુલ ગોસ્વામીને રૂા.૩૫ હજારની સોપારી આપી હતી. અપહરણકારોએ ગિરીશને કેનાલમાં ફેંકી તેનું મોત થયું હોવાનું માની લીધું હતું. પરંતુ ગિરીશનો ચમત્કારિક બચાવ થયો હતો. પોલીસ સૂત્રોમાંથી મળતી માહિતિ મુજબ, કૌશિકે તેના રસ્તામાં નડતર બનેલા ગિરીશને મોતને ઘાટ ઉતારવા માટે યોજના બનાવી હતી. જેની જાણ ગિરીશની પત્નીને પણ હતી. ગિરીશનું અપહરણ કરી કેનાલમાં ફેંકી દેવામાં આવ્યો ત્યારે તે દિવસે પણ સૂત્રધાર કૌશિક અને તેની પ્રેમિકા છાણીમાં મળ્યા હતા. આ ઉપરાંત બંને વચ્ચે બે દિવસમાં ૧૦૦ જેટલા કોલ્સ પણ થયા હતા. આ ઉપરાંત છ મહિના પહેલાં ગિરીશ અને કૌશિક વચ્ચે આ બાબતે ઝઘડો પણ થયો હોવાની માહિતી બહાર આવી છે. છાણીના ગિરીશનું અપહરણ કરવામાં આવ્યું ત્યારે કારમાં બેઠેલા એક અપરહણકારે તેને ધમકાવી કહ્યું હતું કે, કૌશિક તારી પત્ની સાથે વાત કરે તેમાં તને શું વાંધો છે ? જેથી આ પ્રકરણમાં કૌશિક જ મુખ્ય સૂત્રધાર હોવાનું ખૂલ્યું હતું. અપહરણ કરાયેલા ગિરીશની પાછળ સ્કૂટર ચલાવતો તેમજ અપહરણ કર્યા પછી કારની આસપાસ સ્કૂટર ચલાવી રહેલો એક યુવક પોલીસ માટે શંકાના દાયરામાં આવ્યો હતો. ૨૫૦ કલાકના સીસીટીવી ફૂટેજ અને મોબાઈલ સર્વેલન્સ બાદ અપહ્યત ગિરીશનો પીછો કરતા એક યુવક પર પોલીસની નજર ઠરી હતી. આ યુવક અપહરણ થયા પછી પણ કારની પાછળ જતો હતો અને સતત મોબાઈલ પર વાત કરતો હતો. જેથી પોલીસે ગિરીશની રેકી કરી નિકુલ ગોસ્વામીને રજેરજની માહિતી આપનાર રૂદ્ર રાજેશભાઇ રાવળ (શિવમ સોસાયટી, લાલબાગ બ્રિજ પાસે મૂળ રહે.સત્યનારાયણ સોસાયટી,નવા બજાર, કરજણ)ની ધરપકડ કરી છે.



અંકલેશ્વર જીઆઈડીસીમાં ઝાયડસ કંપની પાસેથી પસાર થતી વરસાદી ખાડીમાં કાળા કલરનું પ્રદૂષિત પાણી વહી રહ્યું છે. આ જગ્યાએ વારંવાર પ્રદૂષિત પાણી વહે છે. અનેકો વખત ફરિયાદો, રજૂઆતો થઈ છે, દરેક વખતે શનિ રવિ કે રજાના દિવસે આવા કૃત્યો અનેકો વખત થતા હોય છે.હવે જ્યારે નવા સીઈટીપીની મંજૂરી મળી ગઈ છે તો અગાઉ આપેલ બાંહેધરીઓ મુજબ વરસાદી કાંસો સુકા થઈ જવા જોઈએ એવી અપેક્ષા છે. આ અંગે જીપીસીબી ગાંધીનગર અને અંકલેશ્વરને જાણ કરાઈ હોવાની વિગતો પ્રાપ્ત થઈ છે. (તસવીર : અયાઝ શેખ, અંકલેશ્વર)

### ખાંભા તાલુકાના ભૂંડણી ગામમાં કરૂણાંતિકા

# રાયડી નદી ડેમના કાંઠે રમતા બે સગા ભાઈઓનાં ડૂબી જતાં મોત

(સંવાદદાતા દ્વારા)
અમરેલી, તા.૧૯
ખાંભા તાલુકાના ભૂંડણી ગામે કરૂણ અકસ્માત : રાયડી નદીએ માતા કપડા ધોવા ગઈ હતી ત્યારે બંને પુત્રોને સાથે લઈ ગયેલ હતી માતા કપડા ધોતી હતી ત્યારે રાયડી નદી ડેમના કાંઠે રમતા બે સગા ભાઈઓ ડૂબી જતા મોત અમરેલી જિલ્લાના ખાંભા તાલુકાના ભૂંડણી ગામે એક હૃદયદ્રાવક અકસ્માત સામે આવ્યો છે. ગામના નવાપરા વિસ્તારમાં રાયડી ડેમના નદીના કાંઠે રમતા બે નાનકડા સગા ભાઈઓ પાણીમાં ડૂબી જતા તેમના દુખદ અવસાન થયા છે.

મૃતકોમાં રૂદ્ર નાજાભાઇ ખીમાભાઇ મહીડા (ઉં.વ.૧૦) અને પાર્થ નાજાભાઇ ખીમાભાઇ મહીડા (ઉં.વ.૦૮), બંને રહે. ભૂંડણી તા.ખાંભાનો સમાવેશ થાય છે. પ્રાપ્ત માહિતી મુજબ, બંને ભાઈઓ રાયડી ડેમના નદીના કાંઠે રમતા હતા ત્યારે અચાનક પગ લપસતા તેઓ પાણીમાં પડી ગયા હતા. પાણીનો પ્રવાહ અને ઊંડાણ વધુ હોવાથી બંને બાળકો ડૂબી ગયા હતા. ઘટના ત્યારે બની હતી જ્યારે માતા નદીએ કપડાં ધોવા ગઈ હતી બંને પુત્રો સાથે હતા એક પુત્રનો પગ લપસતા બીજો તેને બચવાનો પ્રયત્ન કરવા જતા બંને ડૂબી ગયા હતા.

ઘટનાની જાણ થતા સ્થાનિક લોકો અને પરિવારજનો તરત જ સ્થળ પર દોડી આવ્યા હતા, પરંતુ તે પહેલા જ બંનેના મોત નિપજ્યા હતા. ઘટનાને પગલે ગામમાં શોકની લાગણી છવાઈ ગઈ છે. ખાંભા પોલીસમાં નાજાભાઇ ખીમાભાઇ મહીડાએ જાહેર કરતા પોલીસ દ્વારા અકસ્માતનો ગુનો નોંધાવી વધુ તપાસ હાથ ધરવામાં આવી છે.

# સુરતમાં RTE હેઠળ પ્રવેશ ફોર્મ ભરવાની અંતિમ તારીખ ૨૩ એપ્રિલ કરાઈ : બેઠકોમાં ઘટાડો

(સંવાદદાતા દ્વારા)
સુરત, તા.૧૯
સુરત શહેર તથા જિલ્લામાં આરટીઇ હેઠળ પ્રવેશ ફોર્મ ભરવાની અંતિમ તારીખ ૨૩મી એપ્રિલ નિર્ધારિત કરાય છે. ત્યારે સુરત શહેરમાં આ વખતે આરટીઇ અંતર્ગતની ૫૧૧ બેઠકો ઘટાડવામાં આવી છે. જ્યારે સુરત ગ્રામ્યમાં ૨૪૯ બેઠકો ઘટાડવામાં આવી હોવાનું જાણવા મળ્યું છે.

રાજ્યના શિક્ષણ વિભાગ દ્વારા આ નિર્ણય કયા કારણોસર લેવાયો છે તે અંગે કોઇ ચોક્કસ વિગતો હાલ સાંપડી રહી નથી.

જ્યારે સુરત શહેરમાં અત્યાર સુધીમાં આરટીઇ હેઠળ પ્રવેશ મેળવવા માટે ૪૪,૪૦૦ ફોર્મ ભરાયા છે. જ્યારે સુરત ગ્રામ્યમાં અંદાજીત ૮૭૦૦થી વધુ ફોર્મ ભરાયાનું જાણવા મળ્યું છે.

સુરત સહિત રાજ્યભરમાં આરટીઇ હેઠળની પ્રવેશ પ્રક્રિયા ગત તા.૪થી એપ્રિલથી શરૂ થઇ ગયેલ છે. જેની અંતિમ તારીખ તા.૧૭મી એપ્રિલ હતી. પરંતુ રાજ્ય સરકારે તેમાં વધારો કરી ફોર્મ ભરવાની અંતિમ તારીખ ૨૩મી એપ્રિલ સુધી લંબાવેલ છે. જોકે આ તબક્કે અત્યંત આશ્ચર્યની વાત તો એ છે કે રાજય શિક્ષણ વિભાગે આ વખતે પ્રથમ વખત જ આરટીઇ હેઠળ સુરત શહેરની બેઠકોમાં ઘટાડો કર્યો છે. ગત વર્ષે આરટીઇ હેઠળ સુરત શહેરમાં ૧૩૮૦૦ વિદ્યાર્થીઓને પ્રવેશ ફાળવવામાં આવ્યો હતો. જ્યારે આ વખતે આ બેઠકોની સંખ્યા ઘટાડી ૧૩૨૮૯ એટલેકે ૫૧૧ બેઠકો ઘટાડી દેવાય છે. જ્યારે આ વખતે આરટીઇ હેઠળ પ્રવેશ માટે ૪૪૪૦૦ જેટલા ફોર્મ અત્યાર સુધી ભરાય ચુક્યા હોવાનું જાણવા મળે છે,

આજ પ્રમાણે સુરત ગ્રામ્યની ૩૯૦૦ આરટીઇ બેઠકોમાં ઘટાડો કરી ૩૬૫૧ કરી દીધેલ છે.જ્યારે આની સામે તા.૧૭મી એપ્રિલ સુધી ૮૭૬૨ ફોર્મ ભરાયા હતાં. જે પૈકી ૫૪૦૧ ફોર્મ મંજૂર કરવામાં આવ્યા હોવાનું તથા ૫૪૭ ફોર્મ નામંજૂર કરવામાં આવ્યા હોવાનું અને ૨૪૨૬ ફોર્મ રદ્દ કરવામાં આવ્યા હોવાનું જાણવા મળે છે. જોકે ૩૮૮ ફોર્મ હજુ ચકાસણી માટે બાકી છે. પ્રથમ રાઉન્ડમાં પ્રવેશ પ્રક્રિયા ૨૯મી એપ્રિલથી શરૂ થનાર હતી. જોકે ફોર્મ ભરવાની તારીખ લંબાવતા પ્રથમ રાઉન્ડની તારીખ શિક્ષણ વિભાગ દ્વારા હવે પછી જાહેર કરવામાં આવશે. એટલે કે એક બેઠક પર સરેરાશ બેથી વધુ દાવેદારો છે. મુદત વધતા હજુ પણ ફોર્મની સંખ્યામાં વધારો થવાની શક્યતા છે, જેને પગલે પ્રતિષ્ઠિત શાળાઓમાં પ્રવેશ માટે ભારે ખેંચતાણ જોવા મળી શકે છે. જેને પરિણામે વિદ્યાર્થીઓને પસંદગીની શાળા ન મળતા અન્ય શાળામાં પ્રવેશ લેવો પડી શકે.

# અંકલેશ્વર : એઆઈએ દ્વારા આયોજિત ઈન્ડસ્ટ્રીયલ એક્સ્પોની પૂર્ણાહુતિ

### શ્રેષ્ઠ એક્ઝિબીટરોને એવોર્ડ એનાયત



(તસવીર : મુનીર શેખ, અંકલેશ્વર)

(સંવાદદાતા દ્વારા)
અંકલેશ્વર, તા.૧૯
અંકલેશ્વર ઈન્ડસ્ટ્રીઝ એસોસિએશન દ્વારા જીઆઈડીસીમાં ૧૬માં ત્રણ દિવસીય ઈન્ડસ્ટ્રીયલ એક્સપોની પુર્ણાહુતિ કરવામાં આવી હતી. જેમાં શ્રેષ્ઠ એક્ઝિબીટરોને એવોર્ડ એનાયત કરવામાં આવ્યા હતા.

અંકલેશ્વર ઈન્ડસ્ટ્રીઝ એસોસિએશન દ્વારા અંકલેશ્વર જીઆઈડીસી વિસ્તારમાં ઈએસઆઈસી હોસ્પિટલ સામે આવેલા યુટિલિટી પ્લોટ ખાતે આયોજિત ૧૬મો એઆઈએ ઈન્ડસ્ટ્રીયલ એક્સપો સફળતાપૂર્વક પૂર્ણ થયો હતો. આ મેગા ઈન્ડસ્ટ્રીયલ એક્સપોએ ઉદ્યોગ જગતમાં નોંધપાત્ર પ્રતિસાદ મેળવ્યો હતો. ત્રણ દિવસીય ઈન્ડસ્ટ્રીયલ એક્સપોમાં ઈન્ડસ્ટ્રીયલ ક્ષેત્ર સાથે સંકળાયેલા નાના-મોટા મળી કુલ ૧૨૫થી વધુ સ્ટોલ ઉભા કરવામાં આવ્યા હતા. જે મુલાકાતીઓ માટે મુખ્ય આકર્ષણનું કેન્દ્ર બન્યા હતા. એક્સપોમાં ફાર્માસ્યુટિકલ્સ, કેમિકલ્સ, પેટ્રોકેમિકલ્સ, પોલીમર્સ, એગ્રીકલ્ચર પેસ્ટિસાઇડ્સ, ઓઇલ એન્ડ લુબ્રિકન્ટ્સ, એન્જિનિયરિંગ ટૂલ્સ અને મશીનરી, પ્રોસેસ કંટ્રોલ સિસ્ટમ, પોલ્યુશન કંટ્રોલ ઈક્વિપમેન્ટ, ઈલેક્ટ્રિકલ્સ તેમજ ઈલેક્ટ્રોનિક્સ સહિત વિવિધ ઉદ્યોગોએ પોતાના પ્રોડક્ટ્સ અને ટેક્નોલોજીનું પ્રદર્શન કર્યું હતું. એક્સપોના સમાપન સમારોહમાં સૂર્યા લાઈફ સાયન્સના મેનેજિંગ ડિરેક્ટર અરૂણ જોષી, લઘુ ઉદ્યોગ ભારતીના રાષ્ટ્રીય અધ્યક્ષ બળદેવ પ્રજાપતિ, એક્સપો ચેરમેન યોગેશ પટેલ, એઆઈએના પ્રમુખ વિમલ જેઠવા, ઉપપ્રમુખ હસમુખ પટેલ તેમજ સેક્રેટરી નિલેશ પટેલ ઉપસ્થિત રહ્યા હતા. સમાપન સમારોહ પ્રસંગે વિવિધ કેટેગરી મુજબ શ્રેષ્ઠ એક્ઝિબીટરોને એવોર્ડ એનાયત કરવામાં આવ્યા હતા. ઈન્ડસ્ટ્રીયલ એક્સપો ઉદ્યોગકારો માટે નેટવર્કિંગ, ટેક્નોલોજી એક્સચેન્જ અને નવા વ્યાવસાયિક અવસરો ઉભા કરતું મહત્ત્વપૂર્ણ પ્લેટફોર્મ સાબિત થયું હતું.

# વડોદરામાં પેટ્રોલિયમ કંપની માટે વેસલ્સ (ટેન્ક) બનાવવામાં ગંભીર ગેરરીતિ

**● મોક્સીની કંપનીએ ઓછી જાડાઈના LPG ટેન્કર બનાવ્યાનો પર્દાફાશ ● સર્ટિફિકેટ ઈસ્યૂ કરનાર કોલકાતાની કંપનીના બે ઈન્સ્પેક્ટરો સામે પોલીસ ફરિયાદ**

(સંવાદદાતા દ્વારા)
વડોદરા, તા.૧૯
વડોદરા જિલ્લાના સાવલી તાલુકામાં મોક્સી ગામે આવેલી કંપની દ્વારા પેટ્રોલિયમ કંપની માટે એલપીજી સહિત અન્ય ગેસની હેરાફેરી માટે બનાવાતા વેસલ્સ (ટેન્કર) ખૂબ હલકી કક્ષાના બનાવી જાહેર આરોગ્ય અને જીવન સાથે ચેડા કરવાનું મોટુ નેટવર્ક ખુલ્લુ પડ્યા બાદ પેસો દ્વારા આખરે કંપની તેમજ સર્ટિફિકેટ ઈસ્યૂ કરનાર કોલકત્તાની કંપનીના બે ઈન્સ્પેક્ટરો સામે પોલીસ ફરિયાદ દાખલ કરવામાં આવી છે. વડોદરાના વડસર વિસ્તારમાં આવેલી કન્ટ્રોલર ઓફ એક્સપ્લોઝિવની - કચેરીના જોઈન્ટ ચીફ કન્ટ્રોલર અશોકકુમાર પુરુષોત્તમ કુમારે કોલકત્તામાં રહેતા એ. ભટ્ટાચાર્ય, જે. ચૌધરી અને સાંકરદા-ભાદરવા રોડ પર મોક્સી ગામની સીમમાં આવેલી શ્રીધર ઈન્ડસ્ટ્રિઝ કંપની સામે પોલીસ સ્ટેશનમાં નોંધાવેલી ફરિયાદમાં આક્ષેપો કર્યા છે કે અમારી ઓફિસ પેટ્રોલિયમ એક્ટ તથા એક્સપ્લોઝિવ એક્ટમાં આવતા નિયમોનું પાલન અને દેખરેખ રાખવાનું કામ કરે છે. મે-૨૦૨૪માં પેટ્રોલિયમ એન્ડ એક્સપ્લોઝિવ સેફટી ઓર્ગેનાઇઝેશન (પેસો)ના નાગપુર ખાતેના હેડક્વાર્ટર પર મોબાઈલ પ્રેશર વેસલ્સની બનાવટમાં ગેરરીતિઓ થતી હોવાની ફરિયાદ ઈમેલથી થઈ હતી જેથી જાન્યુઆરી-૨૦૨૫માં ઓફિસ તેમજ થર્ડ પાર્ટી ઈન્વેસ્ટિગેશન એજન્સી દ્વારા એલપીજી ટેક્રરનું ઈન્સ્પેક્શન કરાવાતા ધ્યાન પર આવ્યું હતું કે પેસો દ્વારા વેસલ્સ(ટેક) બનાવવા એપ્રુવલ આપવામાં આવેલી કંપની શ્રીધર ઈન્ડસ્ટ્રિઝ દ્વારા ટેન્કર બનાવી પેસો દ્વારા લાઈસન્સ ઈસ્યૂ કરવામાં આવ્યું છે. તપાસ દરમિયાન ટેન્કરની બનાવટમાં ગંભીર ક્ષતિઓ જણાઈ હતી. ટેક્રની જાડાઈ ૧૮ એમએમના બદલે ૧૬.૯૨ એમએમથી પણ ઓછી હતી. ઈસ્યુ થયેલા સર્ટિફિકેટની તપાસ કરતા મેસર્સ ઈન્ડસ્ટ્રિયલ મેનેજમેન્ટ કાઉન્સિલ (તુર્ક રોડ, કોલકાતા, પશ્ચિમ બંગાળ) દ્વારા ખોટી માહિતી લખવામાં આવી હતી. આ પ્રકારની ગંભીર બેદરકારીના કારણે લોકોની જિંદગી જોખમમાં મૂકાય અથવા બીજાને નુકસાન થવાની સંભાવના હોવાનું જણાયું હતું. આ કંપનીએ વેસલ્સ (ટેન્ક) બનાવવા માટે સ્ટેપ બાય સ્ટેપ કામગીરી જોવાની ફરજ હોવા છતાં નિયમોનું ઉલ્લંઘન કરી વેસલ્સ બનાવવાની ખોટી માહિતી લખી હતી અને તે કંપનીના ઈન્સ્પેક્ટરો એ. ભટ્ટાચાર્ય અને જે. ચૌધરીએ સર્ટિફિકેટ ઈસ્યૂ કર્યા હતાં.

# ભાવનગર મનપા ખાતે હીટવેવ એક્શન પ્લાન અંતર્ગત બેઠક યોજાઈ

(સંવાદદાતા દ્વારા)
ભાવનગર, તા.૧૯
ઉનાળાની ઋતુ દરમ્યાન વધતા તાપમાન તથા હીટવેવની શક્યતાઓને ધ્યાનમાં રાખી ભાવનગર મહાનગરપાલિકા દ્વારા હીટવેવ એક્શન પ્લાન અંતર્ગત આજ રોજ કમિશનરના અધ્યક્ષસ્થાને બેઠકનું આયોજન કરવામાં આવ્યું હતું.

આ બેઠકમાં ભાવનગર મહાનગરપાલિકાના વિવિધ વિભાગોના અધિકારીઓ ઉપસ્થિત રહ્યા હતા. બેઠક દરમિયાન હીટવેવ દરમ્યાન નાગરિકોના આરોગ્ય અને સુરક્ષા માટે લેવામાં આવનાર જરૂરી પગલાં અંગે વિસ્તૃત ચર્ચા કરવામાં આવી હતી તથા તમામ વિભાગોને તાત્કાલિક અમલ માટે જરૂરી માર્ગદર્શન આપવામાં આવ્યું હતું.કમિશનરે હીટવેવ દરમ્યાન નાગરિકોને પીવાના પાણીની સુવિધા, જાહેર સ્થળોએ શેડ/છાંયડો, ORS કોર્નર, સફાઈ વ્યવસ્થા, આરોગ્ય સેવાઓ તથા કામદારો માટે બપોરના સમય દરમ્યાન આરામ અને પાણીની સુવિધા ઉપલબ્ધ રહે તે અંગે ખાસ ભાર મૂક્યો હતો.

તેમજ હેલ્થ વિભાગને હીટસ્ટ્રોકના સંભવિત કેસ માટે જરૂરી દવાઓ, ORS પેકેટ અને મેડિકલ સ્ટાફ તૈયાર રાખવા તેમજ દૈનિક મોનીટરીંગ અને રિપોર્ટિંગ વ્યવસ્થા ગોઠવવા જણાવાયું હતું.

આ સાથે ગાર્ડન વિભાગને શહેરના જાહેર ગાર્ડનો વધુ સમય સુધી ખુલ્લા રાખવા તથા વૃક્ષોને સમયસર પાણી મળી રહે તે માટે આયોજન કરવા, સોલિડ વેસ્ટ મેનેજમેન્ટ વિભાગને સફાઈ વ્યવસ્થા વધુ સક્રિય રાખવા તેમજ કચરો સળગાવવાના બનાવો અટકાવવા તકેદારી રાખવા સૂચનાઓ આપવામાં આવી હતી.

# ચૂંટણી પૂર્વે SMCની વડોદરામાં ફરી રેડ, રૂા.૮.૩૭ લાખના દારૂ સાથે પૂર્વ સરપંચ સહિત બે ઝડપાયા

(સંવાદદાતા દ્વારા)
વડોદરા, તા.૧૯
વડોદરા જિલ્લામાં ભાયલી નજીક જેટકો સબ-સ્ટેશન પાસે આવેલા ખેતર વિસ્તારમાં સ્ટેટ મોનિટરિંગ સેલ દ્વારા દારૂના કટીંગ દરમિયાન રેડ કરવામાં આવી હતી. રેડ દરમિયાન મોટા પાયે દારૂનો જથ્થો, કાર, મોબાઇલ અને રોકડ સહિત રૂા.૨૮.૪૮ લાખનો મુદ્દામાલ જપ્ત કરવામાં આવ્યો છે.

સ્ટેટ મોનિટરિંગ સેલ દ્વારા તાજેતરમાં જ જવાહર નગર અને નંદેસરી પોલીસ સ્ટેશન વિસ્તારમા દરોડા પાડીને મોટી માત્રામાં વિદેશી દારૂનો જથ્થો ઝડપી પાડવામાં આવ્યો હતો. ચૂંટણીને હવે થોડા દિવસ બાકી રહ્યા છે ત્યારે એસએમસીએ વડોદરા શહેર અને જિલ્લા ઉપર દારૂની હેરાફેરીને લઈને શકંજો કસ્યો છે.

સ્ટેટ મોનિટરિંગ સેલની ટીમને બાતમી મળી હતી કે વડોદરા જિલ્લાના ભાયલી ગામ પાસે આવેલા ખુલ્લા મેદાનમાં દારૂનું કટીંગ થવાનું છે. જેના આધારે એસએમસીની ટીમે ૧૮ એપ્રિલના રોજ વડોદરા તાલુકા પોલીસ સ્ટેશન વિસ્તારમાં આવેલા ભાયલી ગામ પાસે ખુલ્લા મેદાનમાં SMCના PI એમ.કે. માલવીયા સહિતની ટીમ દ્વારા દારૂના કટીંગ પર રેડ કરવામાં આવી હતી. રેડ દરમિયાન દારૂની ઈમ્પોર્ટેડ ફોરેન બોટલ અને ટીન અંદાજે રૂા.૮.૩૭ લાખ, કાર રૂા.૨૦ લાખ, એક મોબાઈલ ફોન રૂા.૫ હજાર અને રોકડ મળી કુલ રૂા.૨૮.૪૮ લાખનો મુદ્દામાલ પોલીસ દ્વારા જપ્ત કરવામાં આવ્યો છે.

આ કેસમાં આરોપી પૂર્વ સરપંચ ગોરધન રામા ઠાકોર (રહે. ઠાકોર ફળીયું, ભાયલી) અને સંજય અરવિંદ પઢીયાર (રહે. મોટી ભાગોળ, ભાયલી)ને ઝડપીને વડોદરા તાલુકા પોલીસ સ્ટેશનને સોંપવામાં આવ્યા છે. જ્યારે સપ્લાયર સહિત મોહનસિંહ સેખાવત અને અન્ય બે અજાણ્યા આરોપીઓ રેડ દરમિયાન ફરાર થઈ જતા વોન્ટેડ જાહેર કરી તેમની શોધખોળ શરૂ કરવામાં આવી છે.

# વડોદરાના ફતેપુરામાં દુકાનમાં ભીષણ આગ, બે જણનું રેસ્ક્યુ

(સંવાદદાતા દ્વારા)
વડોદરા, તા.૧૯
વડોદરા શહેરમાં ગરમીનો પારો ઊંચે ચડતા આગ લાગવાના બનાવોમાં પણ ચિંતા જનક વધારો થઈ રહ્યો છે. તેવામાં વધુ એક આગની ઘટના આજે વહેલી સવારે ફતેપુરા કુંભારવાડા નજીક બની હતી. પ્રાપ્ત માહિતી મુજબ કુંભારવાડા કાચવાલા હોલની સામે સાંઈદીપ પ્લાસ્ટિક એન્ડ ડિસ્પોઝલ નામની દુકાન આવેલી છે. આ દુકાનમાં વહેલી સવારે ૫ વાગ્યાના અરસામાં ધુમાડા નીકળતા દુકાનની ઉપર રહેતી બે વ્યક્તિ ફસાઈ ગઈ હતી. જેની ફાયર વિભાગને જાણ કરવામાં આવતા દાંડિયા બજાર ફાયર સ્ટેશનના જવાનો સ્થળ પર દોડી આવ્યા હતા અને પ્રથમ માળે ફસાયેલી બે વ્યક્તિઓનું રેસ્ક્યુ કરી આગ પર કાબુ મેળવવા પ્રયાસો હાથ ધર્યા હતા. જો કે, પ્લાસ્ટિક એન્ડ ડિસ્પોઝલની ચીજ વસ્તુઓ હોવાથી આગ વધુ વિકરાળ બની હતી. જેથી પાણીગેટ ફાયર સ્ટેશનની ટીમને પણ બોલાવાઈ હતી. બે ફાયર સ્ટેશનના ફાયર ફાઈટરોએ સ્થળ પર પહોંચી આગ પર કાબુ મેળવવા પ્રયાસો હાથ ધર્યા હતા. અઢી કલાક ઉપરાંત બાદ આગ ધીમે ધીમે ઓલવાઇ હતી.

આ અંગે દુકાનના માલિક ભગવાનદાસ ચાંદવાનીએ જણાવ્યું કે, આગમાં આશરે ૩૫થી ૪૦ લાખ રૂપિયાનું નુકસાન થયું હોવાનું લાગે છે.

સર સૈનિક જીજ્ઞેશ કહારે જણાવ્યું હતું કે, ફાયર કન્ટ્રોલ રૂમ તરફથી કોલ મળ્યો હતો. જેથી અહીં આવતા આગ વિકરાળ હતી. બેકપ માટે પાણીગેટ ફાયર સ્ટેશનથી ટીમ બોલાવી હતી. દુકાનમાં ઉપર બે માણસ ફસાઈ ગયા હતા. જેમને સુરક્ષિત બચાવી લેવામાં આવ્યા છે.

# વડોદરામાં આઈપીએલની ક્રિકેટ મેચ પર સટ્ટો રમતા પાંચ ઝડપાયા

(સંવાદદાતા દ્વારા)
વડોદરા, તા.૧૯
વડોદરાના અલકાપુરીમાં આઈપીએલની ક્રિકેટ મેચ પર સટ્ટો રમતા ૫ વ્યક્તિઓને પોલીસે ઝડપી પાડ્યા હતા.

પ્રાપ્ત વિગતો અનુસાર, અલકાપુરી અરુણોદય સર્કલ પાસે આવેલી અરૂણઉદય સોસાયટીમાં જૂના મકાનમાં કેટલાક લોકો આઈપીએલની મેચ પ્રોજેક્ટર પર જોઈને ઓનલાઈન એપલીકેશન પર સટ્ટો રમે છે. જેથી પોલીસે સ્થળ પર રેડ કરતા (૧) અશોક શિવરામભાઈ ખરલ રહે એલઆઈજી પ્રગતિનગર, ગોરવા (૨) ધર્મેશ રમેશભાઈ કહાર કહાર મહોલ્લો નવાપુરા (૩) પિયુષ ચંપકલાલ તડવી જલારામ નગર સેવાસી (૪) સુનિલ છગનભાઈ બારૈયા શાસ્ત્રી પંચ સોસાયટી લક્ષ્મીપુરા (૫) વિજય ભીખાભાઈ વાઘેલા પરશુરામ ભઠ્ઠી સયાજીગંજ મળી આવ્યા હતા પોલીસે તેઓની પાસેથી પાંચ મોબાઈલ પ્રોજેક્ટર અને પાંચ વાહનો સહિત કુલ ૨.૯૧ લાખનો મુદ્દામાલ કબજી કર્યો છે.

### બહેન સામે જોતો હોવાની શંકા રાખી કરાયો હુમલો

# અમરેલીમાં યુવક ઉપર ધારિયાના ઘા ઝીંકી હત્યા કરવાનો પ્રયાસ

(સંવાદદાતા દ્વારા)
અમરેલી, તા.૧૯
અમરેલીના રાધેશ્યામ ચોકડી બાયપાસ રોડ પર જીવલેણ હુમલાની ચકચાર મચાવતી ઘટના સામે આવી છે. લાલાવદર સ્થિત માતરીયા પ્લોટ વિસ્તારમાં રહેતા ભાવેશભાઈ ધનશ્યામભાઈ માતરીયા (ઉ.વ. ૩૭) પર આરોપી દ્વારા હત્યાના ઈરાદે હુમલો કરવામાં આવ્યો હતો.આરોપી જયદેવભાઇ નજુભાઇ વાળા (રહે. લાલાવદર વાળા)ને શંકા હતી કે તેની બહેન સામે ભાવેશ સામે જોતો હોય તેવી શંકાના કારણે વેરઝેર રાખી આરોપીએ હુમલો કર્યો હતો.

આ ઘટના રાધેશ્યામ ચોકડીથી સાવરકુંડલા ચોકડી બાયપાસ રોડ પર, પડશાલા ગેસ એજન્સીના ગોડાઉન પાસે બની હતી. બનાવ સમયે ભાવેશભાઈ પોતાની ફોરવ્હીલ (નંબર GJ-06-AH-9983) લઈને ઘરે જઈ રહ્યા હતા ત્યારે આરોપી જયદેવ વાળા પોતાની સફેદ કલરની રિટ્ઝ કાર લઈને પાછળ આવ્યો હતો.

આરોપી જયદેવે જાનથી મારી નાખવાના ઈરાદે ભાવેશની કારની ડ્રાઇવિંગ સાઇડમાં જોરદાર ટક્કર મારી હતી, જેના કારણે કારને નુકસાન થયું હતું. ત્યારબાદ આરોપીએ પોતાની કાર ફરિયાદીની કાર આગળ ઊભી રાખી ગેરકાયદેસર અવરોધ ઊભો કર્યો હતો અને રિવર્સમાં ફરી ટક્કર મારી જીવલેણ પ્રયાસ કર્યો હતો.

પછી આરોપી કારમાંથી લોખંડનું ધારીયું લઈને બહાર આવી ફરિયાદીને ગાળો આપી ધમકી આપી કે "આજે તો તને મારી નાખવો છે". આરોપીએ લોખંડના ધારિયાથી ફરિયાદી પર આડેધડ છ-સાત ઘા મારી ગંભીર ઈજાઓ પહોંચાડી હતી. જેમાં બંને હાથ, પેટ અને પગના ભાગે ઈજાઓ થતાં ફરિયાદીને તાત્કાલિક સારવાર માટે હોસ્પિટલ ખસેડવામાં આવ્યા હતા.આરોપીએ ફરિયાદીની કારને પણ ભારે નુકસાન પહોંચાડ્યું હતું. સ્થળ પરથી ફરાર થઈ ગયો હતો. ઘટનાની જાણ થતાં જ પોલીસ તંત્ર દોડી આવ્યું હતું અને આરોપીને ઝડપી પાડવા માટે તપાસ હાથ ધરી છે.

# વડોદરાના લલિતા ટાવર પાસે બાળક ઉઠાવવાનો પ્રયાસ નિષ્ફળ

### જાગૃત નાગરિકોએ શંકાસ્પદને ઝડપી મેથીપાક ચખાડ્યો

(સંવાદદાતા દ્વારા)
વડોદરા, તા.૧૯
વડોદરા શહેરના લલિતા ટાવર પાછળ આવેલા રહેણાંક વિસ્તારમાં આજે એક સનસનાટીભરી ઘટના સામે આવી છે, જેમાં એક શંકાસ્પદ શખ્સ દ્વારા બાળકને ઉઠાવવાનો પ્રયાસ કરવામાં આવ્યો હતો. જો કે, સ્થાનિકોની સતર્કતાને કારણે આ પ્રયાસ નિષ્ફળ રહ્યો હતો અને લોકોએ શંકાસ્પદ શખ્સને ઝડપી પાડી મેથીપાક ચખાડતા વિસ્તારમાં ચકચાર મચી ગઈ છે.

ઘટનાની વિગત મુજબ, લલિતા ટાવર પાછળના વિસ્તારમાં એક અજાણ્યો શખ્સ શંકાસ્પદ હાલતમાં ઘૂસી આવ્યો હતો. પ્રત્યક્ષદર્શીઓના જણાવ્યા અનુસાર, આ શખ્સ બીજા માળે ચઢીને ત્યાં હાજર એક બાળકને પકડવાનો કે ઉઠાવવાનો પ્રયાસ કરી રહ્યો હતો. આ દૃશ્ય જોઈ જતાં જ એક જાગૃત નાગરિકે જોરજોરથી બૂમાબૂમ કરી મૂકી હતી. લોકોની બૂમો સાંભળીને આસપાસના રહીશો તુરંત દોડી આવ્યા હતા.

પોતાને ઘેરાયેલો જોઈ શંકાસ્પદ શખ્સે ત્યાંથી ભાગવાનો પ્રયાસ કર્યો હતો, પરંતુ એકઠા થયેલા રોષે ભરાયેલા સ્થાનિકોએ તેને ભાગવા દીધો નહોતો. લોકોએ પીછો કરીને તેને ઝડપી પાડ્યો હતો અને પોલીસને સોંપતા પહેલા રોષે ભરાયેલા ટોળાએ તેને બરાબરનો મેથીપાક ચખાડ્યો હતો.

આ ઘટનાને પગલે સમગ્ર વિસ્તારમાં ભય અને ફફડાટનો માહોલ જોવા મળી રહ્યો છે. સ્થાનિક રહીશોએ જણાવ્યું કે, જો સમયસર બૂમાબૂમ ન થઈ હોત તો કોઈ મોટી દુર્ઘટના ઘટી શકી હોત. હાલમાં આ શખ્સ ખરેખર બાળક ચોર ગેંગનો સભ્ય છે કે અન્ય કોઈ ઈરાદાથી આવ્યો હતો તે અંગે વધુ તપાસની માંગ ઉઠી છે.

## કોડીનારમાં જુગાર રમતા ત્રણ ઈસમો ઝડપાયા

કોડીનાર, તા.૧૯
ગીર સોમનાથ જિલ્લામાં ગેરકાયદેસર પ્રવૃત્તિઓ ડામી દેવાની પોલીસ અધિક્ષકની સૂચનાને પગલે કોડીનાર પોલીસે મોટી સફળતા મેળવી છે. રોણાજ રોડ પર આવેલા એક આંબાના બગીચામાં મધરાત્રે ચાલતા જુગારના અડ્ડા પર પોલીસે દરોડો પાડી ૩ શખ્સોને લાખોના મુદ્દામાલ સાથે ઝડપી લીધા છે, જ્યારે અન્ય ૪ શખ્સો નાસી છૂટવામાં સફળ રહ્યા હતા.

પોલીસે ઘટનાસ્થળેથી રોકડા રૂપિયા ૫૯,૦૦૦/-, ૦૩ નંગ મોબાઈલ (રૂા. ૧૫,૦૦૦), ૦૨ મોટરસાયકલ (રૂા. ૬૦,૦૦૦), ૦૧ ઈક્કો કાર (રૂા. ૨,૦૦,૦૦૦), ઘોડી પાસા નંગ-૨ મળી કુલ રૂા. ૩,૩૪,૦૦૦નો મુદ્દામાલ જપ્ત કર્યો છે. કોડીનાર પોલીસે તમામ આરોપીઓ વિરૂદ્ધ જુગાર ધારા હેઠળ ગુનો નોંધી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

# ભાવનગર રિજિયોનલ સાયન્સ સેન્ટર ખાતે 'સમર સાયન્સ કેમ્પ'નું આયોજન

(સંવાદદાતા દ્વારા)
ભાવનગર, તા.૧૯
ઉનાળાનું વેકેશનએ કોઈપણ તણાવ અને પરીક્ષાઓના બોજ વિના વિજ્ઞાન શીખવા માટે ઉત્તમ સમય છે. ભાવનગર રિજીયોનલ સાયન્સ સેન્ટર બાળકોમાં વૈજ્ઞાનિક દૃષ્ટિકોણ વિકસાવવા અને તેમને પ્રયોગાત્મક શિક્ષણનો અનોખો અનુભવ આપવા માટે આ ઉનાળામાં એક ખાસ રેસિડેન્શિયલ "સમર સાયન્સ કેમ્પ ૨૦૨૬"નું આયોજન કરવા જઈ રહ્યું છે.

આ કેમ્પ બાળકો માટે નવા મિત્રો બનાવવા, તેની સાથે વાર્તાલાપ કરવાની અને નવી વસ્તુઓ શીખવાની તક બની રહશે. સાથે-સાથે એક યાદગાર અનુભવ બની જશે. દર વર્ષના સમર સાયન્સ કેમ્પમાં ખુબ જ સારો પ્રતિસાદ મળતા આ વર્ષે પણ આરએસસી ભાવનગર ખાતે આ કેમ્પનું આયોજન કરવામાં આવ્યું છે. જુદી-જુદી ૫ (પાંચ) થીમ આધારિત સળંગ ત્રણ દિવસનો એક તેવા પાંચ રેસિડેન્શિયલ કેમ્પનું આયોજન કરવામાં આવ્યું છે.

૫ અનોખી થીમ આધારિત કેમ્પ દ્વારા બાળકોને વિજ્ઞાન સાથે પ્રેક્ટિકલ અને રસપ્રદ રીતે જોડવાનો પ્રયાસ કરવામાં આવ્યો છે. દરેક થીમ વિદ્યાર્થીઓમાં નવી વિચારશક્તિ અને કૌશલ્ય વિકાસ માટે રચાયેલ છે. આ કેમ્પમાં ધોરણ ૬થી ૧૦ના વિદ્યાર્થીઓ પોતાની મનગમતી થીમની પસંદગી કરી શકશે. કેમ્પમાં ભાગ લેવા માટે રજિસ્ટ્રેશન ફરજિયાત છે.

# ભાવનગરના ૩૦૪મા સ્થાપના દિન નિમિત્તે વિવિધ કાર્યક્રમો યોજાયા

(સંવાદદાતા દ્વારા)
ભાવનગર, તા.૧૯
ભાવનગરના ૩૦૪મા સ્થાપના દિન નિમિત્તે રાજકીય હોદ્દેદારો દ્વારા વિવિધ કાર્યક્રમોનું આયોજન કરવામાં આવ્યું હતું જેમાં ભાજપ કોંગ્રેસ સહિતના પક્ષના અગ્રણીઓ તથા નેતાઓ સાથે સામાજિક તેમજ ઔદ્યોગિક એકમો પણ આ કાર્યક્રમમાં જોડાયા હતા જેમાં ભાવનગરની સ્થાપના કરનાર મોતીબાગ સ્થિત મહારાજા ભાવસિંહજીની પ્રતિમાને પુષ્પાંજલિ અર્પણ કરવામાં આવી હતી એવી જ રીતે દરબારી કોઠાર ખાતે આવેલ રાજવંશજોના સમાધિ સ્થળે દિવંગત મહારાજાઓને પુષ્પાંજલિ અર્પણ કરવામાં આવી હતી. ત્યારબાદ નેક નામદાર મહારાજા કૃષ્ણકુમારસિંહજીની નીલમબાગ સ્થિત પ્રતિમાના ચરણોમાં પુષ્પાંજલિ કરી શ્રદ્ધાંજલિ અર્પણ કરી હતી.આ કાર્યક્રમમાં કેબિનેટ મંત્રી જીતુ વાઘાણી, તેમજ ભાવનગર પૂર્વના ધારાસભ્ય, શહેર ભાજપ પ્રમુખ મહાનગરપાલિકાના કમિશનર, રેન્જ આઇ.જી ઉપરાંત ભાવનગર શહેર કોંગ્રેસના પ્રમુખ મનોહરસિંહ ગોહિલ ઉર્ફે લાલભા તથા કાર્યકરો મોટી સંખ્યામાં આ કાર્યક્રમમાં ઉપસ્થિત રહ્યા હતા. ભાવનગરમા આજે લોકોએ ઉત્સાહભેર ૩૦૪મા સ્થાપના દિનની ઉજવણી કરી હતી.

### કેન્દ્રીય મંત્રી અને મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલના મહિલા અનામત બિલ મુદ્દે કોંગ્રેસ પર આકરા પ્રહારો

# મહિલા અનામત બિલનો વિરોધ કરનાર કોંગ્રેસનો હિસાબ દેશની મહિલાઓ કરશે

### અમદાવાદમાં ભાજપના ઉમેદવારોનો થઈ રહેલો ઠેરઠેર વિરોધ

(સંવાદદાતા દ્વારા)

ગાંધીનગર, તા.૧૯

ગુજરાતમાં આગામી સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણીઓ અને રાજકીય ગતિવિધિઓને કારણે માહોલ ગરમાય છે. જેમાં આજે બપોરે ગાંધીનગર કમલમમાં મહિલા અનામત બિલને લઈને કેન્દ્રીય મંત્રી રક્ષા ખડસેએ જણાવ્યું હતું કે, કોંગ્રેસે રાજનીતિ કરી છે અને બિલના વિરોધ માટે અલગ અલગ કારણો દર્શાવ્યા હતાં. કોંગ્રેસ મહિલાઓ માટે વિરોધ કરે છે. જેનો હિસાબ દેશની મહિલાઓ કરશે. આ સાથે મુખ્યમંત્રીએ પણ કોંગ્રેસ પર મહિલા બિલ અંગે આકરા પ્રહારો કર્યા હતા.

મહિલા અનામત બિલ નામંજૂર થવાને લઈને મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે જણાવ્યું હતું કે, હિંદુ સંસ્કૃતિમાં અગત્યનું સ્થાન ધરાવતી મહિલાના સન્માનની તક મળી હતી. કોંગ્રેસ અને તેના સાથી પક્ષોની મહિલા અનામત નારી શકિત વિરોધી માનસિકતાના કારણે બિલ પસાર થઈ શક્યું નથી. આ બિલ નામંજૂર થવાથી કરોડો મહિલાઓનું મનોબળ તૂટ્યું છે. કોંગ્રેસ વિરોધ કરી પોતાની સંકુચિત માનસિકતા પ્રગટ કરી છે. જો બિલ પસાર થાય તો મહિલાઓ સંસદમાં જોવા મળે. કોંગ્રેસે અગાઉ પણ ત્રિપલ તલાક સહિત અલગ અલગ બિલનો વિરોધ કર્યો હતો. વધુમાં તેમણે કહ્યું કે, વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ કહ્યું હતું કે, આ બિલ લાગુ કરવાનો નિર્ણય રાજકીય નહી પરંતુ રાષ્ટ્રીય છે. લોકો હવે જાણી ગયા છે. નારી શકિતના વિરોધી કોણ છે. નારી શકિત હવે જડબાતોડ જવાબ આપશે. મહિલાઓને અવગણના કરનારની તાકાત ટકી રહેશે નહીં. મહિલા અનામત બિલને લઈને ગાંધીનગર કમલમ ખાતે કેન્દ્રીય મંત્રી રક્ષા ખડસેએ પત્રકાર પરિષદ કરીને જણાવ્યું હતું કે, આ બિલ દેશની તમામ મહિલાઓ અને યુવાઓ માટે હતો. આ બિલના માધ્યમથી સામાન્ય વર્ગની મહિલાઓ સંસદ સુધી પહોંચી શકતી હતી. કેન્દ્રીય મંત્રીએ વધુમાં કહ્યું કે, સ્થાનિક સ્વરાજ્યમાં ૫૦ ટકા મહિલા અનામત છે. વિધાનસભા અને લોકસભામાં મહિલાઓ પહોંચી શકતી હતી પરંતુ કોંગ્રેસે તેને રોકી દીધી છે જેનો હિસાબ દેશની મહિલાઓ અને યુવાનો કરશે.

બીજી તરફ સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણીઓ ચાલી રહી છે ત્યારે ઉમેદવારો હવે ડોર ટુ ડોર પ્રચારમાં નીકળી રહ્યા છે ત્યારે પ્રજા પોતાનો રોષ તેમની સામે ઠાલવી રહી છે. અમદાવાદમાં એક બાદ એક ભાજપના ઉમેદવારોનો વિરોધ થઈ રહ્યો છે. રામોલ- હાથીજણ વોર્ડમાં મત માંગવા ગયેલા ભાજપના પૂર્વ કોર્પોરેટર અને વર્તમાન ઉમેદવાર મૌલિક પટેલ અને કાર્યકર્તાઓનો મહિલાએ વિરોધ કર્યો હતો. મહિલાએ 'રોડ પર પડેલા ખાડા અને અન્ય સમસ્યાઓને લઈને જયારે ૧૦ વખત રજૂઆત કરી ત્યારે જોવા આવ્યા નહીં અને હવે મત માંગવા માટે આવ્યા છો એટલે જેવા આવ્યા છો એવા અહીંયાથી નીકળી જાઓ' એમ કહી વાત કરી હતી. મહિલા ઉગ્ર વિરોધ કરી રહી હતી ત્યારે કાર્યકર્તા વચ્ચે બોલતા દારૂડિયાઓને લઈને આવો છો એવું પણ મહિલાઓ બોલી હોવા અંગેનો વીડિયો સોશિયલ મીડિયામાં વાયરલ થયો છે.

### સ્થાનિક સ્વરાજ્ય ચૂંટણીને લઈ કોંગ્રેસનું વિઝન ડોક્યુમેન્ટ જાહેર

# નાગરિકોના સ્વપ્ન મુજબ શહેરોનો વિકાસ કરવાનું કોંગ્રેસ દ્વારા અપાયું વચન

### બારેમાસ શુદ્ધ પાણી, કોન્ટ્રાક્ટ પ્રથાની નાબૂદી, સ્ટ્રીટવેન્ડર પોલિસી, પ્રદૂષણમુક્ત શહેરનું વિઝન

(સંવાદદાતા દ્વારા)

અમદાવાદ, તા.૧૯

સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણીને લઈ ગુજરાત કોંગ્રેસ દ્વારા વિઝન ડોક્યુમેન્ટ જાહેર કરવામાં આવ્યું છે. કોંગ્રેસ પ્રદેશ પ્રમુખ અમિત ચાવડાએ વિઝન ડોક્યુમેન્ટની જાહેરાત કરી છે. રાજ્યની ૧૫ મહાનગરપાલિકા માટે કોંગ્રેસે વિઝન ડોક્યુમેન્ટ જાહેર કર્યું છે. "પરિવર્તનનો સંકલ્પ કોંગ્રેસ જ વિકલ્પ, હવે તો સમજો... લઈ આવો પંજો"ના નારા સાથે કોંગ્રેસ સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણીમાં મતદારો સુધી જવાની છે. નાગરિકોના સ્વપ્ન મુજબ

કોંગ્રેસના પ્રદેશ પ્રમુખ અમિત ચાવડાએ જણાવ્યું હતું કે, ગુજરાત પ્રગતિશીલ વિચારધારા સાથે એક એક ગુજરાતીએ ગુજરાતની સ્થાપનાથી લઈને આજ દિન સુધી સહિયારા પુરૂષાર્થ સાથે ગુજરાત વસાવ્યું છે. સ્થાનિક સ્વરાજ્ય સંસ્થાઓમાં સ્થાનિક લોકો દ્વારા લોકોના પ્રશ્નોની ચિંતા પણ કરવામાં આવતી હતી. સત્તાનો કેન્દ્રીકરણ નહીં પણ સત્તાનું વિકેન્દ્રીકરણ અને સ્થાનિક સ્વરાજની સંસ્થાઓના માધ્યમથી જે પણ વહીવટ છે જે પણ નિર્ણયો છે જે પણ વ્યવસ્થાઓ છે જે પણ વિકાસ છે એની સંપૂર્ણ સત્તા ધોરણ સાથે વિકાસ થાય એ કમિટમેન્ટ સાથે વિઝન જાહેર કરવામાં આવ્યું છે. શહેરી વિસ્તારમાં માત્ર વિકાસની સાથે લોકોના સ્વપ્નનું કમિટમેન્ટ હોય તેવું વિઝન કોંગ્રેસનું છે. શાસકો પાસે નાગરિકો જ્યારે હિસાબ માંગે છે ત્યારે ભાજપના નેતાઓ હિસાબ આપી શકતા નથી અને જગ્યા છોડીને ભાગી જાય છે. નાગરિકો ટેક્સ ભરે છે છતાં પણ નાગરિકોને જોઈએ તેવી સુવિધા મળતી નથી.

વિઝન જાહેર કરતાં અમિત ચાવડાએ જણાવ્યું હતું કે, રાજ્યના તમામ મહાનગરમાં નાગરિકોને બારેમાસ શુદ્ધ પીવાનું પાણી મળી રહે તેવું કોંગ્રેસનું કમિટમેન્ટ છે. જે લોકો રોડ રસ્તાની સમસ્યાથી પરેશાન છે અને ટ્રાફિકની સમસ્યા હોય તેનું પણ નિરાકરણ લાવીશું. વરસાદમાં કારણે અનેક પોશ વિસ્તારમાં પાણી ભરાઈ જાય છે જેથી વરસાદી પાણી ભરાવાનું નિરાકરણ આવે તેવી વ્યવસ્થા કરવાનું તેમજ વરસાદમાં તબાહી ન થાય તેવું આયોજન કરવાની કોંગ્રેસની તૈયારી છે. સરકારી શિક્ષણ અને સારી આરોગ્ય સેવા મળે તેવું કોંગ્રેસનું કમિટમેન્ટ છે.

**● થીમ સોંગ "હવે તો સમજો, લઈ આવો પંજો" અને સોશિયલ મીડિયા કેમ્પેઈન લોન્ચ**

**● વૈકલ્પિક વ્યવસ્થા વિના બુલડોઝર નહિ, લોકો જોઈ શકે તેવી ટેન્ડર પ્રક્રિયા કરાશે**

શહેરોના વિકાસ કરવાની કોંગ્રેસ દ્વારા કમિટનમેન્ટ આપવામાં આવ્યું છે.

સ્થાનિક સ્વરાજ્યની સંસ્થાઓમાં કમલમ, કટકી અને કૌભાંડ જ ચાલતો હોવાનો કોંગ્રેસ દ્વારા આક્ષેપ કરવામાં આવ્યો છે. જ્યાં સુધી કમલમ સુધી ટકાવારી નથી પહોચતી ત્યાં સુધી ટેન્ડર બહાર ન પડતું હોવાનો પણ કોંગ્રેસ દ્વારા દાવો કરવામાં આવ્યો છે. જેથી કોંગ્રેસ દ્વારા કમિટમેન્ટ આપવામાં આવ્યું છે કે, હવે જે પણ ટેન્ડરની પ્રક્રિયા થશે તે લોકો જોઈ શકે તે રીતે કરવામાં આવશે. ટેન્ડરની તમામ પ્રક્રિયા નાગરિકો માટે જાહેર કરવાનું પણ કોંગ્રેસ દ્વારા કમિટમેન્ટ આપવામાં આવ્યું છે. આ સાથે રાજ્યમાં થયેલા ભ્રષ્ટાચાર મુદ્દે સોશિયલ મીડિયાના માધ્યમથી કોંગ્રેસ પ્રચાર કરશે.

સ્વરાજની સંસ્થાઓના માધ્યમથી સ્થાનિક લોકોને આપવા માટેનું કોંગ્રેસનું વિઝન પણ રહ્યું છે કોંગ્રેસની વિચારધારા પણ રહી છે. વધુમાં તેમણે જણાવ્યું હતું કે, ૧૫ મહાનગરો અને ૮૪ જેટલી નગરપાલિકા વિસ્તારોમાં મતદાન થવાનું છે. જયાંથી પ્રજા પોતાના આવનારા પાંચ વર્ષ માટેના પ્રતિનિધિ ચૂંટીને મોકલવાના છે. ત્યારે કોંગ્રેસનું આ શહેરી વિસ્તારો માટેનું જે વિઝન છે ત્યાં સ્થાનિક મુદ્દાઓને લઈને અને જનતા તરફથી જે અભિપ્રાયો મળ્યા છે સૂચનો મળ્યા રજૂઆતો મળી એના આધારે જનતાનો મેનિફેસ્ટો અને કોંગ્રેસનું કમિટમેન્ટ તૈયાર કરવામાં આવ્યું હતું. ગુજરાતના કે વધતા જતા શહેરી વિસ્તારોના આવનારા ભવિષ્ય સાથે અને સારૂં જીવન

ભાજપના શાસનમાં માત્ર કૌભાંડ ચાલતા હોવાના આક્ષેપ સાથે અમિત ચાવડાએ જણાવ્યું હતું કે, અત્યારે કટકી કમિશન અને કૌભાંડ ભાજપ સ્થાનિક સ્વરાજ્યની સંસ્થાઓમાં કરી રહી છે. જયાં સુધી ટેન્ડરનું પેમેન્ટ કમલમ સુધી ન પહોંચે ત્યાં સુધી ટેન્ડર બહાર પાડવામાં આવતુ નથી. સમયાંતરે કમિશનની ટકાવારી પણ વધી જાય છે. ભાજપના ભ્રષ્ટાચારના કારણે અનેક દુર્ઘટનામાં માસુમ લોકોએ જીવ ગુમાવ્યો છે. પારદર્શિકતાની સાથે સાથે કામગીરી કરવાની જવાબદારી કોંગ્રેસ લેશે. જનતાના હાથમાં સત્તા આપવાનું વિઝન પણ અમે રજૂ કરીએ છીએ. સગવડ દરેકને પરવડે તેવું જીવનધોરણ આપવાનું કોંગ્રેસનું વિઝન છે.

વધુમાં તેમણે જણાવ્યું હતું કે, કોંગ્રેસનું કમિટમેન્ટ છે કે, જ્યાં સુધી વૈકલ્પિક વ્યવસ્થા આપવામાં નહીં આવે ત્યાં સુધી બુલડોઝર મકાનો પર નહીં ચલાવવામાં આવે. નાના ધંધાર્થીઓને તમામ લોકોને લાઈસન્સ આપીને કાયમી ધંધા વેપાર માટેની જગ્યા આપીશું. શહેરી વિસ્તારમાં મોઘું શિક્ષણ લીધા બાદ પણ કોઈ રોજગારી મળતી નથી. કોન્ટ્રાક્ટ પ્રથા નાબૂદ કરીશું અને કાયમી ભરતી થાય તે માટે અમે સંકલ્પ લઈએ છીએ. આખા ગુજરાતમાં શહેરી વિસ્તાર ધીમે ધીમે વધી રહ્યા છે. તેમજ ગામડાઓમાંથી લોકો શહેરમાં અનેક આશાઓ સાથે આવે છે. જેથી અમે એવી તક આપીશું કે લોકો જે આશા સાથે આવે છે તે પૂરી કરી શકે. જાહેરમાં લૂંટ ચાલે છે અને ચોક્કસ લોકોનો જ વિકાસ થાય છે જેથી કમિટમેન્ટ કરીએ છીએ કે તમામ વિસ્તારનો સરખો વિકાસ કરવામાં આવશે.

### ભાજપના ઉમેદવારોને પ્રચાર દરમ્યાન પ્રજા કામોને લઈ બરોબરની ઘેરી રહી છે !

# 'જેવા આવ્યા છો એવા અહીંયાથી નીકળી જાઓ દારૂ પીધેલાને લઈને તમે આવી જાવ છો'

### રામોલ હાથીજણમાં મહિલાઓએ ઠાલવ્યો રોષ : લાંભામાં ભાજપ હાય હાયના નારા લાગ્યા

(સંવાદદાતા દ્વારા)

અમદાવાદ,તા.૧૯

સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણીઓનો ચાલી રહ્યો છે તેમાં ઉમેદવારો હવે દોર ટુ ડોર પ્રચારમાં નીકળી રહ્યા છે. ત્યારે પ્રજા પોતાનો રોષ તેમની સામે ઠાલવી રહી છે. અમદાવાદમાં એક બાદ એક ભાજપના ઉમેદવારોનો વિરોધ સામે આવી રહ્યો છે. રામોલ- હાથીજણ વોર્ડમાં મત માંગવા ગયેલા ભાજપના પૂર્વ કોર્પોરેટર અને ઉમેદવાર એવા મૌલિક પટેલ અને કાર્યકર્તાઓનો મહિલાએ વિરોધ કર્યો હતો અને નીકળી જવાનું કહેતા રાજકીય માહોલ ગરમાયો છે.

રામોલ હાથીજણમાં મહિલાએ રોડ પર પડેલા ખાડા અને અન્ય સમસ્યાઓને લઈને રોષે ભરાઈ હતી તેમણે ભાજપના ઉમેદવારને ફરિયાદ કરી ત્યારે આવ્યો નહીં અને હવે મત માંગવા માટે આવ્યા છો એટલે જેવા આવ્યા છો એવા અહીંયાથી નીકળી જાઓ એમ કહી વાત કરી હતી. મહિલાઓ ઉગ્ર વિરોધ કરી રહી હતી ત્યારે કાર્યકર્તા વચ્ચે બોલતા દારૂડિયાઓને લઈને આવો છો એમ પણ બોલી હોવા અંગેનો વિડીયો સોશિયલ મીડિયામાં જોરશોરથી વાયરલ થઈ રહ્યો છે. રામોલ-હાથીજણ વોર્ડમાં ભાજપના ઉમેદવાર મૌલિક પટેલ તેમના કાર્યકર્તાઓની સાથે રાત્રે ડોર ટુ ડોર પ્રચારમાં નીકળ્યા હતા. વોર્ડમાં પ્રચાર દરમિયાન એક સોસાયટીમાં જતા મહિલાઓએ વિરોધ કર્યો હતો. મહિલાઓએ કહ્યું હતું કે, પાંચ વર્ષમાં તમે અત્યારે દેખાયા છો પણ અમને ઓળખતા નથી. જયારે અમે તમને ફરિયાદ કરીએ છીએ ત્યારે તમે અમને કોઈ સપોર્ટ કરતા નથી. ખાડા ટેકરા માટે અનેક વખત રજૂઆત કરી છે. મૌલિક પટેલને ૧૦ વખત કહ્યું છે. મૌલિક પટેલે તેમને રોકવાનો પ્રયાસ કર્યો હતો તો તેમણે કહ્યું હતું કે જેવા આવ્યા છે એવા અહીંયાથી નીકળી જાઓ. મહિલા જ્યારે બોલી રહી હતી ત્યારે ભાજપના કાર્યકર્તા સામે બોલતા મહિલાએ કહ્યું હતું કે, બધા પીધેલાને લઈને તમે આવી જાવ છો. જેથી કાર્યકર્તાઓએ કહ્યું હતું, અમે કોઈ પીધેલાઓને લઈને નથી આવતા. તમે પીધેલા હશો તેમ જણાવતા મહિલાઓએ ઉગ્રતાથી વિરોધ કર્યો હતો. મહિલાએ ઉગ્ર વિરોધ સાથે અમારી સોસાયટીમાં નહીં આવવાનું એવું કહ્યું ત્યારે એક કાર્યકર્તા બોલ્યો હતો અને કહ્યું હતું કે સોસાયટી તમારા બાપની નથી. કાર્યકર્તા ઉગ્ર થઈને કહ્યું હતું કે મત ના આપવો હોય તો કંઈ નહીં. એમાં શું છે. મહિલા ઉગ્રતાથી વિરોધ કરી રહી હતી અને સંભળાવી રહી હતી ત્યારે ભાજપના કાર્યકર્તા બોલ્યા હતા કે, અમે ખબર અંતર પૂછવા માટે આવ્યા હતાં. ત્યારે મહિલાએ કહ્યું હતું કે, અહીંયા નહીં હોસ્પિટલમાં પૂછવા જવાનું હોય. શાંતિથી વાત કરવાનું કહેતા મહિલાએ કહ્યું હું શું કરવા શાંતિથી વાત કરું. મહિલાએ ભાજપના ઉમેદવાર અને કાર્યકર્તાઓને કામ ન કર્યા હોવા બાબતે સંભળાવ્યું હતું જેને ભાજપના કાર્યકર્તાઓ સાંભળી શક્યા નહોતા અને મહિલાને પણ સામે બોલવા લાગ્યા હતા.

બીજી તરફ અમદાવાદના લાંભા વિસ્તારમાં અપક્ષ ઉમેદવાર કાળુભાઈ ભરવાડનો પણ વિરોધ પ્રજા દ્વારા કરવામાં આવી રહ્યો છે. લાંભાના અલગ અલગ વિસ્તારોમાં અપક્ષ ઉમેદવાર 'કાળુભાઈ ભરવાડ અહિયાં વોટ માંગવા આવવું નહીં'એવા બેનર લગાવવામાં આવ્યા છે. અપક્ષના કોઈપણ ઉમેદવારે વોટ માંગવા આવવું નહીં એવા બેનર લગાવીને વિરોધ કર્યો છે. જ્યારે સોસાયટીમાં 'કાળુભાઈ ભરવાડ ભાજપના દલાલ બનીને પ્રજા હિતના ચેડા કરવા મત માંગવા આવવું નહીં' એવા બેનર લગાવવામાં આવ્યા છે. લાંભા વોર્ડમાં ભાજપના ઉમેદવારોનો લોકોએ ખૂબ જોરશોરથી વિરોધ કર્યો હતો. લાંભાના મોતીપુરા ચોક વિસ્તારમાં સુંદરમ નગર સોસાયટીમાં ભાજપની મીટીંગ ચાલતી હતી જે દરમિયાનમાં સ્થાનિક લોકો દ્વારા ભાજપ હાય હાયના નારા સાથે હોબાળો કરવામાં આવ્યો હતો. હોબાળો થતાં પોલીસ બોલાવી પડી હતી. જેથી નારોલ પોલીસની ગાડીઓ સુંદરમ નગર સોસાયટી ખાતે પહોંચી હતી. ત્યારબાદ ભાજપના લાંભા વોર્ડના ઉમેદવાર ડો. ચાંદની પટેલ, અંજુ ઠાકોર અને રાહુલ માટિયા (ભરવાડ) સહિતના ઉમેદવારને ગાડીમાં બેસીને નીકળી જવું પડ્યું હતું. જો કે ભાજપના સૂત્રોના જણાવ્યા મુજબ સુંદરમનગર સોસાયટી પાસે આમ આદમી પાર્ટીના મહિલા ઉમેદવાર રહે છે અને તેને બેથી ચાર લોકોને બોલાવીને હોબાળો કરવામાં આવ્યો હતો. સ્થાનિક લોકો સાથે મિટિંગ ચાલી જ રહી હતી પરંતુ આમ આદમી પાર્ટીના ઉમેદવાર દ્વારા માથાકૂટ કરવામાં આવી હતી અને તેને લઈને હોબાળો થતા પોલીસ બોલાવી પડી હતી. પોલીસ આવતા મામલો થાળે પડ્યો હતો.

### ગુજરાતમાં GSI મિડટર્મ નેશનલ કોન્ફરન્સ ૨૦૨૬ યોજાઈ

અમદાવાદ, તા.૧૯

જેરિયાટ્રિક સોસાયટી ઓફ ઈન્ડિયા (GSI)ના ગુજરાત સ્ટેટ ચેપ્ટર GSI મિડટર્મ નેશનલ કોન્ફરન્સ ૨૦૨૬ની જાહેરાત કરવામાં આવી છે, જેનું આયોજન ૧૮ અને ૧૯ એપ્રિલ, ૨૦૨૬ના રોજ કરવામાં આવ્યું હતું. આ લેન્ડમાર્ક ઈવેન્ટ ગુજરાત યુનિવર્સિટીના પ્રતિષ્ઠિત અટલ-કલામ રિસર્ચ પાર્ક ઓડિટોરિયમ ખાતે યોજાઈ, જે રાજ્યમાં આ પ્રકારની પ્રથમ મહત્ત્વપૂર્ણ ઈવેન્ટ છે. ભારતમાં વૃદ્ધ લોકોની સંખ્યા વધતી જતી હોવાથી, વિશેષ સ્પેશિયાલાઈઝ્ડ મેડિકલ એક્સપર્ટિઝ અને ડેડિકેટેડ ક્લિનિકલ પ્રેક્ટિસની જરૂરિયાત પહેલા કરતાં વધુ મહત્ત્વપૂર્ણ બની ગઈ છે. આ કોન્ફરન્સે હેલ્થકેર પ્રોફેશનલ્સ માટે નોલેજની આપ-લે કરવા, આધુનિક યુગના પડકારોની ચર્ચા કરવા અને જેરિયાટ્રિક મેડિસિન સેક્ટરમાં ઈનોવેશન અંગે વાર્તાલાપ કરવા માટે એક મહત્ત્વપૂર્ણ પ્લેટફોર્મની ભૂમિકા નીભાવી.

# નવરંગપુરામાં રીલના ચક્કરમાં રોડ પર ચક્કાજામ કરતા ૪ લોકો સામે ફરિયાદ

(સંવાદદાતા દ્વારા)

અમદાવાદ, તા.૧૯

સોશિયલ મીડિયા ઈન્ફલુએન્સરો વિવિધ સંસ્થાના પેઈડ પ્રમોશન માટે અલગ-અલગ તરકીબો અજમાવતા હોય છે. અમદાવાદમાં આવાજ એક પેઈડ પ્રમોશન માટે સોશિયલ મીડિયા ઈન્ફલુએન્સરે રસ્તા પર જામ કરી કાયદાના ધજાગરા ઉડાવતા પોલીસે ચાર લોકો સામે ફરિયાદ નોંધી છે. સોશિયલ મીડિયા ઈન્ફલ્યુએન્સર દ્વારા એક સંસ્થાના પેઈડ પ્રમોશન માટે શહેરના નવરંગપુરા વિસ્તારમાં થાર કાર અને બાઈક વચ્ચે અકસ્માતનો સીન ક્રિએટ કર્યો હતો. આ ઘટનાના કારણે રસ્તા પર ટ્રાફિક જામ સર્જાયો હતો અને અન્ય વાહનચાલકોમાં ડરનો માહોલ છવાયો હતો. સોશિયલ મીડિયામાં જે વીડિયો વાઈરલ થયો છે તેમાં રસ્તાની વચ્ચોવચ એક થાર અને એક બાઈક પડેલી જોવા મળી રહી છે. એક યુવતી અને ત્રણ યુવકો ઉગ્ર બોલાચાલી કરતા જોવા મળી રહ્યા છે. આ સમયે જ રસ્તા પર મોટી સંખ્યામાં લોકો એકઠા થયેલા દેખાઈ રહ્યા છે. સોશિયલ મીડિયામાં વાઈરલ થયેલા વીડિયો બાદ પોલીસે એક થાર ફોર-વ્હીલર ગાડી નંબર GJ-12-FF-6115ના ચાલક તથા એક રોડ ઉપર પડેલ મો.સાના ચાલક તથા ત્યાં એડ(જાહેરાત) કરવા ઉભેલ બે અન્ય વ્યક્તિઓ સહિત ચાર સામે ગુનો નોંધી ઓળખ મેળવવા તજવીજ હાથ ધરી છે.

# સિવિલ હોસ્પિટલના નર્સ RTO ચલણના ફ્રોડનો શિકાર બન્યા

### APK ડાઉનલોડ કરતાં ૭ લાખ ઉપડી ગયા

(સંવાદદાતા દ્વારા)

અમદાવાદ, તા.૧૯

અમદાવાદ શહેરની સિવિલ હોસ્પિટલના નર્સ સાયબર ફ્રોડનો ભોગ બન્યા છે. નર્સને અજાણ્યા નંબર પરથી RTO ચલણની APK ફાઈલ આવી હતી. આ APK ફાઈલ ડાઉનલોડ કર્યા બાદ નર્સના ખાતામાંથી ૭ લાખ રૂપિયા ઉપડી ગયા હતા. નર્સે સમગ્ર મામલે સાયબર ક્રાઈમમાં ફરિયાદ નોંધાવી છે. નવા નરોડામાં રહેતા ૫૫ વર્ષીય મહિલા સિવિલ હોસ્પિટલમાં નર્સ તરીકે ફરજ બજાવે છે. નર્સને ૨૬ ઓક્ટોબરથી ૨૯ ઓક્ટોબર દરમિયાન અજાણ્યા નંબર પરથી વોટ્સએપ મેસેજ આવ્યો હતો. આ મેસેજમાં RTO ચલણની APK ફાઈલ હતી. RTO ચલણ હોવાથી નર્સે ફાઈલ ડાઉનલોડ કરી હતી. આ ફાઈલ ડાઉનલોડ કર્યા થોડા દિવસમાં જ નર્સના બેંકના ખાતામાંથી ૫ અલગ-અલગ ટ્રાન્જેક્શન દ્વારા ૭ લાખ રૂપિયા ઉપડી ગયા હતા. નર્સને જ્યારે બેન્કનો મેસેજ આવ્યો ત્યારે તેમને તપાસ કરી હતી. નર્સ બેંકમાં ગયા ત્યારે તેમને જાણ થઈ હતી કે, અજાણ્યા વ્યક્તિએ તેમની જાણ બહાર તેમના બેન્ક એકાઉન્ટમાંથી ૭ લાખ ઉપાડી દીધા છે. નર્સે આ અંગે સાયબર ક્રાઈમમાં ફરિયાદ નોંધાવતા પોલીસ દ્વારા તપાસ હાથ ધરવામાં આવી છે.

### રાજ્યભરમાં ૩૭૧ શાળાઓમાં કડક બંદોબસ્ત હેઠળ પરીક્ષા લેવામાં આવી

# રાજ્યમાં પીએસઆઈની ભરતી પરીક્ષાના લેખિત પેપરને લઈને વિદ્યાર્થીઓનો હોબાળો

### અમદાવાદના વસ્ત્રાલની શાળામાં પેપરનું સીલ ખુલ્લું હોવાનો કરાયો આક્ષેપ

(સંવાદદાતા દ્વારા)

અમદાવાદ, તા.૧૯

અમદાવાદમાં પોલીસ સબ ઈન્સ્પેક્ટર (PSI) ભરતી પરીક્ષાના લેખિત પેપરને લઈને ગંભીર વિવાદ સર્જાયો છે. શહેરના વસ્ત્રાલ વિસ્તારમાં આવેલી ભાવના સ્કૂલ વસ્ત્રાલ ખાતે પરીક્ષા દરમિયાન ઉમેદવારો દ્વારા હોબાળો કરવામાં આવ્યો હતો. વિદ્યાર્થીઓનો આક્ષેપ છે કે, પરીક્ષા શરૂ થતા પહેલાં જ પેપરનું સીલ ખુલ્લું હતું, જેના કારણે પારદર્શિતા અંગે પ્રશ્નો ઊભા થયા છે. આ પ્રકારે ભરતી પરીક્ષાના પેપરને લઈને વિવાદ ઊભો થતાં ફરી એકવાર ચર્ચા શરૂ થવા પામેલ છે. ઘટનાની પ્રાપ્ત માહિતી મુજબ, પેપર વિતરણ દરમિયાન કેટલાક વિદ્યાર્થીઓએ આ બાબતે વાંધો ઉઠાવ્યો હતો અને જવાબદાર વ્યક્તિઓને પ્રશ્ન પૂછ્યા હતા. પરંતુ વિદ્યાર્થીઓના જણાવ્યા અનુસાર, તેમને તોછડી ભાષામાં જવાબ આપવામાં આવ્યો હતો અને "તમારે પેપર આપવું હોય તો આપો" જેવી ટિપ્પણીઓ કરવામાં આવી હતી, જેના કારણે પરિસ્થિતિ વધુ ઉગ્ર બની ગઈ હતી. હોબાળો વધતા મોટી સંખ્યામાં વિદ્યાર્થીઓ પરીક્ષા કેન્દ્રની બહાર એકત્રિત થયા હતા અને વિરોધ નોંધાવ્યો હતો. ત્યારબાદ સંચાલકોએ પરિસ્થિતિ કાબૂમાં લેવા માટે સીસીટીવી ફૂટેજ ચેક કરવાની પ્રક્રિયા શરૂ કરી હતી અને સમગ્ર ઘટનાની તપાસ હાથ ધરાઈ છે. આ પરીક્ષામાં કુલ ૮૫૮ જગ્યાઓ માટે ૧,૧૦,૬૮૦ ઉમેદવારોએ અરજી કરી હતી. આ પરીક્ષા અમદાવાદ, વડોદરા, સુરત અને રાજકોટ સહિતના કેન્દ્રોમાં યોજાઈ હતી. રાજ્યભરમાં કુલ ૩૭૧ શાળાઓને પરીક્ષા કેન્દ્ર તરીકે પસંદ કરવામાં આવી હતી. સુરક્ષાને ધ્યાનમાં રાખીને પરીક્ષા દરમિયાન લગભગ ૪૦૦૦ પોલીસ કર્મચારીઓ અને ૮૦૦૦ શિક્ષણ વિભાગના કર્મચારીઓને તૈનાત કરવામાં આવ્યા હતા. તેમ છતાં અમદાવાદના આ ઘટનાક્રમને લઈને પરીક્ષાની પારદર્શિતા પર પ્રશ્નો ઊભા થયા છે. હાલ સમગ્ર મામલે સંબંધિત વિભાગ દ્વારા તપાસ શરૂ કરવામાં આવી છે અને ઉમેદવારોના આક્ષેપોની ચકાસણી કરવામાં આવી રહી છે.

### પડકારરૂપ લક્ષણોના નિદાન અંગે જાગૃતિ અને માર્ગદર્શન કાર્યક્રમ

અમદાવાદ,તા.૧૯

રૂમેટોલોજી અવેરનેસ મહિના અંતર્ગત, વેસ્કયુલાઈટિસ સોસાયટી ઓફ ઈન્ડિયા અને રૂમેટોલોજી એસોસિએશન ઓફ ગુજરાત (RAG) દ્વારા શનિવારે અમદાવાદમાં વેસ્કયુલાઈટિસ પેશન્ટ સપોર્ટ ગ્રુપનું પ્રારંભ કરવામાં આવ્યું. આ અવસર પર વેસ્કયુલાઈટિસ અંગે જાગૃતિ કાર્યક્રમ પણ યોજાયો જે દુર્લભ ઓટોઈમ્યુન રોગોનો સમૂહ છે અને શરીરની રોગપ્રતિકાર શકિત રકતવાહિનીઓમાં સોજો સર્જે છે. આ નવું સપોર્ટ ગ્રુપ દર્દીઓના જીવનને વધુ સારૂં બનાવવા માટે શિક્ષણ, માર્ગદર્શન અને સાચી માહિતી આપે છે. આ સોસાયટી શરૂઆતમાં પંજાબમાં શરૂ થઈ હતી અને હવે દર્દીઓ સાથે જોડાઈને અને જાગૃતિ ફેલાવીને આખા દેશમાં પોતાનું નેટવર્ક વધારી રહી છે.

### પૂર્વ કેબિનેટ મંત્રી ભૂપેન્દ્રસિંહ ચુડાસમાના અધ્યક્ષ સ્થાને

## કોઠારિયા ખાતે સમસ્ત ઝાલાવાડ રબારી સમાજના સમૂહ લગ્ન યોજાયા



સુરેન્દ્રનગર, તા.૧૯

તા.૧૫/૦૪/૨૦૨૬નાં રોજ કોઠારિયા (સુરેદ્રનગર) ખાતે પૂર્વ કેબિનેટ મંત્રી ભૂપેન્દ્રસિંહ ચુડાસમાનાં અધ્યક્ષ સ્થાને સમસ્ત ઝાલાવાડ રબારી સમાજના સમૂહ લગ્નનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમા ૪૫ નવદંપત્તિએ નવા જીવનની શરૂઆત કરી હતી. સમાજે દરેક દીકરીને રૂપિયા એક લાખનો કરીયાવર આપ્યો હતો. આ કાર્યક્રમમાં કનીરામ બાપુ, જગતગૂરૂની પદવી પ્રાપ્ત કરી તે નિમિત્તે તેમનુ અને હાર્દિક ટીમાલીયા જિલ્લા ભાજપ પ્રમુખ બન્યા તેમનું ભવ્ય સન્માન કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમમાં સમાજના પ્રમુખ ઘનશ્યામભાઈ સાવધરીયા અને ઉપસ્થિત રબારી અને અન્ય સમાજના આગેવાનોએ નવદંપત્તિને આશીર્વાદ અને શુભકામનાઓ પાઠવી હતી.

### જોયઆલુક્કાસનો અમદાવાદમાં બીજા શો રૂમનો પ્રારંભ

અમદાવાદ,તા.૧૯

જવેલર જોયઆલુક્કાસે ૧૬ એપ્રિલે સાંજે ૫ વાગ્યે ભવ્ય ઉદઘાટન સમારોહ સાથે અમદાવાદમાં તેમના બીજા શોરૂમના ઉદઘાટનની જાહેરાત કરી નવો અત્યાધુનિક શોરૂમ બ્રાન્ડના સિગ્નેચર સૌંદર્ય શાસ્ત્ર અને પ્રીમિયમ સુવિધાઓને પ્રતિબિંબિત કરશે, જે જવેલરી પ્રેમીઓને એક ઈમર્સિવ અને યાદગાર અનુભવ પ્રદાન કરશે. સિગ્નેચર જોયઆલુક્કાસ ફોર્મેટમાં આ નવો શોરૂમ સમકાલીન ઈન્ટિરિયર્સ, જગ્યા ધરાવતી લેઆઉટ અને વિવિધ જવેલરી કેટેગરીઝ માટે સમર્પિત ફ્લોર ધરાવશે, જે તમામ જોયઆલુક્કાસની જાણીતી વ્યકિતગત સેવા દ્વારા સપોર્ટેડ છે. આ પ્રસંગને ચિહ્નિત કરવા માટે ગ્રાહકોને વિશેષ કેશબેક વાઉચર્સનો લાભ મળશે જે ૨૬ એપ્રિલ ૨૦૨૬ સુધી ખરીદદારો માટે ઉપલબ્ધ રહેશે. જોયઆલુક્કાસ ગ્રુપના ચેરમેન અને મેનેજિંગ ડિરેક્ટર ડો. જોય આલુક્કાસે ઉદઘાટનની જાહેરાત કરી હતી.

# પ્રધાનમંત્રી મોદીના રાષ્ટ્રજોગ સંબોધન અંગે મમતાએ MCCના ઉલ્લંઘન, ભાજપ માટે ‘ગેરકાયદેસર’ રાજકીય પ્રચારનો આરોપ લગાવ્યો

## બંગાળના મુખ્યમંત્રીએ સીમાંકન અને મહિલા અનામત માટેના બંધારણ સુધારા બિલ અંગે ‘દેશને ગેરમાર્ગે દોરવા’ બદલ મોદીની ટીકા કરી

(એજન્સી) તા.૧૯

પશ્ચિમ બંગાળના મુખ્યમંત્રી મમતા બેનરજીએ રવિવારે આરોપ લગાવ્યો હતો કે, પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ બંધારણ (૧૩૧મા સુધારા) બિલ પર રાષ્ટ્રજોગ સંબોધન દ્વારા સરકારી મશીનરીનો ઉપયોગ કરીને ભાજપ માટે ‘ગેરકાયદેસર’ ચૂંટણી પ્રચાર કર્યો હતો. હુગલી જિલ્લાના તારકેશ્વરમાં એક ચૂંટણી રેલીને સંબોધતા મમતાએ કહ્યું, ભાજપે ગઈકાલે રાજકીય પ્રચાર માટે સરકારી મશીનરીનો દુરૂપયોગ કર્યો. અમે આની નિંદા કરીએ છીએ અને ચૂંટણી પંચને ફરિયાદ કરીશું. ટીએમસી સુપ્રીમોએ પીએમ પર આદર્શ આચાર સંહિતા (એમસીસી)નું ઉલ્લંઘન કરવાનો પણ આરોપ લગાવ્યો હતો.



તેઓએ ભારતના લોકોને જવાબ આપવો પડશે કે તમે તમારા પક્ષ માટે ગેરકાયદેસર પ્રચાર કરી રહ્યા છો. વડાપ્રધાને શનિવારે સાંજે રાષ્ટ્રને સંબોધનમાં કોંગ્રેસ, ડીએમકે, ટીએમસી અને સપા સહિતના વિપક્ષી પક્ષોનું નામ લીધું અને તેમના પર ‘ભ્રૂણહત્યાનું પાપ’ કરવાનો આરોપ લગાવ્યો હતો. વડાપ્રધાને ચેતવણી પણ આપી હતી કે, મહિલા મતદારો બિલને હરાવવા બદલ વિરોધી પક્ષોને સજા કરશે.

ભારતીય કમ્યુનિસ્ટ પાર્ટી (સીપીઆઈ)ના સાંસદ પી. સંદોષ કુમારે પણ વડાપ્રધાન પર એમસીસીનું ઉલ્લંઘન કરવાનો આરોપ લગાવ્યો છે અને તાત્કાલિક હસ્તક્ષેપની માગણી સાથે ચૂંટણી પંચને પત્ર લખ્યો છે. મહિલા અનામતના મુદ્દા પર બોલતા મમતાએ પૂછ્યું કે, સપ્ટેમ્બર ૨૦૨૩માં કાયદો પસાર થયા પછી પણ ભાજપની આગેવાની હેઠળની કેન્દ્ર સરકારે સંસદમાં મહિલા ક્વોટા કેમ લાગુ કર્યો નથી. તેમની પાસે બિલ પસાર કરવા માટે જરૂરી સંખ્યા ન હોવા છતાં લોકસભામાં બિલ લાવવાની હિંમત કરી હતી. તેમણે દાવો કર્યો કે, ભાજપનું ‘પતન’ શરૂ થઈ ગયું છે. એ ખૂબ જ દુર્ભાગ્યપૂર્ણ છે કે, વડાપ્રધાને રાષ્ટ્રને પ્રામાણિકપણે સંબોધવાને બદલે ગેરમાર્ગે દોરવાનું પસંદ કર્યું છે.

વડાપ્રધાન મોદીના રાષ્ટ્રને સંબોધનને ‘કાયર’ ગણાવતા મમતાએ લખ્યું, શ્રીમાન વડાપ્રધાન, આગલી વખતે જ્યારે તમે રાષ્ટ્રને સંબોધન કરો, ત્યારે સંસદના ફ્લોર પરથી આવું કરવાની હિંમત કરો, જ્યાં તમને તપાસ, પડકાર અને જવાબદારીનો સામનો કરવો પડશે. તમે ગઈકાલે જે કર્યું તે કાયર, દંભી અને કાંટાદાર હતું. તમે તમારી આંગળીઓમાંથી સત્તા સરકી રહી હોય તેવું અનુભવી શકો છો. અને તમે થોડા સમય માટે ટકી રહેવા માટે કોઈપણ હદ સુધી જવા માટે તૈયાર છો.

બંગાળના મુખ્યમંત્રીએ એવો પણ આરોપ લગાવ્યો કે, કેન્દ્ર ‘મહિલાઓનો ઢાલ તરીકે ઉપયોગ કરીને’ સીમાંકન કવાયતને આગળ ધપાવવાનો પ્રયાસ કરી રહ્યું છે. ટીએમસી સતત મહિલાઓ માટે વધુ રાજકીય પ્રતિનિધિત્વને ટેકો આપે છે તે વાત પર ભાર મૂકતા મમતાએ દાવો કર્યો કે, સંસદ અને રાજ્ય વિધાનસભા બંનેમાં અમારી પાસે મહિલા ચૂંટાયેલા પ્રતિનિધિઓનું પ્રમાણ સૌથી વધુ છે. લોકસભામાં ટીએમસીના ચૂંટાયેલા સભ્યોમાંથી ૩૭.૯ ટકા મહિલાઓ છે. તેમણે ઉમેર્યું કે પાર્ટીએ રાજ્યસભામાં ૪૬% મહિલા સભ્યોને નિયુક્ત કર્યા છે. અમે મૂળભૂત રીતે જેનો વિરોધ કરીએ છીએ તે સીમાંકન કવાયત છે જેને મોદી સરકાર પોતાના સ્થાપિત રાજકીય એજન્ડા માટે મહિલાઓનો ઉપયોગ કરીને આગળ ધપાવવાનું કાવતરૂં ઘડી રહી હતી. ભાજપની આગેવાની હેઠળની સરકારને મોટો ઝટકો લાગ્યો હતો શુક્રવારે લોકસભામાં તેના દ્વારા પ્રસ્તાવિત બંધારણ સુધારા બિલને ૨૩૦ સાંસદોએ વિરોધમાં મતદાન કર્યું હતું. મતદાન કરનારા ૫૨૮ સભ્યોમાંથી, બિલને બે તૃતીયાંશ બહુમતી માટે ૩૫૨ મતોની જરૂર હતી પરંતુ તે ફક્ત ૨૯૮ મતો મેળવી શક્યું હતું.

# TMCએ એવા અહેવાલોને નકારી કાઢ્યા છે કે I-PACએ પશ્ચિમ બંગાળમાં કામગીરી બંધ કરી દીધી છે

(એજન્સી) કોલકાતા, તા.૧૯

ઓલ ઈન્ડિયા તૃણમૂલ કોંગ્રેસ (TMC)એ "પાયાવિહોણા" મીડિયા અહેવાલોને ફગાવી દીધા છે જેમાં દાવો કરવામાં આવ્યો છે કે ઈન્ડિયા પોલિટિકલ એક્શન કમિટી (I-PAC)એ પશ્ચિમ બંગાળમાં તેની કામગીરી ૨૦ દિવસ માટે સ્થગિત કરી દીધી છે. પાર્ટીએ એક નિવેદનમાં જણાવ્યું હતું કે I-PACનું પશ્ચિમ બંગાળ એકમ ૨૦૨૬ની વિધાનસભા ચૂંટણી માટે તેના પ્રચાર કાર્યોમાં સંપૂર્ણપણે વ્યસ્ત છે. અમને એક મીડિયા અહેવાલ મળ્યો છે જેમાં દાવો કરવામાં આવ્યો છે કે IPACએ ‘આગામી ૨૦ દિવસ માટે પશ્ચિમ બંગાળમાં તેની કામગીરી બંધ કરી દીધી છે.’ આ દાવો સંપૂર્ણપણે પાયાવિહોણો છે અને જમીન પર મૂંઝવણ ઊભી કરવાનો ઈરાદાપૂર્વકનો પ્રયાસ લાગે છે. IPAC WB ટીમ AITC સાથે સંપૂર્ણપણે સંકળાયેલી છે અને રાજ્યભરમાં યોજના મુજબ ઝુંબેશ કામગીરી ચાલુ છે. આ વાર્તાઓ જમીન પર સ્પષ્ટ મૂડથી ધ્યાન ભટકાવવાનો ઈરાદાપૂર્વકનો પ્રયાસ છે. "બંગાળના લોકો આ પ્રયાસોને પારખી શકે છે અને લોકશાહી રીતે પ્રતિક્રિયા આપશે. પશ્ચિમ બંગાળ ખોટી માહિતી કે ધાકધમકીથી પ્રભાવિત થશે નહીં. તેઓ



૨૩ અને ૨૯ તારીખે નિર્ણાયક રીતે પ્રતિક્રિયા આપશે અને ૪ મેના રોજ પરિણામો તેમના ચુકાદાને પ્રતિબિંબિત કરશે," નિવેદનમાં કહેવામાં આવ્યું છે. કોલસા ચોરીના કથિત કેસના સંદર્ભમાં પ્રિવેન્શન ઓફ મની લોન્ડરિંગ એક્ટ (PMLA), ૨૦૦૨ની જોગવાઈઓ હેઠળ I-PAC ડિરેક્ટર વિનેશ ચંદેલની ધરપકડ બાદ આ ઘટનાક્રમ બન્યો છે. વિનેશ ચંદેલ I-PACના સ્થાપક, ડિરેક્ટર અને ૩૩ ટકા શેરહોલ્ડર છે, અને દિલ્હી પોલીસ દ્વારા નોંધાયેલી FIRના આધારે ED દ્વારા તપાસ શરૂ કરવામાં આવ્યા બાદ સોમવારે તેમની ધરપકડ કરવામાં આવી હતી.। મંગળવારે, TMC સાંસદ ડેરેક ઓ’બ્રાયને વિનેશ ચંદેલની "તાત્કાલિક અને બિનશરતી મુક્તિ" માંગ કરી અને ચૂંટણી પહેલા પશ્ચિમ બંગાળમાંથી કેન્દ્રીય એજન્સીઓને પાછી ખેંચવાની હાકલ કરી. કોલકાતામાં એક પત્રકાર પરિષદને સંબોધતા, ટીએમસી સાંસદે કહ્યું, "અમે વિનેશ ચંદેલની તાત્કાલિક અને બિનશરતી મુક્તિની માંગ કરીએ છીએ. અમે માંગ કરીએ છીએ કે કેન્દ્રીય એજન્સીઓને બંગાળમાંથી નાડી પહેલા પાછી ખેંચી લેવામાં આવે." ઓ’બ્રાયને આરોપ લગાવ્યો કે ઈડીનો ઉપયોગ "રાજકીય સાધન" તરીકે થઈ રહ્યો છે અને દાવો કર્યો કે ચૂંટણી નજીક તેની કાર્યવાહી "ચૂંટણીમાં તોડફોડ" સમાન છે.

# ‘વડાપ્રધાન મોદી દેશને ગેરમાર્ગે દોરી રહ્યા છે અને મહિલાઓનો ઢાલ તરીકે ઉપયોગ કરી રહ્યા છે’ : ચૂંટણી પહેલા ભાજપના સીમાંકન અંગે દબાણ માટે મમતાએ આકરી ટીકા કરી

(એજન્સી) તા.૧૯

બંગાળમાં ચૂંટણી પહેલા મહિલા અનામત અંગે બિનરાજકીય સંઘર્ષ તીવ્ર બન્યો છે, મુખ્યમંત્રી મમતા બેનરજીએ વડાપ્રધાન નરેન્દ્ર મોદી પર હુમલો કર્યો છે અને તેમના પર સીમાંકન મુદ્દા પર રાષ્ટ્રને ગેરમાર્ગે દોરવાનો આરોપ લગાવ્યો છે. વડાપ્રધાનના તાજેતરના સંબોધનનો જવાબ આપતા, બેનરજીએ કહ્યું કે તેઓ પ્રામાણિકપણે તથ્યો રજૂ કરવામાં નિષ્ફળ ગયા અને તેના બદલે સીમાંકન કવાયત પર મૂંઝવણ ઊભી કરી. તેમણે ભારપૂર્વક જણાવ્યું હતું કે તેમની પાર્ટી, તૃણમૂલ કોંગ્રેસ, સંસદમાં મહિલાઓ માટે વધુ પ્રતિનિધિત્વને સતત સમર્થન આપે છે.



## મુખ્યમંત્રીએ આ પગલાના સમય પર પણ પ્રશ્ન ઉઠાવ્યો અને પૂછ્યું કે સપ્ટેમ્બર ૨૦૨૩માં બિલ પસાર થયા પછી સરકારે લગભગ ત્રણ વર્ષ સુધી કાર્યવાહીમાં વિલંબ કેમ કર્યો અને પછી જ્યારે ઘણા રાજ્યો ચૂંટણી તરફ આગળ વધી રહ્યા છે ત્યારે તેને આગળ વધારવાનું કેમ પસંદ કર્યું હતું

બેનરજીએ જણાવ્યું હતું કે, તેમના પક્ષના લોકસભા સભ્યોમાં મહિલાઓ ૩૭.૯% અને રાજ્યસભામાં ૪૬% છે, તેમના પક્ષ તરફથી મહિલા અનામતનો ક્યારેય કોઈ વિરોધ થયો નથી. તેમણે સ્પષ્ટ કર્યું કે તેમનો વાંધો અનામત સામે નથી પરંતુ કેન્દ્ર દ્વારા સીમાંકનને આગળ ધપાવવાના પ્રયાસ સામે છે. તેમના મતે, આ પગલું રાજકીય સીમાઓને એવી રીતે બદલી શકે છે કે જેનાથી ભાજપ શાસિત રાજ્યોને ફાયદો થાય અને અન્યનો હિસ્સો ઓછો થાય. તેમણે કહ્યું, “અમે મૂળભૂત રીતે બાબાસાહેબ આંબેડકરના બંધારણમાં ફેરફાર, આ રાષ્ટ્રનું વિભાજન અને અન્યના ભોગે ભાજપ શાસિત રાજ્યોને વધુ પ્રતિનિધિત્વ આપવા માટે રાજકીય રૂપરેખા ફરીથી બનાવીને ગેરીમેન્ડરિંગ દ્વારા સત્તા હડપ કરવાનો વિરોધ કરીએ છીએ.” તેને સંઘીય લોકશાહી પર હુમલો ગણાવતા, બેનરજીએ કહ્યું કે આવા પગલાં બીઆર આંબેડકર હેઠળ ઘડવામાં આવેલા બંધારણમાં કલ્પના કરાયેલ સંતુલનને વિકૃત કરી શકે છે. તેમણે કેન્દ્ર પર મહિલા અનામતનો ઉપયોગ મોટા રાજકીય એજન્ડા માટે કરવાનો આરોપ લગાવ્યો.

મુખ્યમંત્રીએ આ પગલાના સમય પર પણ પ્રશ્ન ઉઠાવ્યો, અને પૂછ્યું કે સપ્ટેમ્બર ૨૦૨૩માં બિલ પસાર થયા પછી સરકારે લગભગ ત્રણ વર્ષ સુધી કાર્યવાહીમાં વિલંબ કેમ કર્યો અને પછી જ્યારે ઘણા રાજ્યો ચૂંટણી તરફ આગળ વધી રહ્યા હતા ત્યારે તેને આગળ વધારવાનું પસંદ કર્યું. તેમણે કહ્યું, જો આ સરકાર ખરેખર આ ઉમદા હેતુ માટે ગંભીર હતી, તો ૨૮ સપ્ટેમ્બર, ૨૦૨૩ના રોજ મહિલા અનામત બિલ પસાર થયા પછી લગભગ ત્રણ વર્ષ રાહ કેમ જોઈ ? જ્યારે ઘણા રાજ્યોમાં ચૂંટણી ચાલી રહી છે ત્યારે તેને શા માટે ઉતાવળ કરવી જોઈએ ? અને તેને સીમાંકન સાથે કેમ જોડવું જોઈએ ? તૃણમૂલ કોંગ્રેસ દાયકાઓથી મહિલાઓ માટે ઉભી છે. બેનરજીએ વડાપ્રધાનને સંસદની બહાર બોલવાને બદલે આવા મુદ્દાઓ પર ચર્ચા કરવાનો પડકાર ફેંક્યો, અને કહ્યું કે લોકશાહીમાં જવાબદારી અને ચકાસણી જરૂરી છે. તેમણે આરોપ લગાવ્યો કે સરકારનો અભિગમ મહિલા સશક્તિકરણ પ્રત્યેની સાચી પ્રતિબદ્ધતાને બદલે રાજકીય હતાશાને પ્રતિબિંબિત કરે છે. મુખ્યમંત્રીએ કહ્યું કે, શ્રીમાન પ્રધાનમંત્રી, આગલી વખતે જ્યારે તમે રાષ્ટ્રને સંબોધન કરો, ત્યારે સંસદના ફ્લોર પરથી આવું કરવાની હિંમત રાખો, જ્યાં તમારી તપાસ, પડકાર અને જવાબદારીનો સામનો કરવો પડશે. તમે ગઈકાલે જે કર્યું તે કાયર, દંભી હતું. તમે તમારી આંગળીઓમાંથી સત્તા સરકી રહી હોય તેવું અનુભવી શકો છો. અને તમે થોડા સમય માટે ટકી રહેવા માટે કોઈપણ હદ સુધી જવા માટે તૈયાર છો.

# ‘મહિલા અનામત અંગે મોદીનું ભાષણ આદર્શ આચારસંહિતાનું ઉલ્લંઘન કરે છે’ : CPM અને CPIએ ચૂંટણી પંચને પત્ર લખ્યો; રાજ્ય પ્રસારણકર્તાઓનો દુરૂપયોગ કરવાનો આરોપ લગાવ્યો

(એજન્સી) નવી દિલ્હી, તા.૧૯

ભારતીય કમ્યુનિસ્ટ પાર્ટી (માર્ક્સવાદી) અને ભારતીય કમ્યુનિસ્ટ પાર્ટી (CPI)એ રવિવારે ચૂંટણી પંચ (ECI)ને પત્ર લખીને મહિલા અનામત બિલ પર રાષ્ટ્રને સંબોધન બદલ વડાપ્રધાન નરેન્દ્ર મોદી સામે કાર્યવાહી કરવાની માંગ કરી હતી. બંને પક્ષોએ આરોપ લગાવ્યો હતો કે, પીએમ મોદીની ટિપ્પણી આદર્શ આચારસંહિતાનું ઉલ્લંઘન કરે છે, જે હાલમાં તમિલનાડુ અને પશ્ચિમ બંગાળમાં વિધાનસભા ચૂંટણી પહેલા અમલમાં છે. તેમણે રાજ્ય સંચાલિત પ્રસારણકર્તા દૂરદર્શન પર પ્રસારિત થઈ રહેલા ભાષણ સામે પણ વાંધો ઉઠાવ્યો હતો.

આ ભાષણની સામગ્રી, સ્વર અને સંદેશાને કોઈ પણ રીતે સરકારી સંદેશાવ્યવહાર કહી શકાય નહીં. તે સ્પષ્ટપણે રાજકીય હતું, જેમાં વિરોધ પક્ષોને નિશાન બનાવવામાં આવ્યા હતા અને તમિલનાડુ અને પશ્ચિમ બંગાળના મતદારો સહિત, શાસક પક્ષની તરફેણમાં જાહેર અભિપ્રાયને પ્રભાવિત કરવાનો પ્રયાસ કરવામાં આવ્યો હતો. સીપીઆઈ નેતા સંદોષ કુમારે પણ સીઈસીને પત્ર લખીને વડાપ્રધાનના ભાષણને ‘પક્ષપાતી’ અને ‘જનમતને પ્રભાવિત કરવાનો પ્રયાસ’ ગણાવ્યો. વધુ ચિંતાજનક બાબત એ છે કે, આ ભાષણ દૂરદર્શન અને સંસદ ટીવી જેવા રાષ્ટ્રીય જાહેર પ્રસારણકર્તાઓ પર પ્રસારિત કરવામાં આવ્યું હતું.

રાજ્યના સંસાધનો અને જાહેર ભંડોળવાળા પ્લેટફોર્મનો ઉપયોગ ચૂંટણીના ધોરણોનું ગંભીર ઉલ્લંઘન છે. તે ચૂંટણી પંચને બંધારણીય રીતે જે સમાનતા જાળવવાનો આદેશ આપવામાં આવ્યો છે. પશ્ચિમ બંગાળના મુખ્યપ્રધાન મમતા બેનરજીએ પણ PM મોદી પર રાજકીય મશીનરીનો ‘દુરૂપયોગ’ કરવાનો આરોપ લગાવ્યો અને જાહેર કર્યું કે તેમનો પક્ષ, તૃણમૂલ કોંગ્રેસ, આદર્શ સંહિતાના કથિત ઉલ્લંઘન અંગે ચૂંટણી સંસ્થામાં ફરિયાદ નોંધાવશે. મોદીએ ભારતના લોકોને જવાબ આપવો પડશે કે તમે તમારા પક્ષ માટે ગેરકાયદેસર પ્રચાર કરી રહ્યા છો.

# નામો કાઢી નાખવાનો ધર્મ સાથે કોઈ સંબંધ નથી : મતદાન અધિકારી

## મુખ્ય કેન્દ્રીય ચૂંટણી નિરીક્ષક તરીકે સેવા આપતા નિવૃત્ત IAS અધિકારી સુબ્રત ગુપ્તા, TNIEને સમગ્ર રાજ્યમાં મુક્ત અને નિષ્પક્ષ મતદાન સુનિશ્ચિત કરવા માટે ભારતીય ચૂંટણી પંચ (ECI) દ્વારા લેવામાં આવી રહેલા વ્યાપક પગલાં વિશે જણાવે છે

(એજન્સી) નવી દિલ્હી, તા.૧૯

પશ્ચિમ બંગાળ એક મહત્વપૂર્ણ વિધાનસભા ચૂંટણીની તૈયારી કરી રહ્યું છે, ત્યારે ચૂંટણી હિંસા અને મતદારોને ડરાવવાની ચિંતાઓ તેમજ SIR પ્રક્રિયા જાહેર ચર્ચામાં કેન્દ્રસ્થાને રહે છે. આ સંદર્ભમાં, મુખ્ય કેન્દ્રીય ચૂંટણી નિરીક્ષક તરીકે સેવા આપતા નિવૃત્ત IAS અધિકારી સુબ્રત ગુપ્તા, TNIEને સમગ્ર રાજ્યમાં મુક્ત અને નિષ્પક્ષ મતદાન સુનિશ્ચિત કરવા માટે ભારતીય ચૂંટણી પંચ (ECI) દ્વારા લેવામાં આવી રહેલા વ્યાપક પગલાં વિશે જણાવે છે. પશ્ચિમ બંગાળમાં મુક્ત, નિષ્પક્ષ અને નિર્ભય મતદાન સુનિશ્ચિત કરવા માટે ECએ ઘણી પહેલ કરી છે. રાજ્યમાં ચૂંટણી સંબંધિત હિંસાના ઈતિહાસથી કમિશન સંપૂર્ણપણે વાકેફ છે અને તે મુજબ ઘણા પગલાં રજૂ કર્યા છે. આમાં દરેક વિધાનસભા મતવિસ્તાર માટે એક જનરલ ઓબ્ઝર્વર, ત્રણ મતવિસ્તાર માટે એક પોલીસ ઓબ્ઝર્વર અને ચાર મતવિસ્તાર માટે એક ખર્ચ ઓબ્ઝર્વર નિયુક્ત કરવાનો સમાવેશ થાય છે. વધુમાં, મતદાન મથકોમાં CAPF કર્મચારીઓ તૈનાત કરવામાં આવશે, સાથે સાથે બૂથની અંદર અને બહાર વેબકાસ્ટિંગ પણ કરવામાં આવશે.

**મતદારો ભય વિના મતદાન કરી શકે તે માટે મુખ્ય પગલાં કયા છે ?**

નિરીક્ષક પ્રણાલી ઉપરાંત, ECએ લગભગ ૮૫,૦૦૦ મતદાન મથકોનું ૧૦૦% કવરેજ કરવાની યોજના બનાવી છે જેમાં દરેક પર CAPFનો ઓછામાં ઓછો અડધો ભાગ હશે. ક્વિક રિસ્પોન્સ ટીમો GPS-સક્ષમ વાહનોનો ઉપયોગ કરીને ૧૦-૧૧ મતદાન મથકોના ક્લસ્ટરોને આવરી લેશે. એક મુખ્ય બિન-



બળ પહેલ એ છે કે તમામ મતદાન મથકોમાંથી એક સાથે વેબકાસ્ટિંગ કરવામાં આવે, જેનું નિરીક્ષણ ત્રણ-સ્તરીય નિયંત્રણ રૂમ સિસ્ટમ દ્વારા માઈક્રો-ઓબ્ઝર્વર્સ દ્વારા કરવામાં આવે છે.

**બૂથ કેપ્ચરિંગ અટકાવવા માટે કયા પગલાં લેવામાં આવ્યા છે ?**

સતત દેખરેખ એક મજબૂત અવરોધક તરીકે કાર્ય કરશે. જો જરૂરી હોય તો રિપોલ પર નિર્ણય લેવા માટે ચકાસણી માટે તમામ વિડિયો ફૂટેજ સાચવવામાં આવશે. જ્યાં પણ ગેરરીતિ જોવા મળશે ત્યાં EC રિપોલનો આદેશ આપશે. ૧૯૫૧ના લોક પ્રતિનિધિત્વ અધિનિયમની કલમ ૧૩૫એ હેઠળ બૂથ કેપ્ચરિંગની વ્યાખ્યામાં મતદાન પરિસરની બહાર પણ મતદારોને ધાકધમકી આપવા અથવા અવરોધિત કરવાનો સમાવેશ કરવામાં આવ્યો છે.

**કેટલા મતદાન મથકો અત્યંત સંવેદનશીલ માનવામાં આવે છે ?**

વ્યવહારિક રીતે બધા મતદાન મથકોને સંવેદનશીલ ગણવામાં આવી રહ્યા છે, જેમાં CAPF તૈનાત અને સતત વીડિયો દેખરેખ રાખવામાં આવી રહી છે. ખાસ કરીને સંવેદનશીલ કિસ્સાઓમાં, વધારાના કેમેરા સ્થાપિત કરી શકાય છે. મોટાભાગના જિલ્લાઓમાં તાજેતરના વિકાસના આધારે જિલ્લા વહીવટીતંત્રે ૮,૦૦૦થી વધુ ‘અતિ સંવેદનશીલ’ મતદાન મથકો ઓળખી કાઢ્યા છે.

**મતદાર યાદી સુધારણામાં ચોક્કસ સમુદાયોને લક્ષ્ય બનાવવાના આરોપો અંગે તમારો પ્રતિભાવ શું છે ?** મતદાર યાદીમાં ધાર્મિક ઓળખ નોંધવામાં આવતી નથી, જેના કારણે આવા લક્ષ્યાંકને અશક્ય બનાવવામાં આવે છે. ડેટાની વિસંગતતાઓના આધારે નોટિસ જારી કરવામાં આવી છે. કેટલાક કિસ્સાઓમાં, સેંકડો મતદારો પણ એક વ્યક્તિ સાથે જોડાયેલા હતા. આ વ્યક્તિઓને તેમની ઓળખ ચકાસવા માટે દસ્તાવેજો પ્રદાન કરવા માટે કહેવામાં આવ્યું છે. હું પક્ષપાતના કોઈપણ આરોપોને સખત રીતે નકારું છું.

**ઘણા મતદારો લઘુમતી સમુદાયોમાંથી કેમ કાઢી નાખવામાં આવ્યા છે ?**

મારી પાસે આવા દાવાઓની પુષ્ટિ કરવા માટે ડેટા નથી. જ્યારે વ્યક્તિઓ દસ્તાવેજો સબમિટ કરવામાં નિષ્ફળ જાય છે અથવા જ્યારે વિસંગતતાઓ વણઉકેલાયેલી રહે છે ત્યારે કાઢી નાખવામાં આવે છે. આ પ્રક્રિયા ન્યાયિક અધિકારીઓ દ્વારા દેખરેખ રાખવામાં આવે છે, અને પક્ષપાતનો આરોપ લગાવવો ખોટો છે.

**અગાઉની ચૂંટણીઓમાં કાઢી નાખવામાં આવેલા મતદારોએ કેવી રીતે ભાગ લીધો હતો ?**

સુધારણા કવાયતનો હેતુ એવી મતદાર યાદીઓને સાફ કરવાનો છે જેમાં જૂની અથવા ખોટી એન્ટ્રીઓ હોઈ શકે છે, જેમાં મૃત અથવા સ્થળાંતરિત મતદારોનો સમાવેશ થાય છે. આવા કિસ્સાઓમાં, નકલ અગાઉ થઈ હોઈ શકે છે. વર્તમાન પ્રક્રિયા આવી વિસંગતતાઓને દૂર કરવાનો પ્રયાસ કરે છે.

# હત્યા કરાયેલા સર્વોચ્ચ નેતા અલી ખામેનેઈની દફનવિધિ હજુ બાકી : શું ઈરાની અધિકારીઓ અંતિમ સંસ્કાર કરતા ‘ડરે’ છે ?

(એજન્સી) તેહરાન, તા.૧૯

ઈરાનના સર્વોચ્ચ નેતા અલી ખામેનેઈના મૃત્યુના એક મહિનાથી વધુ સમય વીતી ગયો હોવા છતાં તેમની દફનવિધિ હજુ સુધી થઈ શકી નથી. ઈરાની સત્તાવાળાઓ વિશાળ જાહેર અંતિમ સંસ્કાર યોજવા સામે રહેલા સુરક્ષા જોખમોનું સતત મૂલ્યાંકન કરી રહ્યા છે, જેના કારણે આ વિલંબ થઈ રહ્યો હોવાનું માનવામાં આવે છે. ૮૬ વર્ષીય ખામેનેઈ ૨૮ ફેબ્રુઆરીના રોજ અમેરિકા અને ઈઝરાયેલના સંયુક્ત હવાઈ હુમલામાં માર્યા ગયા હતા, જે ઘટના બાદ આ પ્રદેશમાં મોટું સૈન્ય સંઘર્ષ ફાટી નીકળ્યું હતું. ઈરાન સરકારે શરૂઆતમાં ૪ માર્ચથી ત્રણ દિવસીય રાજ્ય કક્ષાની અંતિમવિધિનું આયોજન કર્યું હતું, પરંતુ ઈઝરાયેલ અને અમેરિકા દ્વારા કરવામાં આવેલા ભારે બોમ્બમારોને કારણે આ યોજના પડતી મૂકવી પડી હતી. અધિકારીઓએ અગાઉ દાવો કર્યો હતો કે, ‘અભૂતપૂર્વ જનમેદની’ ઉમટી પડવાની શક્યતાને કારણે વિલંબ થયો છે, પરંતુ અત્યાર સુધી નવી કોઈ તારીખ જાહેર કરવામાં આવી નથી. વર્ષ ૧૯૮૯માં ઈરાનના સ્થાપક આયાતુલ્લા ખોમેનીના અંતિમ સંસ્કારમાં લાખો લોકો ઉમટી પડ્યા હતા, પરંતુ ખામેનેઈના કિસ્સામાં પરિસ્થિતિ અત્યંત ગંભીર અને અલગ જોવા મળી રહી છે. નિષ્ણાતોના મતે, ઈરાન સરકાર હાલમાં આટલો મોટો સમારોહ યોજવાની સ્થિતિમાં નથી. ફાઉન્ડેશન ફોર ડિફેન્સ ઓફ ડેમોક્રેસીસના બેહનામ તાલેબ્લુએ જણાવ્યું હતું કે, ‘શાસન અત્યારે ખૂબ જ નબળું છે અને જોખમ લેતા ડરે છે.’ અધિકારીઓને ભય છે કે, જાહેર અંતિમ સંસ્કાર



દરમિયાન ઈઝરાયેલ ફરી હુમલો કરી શકે છે અથવા તો દેશમાં ચાલી રહેલા વિરોધ પ્રદર્શનો વચ્ચે રાષ્ટ્રવાદી જૂથો સરકાર વિરોધી રેલીઓ કાઢી શકે છે. વધુમાં ખામેનેઈના પુત્ર મોજતબા ખામેનેઈ જેમને ઉત્તરાધિકારી માનવામાં આવે છે, તેઓ પણ લાંબા સમયથી જાહેરમાં જોવા મળ્યા નથી. ઈરાનનું સરકારી મીડિયા સૂચવે છે કે, દફનવિધિ માટે ‘મશહાદ’ શહેર પર વિચાર કરવામાં આવી રહ્યો છે. આ શહેર તુર્કમેનિસ્તાન સરહદની નજીક છે અને ઈઝરાયેલથી ઘણું દૂર હોવાથી સુરક્ષિત માનવામાં આવે છે. મશહાદ ખામેનેઈનું વતન પણ છે અને ત્યાં શિયા સંપ્રદાયનું પવિત્ર સ્થળ ઈમામ રેઝા દરગાહ આવેલી છે. દરમિયાન, અમેરિકા અને ઈરાન વચ્ચે ૮ એપ્રિલે થયેલ કામચલાઉ યુદ્ધવિરામ આગામી બુધવારે સમાપ્ત થઈ રહ્યો છે, જેના કારણે અનિશ્ચિતતામાં વધુ વધારો થયો છે.

# વડોદરા બનશે 'ક્રિએટિવ સિટી ઓફ ડિઝાઈન,' વર્લ્ડ હેરિટેજ ડે નિમિત્તે 'DACH વડોદરા' પ્લેટફોર્મનો પ્રારંભ

## 'માય મોન્યુમેન્ટ, માય સ્ટોરી' કાર્યક્રમમાં વિદ્યાર્થીઓની સર્જનાત્મકતાનું અદ્‌ભુત પ્રદર્શન

(સંવાદદાતા દ્વારા)
વડોદરા, તા.૧૯

સંસ્કારી નગરી વડોદરાએ પોતાની ઐતિહાસિક ધરોહરને આધુનિકતાના રંગે રંગવા માટે એક નવી અને ક્રાંતિકારી પહેલ હાથ ધરી છે. આંતરરાષ્ટ્રીય સ્મારક અને સ્થળ દિવસ (વર્લ્ડ હેરિટેજ ડે)ના સુવર્ણ અવસરે વડોદરા મહાનગરપાલિકા દ્વારા હેરિટેજ ટ્રસ્ટ અને ઈન્દિરા ગાંધી નેશનલ સેન્ટર ફોર આર્ટ્સ, વડોદરા પ્રાદેશિક કેન્દ્રના સંયુક્ત ઉપક્રમે "DACH વડોદરા" નામના અત્યાધુનિક સહયોગી પ્લેટફોર્મનો ભવ્ય શુભારંભ કરવામાં આવ્યો છે.

ડિઝાઈન, કલા, સંસ્કૃતિ અને હેરિટેજને એક જ બિંદુ પર કેન્દ્રિત કરતું આ પ્લેટફોર્મ વડોદરાના સાંસ્કૃતિક વિકાસની દિશામાં એક સીમાચિહ્નરૂપ સાબિત થવાનું છે. આ પહેલનો પાયાનો હેતુ વડોદરાની સમૃદ્ધ અને વૈવિધ્યસભર ધરોહરને એક નવી દૃષ્ટિ અને આધુનિક પરિપ્રેક્ષ્યમાં રજૂ કરી, શહેરને વૈશ્વિક સ્તરે "ક્રિએટિવ સિટી ઓફ ડિઝાઈન" તરીકે એક નવી ઓળખ અપાવવાનો છે. વિવિધ નિષ્ણાતો, નાગરિકો અને સંસ્થાઓના સક્રિય સહયોગથી શહેરની વિરાસતને વધુ જીવંત, પ્રેરણાદાયી અને વર્તમાન સમય સાથે સુસંગત બનાવવાનો સંકલ્પ લેવામાં આવ્યો છે.

મ્યુનિસિપલ કમિશનર અરૂણ મહેશ બાબુએ કાર્યક્રમની રૂપરેખા આપતા જણાવ્યું હતું કે, વડોદરાની હેરિટેજને તેના મૂળભૂત વૈભવ સાથે પુનર્જીવિત કરી, તેને આધુનિક જીવનશૈલી સાથે સાંકળવામાં આવશે. આ સાથે જ ભવિષ્યમાં શહેરના પર્યટન વિકાસને વેગ મળે તે માટે સક્રિય આયોજન પણ કરવામાં આવ્યું છે.

આ કાર્યક્રમનું સૌથી મોટું આકર્ષણ "માય મોન્યુમેન્ટ, માય સ્ટોરી" (મારૂં સ્મારક, મારી વાર્તા) રહ્યું હતું. જેમાં વડોદરાની ૧૦ શાળાઓના ૧૫૦થી વધુ તેજસ્વી વિદ્યાર્થીઓએ ઉત્સાહભેર ભાગ લઈ પોતાની સર્જનાત્મકતાની છાપ છોડી હતી. વિદ્યાર્થીઓએ જિલ્લાના ૧૩ ઐતિહાસિક સ્મારકોનો ગહન અભ્યાસ કરીને, સ્થળ મુલાકાત દ્વારા તેનું નિરીક્ષણ કર્યું હતું. પોતાની કલ્પનાશક્તિને વાચા આપતા વિદ્યાર્થીઓએ ઐતિહાસિક સ્મારકોના સચોટ મોડલ્સ બનાવ્યા. કલાત્મક ચિત્રકલા દ્વારા ભૂતકાળને કાગળ પર જીવંત કર્યો. પોતાની લાગણીઓને કવિતા, નૃત્ય અને નાટ્યરૂપ પ્રસ્તુતિઓ દ્વારા રજૂ કરી.

આ ઐતિહાસિક કાર્યક્રમમાં વડોદરાના મ્યુનિસિપલ કમિશનર ઉપરાંત વાઈસ ચાન્સેલર પ્રોફેસર ભાણગે, સવાઈ માનસિંહ II ટ્રસ્ટ (જયપુર)ના ડાયરેક્ટર એજ્યુકેશન સંદીપ સેઠી, હેરિટેજ ટ્રસ્ટ બરોડાના પ્રેસિડેન્ટ સમીર ખેરા તેમજ વડોદરા મહાનગરપાલિકાના હેરિટેજ સેલના કર્મનિષ્ઠ કર્મચારીઓ ખાસ ઉપસ્થિત રહ્યા હતા. મહાનુભાવોએ વિદ્યાર્થીઓના પ્રદર્શનની રૂબરૂ મુલાકાત લઈ તેમની મહેનત અને કલાત્મક દૃષ્ટિને બિરદાવી હતી.

પૂર્વ કેબિનેટ મંત્રી ભૂપેન્દ્રસિંહ ચુડાસમાના અધ્યક્ષ સ્થાને

# કોઠારિયા ખાતે સમસ્ત ઝાલાવાડ રબારી સમાજના સમૂહ લગ્ન યોજાયા



સુરેન્દ્રનગર, તા.૧૯

તા.૧૫/૦૪/૨૦૨૬નાં રોજ કોઠારિયા (સુરેદ્રનગર) ખાતે પૂર્વ કેબિનેટ મંત્રી ભૂપેન્દ્રસિંહ ચુડાસમાનાં અધ્યક્ષ સ્થાને સમસ્ત ઝાલાવાડ રબારી સમાજના સમૂહ લગ્નનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમા ૪૫ નવદંપત્તિએ નવા જીવનની શરૂઆત કરી હતી. સમાજે દરેક દીકરીને રૂપિયા એક લાખનો કરીયાવર આપ્યો હતો.

આ કાર્યક્રમમાં કનીરામ બાપુ, જગતગૂરૂની પદવી પ્રાપ્ત કરી તે નિમિત્તે તેમનુ અને હાર્દિક ટીમાલીયા જિલ્લા ભાજપ પ્રમુખ બન્યા તેમનું ભવ્ય સન્માન કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમમાં સમાજના પ્રમુખ ઘનશ્યામભાઈ સાવધરીયા અને ઉપસ્થિત રબારી અને અન્ય સમાજના આગેવાનોએ નવદંપત્તિને આશીર્વાદ અને શુભકામનાઓ પાઠવી હતી.

# તમારા ઉમેદવારોને ઓળખો



**પાલનપુર** નગરપાલિકાના વોર્ડ નં.પાંચના કોંગ્રેસના ઉમેદવાર મહેફુજાબાનુ તોસીફભાઈ સિંધી (પરવેઝ) ધો.૧૨ પાસ છે. હાલ તેઓ સમાજ સેવા સાથે ગૃહિણી તરીકેની ફરજ અદા કરે છે. મહેફુજાબાનુ ૨૦૨૦માં કોંગ્રેસમાંથી ચૂંટણી લડી જંગી મતો મેળવી વિજેતા બન્યા હતા. તેઓ પોતાના કાર્યકાળ દરમ્યાન આરોગ્ય-શિક્ષણ-સરકારી કામોમાં અગ્રેસર રહી સમાજમાં લોકોને મદદરૂપ બન્યા હતા.

ચૂંટણી લડવા પાછળનો ઉદ્દેશ્યમાં જણાવ્યું કે ગરીબો માટે જે લાભ મળે તેવા કામો કરવા, ૬૦ વર્ષ ઉપરના વ્યક્તિ માટે તથા વિધવા પેન્શન કરાવી આપવા જેવા કામોને પ્રાધાન્ય આપીશ. જો હું ચૂંટાઈશ તો વોર્ડ નં.પના રોડ-રસ્તા-ગટર લાઈનો-પાણીના પ્રશ્નો સ્ટ્રીટ લાઈટના પ્રશ્નો તથા નગરપાલિકામાં થતા કામો કરાવવા અગ્રેસર રહીશ. ઉપરાંત સમાજમાં આરોગ્ય ક્ષેત્રે કામ કરી લોકોની સેવા કરવા પ્રયત્નશીલ રહીશ.



**પાલનપુર** નગરપાલિકાના વોર્ડ નં.પાંચના કોંગ્રેસના ઉમેદવાર સરફરાજ મહંમદહુસેન સિંધી આર્ટ્સમાં ગ્રેજ્યુએટ છે. તેઓ વર્ષ ૨૦૨૦થી ભારતીય રાષ્ટ્રીય કોંગ્રેસ પાર્ટીમાં કાર્યરત છે. ૨૦૨૨માં કોર્પોરેટર તરીકે ચૂંટાયા હતા. આરોગ્ય ક્ષેત્રે ૨૦૦૦થી વધારે આયુષ્યમાન કાર્ડ બનાવ્યા છે. તો મુસ્લિમ સમાજ એમ્બ્યુલન્સ તથા દફનવિધિ માટેની આખરી સફરની સેવા સમાજ માટે શરૂ કરી છે. ચૂંટણી લડવાના ઉદ્દેશ્ય અંગે જણાવ્યું કે મુસ્લિમ સમાજના દરેક જરૂરી કામમાં મદદરૂપ થવું તે છે. સમાજના કોઈપણ વ્યક્તિને જરૂર પડે તો હોસ્પિટલ-પોલીસ સ્ટેશન-કોર્ટના કામોમાં ખડે પગે રહે છે. ચૂંટાઈશ તો મુસ્લિમ સમાજના મૂળભૂત અધિકારોનું રક્ષણ કરીશ. મુસ્લિમ સમાજમાં શૈક્ષણિક જાગૃતિ લાવીશ. ઉપરાંત મુસ્લિમ સમાજ માટે સારી શાળાઓ, હોસ્પિટલ અને કોલેજ બનાવવાની નેમ છે.



**પાલનપુર** નગરપાલિકાના વોર્ડ નં.પાંચના કોંગ્રેસના ઉમેદવાર રૂકસારબાનુ ફજામિયા સિંધી ધો.૯ પાસ છે. તેઓ સામાજિક કાર્યકર તરીકે ઘણા સમયથી કાર્યરત છે. જેના પગલે વર્ષ ૨૦૨૧થી ૨૫ સુધી નગરપાલિકાના કોંગ્રેસના સભ્ય છેલ્લા ૨૫ વર્ષથી કોંગ્રેસ પાર્ટીમાં સક્રિય કાર્યકર છે. રૂકસાનાબાનુ મહિલાઓ સાથે રહીને મહિલાઓના લાભ માટે સતત પ્રયત્નશીલ - સરકારી લાભોને પ્રાધાન્ય આપી વિસ્તારના ઘર ઘર સુધી પહોંચાડવાની કામગીરી કરે છે. ચૂંટણી લડવા પાછળનો ઉદ્દેશ્ય અંગે જણાવ્યું કે સમાજને લગતા કાર્યો કરાવવા, વોર્ડના રોડ, રસ્તા, પાણી જેવી જરૂરિયાતો લોકો સુધી પહોંચે તે માટે સતત પ્રયત્નશીલ રહેશે. તેઓએ લોકોની વધુને વધુ સુવિધા અને સુખાકારી વધે તેવા કામો કરવાનો નિર્ધાર વ્યક્ત કર્યો છે. ઉપરાંત સમગ્ર વોર્ડની જનતા તથા સમાજના વિવિધ કામો કરાવી આપવા સતત પ્રયત્નશીલ રહીશું તેમ જણાવ્યું છે.



**પાલનપુર** નગરપાલિકાના વોર્ડ નં.પાંચના કોંગ્રેસના ઉમેદવાર અફજલખાન અત્તારમહંમદ નાગોરી (જાવેદભાઈ) બી.એ. એલ.એલ.બી. સુધીનો અભ્યાસ કર્યો છે. તેઓ વેપાર સાથે સંકળાયેલા છે. ૨૦૦૦થી ૨૦૧૧ સુધી પાલનપુર નગરપાલિકાના કોંગ્રેસના સભ્ય હતા. ફૂડ કમિટીના ચેરમેન તથા જુદી જુદી ૨૪ કમિટીના સભ્ય તરીકે કામગીરીનો અનુભવ ધરાવે છે. અફજલખાનનું રક્તદાન શિબિરમાં તેમજ લઘુમતી સમુદાયમાં રેશનકાર્ડ તથા આધારકાર્ડ કઢાવી આપવા મહત્ત્વનું યોગદાન છે. મેડિકલ અને શૈક્ષણિક ક્ષેત્રે પણ મહત્ત્વની કામગીરી કરી છે.

ચૂંટણી લડવા પાછળના ઉદ્દેશ્યમાં જણાવ્યું કે પાલનપુરમાં ખખડધજ જે રોડો છે તે તથા મુસ્લિમ વિસ્તારોમાં બિસ્માર રોડોના નવીનીકરણ કરાવવા, પાણીની સમસ્યાઓ દૂર કરવી, ભૂગર્ભ ગટર તથા નિયમિત સફાઈને મહત્ત્વમાં પ્રાથમિકતા આપી કામગીરી કરવી તે છે. ઉક્ત કામો કરવા કટિબદ્ધતા વ્યક્ત કરી છે. ઉપરાંત સમાજમાં શિક્ષણનો અભાવ દૂર કરી શૈક્ષણિક ક્ષેત્રે સમાજ આગળ આવે તેવા કાર્ય કરવાની ખાસ મહત્ત્વકાંક્ષા અફજલખાન નાગોરીએ વ્યક્ત કરી છે.



**પાલનપુર** નગરપાલિકાના વોર્ડ નં.૪ના ભાજપના ઉમેદવાર અરબ મહંમદનદીમે એમ.એ., બી.એડ. (અંગ્રેજી)નો અભ્યાસ કર્યો છે. તેઓ વ્યવસાયે શિક્ષક છે. છેલ્લા નવ વર્ષથી ભારતીય જનતા પાર્ટી જિલ્લા લઘુમતી મોરચામાં સક્રિય છે. ગત પેટા ચૂંટણીમાં વોર્ડ નં.૪માં પક્ષ તરફથી ઉમેદવારી કરેલ અને માત્ર ૪૯ મતોથી પરાજય થયો હતો. મહંમદનદીમ લઘુમતી વિસ્તારમાં ફ્રી મેડિકલ કેમ્પોનું આયોજન, સરકારી લાભો જેમ કે આયુષ્યમાન હેલ્થ કાર્ડ, પ્રધાનમંત્રી આવાસ યોજના, વૃદ્ધ સહાય, વિધવા પેન્શન સહિતના લાભો લોકો સુધી પહોંચે તેવા પ્રયત્નો કરે છે. કન્યા કેળવણી માટે વાલીઓમાં જાગૃતતા, વ્યસન મુક્તિ જાગૃતતા માટેના પ્રયાસો પણ કરે છે. ચૂંટણી લડવા પાછળના ઉદ્દેશ્યમાં જણાવ્યું કે વિસ્તારનો વિકાસ તેમજ લોકોને પ્રાથમિક સુવિધાઓ જેવી કે પીવાનું શુદ્ધ પાણી, પાકા રોડ-રસ્તા, સ્ટ્રીટ લાઈટ, ભૂગર્ભ ગટર વ્યવસ્થા, ચોમાસામાં ભરાતા પાણીની સમસ્યાનો કાયમી નિકાલ તેમજ નગર પાલિકાને લગતા અન્ય તમામ કામો કરવા વોર્ડ નં.૪માં ઉક્ત તમામ કામો અને સરકાર તરફથી મળતા લાભો વિસ્તારોના લોકોને મળે તેવી બાંહેધરી આપી છે. છેલ્લા ત્રીસ વર્ષથી વિસ્તારની હાલત બહુ જ કફોડી છે. આ વખતે અમારા ઉપર વિશ્વાસ મૂકી વિજયી બનાવશે તો તેને સુવિધાસભર બનાવવાનો સંકલ્પ કર્યો છે.



**અંકલેશ્વર** નગરપાલિકા વોર્ડ નં.૭ના ભારતીય રાષ્ટ્રીય કોંગ્રેસના ઉમેદવાર શરીફ કાનુગા ઉર્ફે બાબુભાઈએ બી.ફાર્મ. અને બી.બી.એ. સુધીનો અભ્યાસ કર્યો છે. તેઓ વર્ષ ૨૦૧૨થી રાજકરણમાં સક્રિય છે. ૨૦૧૫માં અંકલેશ્વર નગરપાલિકા ચૂંટણી લડી કોંગ્રેસમાંથી વોર્ડ નં.૯માં વિજેતા થયા હતા અને અંકલેશ્વર નગરપાલિકાના વિપક્ષના ઉપનેતા રહી ચૂક્યા છે. ૨૦૨૧માં પક્ષે અંકલેશ્વર હાંસોટ વિધાનસભા યુથ કોંગ્રેસના પ્રમુખ બનાવ્યા હતા. સમાજ સેવામાં છેવાડાના માનવીનો વિકાસ અને સમાતંર વિકાસ થાય તેમજ બંધારણીય હકનું રક્ષણ અને પાલન વ્યવસ્થિત રીતે કરવા માટેના ઉદ્દેશ્ય જણાવ્યો હતો. પ્રજાની આવશ્યક સેવાઓ ઉપલબ્ધ થાય તેવા પ્રયત્નો કરવાનો નિર્ધાર વ્યક્ત કર્યો હતો. શરીફ કાનુગાએ જણાવ્યું કે હું ચૂંટાઇશ તો નગરને લગતા ચોખ્ખું પાણી, સ્વચ્છ તેમજ સારા રસ્તાઓ મળે તેનું ધ્યાન રાખીશ. તેમજ નગરપાલિકાના નિષ્પક્ષ અને ન્યાયી વહીવટ થાય તેવી નજર રાખીશું. ઉપરાંત અંકલેશ્વર શહેરના ભ્રષ્ટાચાર પર અમારી નજર છે. અમે વ્યવસ્થિત રીતે મજબૂતાઈથી આ ભ્રષ્ટાચાર સામે લડત આપીશું.



**અંકલેશ્વર** નગરપાલિકા વોર્ડ નં.૭ના ભારતીય રાષ્ટ્રીય કોંગ્રેસના ઉમેદવાર હેમુબેન સ્પંદન પટેલે બી.એસ.સી. બીએડ. સુધીનો અભ્યાસ કર્યો છે. સમાજના વિવિધ વર્ગોના લોકોના કામો કરવા માટે રાજકારણમાં ૨૦૨૧થી જોડાયા છે. તેઓ મહિલા કોંગ્રેસના સક્રિય સભ્ય છે. યુવા કોંગ્રેસના ઉપપ્રમુખ અને સ્પંદન પટેલના પત્ની છે. નગરપાલિકા થકી લોકોની સુખાકારી સુધરે તેવા આશયથી ચૂંટણીમાં ઝંપલાવ્યું છે. હેમુબેને તમામ સોસાયટીમાં સ્વચ્છ રસ્તા અને લોકોને શુદ્ધ પાણી મળી રહે તેવો ઉદ્દેશ્ય ધરાવે છે. ચૂંટાયા બાદ સ્વચ્છતા પર અમારૂં ધ્યાન કેન્દ્રિત કરીશું અને લોકોની સમસ્યાનું નિરાકરણ લાવીશું તેવો નિર્ધાર વ્યક્ત કર્યો છે.



**પાટણ** નગરપાલિકાના વોર્ડ નં.૮ના કોંગ્રેસના ઉમેદવાર મો.ઉસ્માન નૂર મોહંમદભાઈ શેખ છેલ્લા ૪૦ વર્ષથી કોંગ્રેસના અદના સૈનિક તરીકે વિસ્તારના હિન્દુ મુસ્લિમના પ્રશ્નોને વાચા આપતા અને દરેક સમાજમાં સારી લોકચાહના ધરાવે છે. કોરોના કાળ હોય કે કુદરતી આફતો ઉસ્માનભાઈ શેખે હંમેશા વોર્ડ વિસ્તારના તમામ સમાજના લોકોને મદદરૂપ બની કોમી એકતાનું ઉત્તમ ઉદાહરણ પૂરૂં પાડ્યું છે ઉસ્માનભાઈ શેખે જણાવ્યું કે વોર્ડ નંબર ૮ના મતદારો મેં કરેલા કાર્યો ઉપર વિશ્વાસ રાખી મને વિજયી બનાવશે તો મારૂં આ સેવા કાર્ય બમણા વેગથી આગળ ધપાવીશ. વોર્ડના પ્રશ્નો ઉકેલી પ્રાથમિક સુવિધાના કામો ઝડપથી અને ગુણવત્તા યુક્ત બને તેવા પ્રયત્નો કરીશ. કાજીવાડાના નાકે નગરપાલિકા દ્વારા એકત્ર કરાતા કચરાના ઢગલાનો પ્રશ્ન ઉકેલી આ વિસ્તારના લોકોને દુર્ગંધથી મુક્તિ અપાવીશ એ ચૂંટાયા બાદ મારી પ્રાથમિકતા રહેશે. આમ માનવીય અભિગમ ધરાવતા ઉસ્માનભાઈ શેખ વોર્ડ નંબર ૮ના પ્રજાજનો માટે સેવા સમર્પણ અને ભાઈચારાનો પર્યાય બની રહેવા માંગે છે.



**અંકલેશ્વર** તાલુકા પંચાયતની ખરોડ બેઠકના કોંગ્રેસના ઉમેદવાર ઝેબુનબેન મહંમદજુબેર કાપડિયા ધો.૧૨ પાસ છે. ગુજરાત મહિલા આર્થિક વિકાસ નિગમ દ્વારા ભારત સરકાર પ્રોજેક્ટ આયોજિત મહિલા મંડળમાં કાર્યરત છે. તેઓ છેલ્લા ૪૦ વર્ષથી કોંગ્રેસ પક્ષમાં સક્રિય રહી લોકોની સેવામાં અગ્રેસર રહે છે. ધર્મ કે નાતજાતના ભેદભાવ વિના શક્તિ મંડળમાં ગામેગામ મહિલા મંડળો શરૂ કરાવ્યા છે. બહેનોને રોજગાર તાલીમ અપાવવા પ્રયત્નશીલ રહ્યા છે. ઝેબુનબેન કાપડિયાએ ચૂંટણી લડવા પાછળના ઉદ્દેશ્ય અંગે જણાવ્યું કે મહિલાઓ પગભર બને તથા મહિલાઓને જ્યાં પણ અન્યાય થતો હોય તો તેવા મામલામાં તેઓને ન્યાય અપાવવો તે મારો નિર્ધાર છે. જો હું ચૂંટાઈશ તો ગામના વિકાસ અને મહિલાઓને પગભર બનાવવા પ્રયત્ન કરવાની હું સંપૂર્ણ ખાતરી આપું છું. તમામ મારા મતદારો તથા ગામવાળાઓની સુખાકારી અને સુવિધા માટે પ્રયાસ કરીશ.



**અંકલેશ્વર** નગરપાલિકા વોર્ડ નં.૯ના કોંગ્રેસના ઉમેદવાર ખુશ્બુબેન સુનિલ વસાવાએ એમ.એ. બી.એડ. સુધીનો અભ્યાસ કર્યો છે. લોકસેવાની ખેવનાને પગલે પક્ષે ટિકિટ આપતા તો પહેલીવાર ઉમેદવારી કરી છે. ખુશ્બુબેને આદિવાસી વિસ્તારમાં સરકારી યોજનાઓનું અમલીકરણ અને યોગ્ય વિકાસ થાય તેવા ઉદ્દેશ્યથી ચૂંટણીમાં ઝંપલાવ્યું છે. જો હું ચૂંટાઈશ તો આદિવાસી વિસ્તારમાં ડ્રેનેજ, પાણી, અને રસ્તા જેવી પ્રાથમિક સુવિધા ઘરેઘર પહોંચાડીશું અને આદિવાસી વિસ્તારને વિકાસના પંથે લઈ જઈશું તેમ જણાવ્યું છે.



**અંકલેશ્વર** નગરપાલિકા વોર્ડ નં.૯ના કોંગ્રેસના ઉમેદવાર ભૂપેન્દ્ર મોહનલાલ જાની (ભોપાભાઈ) વેપાર સાથે સંકળાયેલા છે. તેઓએ બી.કોમ. સુધી અભ્યાસ કર્યો છે. આશરે ૫૦ વર્ષથી રાજકીય ક્ષેત્રે સક્રિય છે. અંકલેશ્વર નગરપાલિકાના પ્રમુખ પદે રહ્યા, નગરપાલિકા વિપક્ષના નેતા પદે રહ્યા છે. પ્લાનીંગ કમિટીના ચેરમેન, રિક્રિએશન અને કારોબારી કમિટીના ચેરમેન રહ્યા તથા યુવક કોંગ્રેસ અને કોંગ્રેસના પ્રમુખ પદે રહ્યા છે. શ્રવણ વિદ્યાલયમાં આજીવન ટ્રસ્ટી તરીકે, ફાર્મસી તેમજ સમાજ સેવાના તમામ ક્ષેત્રમાં કાર્યરત રહ્યા તેમજ અવિરતપણે સેવા કાર્યો કરતા રહ્યા છે. હાલની રાષ્ટ્રની તેમજ રાજ્યની સવિશેષ શહેરની પરિસ્થિતિ અત્યંત દયનિય છે અને ભ્રષ્ટાચાર તેમજ અન્ય રાજકીય, સામાજિક રીતે પ્રદૂષિત બનેલ સત્તાને સુધારવાના પ્રયત્નો, ખાસ તો મુળ આશય છે. દરેક સારી વિચારધારા ધરાવનાર અને તેઓ સામાજિક કાર્યોથી જોડાયેલ છે. નકારાત્મક પરિસ્થિતિ થશે તો તેને અટકાવવા સારૂં કામ કરીશ. શહેરીજનોની તમામ નાની મોટી સમસ્યાના પ્રશ્નોના નિરાકરણના મુદ્દે પ્રયત્નો હાથ ધરાશે.

શહેરી ડ્રેનેજ વ્યવસ્થા, પાણીની વ્યવસ્થા તેમજ વીજળી વિભાગને સુધારવાના પ્રયત્નો માટે કટિબદ્ધતા વ્યક્ત કરી છે. વેરામાં દરેક વર્ગને રાહત રહે તેવા પ્રયત્ન કરીશ.

# ડીસામાં જિલ્લા પ્રાથમિક શિક્ષણ સંઘની સાધારણ સભામાં હોબાળો

(સંવાદદાતા દ્વારા)
ડીસા, તા.૧૯

ડીસામાં ધી બનાસકાંઠા જિલ્લા પ્રાથમિક શિક્ષણ અને ગ્રાહક સહકારી મંડળીની ૬૬મી વાર્ષિક સાધારણ સભા ડીસાના રસાણા ખાતે યોજવામાં આવી હતી. આ સાધારણ સભામાં કેટલાક સભાસદો દ્વારા ૧૬ મુદ્દાઓની રજૂઆત કરવામાં આવી હતી તેને લઈને હોબાળો થવા પામ્યો હતો.

ધી બનાસકાંઠા જિલ્લા પ્રાથમિક શિક્ષકોની ધિરાણ અને ગ્રાહક સહકારી મંડળીની ૬૬મી વાર્ષિક સાધારણ સભાનું આયોજન સંઘના પ્રમુખ સંજય દવેના અધ્યક્ષ સ્થાને કરવામાં આવ્યું હતું. આ સાધારણ સભા મુદ્દાઓની ચર્ચા બાદ પૂર્ણ કરવામાં આવી હતી ત્યારે કેટલાક સભાસદો દ્વારા ૧૬ મુદ્દાઓને લઈને રજૂઆત કરી હતી જોકે સભા પૂર્ણ થઈ હોવાના કારણે આ મુદ્દા ઉપર ચર્ચા કરવામાં આવી ન હતી. અને પ્રમુખ રવાના થઈ ગયા હતા. જેથી કેટલાક સભાસદોએ હોબાળો મચાવ્યો હતો અને સભાસદ સુરક્ષા પટેલે જણાવ્યું હતું કે ૧૦ વર્ષ બાદ સાધારણ સભા બોલાવવામાં આવી છે એજન્ડા પ્રમાણે જવાબ આપ્યા નથી અને સ્ટેજ ઉપર એક જ જ્ઞાતિના લોકોને બેસાડવામાં આવ્યા હતા.આ સંઘમાં ડિટેક્ટરોનો પરિચય આપવામાં આવ્યો નથી આગામી સમયમાં અમે બીજી તારીખે જિલ્લા રજીસ્ટાર કચેરી ખાતે આવેદનપત્ર આપીશું.

આ બાબતે જિલ્લા સંઘના પ્રમુખ સંજય દવેએ જણાવ્યું હતું કે સાધારણ સભાનો સમય હતો એ પ્રમાણે શિક્ષકો આવી ગયા હતા અને એજન્ડા પ્રમાણે સભા પૂર્ણ કરી દેવામાં આવી હતી. સભાના સમાપન બાદ રજૂઆત કરવામાં આવી હતી. ૨૦૦૦ શિક્ષકોની વચ્ચે સાધારણ સભા યોજવામાં આવી હતી અને એજન્ડાની ચર્ચાઓ પણ કરવામાં આવી છે. અમારા વિરોધમાં જે પણ અરજી આપવામાં આવી હતી. તેના તમામ જવાબો પણ કરી દેવામાં આવ્યા છે. દર વર્ષે સાધારણ સભા ભરવામાં આવે છે એજન્ડા સાથેની સાધારણ સભા યોજાય છે. શિક્ષકોનો કોઈ વિરોધ નથી કેટલાક લોકોને પદ લેવા છે જેના કારણે શિક્ષકોને ગેરમાર્ગે દોરી રહ્યા છે.

ડીસા ઉત્તર પોલીસની ટીમનું સફળ ઓપરેશન

# ત્રણ વર્ષથી વાહન ચોરીના ગુનામાં નાસતો-ફરતો રાજસ્થાનનો આરોપી ઝડપાયો

(સંવાદદાતા દ્વારા)
ડીસા, તા.૧૯

બનાસકાંઠા રેન્જ આઈ.જી. પરીક્ષિતા રાઠોડ અને પોલીસ અધિક્ષક પ્રશાંત સુંબે દ્વારા જિલ્લાના નાસતા-ફરતા ગુનેગારોને જેલના સળિયા પાછળ ધકેલવા કડક સૂચના આપવામાં આવી હતી. આ સૂચનાના પગલે ડીસા વિભાગના નાયબ પોલીસ અધિક્ષક સી.એલ.સોલંકીના માર્ગદર્શન હેઠળ ડીસા શહેર ઉત્તર પોલીસ ઈન્સ્પેકટર એ.આર.ખત્રી અને તેમની વ્હીકલ સ્કોડની ટીમ તપાસમાં હતી. તપાસ દરમિયાન હ્યુમન સોર્સ અને ખાનગી બાતમીદારો પાસેથી મળેલી માહિતીના આધારે ડીસા શહેર ઉત્તર પોલીસ સ્ટેશનના વર્ષ ૨૦૨૩ના વાહન ચોરીના ગુના (પાર્ટ-એ-ગુ.ર.નં. ૦૩૭૬/૨૦૨૩, ઈ.પી.કો કલમ-૩૭૯, ૧૧૪)માં સંડોવાયેલ આરોપી મળી આવ્યો હતો. જે સ્વરૂપારામ ફુઆરામ (ફુસારામ) પુનિયા (જાટ), અરનીયાલી, પુનિયોકી ઢાણી, તા. ધોરીમન્ના, જી. બાલોત્રા (રાજસ્થાન) વિરૂદ્ધ બી.એન.એસ.એસ. કલમ-૭૨ મુજબ વોરંટ ઈશ્યુ થયેલું હતું. વ્હીકલ સ્કોડના માણસોએ ટેક્નિકલ સર્વેલન્સ અને બાતમીના આધારે તા.૧૬/૪/૨૦૨૬ના રોજ ધાનેરા મુકામેથી આરોપીને રાઉન્ડ અપ કર્યો હતો. આરોપીને ડીસા શહેર ઉત્તર પોલીસ સ્ટેશન લાવી તેની સામે કાયદેસરની આગળની કાર્યવાહી હાથ ધરવામાં આવી છે.

આ કામગીરીમાં ડીસા શહેર ઉત્તર પોલીસ સ્ટેશનના સ્ટાફ અને વ્હીકલ સ્કોડના સભ્યોએ મહત્વની ભૂમિકા ભજવી હતી.

પોલીસે બે આરોપીઓને ઝડપી પાડ્યા

# અમરેલી જિલ્લામાં કેબલ વાયર ચોરીના અનેક ગુનાઓનો ભેદ પોલીસે ઉકેલ્યો

(સંવાદદાતા દ્વારા)
અમરેલી, તા.૧૯



(તસવીર : માજીદખાન પઠાણ, અમરેલી)

અમરેલી જિલ્લામાં કેબલ વાયર ચોરીના અનેક ગુનાઓનો ભેદ ઉકેલાયો, બે આરોપી ઝડપાયા અમરેલી તાલુકા પોલીસ દ્વારા સીમ ચોરીના ગુનાઓ શોધવા માટે વિશેષ ડ્રાઈવ હાથ ધરવામાં આવી હતી. ટેક્નિકલ સર્વેલન્સ અને બાતમીના આધારે પોલીસે શંકાસ્પદ ઈસમોને ઝડપી પાડ્યા હતા. તપાસ દરમિયાન આરોપીઓએ ચક્કરગઢ ગામની સીમમાંથી અંદાજે ૧૫૦ ફૂટ કેબલ વાયર (કિંમત રૂા.૧૯,૦૦૦) તથા અન્ય સ્થળોએથી પણ વાયર ચોરીના ગુનાઓ આચર્યા હોવાની કબૂલાત કરી હતી.

અમરેલી પોલીસે હમીર ઉર્ફે સમીર ધનાભાઈ પરમાર (રહે. અમરેલી) સંજય પરમાર (રહે. અમરેલી)ને આ ચોરીમાં ઝડપી પાડ્યો હતા પોલીસે કબજે કરાયેલ મુદ્દામાલ આશરે ૫ કિલો કોપર કેબલ વાયર (કિંમત રૂા.૪,૫૦૦) આરોપીઓએ સ્વીકારેલા અન્ય ગુનાઓ : પોલીસ પૂછપરછ દરમિયાન આરોપીઓએ અમરેલી જિલ્લામાં અલગ-અલગ સ્થળોએ થયેલ અનેક ચોરીઓની કબૂલાત કરી છે, જેમાં મુખ્યત્વે - ચિતલ ગામની સીમમાંથી ૧૫૦ ફૂટ કેબલ વાયર (રૂા.૫,૦૦૦) દેવળીયા ગામની સીમમાંથી ૮૫૦ ફૂટ કેબલ વાયર (રૂા.૫૧,૫૦૦) ચક્કરગઢ ગામની સીમમાં વિવિધ સ્થળોએ વાયર ચોરી, બાબાપુર ગામ નજીક નદી કિનારે આવેલા ખેતરમાંથી વાયર ચોરી, મોટા આકડિયા ગામેથી લોખંડની ચોરી, લીલિયા તાલુકાના કાકસ તથા ભોરિંગડા ગામોમાંથી વાયર ચોરી, લાઠી તાલુકાના માલવિયા પીપરીયા ગામમાં સરકારી કેબલ વાયર ચોરી, વડિયા તાલુકાના કુકાવાવ કબૂલાત આપી હતી.

# ભારતના રાષ્ટ્રીય સુરક્ષા સલાહકાર સાથે અગ્રણી મુસ્લિમ પ્રતિનિધિ મંડળની મુલાકાત



ભારતના રાષ્ટ્રીય સુરક્ષા સલાહકાર અજિત ડોભાલે શનિવારે દેશના અગ્રણી મુસ્લિમ પ્રતિનિધિઓ સાથે મુલાકાત કરી હતી. નેતાઓ, ઉદ્યોગપતિઓ, શિક્ષણવિદો અને સામાજિક મહાનુભાવોની હાજરીમાં તેમને મળવાનો ખૂબ જ આનંદ થયો. નેતૃત્વ, પ્રગતિ અને રાષ્ટ્રનિર્માણ માટે સમર્પિત આવા શિષ્ટ મેળાવડામાં ભાગ લેવાનો ખૂબ જ લહાવો મળ્યો. એમ સુરતના અગ્રણી ઉદ્યોગપતિ ફારૂક પટેલ (ચેરમેન કેપી ગ્રુપ ઓફ કંપની)એ જણાવ્યું હતું. આ બેઠકમાં તેમની સાથે ઝફર સરેશવાલા, (શિક્ષણવિદ્ અને ઉદ્યોગપતિ), ઈનામુલ ઈરાકી (સીએમડી, જર્મન સ્ટીલ કંપની), ઈબરાર ઈરાકી, હાજી રાયમા (અગ્રણી બિઝનેસ હાઉસ, કચ્છ ગુજરાત), અલ્તાફ સાદીકોટ મહત્ત્વપૂર્ણ કાર્યકારી, દાઉદી બોહરા જમાત, જુનેદ શરીફ (સીએમડી, નિટોન વાલ્વસ લિમિટેડ), સમીના શેખ (સંવાદદાતા, ઝૂમ ટીવી), ભામલા સહેર (સામાજિક ઉદ્યોગસાહસિક), શ્રીમતી નઈમા (વીસી, એએમયુ), કૌસર જહાં (અધ્યક્ષ, હજ સમિતિ), ડો. ઝહીર કાઝી (પ્રમુખ, અંજુમન ઈસ્લામ), ડો. નિશાત હુસૈન (એઆઈએમએસ ગોલ્ડ મેડલિસ્ટ) વગેરે ઉપસ્થિત રહ્યા હતા.

# સુરત : ઉધનામાં ભાજપના ઉમેદવાર સામે સ્થાનિકોનો ઉગ્ર આક્રોશ

(સંવાદદાતા દ્વારા) સુરત, તા.૧૯

સુરત મહાનગરપાલિકાની ચૂંટણીના પડઘમ વાગી રહ્યા છે, ત્યારે શાસક પક્ષ ભાજપ માટે એન્ટી ઈક્મ્બન્સી ચિંતાનો વિષય બની રહી છે. કતારગામ અને અડાજણ બાદ હવે ઉધના વિસ્તારમાં પણ ભાજપના ઉમેદવારો સામે જનતાનો ભારે આક્રોશ જોવા મળ્યો છે. વોર્ડ નંબર ૨૮માં પ્રચાર કરવા નીકળેલા પૂર્વ કોર્પોરેટર વિનોદ પટેલ અને કાર્યકરો સાથે સ્થાનિકોની ઉગ્ર ઝપાઝપી થઈ હોવાની ઘટના સામે આવી છે. ઘટનાની વિગતો અનુસાર, વોર્ડ નંબર ૨૮ ના ભાજપના ઉમેદવારો અને પૂર્વ કોર્પોરેટર વિનોદ પટેલ પોતાની ટીમ સાથે ઉધનાના કૈલાસ નગર વિસ્તારમાં પ્રચાર માટે પહોંચ્યા હતા. આ દરમિયાન એક સ્થાનિક વ્યક્તિએ વીડિયો બનાવવાનું શરૂ કરી દીધું હતું અને જાહેરમાં આક્ષેપ કર્યો હતો કે, આ ચોર લોકો ફરીથી વોટની ભીખ માંગવા આવી ગયા છે. આ શબ્દો સાંભળતા જ પ્રચાર કરી રહેલા કાર્યકરો અને તે વ્યક્તિ વચ્ચે બોલાચાલી શરૂ થઈ હતી. સ્થાનિક રહેવાસીનો આક્ષેપ હતો કે, વિનોદ પટેલ જ્યારે કોર્પોરેટર હતા ત્યારે આ વિસ્તારની મુલાકાત લેતા નહોતા. વિસ્તારમાં લાંબા સમયથી પાણી ભરાવાની ગંભીર સમસ્યા છે. જે અંગે અનેકવાર રજૂઆતો કરવા છતાં કોઈ ઉકેલ આવ્યો નથી. જ્યારે ભાજપના કાર્યકરોએ બચાવમાં એવું કહ્યું કે, અહીં થઈ રહેલા ગેરકાયદે બાંધકામોને કારણે પાણી ભરાય છે, ત્યારે મામલો વધુ બિચક્યો હતો. બંને પક્ષો વચ્ચેની ચર્ચાઓ ઉગ્ર બોલાચાલી અને ગાળાગાળીમાં ફેરવાઈ હતી. આરોપ છે કે વાત વધી જતાં ભાજપના કાર્યકરો અને સ્થાનિક વ્યક્તિ વચ્ચે ઝપાઝપી થઈ હતી. હુમલાના આક્ષેપો બાદ વાતાવરણ તંગ બની જતાં અંતે પૂર્વ કોર્પોરેટર અને તેમની ટીમે ત્યાંથી રવાના થઈ જવું પડ્યું હતું. આ સમગ્ર ઘટનાનો વીડિયો સોશિયલ મીડિયામાં વાયરલ થતા રાજકીય આલમમાં ચર્ચા જાગી છે. કતારગામ બાદ હવે ઉધનામાં પણ ભાજપના ઉમેદવારોનો વિરોધ થવો એ સૂચવે છે કે આગામી ચૂંટણીમાં વિકાસના કામો અને સ્થાનિક પ્રશ્નો મુદ્દે જનતા કોઈ બાંધછોડ કરવાના મૂડમાં નથી.



ભરૂચ શહેરમાં કોંગ્રેસ પક્ષના ચૂંટણી પ્રચાર અર્થે અમદાવાદના પૂર્વ ધારાસભ્ય ગ્યાસુદ્દીન શેખ તથા ભરૂચ જિલ્લા કોંગ્રેસના પ્રવકતા નાઝુ ફડવાલા, ફારૂક શેખ સહિત મોટી સંખ્યામાં આગેવાનો પ્રચારમાં જોડાયા હતા તે તસવીરમાં નજરે પડે છે. (તસવીર : મુનીર શેખ, અંકલેશ્વર)

# સુરતમાં 'લેન્સકાર્ટ'ના કર્મચારીઓના કપાળે તિલક કરી રાષ્ટ્રીય બજરંગદળનો વિરોધ

(સંવાદદાતા દ્વારા) સુરત, તા.૧૯

લેન્સકાર્ટના સ્ટોરમાં કર્મચારીઓના ડ્રેસકોડની ગાઈડલાઈનને લઈ છેલ્લા કેટલાક સમયથી વિવાદ સર્જાયો છે. ત્યારે રવિવારે સુરતમાં રાષ્ટ્રીય બજરંગદળના કાર્યકર્તાઓ દ્વારા સરથાણા જકાતનાકા વિસ્તારમાં આવેલા લેન્સકાર્ટના સ્ટોર પર પહોંચી વિરોધ પ્રદર્શિત કરાયો. રાષ્ટ્રીય બજરંગદળના કાર્યકર્તાઓએ સ્ટોરના ગ્લાસ પર સ્વસ્તિક અને કર્મચારીઓના કપાળ પર તિલક કરી વિરોધ પ્રદર્શિત કર્યો હતો.

આ સમગ્ર વિવાદ ત્યારે શરૂ થયો જયારે લેન્સકાર્ડની 'એમ્પલોઈ ગ્રુમિંગ પોલિસી'નું એક ડોક્યુમેન્ટ સોશિયલ મીડિયા પર વાઈરલ થયું. જેમાં કર્મચારીઓને બિંદી અને તિલક જેવા ધાર્મિક પ્રતીકો પહેરવાથી રોકવામાં આવ્યા હતા. જો કે, આ વિવાદ વધુ વકરતા કંપની દ્વારા માફી માગી લેવામાં આવી છે અને નવી ગાઈડલાઈન પણ જાહેર કરી દેવામાં આવી છે.

# ગોળીબાર બાદ બે જહાજો પાછા ફરતાં ભારતીય ટેન્કર સુરક્ષિત રીતે હોર્મુઝ પાર કરી ગયું

## શિપિંગ કોર્પોરેશન ઓફ ઈન્ડિયા (SCI) ટેન્કર માર્ચની શરૂઆતથી સ્ટ્રેટ પાર કરનાર ૧૦મું ભારત-ધ્વજ ધરાવતું જહાજ

(એજન્સી) તા.૧૯

ભારતીય ધ્વજવંદિત ક્રૂડ ટેન્કર હોર્મુઝ સ્ટ્રેટમાંથી સુરક્ષિત રીતે પસાર થયું હતું, જ્યારે બે અન્ય જહાજોને ગોળીબારમાં આવ્યા બાદ પીછેહઠ કરવાની ફરજ પડી હતી, જેના કારણે ભારતે વેપારી શિપિંગ અંગે ઈરાન સમક્ષ સલામતીની ચિંતા વ્યક્ત કરી હતી. પશ્ચિમ એશિયામાં વિકાસ અંગે સરકાર દ્વારા જારી કરાયેલા અપડેટ મુજબ, ક્રૂડ ઓઈલ ટેક્કર દેશ ગરીમા, ૩૧ ભારતીય નાવિકો સાથે, ૧૮ એપ્રિલે વ્યૂહાત્મક જળમાર્ગ પાર કર્યો હતો અને ૨૨ એપ્રિલે મુંબઈ પહોંચવાની અપેક્ષા છે. શિપિંગ કોર્પોરેશન ઓફ ઈન્ડિયા (SCI) ટેન્કર માર્ચની શરૂઆતથી સ્ટ્રેટ પાર કરનાર ૧૦મું ભારત-ધ્વજવંદિત જહાજ છે. તેનાથી વિપરીત, ખૂબ જ મોટા ક્રૂડ કેરિયર સામનાર હેરાદ અને બલ્ક કેરિયર જગ અર્નવે છેલ્લા ૨૪ કલાકમાં સ્ટ્રેટમાંથી પસાર થતી વખતે ગોળીબારની ઘટનાની જાણ કરી હતી અને તેઓ પર્સિયન ગલ્ફ પરત ફર્યા હતા. મરીન ટ્રાફિક ડેટા દર્શાવે છે કે, ઓઈલ ટેન્કર દેશ વૈભવ અને દેશ વિભોર પણ ચોકપોઈન્ટ નજીક માર્ગ બદલી રહ્યા હતા, જેના કારણે પર્સિયન ગલ્ફમાં ભારત-ધ્વજવાળા જહાજોની સંખ્યા ૧૪ થઈ ગઈ. ભારતના વિદેશ સચિવે નવી દિલ્હીમાં ઈરાનના રાજદૂતને બોલાવીને આ ઘટના પર 'ઊંડી ચિંતા' વ્યક્ત કરી હતી અને વેપારી શિપિંગ અને નાવિકોની સલામતી સુનિશ્ચિત કરવાના મહત્વ પર ભાર મૂક્યો હતો. 'વિદેશ મંત્રાલય દ્વારા ગઈકાલે નવી દિલ્હીમાં ઈરાનના રાજદૂતને વિદેશ સચિવ સાથે મુલાકાત માટે બોલાવવામાં આવ્યા હતા. બેઠક દરમિયાન, વિદેશ સચિવે ગઈકાલે હોર્મુઝ સ્ટ્રેટમાં બે ભારતીય ધ્વજવાળા જહાજો પર ગોળીબારની ઘટના પર ભારતની ઊંડી ચિંતા વ્યક્ત કરી. તેમણે વેપારી જહાજો અને નાવિકોની સલામતીને ભારત જે મહત્ત્વ આપે છે તેની નોંધ લીધી,' અપડેટમાં જણાવાયું છે. વેપારી જહાજો પર ગોળીબારની આ ગંભીર ઘટના પર પોતાની ચિંતા વ્યક્ત કરતાં, 'વિદેશ સચિવે રાજદૂતને ઈરાનના અધિકારીઓને ભારતના વિચારો જણાવવા અને સ્ટ્રેટ પાર કરીને ભારત જતા જહાજોને સુવિધા આપવાની પ્રક્રિયા વહેલી તકે શરૂ કરવા વિનંતી કરી,' તેમાં કહેવામાં આવ્યું છે. રાજ્ય સંચાલિત SCI દેશ વૈભવ અને દેશ વિભોરની માલિકી ધરાવે છે, જ્યારે સનમાર હેરાલ્ડ સનમાર શિપિંગ દ્વારા સંચાલિત છે અને જગ અર્ણવ ગ્રેટ ઈસ્ટર્ન શિપિંગ કંપની દ્વારા સંચાલિત છે. યુનાઈટેડ કિંગડમ મેરીટાઈમ ટ્રેડ ઓપરેશન્સ અનુસાર, ઓમાનના ઉત્તરપૂર્વમાં લગભગ ૨૦ નોટિકલ માઈલ દૂર બે ઈરાની રિવોલ્યુશનરી ગાર્ડ કોર્પ્સ ગનબોટ્સ દ્વારા એક ટેક્કર પર ગોળીબાર કરવામાં આવ્યો હોવાની જાણ કરવામાં આવી હતી. આના કારણે ભારતીય જહાજો પાછા ફર્યા હશે.

# દિલ્હીમાં ઢોર લઈ જવા બદલ સંજય શર્માને મુસ્લિમ સમજી ઢોરમાર માર્યો

## પોલીસની હાજરીમાં હુમલો કરતો વીડિયો સામે આવ્યો; આ ઘટનાએ સુરક્ષા દળોની કાર્યવાહી પર ચર્ચા જગાવી છે

(એજન્સી) નવી દિલ્હી, તા.૧૯

દક્ષિણ પશ્ચિમ દિલ્હીના દ્વારકા ઉપનગરમાં એક ઘટનાએ ચિંતા વધારી દીધી છે, જેમાં એક વ્યક્તિ પર પશુ પરિવહનની શંકામાં વ્યક્તિઓના એક જૂથ દ્વારા કથિત રીતે માર મારવામાં આવ્યો હતો, આ હુમલાનો એક વીડિયો સોશિયલ મીડિયા પર વાયરલ થયો છે. મીડિયા અહેવાલો અનુસાર, સંજય શર્મા તરીકે ઓળખાતો પીડિત, જ્યારે બજરંગ દળ સાથે જોડાયેલા હોવાનું કહેવાતા એક જૂથ દ્વારા તેને અટકાવવામાં આવ્યો અને તેના પર હુમલો કરવામાં આવ્યો. હુમલાખોરોએ તેના પર ગેરકાયદેસર ઢોરની પ્રવૃત્તિમાં સંડોવણી હોવાની શંકા વ્યક્ત કરી હતી. પછી પરિસ્થિતિએ વળાંક લીધો જ્યારે પાછળથી એવું બહાર આવ્યું કે ભોગ બનનાર હિંદુ હતો, મુસ્લિમ નહીં, જેમ શરૂઆતમાં તેના પર હુમલો કરનારાઓએ ધાર્યું હતું. પ્રત્યક્ષદર્શીઓએ જણાવ્યું કે, આ ઘટના પોલીસ કર્મચારીઓની હાજરીમાં બની હતી. 'તેને બધાની સામે માર મારવામાં આવી રહ્યો હતો. પોલીસ ત્યાં હતી પરંતુ હુમલો હજુ પણ થયો,' એક રહેવાસીએ દાવો કર્યો. ઓનલાઈન વ્યાપકપણે શેર કરાયેલા એક વીડિયોમાં એક જૂથ તે વ્યક્તિને ઘેરી લે છે અને માર મારતો દેખાય છે, જ્યારે અન્ય લોકો નજીકમાં ઊભા છે. આ વીડિયોની સત્યતા સ્વતંત્ર રીતે ચકાસવામાં આવી નથી પરંતુ તેનાથી લોકોની



ચિંતામાં વધારો થયો છે. સંજય શર્માને બાદમાં પોલીસ દ્વારા લઈ જવામાં આવ્યો હતો. તાત્કાલિક સ્પષ્ટ નથી કે તેમને પૂછપરછ માટે અટકાયતમાં લેવામાં આવ્યા હતા કે તબીબી સહાય માટે લઈ જવામાં આવ્યા હતા. રહેવાસીઓએ જણાવ્યું હતું કે, આ કેસ અફવાઓ અને શંકા સાથે જોડાયેલા જોખમોને પ્રકાશિત કરે છે. 'લોકો તથ્યો તપાસ્યા વિના પ્રતિક્રિયા આપી રહ્યા છે. આ કોઈપણને જોખમમાં મૂકી શકે છે,' એક રહેવાસીએ જણાવ્યું હતું. બીજા રહેવાસીએ ઉમેર્યું હતું કે, 'જો કોઈ પ્રાણીનું પરિવહન કરી રહ્યું હોય, તો યોગ્ય ચકાસણી થવી જોઈએ. કાયદો પોતાના હાથમાં લેવો યોગ્ય નથી.' પોલીસે ઘટનાઓના ક્રમ પર વિગતવાર જાહેર નિવેદન જારી કર્યું નથી. જો કે, અધિકારીઓ વિડિઓ ફૂટેજ અને હાજર લોકોના નિવેદનોની તપાસ કરે તેવી અપેક્ષા છે. હુમલાખોરો સામે કોઈ કેસ નોંધવામાં આવ્યો છે કે કેમ તે સ્પષ્ટ નથી. આ ઘટનાએ ફરીથી વિવિધ રાજ્યોમાં અગાઉના કેસ તરફ ધ્યાન દોર્યું છે જ્યાં ગેરકાયદેસર પ્રવૃત્તિની શંકાના આધારે પશુઓનું પરિવહન કરતા વ્યક્તિઓને રોકવામાં આવ્યા હતા અને તેમના પર હુમલો કરવામાં આવ્યો હતો. આવા ઘણા કિસ્સાઓમાં અધિકારીઓએ પછીથી લોકોને અફવાઓ ફેલાવવાનું ટાળવા અને કાનૂની માધ્યમો દ્વારા ચિંતાઓની જાણ કરવા વિનંતી કરી છે. કેટલાક સામાજિક નિરીક્ષકો ભૂતકાળના અહેવાલોમાં થયેલા આક્ષેપો તરફ પણ ધ્યાન દોરે છે કે ક્યારેક તણાવ પેદા કરવા માટે પશુઓની આસપાસના વિવાદોનો ઉપયોગ કરવામાં આવે છે. જો કે, આવા દાવાઓ કેસ પ્રમાણે બદલાય છે અને તપાસની જરૂર પડે છે. કાનૂની નિષ્ણાતો કહે છે કે શંકાને ધ્યાનમાં લીધા વિના કોઈપણ હુમલો ફોજદારી ગુનો છે. 'ગેરકાયદેસર પ્રવૃત્તિ વિશે શંકા હોય તો પણ, યોગ્ય પગલું એ છે કે પોલીસને જાણ કરવી. હિંસાને વાજબી ઠેરવી શકાય નહીં,' દિલ્હી સ્થિત એક વકીલે જણાવ્યું. હાલ માટે, દ્વારકા કેસ તપાસ હેઠળ છે, જેમાં સ્પષ્ટ પોલીસ પ્રતિભાવની માંગ કરવામાં આવી રહી છે. રહેવાસીઓ કહે છે કે, વિશ્વાસ જાળવવા અને વધુ ઘટનાઓને રોકવા માટે ઝડપી અને ન્યાયી કાર્યવાહી મહત્વપૂર્ણ રહેશે. 'દરેક વ્યક્તિ સલામતી ઈચ્છે છે. કાયદો બધા માટે સમાન રીતે કામ કરે છે,' વિસ્તારના એક દુકાનદારે જણાવ્યું.

# મણિપુરમાં હિંસા ચાલુ હોવાથી મેઈતેઈ સંસ્થાએ ભાજપનો બહિષ્કાર કરવાની હાકલ કરી છે

## મેઈતેઈ મહિલા જૂથો અને નાગરિક સમાજ સંગઠનો દ્વારા આપવામાં આવેલા પાંચ દિવસના રાજ્યવ્યાપી બંધના એલાનને પગલે રવિવારથી ઈમ્ફાલ ખીણમાં સામાન્ય પ્રવૃત્તિઓ પ્રભાવિત થવાની સંભાવના છે

(એજન્સી) ગુવાહાટી, તા.૧૯

મણિપુરમાં હિંસા ચાલુ રહેતાં મણિપુર ઈન્ટિગ્રિટી પર પ્રભાવશાળી સંકલન સમિતિ (COCOMI)એ રવિવારે રાજ્યમાં શાસક ભાજપનો બહિષ્કાર કરવાની જાહેરાત કરી, જ્યારે વિવિધ જૂથો દ્વારા બંધના એલાનથી ઈમ્ફાલ ખીણ અને નાગા વિસ્તારોમાં સામાન્ય જનજીવન ખોરવાઈ જવાની ધમકી આપવામાં આવી. ઈમ્ફાલ ખીણ સ્થિત મેઈતેઈ નાગરિક સમાજ સંગઠનોના સમૂહ, COCOMIએ લોકોને ભાજપ અથવા તેના નેતાઓની કોઈપણ પ્રવૃત્તિમાં ભાગ ન લેવાની અપીલ કરી, જ્યારે તેમણે મુખ્યમંત્રી યુમનમ ખેમચંદ સિંહ પાસેથી તેમની સરકાર નાગરિકો પરના હુમલાઓને કેમ અટકાવી શકી નથી તે અંગે વિગતવાર નિવેદન માંગ્યું. 'આ એક સ્વ-શૈલીવાળી સરકાર છે, કારણ કે, તેઓ (સિંહ) રાજ્યના કોઈપણ સમુદાયના કોઈપણ નાગરિક સમાજ સંગઠન સાથે જોડાયેલા નથી. તેઓ જ્યાં પણ ગયા છે, તે ખૂબ જ વ્યક્તિગત લાગે છે. તેઓ 'નાર્કો-આતંકવાદીઓ' અને આતંકવાદીઓના મુખ્ય એજન્ડાને ભૂલી ગયા છે જે ફરતા હોય છે અને નિર્દોષ લોકોને મારી નાખે છે,' COCOMIના વરિષ્ઠ સભ્ય શાંતા નાહકપમે મીડિયાને સંબોધતા કહ્યું. તેમણે વધુમાં જણાવ્યું હતું કે, COCOMI અને રાજ્યના લોકોના મતે, ભાજપમાં દરેક વ્યક્તિ સ્વદેશી વસ્તી સામેના 'પ્રોક્સી યુદ્ધ' પર કેન્દ્ર સરકાર તરફથી પ્રતિભાવ મેળવવામાં નિષ્ફળ રહેવા માટે જવાબદાર છે. 'મુખ્યમંત્રી, વર્તમાન સરકાર અને પાછલી સરકાર પ્રોક્સી યુદ્ધ પર કોઈ જવાબ આપી શકી નથી. તેથી COCOMI અને મણિપુરના લોકો મણિપુરમાં ભાજપની કોઈપણ પ્રવૃત્તિનો બહિષ્કાર કરવાની જાહેરાત કરે છે. અમે દરેકને ભાજપ અથવા તેના કોઈપણ ચૂંટાયેલા સભ્યો અને નેતાઓની કોઈપણ પ્રકારની પ્રવૃત્તિમાં ભાગ ન લેવાની અપીલ કરીએ છીએ,' નાહકપમે કહ્યું. તાજેતરના દિવસોમાં ઈમ્ફાલ ખીણમાં કુકી આતંકવાદીઓ દ્વારા કથિત રીતે કરવામાં આવેલા બોમ્બ હુમલા સામે વ્યાપક વિરોધ પ્રદર્શનો થયા હતા, જેમાં એક પાંચ વર્ષનો છોકરો અને છ મહિનાની બાળકીનું મોત થયું હતું અને તેમની માતા ઘાયલ થઈ હતી. દરમિયાન, મેઈતેઈ મહિલા જૂથો અને નાગરિક સમાજ સંગઠનો દ્વારા આપવામાં આવેલા પાંચ દિવસના રાજ્યવ્યાપી બંધના એલાનને પગલે, રવિવારથી ઈમ્ફાલ ખીણમાં સામાન્ય પ્રવૃત્તિઓ પ્રભાવિત થવાની સંભાવના છે. તેમણે બોમ્બ હુમલામાં સંડોવાયેલા તમામ લોકોની ધરપકડ કરવા માટે અધિકારીઓને ૨૫ એપ્રિલની અંતિમ તારીખ નક્કી કરી છે. રાજ્યના ગૃહમંત્રી, ગોવિંદદાસ કોન્થુજમે, સંગઠનોને જાહેર કલ્યાણ અને રાજ્યના સામાન્ય કાર્યના હિતમાં બંધ પાછો ખેંચવા અપીલ કરી હતી. એક અલગ ઘટનામાં, મણિપુરના ટોચના નાગા સંગઠન, યુનાઈટેડ નાગા કાઉન્સિલ (UNC)એ શનિવારે બે નાગા વ્યક્તિઓની હત્યાના શોકમાં અને 'નિંદાની સામૂહિક અભિવ્યક્તિ' તરીકે ૨૦ એપ્રિલની મધ્યરાત્રિથી ૨૩ એપ્રિલની મધ્યરાત્રિ સુધી નાગા વિસ્તારોમાં ત્રણ દિવસના બંધની જાહેરાત કરી હતી. ઈમ્ફાલથી ઉખરૂલ જઈ રહી હતી ત્યારે શંકાસ્પદ સ્નાઈપર હુમલામાં એક નિવૃત્ત આર્મી જવાન સહિત બે પીડિતો માર્યા ગયા હતા. એક નિવેદનમાં યુએનસીએ જણાવ્યું હતું કે, ૨૩ એપ્રિલના રોજ નાગા જિલ્લા મુખ્યાલય અને ઈમ્ફાલમાં 'મૃત્યુ પામેલા આત્માઓનું સન્માન કરવા અને ગૌરવ સાથે શાંતિ પ્રત્યેની અમારી પ્રતિબદ્ધતાને પુનઃપુષ્ટ કરવા' મીણબત્તી પ્રગટાવીને ઉજવણી કરવામાં આવશે. 'ત્રણ દિવસના શોક દરમિયાન, મણિપુરના નાગાઓ નાગા રિવાજ મુજબ કુકીઓ સાથેના તમામ સામાજિક અને આર્થિક સંબંધોને સ્થગિત કરશે,' નિવેદનમાં કહેવામાં આવ્યું છે. કેટલાક નાગા સંગઠનોએ આરોપ લગાવ્યો હતો કે, 'કુકી સો' (કાર્યવાહી સસ્પેન્શન) બળવાખોરો હત્યાઓમાં સામેલ હતા. કુકી સંગઠનોએ આ આરોપને ફગાવી દીધો.

# લુઈસિયાનામાં એક થી ૧૪ વર્ષની વયના ૮ બાળકોની ગોળી મારીને હત્યા; શંકાસ્પદ વ્યક્તિ પણ માર્યો ગયો : પોલીસ

(એજન્સી) લુઈસિયાના, તા.૧૯

એસોસિએટેડ પ્રેસ અનુસાર, રવિવારે વહેલી સવારે યુએસ રાજ્ય લુઈસિયાનામાં ગોળીબારમાં એક વર્ષના બાળક સહિત આઠ બાળકો માર્યા ગયા હતા. આ ઘટના શ્રેવપોર્ટમાં સવારે ૬ વાગ્યાની આસપાસ (સ્થાનિક સમય) બની હતી, જેમાં કુલ ૧૦ લોકોને ગોળી વાગી હતી. પીડિતોની ઉંમર એકથી લગભગ ૧૪ વર્ષની હતી. અધિકારીઓએ જણાવ્યું હતું કે કેટલાક બાળકો શંકાસ્પદ બંદૂકધારી સાથે સંબંધિત હતા. અધિકારીઓ હજુ પણ મોટા અને જટિલ ગુનાના સ્થળ તરીકે વર્ણવેલ ઘટનાઓનો ક્રમ સ્થાપિત



અધિકારીઓ દ્વારા તેનો પીછો કરવામાં આવ્યો હતો, જેના કારણે પીછો કરવામાં આવ્યો હતો. બોસિયર સિટીમાં વાહનનો પીછો કર્યા પછી પોલીસે શંકાસ્પદ શૂટરને મારી નાખ્યો હતો, અધિકારીઓએ પુષ્ટિ આપી. 'અમે માનીએ છીએ કે તે એકમાત્ર વ્યક્તિ હતો જેણે અહીં આ સ્થળોએ ગોળીબાર કર્યો હતો,' બોર્ડેલોને કહ્યું. લ્યુઈસિયાના રાજ્ય પોલીસના જણાવ્યા અનુસાર, કાયદા અમલીકરણ અધિકારીઓ સાથે પીછો કરવા અથવા ગોળીબાર દરમિયાન કોઈ અધિકારી ઘાયલ થયા નથી. સ્થાનિક અધિકારીઓની વિનંતી પર રાજ્ય પોલીસે તપાસ સંભાળી લીધી છે. અધિકારીઓ

**પીડિતોની ઉંમર એકથી લગભગ ૧૪ વર્ષની હતી, અધિકારીઓએ જણાવ્યું હતું કે કેટલાક બાળકો શંકાસ્પદ બંદૂકધારી સાથે સંબંધિત હતા, અધિકારીઓ હજુ પણ મોટા અને જટિલ ગુનાના સ્થળ તરીકે વર્ણવેલ ઘટનાઓનો ક્રમ સ્થાપિત કરવા માટે કામ કરી રહ્યા છે**

કરવા માટે કામ કરી રહ્યા છે. શ્રેવપોર્ટ પોલીસ વડા વેન સ્મિથે જણાવ્યું હતું કે, ગોળીબાર ઘરેલુ અશાંતિને કારણે થયો હતો. ગુનાના સ્થળમાં ત્રણ અલગ અલગ સ્થળોએ ફેલાવો થયો હતો, જેનાથી તપાસનું પ્રમાણ વધ્યું હતું. 'આ એક વિશાળ દ્રશ્ય છે જે આપણામાંથી મોટાભાગના લોકોએ ક્યારેય જોયું નથી,' સ્મિથે કહ્યું. પોલીસ પ્રવક્તાએ પણ આ વાતની પુષ્ટિ કરી. તમારી પાસે ત્રણ અલગ અલગ દ્રશ્યો છે, ગોળીબાર અહીંના રસ્તાની નીચે, વેસ્ટ ૭૯મા બ્લોકના ૩૦૦મા બ્લોકમાં થયો હતો,' પોલીસ પ્રવક્તા ક્રિસ્ટોફર બોર્ડેલોને કહ્યું. 'હેરિસન સ્ટ્રીટ પર આ સંબંધિત બીજી ગોળીબાર પણ છે અને પછી વેસ્ટ ૭૯ પર એક બાજુનું નિવાસસ્થાન છે જ્યાં ગોળીબાર પછી એક પીડિત ભાગી ગયો હતો.'

**પીછો કર્યા પછી શંકાસ્પદ વ્યક્તિનું મોત**

પોલીસ પ્રવક્તા બોર્ડેલોને જણાવ્યું હતું કે ઘટના પછી તરત જ શંકાસ્પદ વ્યક્તિ ઘટનાસ્થળેથી ભાગી ગયો હતો, તેણે વેસ્ટ ૭૯મા સ્ટ્રીટ અને લિનવુડના આંતરછેદ પાસે કારજેકિંગ કર્યું હતું અને ત્યારબાદ શ્રેવપોર્ટ પોલીસ પેટ્રોલ ફોટા, વિડિઓઝ અથવા માહિતી ધરાવતા કોઈપણ વ્યક્તિને આગળ આવવા માટે કહી રહ્યા છે. પોલીસે જણાવ્યું હતું કે, તપાસ સક્રિય હોવાથી તેઓ ઘટના વિશે વિગતો એકત્રિત કરવાનું ચાલુ રાખી રહ્યા છે, જેમાં હેતુનો પણ સમાવેશ થાય છે. 'આ એક દુઃખદ પરિસ્થિતિ છે – કદાચ આપણે અત્યાર સુધીની સૌથી ખરાબ દુઃખદ પરિસ્થિતિ અનુભવી છે,' લગભગ ૧,૮૦,૦૦૦ રહેવાસીઓ ધરાવતા ઉત્તરપશ્ચિમ લ્યુઈસિયાના શહેરના મેયર ટોમ આર્સેનોક્સે જણાવ્યું હતું. 'આ એક ભયંકર સવાર છે.'

# વસ્તી ગણતરી પોર્ટલ પર અરૂણાચલપ્રદેશના પાસીઘાટનું ચીની નામ કેમ દેખાયું ? એક અધિકારીનો ખુલાસો

## જો ચીન અરૂણાચલપ્રદેશમાં સ્થળોના નામ બદલી રહ્યું છે, તો ભારતના વસ્તી ગણતરી પોર્ટલ પર ચીની નામો કેવી રીતે દેખાયા ? જ્યારે એક નિવૃત્ત લશ્કરી અધિકારીએ આ મુદ્દો ઉઠાવ્યો ત્યારે અધિકારીએ શું કહ્યું ?

(એજન્સી) તા.૧૯

જો અરૂણાચલપ્રદેશ આપણું અને આપણા દેશનું વસ્તી ગણતરી છે, તો ચીન દ્વારા સોંપાયેલ નામ તેના પોર્ટલ પર કેવી રીતે દેખાયું? 'સરકારી પોર્ટલ પણ આપણી જમીન સોંપી રહ્યા છે !' ઓછામાં ઓછું તે એક નિવૃત્ત ભારતીય વાયુસેના અધિકારીની પ્રતિક્રિયા છે. આ નિવૃત્ત અધિકારીએ ચાલુ રાષ્ટ્રવ્યાપી વસ્તી ગણતરીના સ્વ-ગણતરીના પોર્ટલ પર આ મોટી ભૂલ જોઈ. નિવૃત્ત અધિકારી મોહન્તો પેંગનિંગ પાઓએ X પર જણાવ્યું હતું કે, અરૂણાચલપ્રદેશનું સૌથી જૂનું શહેર, પાસીઘાટ, ભૂલથી ચીનના મેડોગ શહેર તરીકે દર્શાવવામાં આવી રહ્યું હતું. તેમણે વસ્તી ગણતરી ભારત ૨૦૨૭, વડાપ્રધાન કાર્યાલય અને અરૂણાચલપ્રદેશના મુખ્યપ્રધાન કાર્યાલયને ટેગ કરીને આ મુદ્દાને ઉજાગર કર્યો. ધ હિન્દુ અનુસાર વસ્તી ગણતરી અધિકારીઓએ પાછળથી જણાવ્યું કે, સમસ્યા તાત્કાલિક ઉકેલાઈ ગઈ છે. પાસીઘાટના રહેવાસી નિવૃત્ત ગ્રુપ કેપ્ટન મોહંતો પેંગિંગ પાઓએ શનિવારે X પર એક પોસ્ટમાં આ મુદ્દા પર પ્રકાશ પાડ્યો. તેમણે સમજાવ્યું કે જ્યારે તેમણે વસ્તી ગણતરી પોર્ટલ પર પોતાની માહિતી દાખલ કરવાનો પ્રયાસ કર્યો, ત્યારે પાસીઘાટનું સ્થાન 'મેડોગ, પાસીઘાટ' તરીકે દર્શાવવામાં આવ્યું. મેડોગ વાસ્તવમાં ભારત-ચીન વાસ્તવિક નિયંત્રણ રેખા (LAC)ની પેલે પાર ચીની ક્ષેત્રમાં સ્થિત એક શહેર છે. પાસીઘાટ અરૂણાચલપ્રદેશના પૂર્વ સિયાંગ જિલ્લામાં સ્થિત છે અને અરૂણાચલપ્રદેશનું સૌથી જૂનું શહેર છે. પૂર્વ ગ્રુપ કેપ્ટન પાઓએ લખ્યું, 'સ્વ-ગણતરી દરમિયાન, પાસીઘાટને 'મેડોગ' તરીકે દર્શાવવામાં આવ્યું છે ! મેડોગ એક ચીની શહેર છે. સરકારી પોર્ટલ પણ વર્ચ્યુઅલ રીતે આપણો પ્રદેશ ચીનને સોંપી રહ્યા છે ! તાત્કાલિક હસ્તક્ષેપની જરૂર છે !' ધ હિન્દુના વિજયતા સિંહે અધિકારીઓ સાથેની વાતચીતના આધારે આ અંગે અહેવાલ આપ્યો. પાઓએ પાછળથી અંગ્રેજી અખબારને જણાવ્યું કે, બીજી વખત લોગ ઈન કરતી વખતે તેમને ભૂલ જણાય છે. તેમણે કહ્યું, 'ચીન આપણા વિસ્તારોના નામ બદલી રહ્યું છે.' હું મારો મોબાઈલ કે લેપટોપ ખોલું કે તરત જ, સ્થાન મેડોગ અથવા નિંગચી બતાવે છે, જે ચીની સ્થાનો છે. આ એક ખૂબ જ સંવેદનશીલ મુદ્દો છે. ખોટું નામ જોયા પછી હું મારી સ્વ-ગણતરી પૂર્ણ કરી શક્યો નહીં. નિવૃત્ત વાયુસેના અધિકારીએ વધુમાં કહ્યું કે, સરકારે ગુગલને પસંદ કર્યું, જેના સીઈઓ ભારતીય મૂળના છે. છતાં, ગૂગલ મેપ્સ હંમેશા અરૂણાચલપ્રદેશના વિસ્તારોને વિવાદાસ્પદ રીતે બતાવે છે, વર્ચ્યુઅલ રીતે આ વિસ્તાર ચીનને સોંપી દે છે.

ભારતના રજિસ્ટ્રાર જનરલ અને સેન્સસ કમિશનરે X પર પોસ્ટ કરીને જણાવ્યું હતું કે, સમસ્યાનું નિરાકરણ થઈ ગયું છે. તેમણે લખ્યું, 'પૂર્વ સિયાંગ જિલ્લાના પાસીઘાટમાં આજે સ્વ-ગણતરી દરમિયાન નકશા સ્થાનનો મુદ્દો સામે આવ્યો હતો. આ નકશા સેવા પ્રદાતા સાથે ઉઠાવવામાં આવ્યો હતો અને હવે તેનો ઉકેલ આવી ગયો છે.' ભારત સરકારે અરૂણાચલપ્રદેશમાં સ્થળોના નામ બદલવાના ચીનના પ્રયાસોને વારંવાર નકારી કાઢ્યા છે. આ વર્ષે ૧૨મી એપ્રિલે, વિદેશ મંત્રાલય (MEA)એ પુનરોચ્ચાર કર્યો કે ભારતીય પ્રદેશોના નામ બદલવાના ચીનના પ્રયાસો નિરર્થક છે. વિદેશ મંત્રાલયે જણાવ્યું હતું કે, 'અરૂણાચલપ્રદેશ સહિત આ સ્થળો અને પ્રદેશો ભારતનો અભિન્ન અને અવિભાજ્ય ભાગ હતા, છે અને હંમેશા રહેશે.' ચીન ૨૦૧૭થી અરૂણાચલપ્રદેશ પર પોતાનો દાવો કરવા માટે વારંવાર નામ બદલવાનો પ્રયાસ કરી રહ્યું છે. તે અરૂણાચલપ્રદેશને ઝાંગનાન અથવા દક્ષિણ તિબેટ કહે છે. આ નકશા આક્રમકતાનું એક સ્વરૂપ છે, ચીનનું નાગરિક બાબતોનું મંત્રાલય સમયાંતરે યાદીઓ જાહેર કરે છે. ભારતે આ પ્રયાસોને બનાવટી, તોફાની અથવા નિરર્થક ગણાવીને સતત ફગાવી દીધા છે, એમ કહીને કે નામ બદલવાથી વાસ્તવિકતા બદલાતી નથી. અરૂણાચલપ્રદેશ ભારતનો અભિન્ન ભાગ છે.

**નામ બદલવાના પ્રયાસો ક્યારે કરવામાં આવ્યા હતા ?**

**એપ્રિલ ૨૦૧૭ :** છ સ્થળોના નામ બદલવામાં આવ્યા હતા. આ દલાઈ લામાની તવાંગની મુલાકાત પછી આવ્યું હતું. નામ બદલવામાં પર્વતો, નદીઓ અને અન્ય નામોનો સમાવેશ થતો હતો.

**ડિસેમ્બર ૨૦૨૧ :** ૧૫ સ્થળોના નામ બદલવામાં આવ્યા હતા. આ ચીનના નવા ભૂમિ સરહદ કાયદા અમલમાં આવ્યા તે પહેલાં જ જારી કરવામાં આવ્યું હતું.

**એપ્રિલ ૨૦૨૩ :** ૧૧ સ્થળોના નામ બદલવામાં આવ્યા હતા. આમાં ઈટાનગર નજીકનું એક શહેર પણ સામેલ હતું. નામોમાં પર્વત શિખરો, નદીઓ, રહેણાંક વિસ્તારો વગેરેનો સમાવેશ થતો હતો.

**માર્ચ-એપ્રિલ ૨૦૨૪ :** ૩૦ સ્થળોના નામ બદલવામાં આવ્યા. આમાં ૧૧ રહેણાંક વિસ્તારો, ૧૨ પર્વતો, ૪ નદીઓ વગેરેનો સમાવેશ થતો હતો. પીએમ મોદીએ સેલા ટનલનું ઉદ્‌ઘાટન કર્યા પછી આ નામ આપવામાં આવ્યું.

**મે ૨૦૨૫ :** ૨૭ સ્થળોના નામ બદલવામાં આવ્યા. આમાં ૧૫ પર્વતો, ૫ રહેણાંક વિસ્તારો, ૪ ઘાટ, ૨ નદીઓ અને ૧ તળાવનો સમાવેશ થાય છે.

**એપ્રિલ ૨૦૨૬ :** તાજેતરમાં, ૨૩ સ્થળોના નામ બદલવામાં આવ્યા, જેમાં પર્વતો, નદીઓ, શહેરો અને ઘાટનો સમાવેશ થાય છે. ભારતે તરત જ આને કાલ્પનિક અને તોફાની પ્રયાસ તરીકે ફગાવી દીધો. ૨૦૨૭ની વસ્તી ગણતરી દેશની પ્રથમ સંપૂર્ણ ડિજિટલ વસ્તી ગણતરી છે. તેમાં પહેલી વાર સ્વ-ગણતરીની સુવિધા છે. જાતિ ગણતરી પણ હાથ ધરવામાં આવી રહી છે. કાગળના નકશાને બદલે ડિજિટલ લેઆઉટ નકશાનો ઉપયોગ કરવામાં આવી રહ્યો છે. ઘરયાદીની યાદી ૧ એપ્રિલ, ૨૦૨૬ના રોજ શરૂ થઈ હતી અને ૩૦ સપ્ટેમ્બર, ૨૦૨૬ સુધી ચાલુ રહેશે. દરેક ઘરયાદી બ્લોકમાં આશરે ૭૦૦-૮૦૦ લોકો આવરી લેવામાં આવશે. જેઓ પોતાની માહિતી દાખલ કરવા માંગે છે તેઓએ પોર્ટલ પર ડિજિટલ નકશા પર તેમના ઘરનું સ્થાન ચિહ્નિત કરવું આવશ્યક છે. આ સુવિધા ૧૬ એપ્રિલે અરુણાચલ પ્રદેશમાં શરૂ થઈ હતી. દેશભરમાં વસ્તી ગણતરી ચાલી રહી છે અને અધિકારીઓ કહે છે કે, નાની ટેક્નિકલ સમસ્યાઓ ઝડપથી ઉકેલાઈ રહી છે.

# ચૂંટણી માર્ગદર્શિકાનું ઉલ્લંઘન કરતી ૧૧,૦૦૦ સોશિયલ મીડિયા પોસ્ટ ૧૫ માર્ચથી દૂર કરવામાં આવી છે : ECI

(એજન્સી) નવી દિલ્હી, તા.૧૯

ભારતીય ચૂંટણી પંચ (ECI) અનુસાર, ૧૫ માર્ચથી ૧૧,૦૦૦થી વધુ સોશિયલ મીડિયા પોસ્ટ ચૂંટણી માર્ગદર્શિકાનું ઉલ્લંઘન કરતી હોવાનું જાણવા મળ્યું છે અને તેના પર કાર્યવાહી કરવામાં આવી છે. વધુમાં C-Vigil એપ દ્વારા ૩,૧૦,૩૯૩ ફરિયાદોનું નિરાકરણ કરવામાં આવ્યું હતું, જેનાથી ૧૦૦ મિનિટમાં ૯૬.૦૧% રિઝોલ્યુશન રેટ પ્રાપ્ત પહોંચાડતી અથવા સંભવિત રીતે ખલેલ પહોંચાડતી, અથવા ખોટી વાર્તાઓ ફેલાવતી સામગ્રી પર નજીકથી નજર રાખવામાં આવી રહી છે. આસામ, કેરળ, પશ્ચિમ બંગાળ, તમિલનાડુ અને પુડુચેરીમાં રાજ્ય IT નોડલ અધિકારીઓ દ્વારા IT કાયદાની જોગવાઈઓ હેઠળ કાર્યવાહી કરવામાં આવી રહી છે. હાલના નિયમોનું પુનરાવર્તન કરતા ECIએ ભારપૂર્વક જણાવ્યું હતું કે, સિન્થેટિક પ્રચાર સામગ્રી

**પંચે એ પણ નોંધ્યું છે કે, નાગરિકો, રાજકીય પક્ષો અને ઉમેદવારો ECINET પર ઉપલબ્ધ C-Vigil મોડ્યુલ દ્વારા MCC ઉલ્લંઘનની જાણ કરી શકે છે**

થયો હતો. ECIએ શનિવારે પાંચ રાજ્યો અને એક કેન્દ્રશાસિત પ્રદેશમાં ૨૦૨૬ની વિધાનસભા ચૂંટણી દરમિયાન સોશિયલ મીડિયા અને AI-જનરેટેડ સામગ્રીને નિયંત્રિત કરતા કાનૂની ધોરણોનું કડક પાલન કરવાની જરૂરિયાત પર ભાર મૂક્યો હતો. તેણે નિર્દેશ આપ્યો હતો કે, કોઈપણ ગેરકાયદેસર સામગ્રી ત્રણ કલાકની અંદર દૂર કરવી આવશ્યક છે. એક સત્તાવાર નિવેદનમાં ECIએ જણાવ્યું હતું કે, રાજકીય પક્ષો, ઉમેદવારો અને પ્રચાર પ્રતિનિધિઓએ કોઈપણ AI-જનરેટેડ અથવા ડિજિટલી બદલાયેલ પ્રચાર સામગ્રીને 'AI-જનરેટેડ,' 'ડિજિટલી એન્હાન્સ્ડ' અથવા 'સિન્થેટિક સામગ્રી' તરીકે સ્પષ્ટપણે લેબલ કરવી જોઈએ. પારદર્શિતા સુનિશ્ચિત કરવા અને મતદારોનો વિશ્વાસ જાળવી રાખવા માટે તેઓએ મૂળ સ્ત્રોત પણ જાહેર કરવો જોઈએ. કમિશને ઉમેર્યું હતું કે, આદર્શ આચાર સંહિતા (MCC)નું ઉલ્લંઘન કરતી, કાયદો અને વ્યવસ્થાને ખલેલ મતદાન પહેલાં ૪૮ કલાકના મૌન સમયગાળાનું પાલન કરે છે. તેમાં જનપ્રતિનિધિત્વ અધિનિયમ, ૧૯૫૧ની કલમ ૧૨૬નો ઉલ્લેખ કરવામાં આવ્યો છે, જે આ સમયગાળા દરમિયાન ટેલિવિઝન, રેડિયો, પ્રિન્ટ અને સોશિયલ મીડિયા સહિત તમામ મીડિયા પ્લેટફોર્મ પર ચૂંટણી સંબંધિત સામગ્રીના પ્રદર્શનને પ્રતિબંધિત કરે છે. કમિશને એ પણ નોંધ્યું છે કે, નાગરિકો, રાજકીય પક્ષો અને ઉમેદવારો ECINET પર ઉપલબ્ધ C-Vigil મોડ્યુલ દ્વારા MCC ઉલ્લંઘનની જાણ કરી શકે છે. ૧૫ માર્ચે ચૂંટણી સમયપત્રકની જાહેરાત થયા પછીથી આસામ, કેરળ, પશ્ચિમ બંગાળ, તમિલનાડુ અને પુડુચેરીમાં MCC અમલમાં છે. આસામ, કેરળ અને પુડુચેરીમાં મતદાન ૯ એપ્રિલે યોજાયું હતું. તમિલનાડુમાં ૨૩ એપ્રિલે મતદાન થશે, જ્યારે પશ્ચિમ બંગાળમાં ૨૩ અને ૨૯ એપ્રિલે મતદાન થશે. બધા પ્રદેશોની મતગણતરી ૪ મેના રોજ યોજાશે.

શહેરમાં તંગદિલી બાદ સ્થિતિ સંપૂર્ણપણે નિયંત્રણમાં હોવાનો તંત્રનો દાવો

# ધંધુકામાં તોફાનના મામલે SITની કરાઈ રચના : હત્યા કરનાર બે આરોપી ઝડપાયા

## ૧૨૫થી વધુ લોકોનાં ટોળા સામે ગુનો દાખલ : કડક બંદોબસ્ત જારી

(સંવાદદાતા દ્વારા)

અમદાવાદ, તા.૧૯

ધંધુકા ખાતે બાઈક ઓવરટેક કરવાના મામલે યુવાનની થયેલી હત્યા અને ત્યારબાદ શહેરમાં ફેલાયેલી અશાંતિના મામલે પોલીસ હવે સંપૂર્ણ એક્શન મોડમાં આવી ગઈ છે. પોલીસે હત્યાના બંને મુખ્ય આરોપીને ઝડપી પાડ્યા છે, આ સાથે જ સમગ્ર મામલાની ઊંડાણપૂર્વક તપાસ માટે સ્પેશિયલ ઈન્વેસ્ટિગેશન ટીમ(SIT)ની રચના કરી તેમને તપાસ સોંપવામાં આવી છે.

મામલાની ગંભીરતાને જોતા આઈજી દ્વારા DySPની અધ્યક્ષતામાં એક વિશેષ તપાસ ટીમ (SIT)ની રચના કરવામાં આવી છે. આ સીટની ટીમમાં પ્રકાશ પ્રજાપતિ - DySP, રઘુ કરમટીયા - PI, કરણ વિહોલ - PI તથા એસ.એચ. ઝાલા - PSI નો સમાવેશ થાય છે. આ ટીમ હત્યાના મૂળ સુધી પહોંચવા અને પુરાવા એકત્રિત કરવા માટે દિવસ-રાત તપાસ કરશે. પોલીસે હત્યાના કેસમાં સંડોવાયેલા બે મુખ્ય આરોપીની ધરપકડ કરી લીધી છે અને તેમને કાયદાકીય પ્રક્રિયા હેઠળ જેલના સળિયા પાછળ ધકેલી દેવામાં આવ્યા છે.

હત્યાની ઘટના બાદ ઉશ્કેરાયેલા ટોળા દ્વારા કરવામાં આવેલી આગજની અને તોડફોડને પોલીસે ગંભીરતાથી લીધી છે. આ અંગે પોલીસે ૧૨૫થી વધુ અજાણ્યા લોકોના ટોળા સામે અલગથી ગુનો દાખલ કર્યો છે. સીસીટીવી ફૂટેજ અને અન્ય પુરાવાઓના આધારે તોડફોડ કરનારાઓની ઓળખ કરવામાં આવી રહી છે અને તેમની સામે પણ કડક કાયદેસરની કાર્યવાહી કરવામાં આવશે. અમદાવાદ જિલ્લા પોલીસ અધિક્ષક ઓમ પ્રકાશ જાટે સ્પષ્ટતા કરી છે કે, આ હત્યા પાછળ કોઈ સામાજિક કે કોમી કારણ નથી, પરંતુ માત્ર બે વ્યક્તિ વચ્ચે બાઈક ઓવરટેક કરવાના મુદ્દે થયેલી માથાકૂટ છે. તેમણે જણાવ્યું હતું કે, બંને પક્ષ વચ્ચે માત્ર અંગત માથાકૂટ હતી. સ્થિતિ હાલ સંપૂર્ણપણે નિયંત્રણમાં છે અને જનજીવન સામાન્ય બની ગયું છે. પોલીસ દ્વારા શહેરમાં કડક બંદોબસ્ત ગોઠવી દેવામાં આવ્યો છે અને સંવેદનશીલ વિસ્તારોમાં પેટ્રોલિંગ વધારી દેવામાં આવ્યું છે. મૃતકના ભાઈ ગોવિંદભાઈએ જણાવ્યું હતું કે, મારા ભાઈને ન્યાય મળે અને આરોપીઓને કડક સજા મળે એ જ અમારી માગ છે. અમારા સમાજના યુવાનોને બે-ત્રણ વર્ષે ટાર્ગેટ કરવામાં આવે છે. જો કે આ કેસમાં પોલીસ દ્વારા ખૂબ સહયોગ મળી રહ્યો છે માટે તમામ લોકો શાંતિ રાખે એવી અપીલ કરૂં છું. ગજાનંદ ફૂડના માલિક સવજીભાઈ પ્રજાપતિએ જણાવ્યું કે, દુકાનમાં કાલે કેટલાક લોકો આવ્યા અને બાજુમાં ટાયરની દુકાનના ટાયર સળગાવ્યા હતા. હું બેંકમાંથી ૮૦ હજાર રૂપિયા કરીયાણા માટે લાવ્યો હતો. તેને દુકાનમાં મૂક્યા હતા. ટોળા એ જે આગ લગાવી તેમાં મારા રૂપિયા બળી ગયા અને બધો સામાન પણ બળી ગયો, મારે લાખો રૂપિયાનું નુકશાન થયું છે. પોલીસ તંત્ર દ્વારા નાગરિકોને અફવાઓ પર ધ્યાન ન આપવા અને શાંતિ જાળવી રાખવા માટે અપીલ કરવામાં આવી છે. પોલીસનું કહેવું છે કે, ગુનામાં સામેલ કોઈપણ વ્યક્તિને છોડવામાં આવશે નહીં. હાલમાં ધંધુકા શહેરમાં શાંતિનો માહોલ છે અને પોલીસ સતત દેખરેખ રાખી રહી છે.

અત્રે ઉલ્લેખનીય છે કે ધંધુકામાં બે વ્યક્તિ વચ્ચે બાઈક ઓવરટેક કરવા મુદ્દે ઉગ્ર બોલાચાલી થઈ હતી. આ માથાકૂટ જોતજોતામાં હિંસક ઝપાઝપીમાં ફેરવાઈ ગઈ હતી. સંઘર્ષ દરમિયાન એક વ્યક્તિને હાડકામાં ફ્રેક્ચર થયું હતું, જ્યારે સામા પક્ષે તીક્ષ્ણ હથિયાર (છરી) વડે પગના ભાગે ગંભીર ઘા ઝીંક્યા હતા. વધુ પડતું લોહી વહી જવાને કારણે ઘાયલ યુવાનનું કરૂણ મોત નીપજ્યું હતું.

મુસાફરોની સંખ્યા સામે ટ્રેનોની અછતને લીધે રેલવે સ્ટેશન પર ભીડ અને અફરાતફરી

# સુરતમાં ઉધના રેલવે સ્ટેશન પર મુસાફરોનું કીડિયારૂં : ભીડને કાબૂમાં લેવા પોલીસનો લાઠીચાર્જ

## પાણીની લૂંટ : મુસાફરો ૧૬ કલાકથી ભૂખ્યા-તરસ્યા બે કિ.મી.થી વધુ લાંબી લાઈનમાં ઊભા રહેવા મજબૂર



(સંવાદદાતા દ્વારા)

સુરત, તા.૧૯

ઉનાળાના વેકેશન, લગ્નની સિઝન અને કારખાનાઓમાં પણ રજા જાહેર થતા જ સુરતમાં વસતા પરપ્રાંતિઓએ વતનની વાટ પકડી છે. જો કે મુસાફરોની સંખ્યા સામે ટ્રેનોની અછતને કારણે વધુ એકવાર સુરતના ઉધના રેલવે સ્ટેશન પર ભીડ અને અફરાતફરી મચી ગઈ છે. લાંબા સમયથી આ સમસ્યાનો ઉકેલ લાવવામાં રેલવે તંત્ર નિષ્ફળ રહ્યું છે. મુસાફરો ૧૬ કલાકથી ભૂખ્યા-તરસ્યા ૨ કિલોમીટરથી વધુ લાંબી લાઈનોમાં ઊભા રહેવા મજબૂર બન્યા હતા. ભીડ એટલી હદે વધી ગઈ કે કાબૂમાં લેવામાં પોલીસે લાઠીચાર્જ કરવો પડ્યો હતો.

આ દરમિયાન કેટલીક મહિલાઓ સાથે બાળકો હતા અને સ્થિતિ વણસતા તેઓ રડવા લાગ્યા હતા. ૮૦૦૦થી વધુ મુસાફરોની સામે માત્ર બે ટ્રેનની સુવિધા ઉપલબ્ધ હોવાથી આ સ્થિતિ સર્જાઈ હતી. અસહ્ય ગરમી અને ગૂંગળામણને કારણે લાઈનમાં ઊભેલા બે મુસાફર બેભાન થઈ ગયા હતા. તંત્ર દ્વારા પૂરતી વ્યવસ્થા ન હોવાને કારણે મુસાફરોમાં આક્રોશ ફાટી નીકળ્યો હતો.

પીવાના પાણીની તીવ્ર અછત વચ્ચે જ્યારે પાણીની વ્યવસ્થા કરવામાં આવી, ત્યારે લોકો એકબીજાના હાથમાંથી પાણીની બોટલો લૂંટતા હોય તેવા ભયાનક દ્રશ્યો સામે આવ્યા હતા. આ ભીડમાં એક હૃદયદ્રાવક કિસ્સો પણ જોવા મળ્યો હતો, જેમાં એક યુવક પોતાની પત્નીની અસ્થિઓ હાથમાં લઈ કલાકો સુધી ટ્રેનમાં ચઢવા માટે આમતેમ રઝળતો રહ્યો હતો. હાલમાં પણ રેલવે સ્ટેશન પર મુસાફરોનું કીડિયારૂં ઉભરાયું હોય તેવી સ્થિતિ છે. રેલવે ઓફિસર શ્રવણકુમાર મેઘવાલે જણાવ્યું કે ભીડને જોતા અમે પ્રી-પ્લાનિંગ કર્યું છે અને ચાર-પાંચ એક્સ્ટ્રા અનરિઝર્વ્ડ ટ્રેનો ચલાવી છે. રાત્રે ૧:૩૦ વાગ્યે એક ટ્રેન ૪૦૦૦ મુસાફરોને લઈને રવાના થઈ હતી. ત્યારબાદ સવારે પણ અંત્યોદય અને તાપ્તી ગંગા જેવી ટ્રેનો દ્વારા હજારો મુસાફરોને મોકલવામાં આવ્યા છે. ૬ ટ્રેનોની માગ સામે ૬ ટ્રેનો દોડાવવામાં આવી હોવાનો દાવો રેલવે કરી રહ્યું છે, પરંતુ ગ્રાઉન્ડ પરની ભીડ આ દાવાઓને પોકળ સાબિત કરે છે. અત્રે ઉલ્લેખનીય છે કે સુરતમાં અત્યારે અંગ દઝાડતી ૪૦ ડિગ્રી ગરમી પડી રહી છે. આવી કાળઝાળ ગરમીમાં મુસાફરો ૧૪થી ૧૬ કલાક સુધી ખુલ્લા આકાશ નીચે લાઈનમાં ઊભા રહે છે. સૌથી ગંભીર બાબત એ છે કે લાઈનમાં ઊભેલા નાના બાળકો અને વૃદ્ધો માટે પીવાના પાણી કે શૌચાલયની કોઈ વ્યવસ્થા નથી. જો કોઈ મુસાફર લાઈન છોડીને પાણી પીવા જાય, તો તેનો ક્રમ જતો રહે છે અને લાઈનમાં ફરી પાછળ જવું પડે છે, જેના કારણે લોકો તરસ્યા-તરસ્યા લાઈનમાં જ જકડાઈ રહે છે.

રાજકોટમાં નારાજ અઢી લાખ રઘુવંશી લોકો ઉમેદવારીમાં સ્થાન ન મળતા રોષે ભરાયા

# રઘુવંશી સમાજ ભાજપ સામે મેદાનમાં આવ્યો ચૂંટણીમાં 'NOTA'નું શસ્ત્ર ઉગામવા નિર્ણય

## સમાજની પત્રિકા વાંચી ભાજપને મત ન આપવાના તમામે સોગંધ લીધા

(સંવાદદાતા દ્વારા)

અમદાવાદ, તા.૧૯

રાજ્યમાં સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણીના પ્રચાર પડઘમ જોરશોરથી જારી છે અને મતદાનને હવે ગણતરીના દિવસો જ બાકી છે, ત્યારે રઘુવંશી સમાજ ટિકિટ ફાળવણીમાં થયેલા અન્યાય મુદ્દે ભાજપ સામે મેદાને પડ્યો છે. 'રઘુવંશી યુવા શક્તિ સંઘ'ના નેજા હેઠળ યોજાયેલી એક સભામાં આક્ષેપ કરાયો હતો કે, રાજકોટમાં પશ્ચિમ વિધાનસભાના ધારાસભ્ય ડૉ. દર્શિતાબેન શાહે પોતાના અંગત સ્વાર્થ માટે વોર્ડ નંબર ૧, ૨ અને ૩માં રઘુવંશી સમાજના મુરતિયાઓની ટિકિટ કાપી છે. સભામાં 'ડૉ. દર્શિતાબેન શાહ હાય હાય', 'જ્યાં રઘુવંશી ઉમેદવાર નથી, ત્યાં અમારો વોટ NOTAને' અને 'ટિકિટ અમારી કાપી, ભૂલ તમે મોટી કરી' જેવા સૂત્રો લખેલા પ્લે કાર્ડ્સ સાથે ઉગ્ર વિરોધ પ્રદર્શિત કરવામાં આવ્યો હતો. સમાજના અગ્રણીઓએ ચીમકી આપી હતી કે જો આ અન્યાય ચાલુ રહેશે, તો ૨૦૨૭ની વિધાનસભા ચૂંટણીમાં ગુજરાતના ૪૦ લાખ રઘુવંશીઓ ભાજપ વિરુદ્ધ મતદાન કરી નવો ઈતિહાસ રચશે. અંતમાં, ઉપસ્થિત લોકોએ રઘુવંશી સમાજની શપથ પત્રિકા વાંચી ભાજપને મત ન આપવાના સોગંદ લીધા હતા. રઘુવંશી યુવા શક્તિ સંઘના ગુજરાત પ્રદેશ અધ્યક્ષ કે. ડી. રઘુવંશીએ જણાવ્યું હતું કે, સ્થાનિક ચૂંટણીમાં ટિકિટ ફાળવણીમાં સમાજની ઘોર ઉપેક્ષા કરવામાં આવી છે. આ અન્યાય વિરૂદ્ધ જ 'રઘુવંશી સ્વાભિમાન સંમેલન'નું આયોજન કરાયુંછે. સમાજની તમામ સંસ્થાઓ અને વડીલોએ એકસૂરે નિર્ણય લીધો છે કે આ વખતે અમે ભારતીય જનતા પાર્ટીને મતદાન નહીં કરીએ. તેમણે કહ્યું કે શહેરમાં અઢીથી ત્રણ લાખની વસ્તી હોવા છતાં અમારી છ ટિકિટની માંગ સામે માત્ર ત્રણ મહિલાને જ ટિકિટ અપાઈ છે. વધુમાં તેમણે ધારાસભ્ય ડૉ. દર્શિતાબેન શાહ સામે રોષ ઠાલવતા કહ્યું કે, રઘુવંશી સમાજનો ગઢ ગણાતા વિસ્તારોમાંથી જાણી જોઈને ટિકિટો કાપવામાં આવી છે. તેમણે ધારાસભ્યને સીધી ચેતવણી આપતા કહ્યું કે, તમારા અહંકારના કિલ્લાને અમે ધૂળમાં મેળવી દઈશું. આ ગઢ અમારો છે અને અમે ગમે ત્યારે તેને જીતી લઈશું. આજે રઘુવંશી સમાજ જાગ્યો છે. પક્ષને પાછા વળવાનો સમય નહીં મળે. ગુજરાત પ્રભારી કુલદીપ રઘુવંશીએ ગીતાના શ્લોકને ટાંકીને જણાવ્યું કે, હક્ક માટે લડવું અનિવાર્ય છે. તેમણે સવાલ ઉઠાવ્યો હતો કે શું માત્ર ત્રણ મહિલા ઉમેદવારો અઢી લાખની રઘુવંશી વસ્તીનું પ્રતિનિધિત્વ કરી શકે? ત્યારબાદ સૌએ એક થઈને અન્યાય સામે લડત આપવા અને જાગૃતિપૂર્વક મતદાન કરવાની હાકલ કરી હતી. આ સાથે તમામે રઘુવંશી સમાજની પત્રિકા વાંચી શપથ પણ લીધા હતા. જેમાં રાજકોટ મહાનગરપાલિકાની ચૂંટણીમાં જે પણ પક્ષનો રઘુવંશી ઉમેદવાર હશે, માત્ર તેને જ મત આપવા તેથી જે વોર્ડમાં રઘુવંશી સમાજની અવગણના કરીને ટિકિટ આપવામાં નથી આવી ત્યાં કોઈપણ પક્ષના લોભ-લાલચમાં આવ્યા વગર 'નોટા' (NOTA)માં મતદાન કરાશે. ઉપરાંત રઘુવંશીઓની ટિકિટ કાપનારા દર્શિતાબહેન શાહ જેવા નેતાઓનું અભિમાન મતાધિકારથી ચકનાચૂર કરવાના શપથ લીધા હતા.

સંખેડાના ભાજપના MLA તડવીએ પિત્તો ગુમાવ્યો; 'ધારાસભ્ય છું બેસી જા'

# ભાજપના ધારાસભ્ય મતદાર પર બગડ્યા, તો સામેથી સંભળાવી દીધું કે મત મફતમાં ન મળે

## આયુષ્યમાન કાર્ડ અંગે પ્રશ્ન કરનાર મતદારે કહી દીધું, 'લાભ મળશે તો જ મત મળશે'

(સંવાદદાતા દ્વારા)

ગાંધીનગર,તા.૧૯

રાજ્યમાં સ્થાનિક સ્વરાજ્ય સંસ્થાઓની ચૂંટણીનો માહોલ બરોબર જામી રહ્યો છે ત્યારે ચૂંટણીના માહોલ વચ્ચે નેતાઓ જનતાના રોષનો ભોગ બની રહ્યા હોવાની ઘટનાઓ વધી રહી છે. સંખેડાના ભાજપના ધારાસભ્ય અભેસિંહ તડવીનો એક વીડિયો સોશિયલ મીડિયા પર જોરદાર વાયરલ થઈ રહ્યો છે, જેમાં તેઓ એક મતદાર સાથે ઉગ્ર દલીલો કરતા અને પિત્તો ગુમાવતા નજરે પડે છે. આયુષ્માન કાર્ડના લાભ મેળવવા બાબતે સર્જાયેલી આ માથાકૂટે રાજકીય ગરમાવો લાવી દીધો છે. મળતી માહિતી મુજબ, ધારાસભ્ય અભેસિંહ તડવી એક વિસ્તારમાં સભા યોજવા ગયા હતા. આ દરમિયાન એક જાગૃત મતદારે આયુષ્માન કાર્ડના લાભ મેળવવામાં પડતી મુશ્કેલીઓ અંગે સવાલ ઉઠાવ્યો હતો. મતદારનો આક્ષેપ હતો કે કાર્ડ માટે જરૂરી કાગળિયા માંગવામાં આવે છે અને હેરાન કરવામાં આવે છે, જેના કારણે ગરીબ લોકોને લાભ મળતો નથી. મતદારના સવાલોથી ધારાસભ્ય ઉશ્કેરાઈ ગયા હતા અને જાહેરમાં જ પિત્તો ગુમાવ્યો હતો. તેમણે મતદારને ધમકાવતા લહેજામાં કહ્યું કે, "હું ધારાસભ્ય છું, બેસી જા!" વધુમાં તેમણે ઉમેર્યું હતું કે, "કાગળ તો આપવા જ પડે, એના વગર લાભ ન મળે." ધારાસભ્યનો આ અંદાજ જોઈને ત્યાં હાજર લોકોમાં પણ ગણગણાટ શરૂ થઈ ગયો હતો. ધારાસભ્યના આકરા વલણ સામે મતદારે પણ નમતું ન જોખ્યું અને રોકડિયો જવાબ આપતા કહ્યું કે, "જો લાભ મળશે તો જ મત મળશે, બાકી એમ ને એમ મત પણ નહીં મળે." જનતા અને પ્રતિનિધિ વચ્ચેની આ સીધી તકરારનો વીડિયો કોઈએ મોબાઈલમાં કેદ કરી લીધો હતો જે હવે જોરશોરથી વાયરલ થઈ રહ્યો છે. ભાજપના ધારાસભ્યો સહિતના હોદ્દેદારો-નેતાઓને આ વખતે ચૂંટણીમાં વિરોધનો સામનો કરવો પડી રહ્યો છે.

# PSI કેડરની ૮૫૮ જગ્યા માટે ચાર શહેરોમાં લેખિત પરીક્ષા યોજાઈ

## ગેરરીતિ ન થાય તે માટે લોખંડી સુરક્ષા વ્યવસ્થા ગોઠવાઈ

(સંવાદદાતા દ્વારા)

અમદાવાદ,તા.૧૯

ગુજરાતના ચાર શહેરોમાં રવિવારના રોજ પોલીસ સબ ઈન્સ્પેક્ટર કેડરની ૮૫૮ જગ્યા માટે લેખિત પરીક્ષા યોજાઈ હતી. ગુજરાત પોલીસ ભરતી બોર્ડ દ્વારા હાથ ધરાયેલી PSI કેડરની ૮૫૮ જગ્યા માટે શારીરિક કસોટીમાં પાસ થયેલા અનેક ઉમેદવારોએ લેખિત પરીક્ષા આપી હતી. લેખિત પરીક્ષા દરમિયાન ગેરરીતિ ન થાય તે માટે લોખંડી સુરક્ષા વ્યવસ્થા ગોઠવવામાં આવી હતી. ગુજરાત પોલીસ ભરતી બોર્ડ દ્વારા PSI કેડર (બિન હથિયારી પો.સ.ઈ, હથિયારી પો.સ.ઈ.(પ્લાટુન કમાન્ડર) તથા જેલર ગૃપ-૨) ની કુલ-૮૫૮ જગ્યાઓ માટેની શારીરિક કસોટી તા.૨૧ જાન્યુઆરી, ૨૦૨૬થી તા.૯ ફેબ્રુઆરી, ૨૦૨૬ દરમિયાન યોજવામાં આવી હતી. શારીરિક કસોટીમાં ૨.૪૭ લાખ જેટલા ઉમેદવારોએ ભાગ લીધો હતો, જે પૈકી ઉત્તીર્ણ થયેલ કુલ-૧,૧૦,૬૮૦ ઉમેદવારોની લેખિત પરીક્ષો અમદાવાદ, વડોદરા, સુરત અને રાજકોટ ખાતેની કૂલ ૩૭૧ શાળાઓમાં યોજાઈ હતી. આ પરીક્ષા પારદર્શક રીતે કોઈપણ જાતની ગેરરીતી વગર યોજાય તે માટે ૪૦૦૦ જેટલા પોલીસ અધિકારી/કર્મચારીઓ તથા ૮૦૦૦ જેટલા શિક્ષણ વિભાગના અધિકારી/કર્મચારીઓને પરીક્ષાલક્ષી કામગીરી સોંપવામાં આવી હતી. દરેક પરીક્ષા કેન્દ્ર ઉપર PI/PSI કક્ષાના એક અધિકારીને ભરતી બોર્ડના પ્રતિનિધિ તરીકે નિમણુંક આપવામાં આવી હતી. લેખિત પરીક્ષામાં ગેરરીતિ અટકાવવા માટે ગુજરાત પોલીસ ભરતી બોર્ડ દ્વારા વિવિધ પગલાંઓ લેવામાં આવ્યા હતા. શારીરિક કસોટી દરમિયાન ઉમેદવારોના મેળવવામાં આવેલ બાયોમેટ્રીક/ફોટોગ્રાફને લેખિત પરીક્ષા પહેલા બે વખત વેરીફીકેશન કરવામાં આવનાર છે તથા Facial recognition technologyનો ઉપયોગ કરવામાં આવ્યો હતો. પરીક્ષા સાહિત્ય માટે ઉપયોગમાં લેવાનાર તમામ વાહનોને GPS મારફતે ટ્રેક કરી, પોલીસ ભરતી બોર્ડ સેન્ટ્રલ કંટ્રોલ રૂમ, કરાઈ ખાતેથી મોનીટરીંગ કરવામાં આવ્યું હતું અને સમગ્ર પરીક્ષા CCTV મોનીટરીંગ હેઠળ યોજાઈ હતી.

# સોમનાથ પર્વમાં શિક્ષકોને 'કન્ડક્ટર' બનાવતા ઉગ્ર વિરોધ શરૂ થયો

- પરીક્ષા, મૂલ્યાંકન અને ચૂંટણી વચ્ચે વધારાની ફરજોથી રોષ
- શ્રદ્ધાળુઓની આવાગમન વ્યવસ્થામાં શિક્ષકોને મૂકાતા પ્રશ્નો ઊભા

(સંવાદદાતા દ્વારા)

અમદાવાદ, તા.૧૯

સોમનાથ મંદિર ખાતે ચાલી રહેલા 'સોમનાથ સ્વાભિમાન પર્વ' દરમિયાન શિક્ષકોને સોંપવામાં આવેલી ફરજોને લઈને રાજ્યભરમાં અસંતોષ ફાટી નીકળ્યો છે. બહારના રાજ્યોમાંથી મોટી સંખ્યામાં આવતા શ્રદ્ધાળુઓ માટે ગોઠવાયેલ પરિવહન વ્યવસ્થામાં શિક્ષકોને રૂટ સુપરવાઈઝર તરીકે નિયુક્ત કરાતા શૈક્ષણિક વર્ગમાં આક્રોશ જોવા મળી રહ્યો છે. માહિતી મુજબ, શિક્ષકોને રેલવે સ્ટેશન પરથી યાત્રાળુઓને લાવવા, બસમાં બેસાડવા, મુસાફરોની સંખ્યા ગણવી, પાણી સહિતની વ્યવસ્થા કરવી અને ઉતારા સ્થળે સુરક્ષિત પહોંચાડવાની જવાબદારી સોંપવામાં આવી છે. આ કામગીરી સામાન્ય રીતે કન્ડકટર અથવા પ્રવાસન સ્ટાફ દ્વારા કરવામાં આવતી હોય છે, છતાં શિક્ષકોને તેમાં જોડાતા પ્રશ્નો ઊભા થયા છે. શૈક્ષિક સંઘના પ્રતિનિધિ મિતેશ ભટ્ટ એ આ મુદ્દે કડક વિરોધ નોંધાવ્યો છે. તેમણે જણાવ્યું હતું કે, હાલ શાળાઓમાં પરીક્ષાઓ ચાલી રહી છે તેમજ બોર્ડની ઉત્તરવહી મૂલ્યાંકનની કામગીરી પણ ચાલી રહી છે. સાથે સાથે ચૂંટણીની ફરજો પણ શિક્ષકો પર છે. આવી સ્થિતિમાં વધુ બિનશૈક્ષણિક કામ સોંપવું યોગ્ય નથી. સંઘે સરકારને યાદ અપાવ્યું છે કે અગાઉ થયેલી ચર્ચા મુજબ શિક્ષકોને માત્ર જરૂરી અને રાષ્ટ્રહિતની કામગીરીમાં જ જોડવાના હતા. હાલની કામગીરી તે માપદંડને અનુરૂપ નથી. શૈક્ષિક સંઘ દ્વારા શિક્ષણમંત્રીને રજૂઆત કરી આદેશ રદ કરવાની માંગ કરવામાં આવી છે. શિક્ષણકાર્ય પર તેની અસર નહીં પડે તે સુનિશ્ચિત કરવાની પણ માંગ ઉઠી છે. એક તરફ સરકાર પર્વને ભવ્ય બનાવવાના પ્રયાસોમાં છે, તો બીજી તરફ શિક્ષકો પર વધતી બિનશૈક્ષણિક ફરજો શિક્ષણ વ્યવસ્થામાં અસંતોષનું કારણ બની રહી છે.

## ઈન્તેકાલે પુરમલાલ

**અફસોસ સદઅફસોસ**

કે સાથ આપકો ઈત્તેલા દી જાતી હૈ કી હઝરત પીરાને પીર સહાબ (ર.અ.) જમાલપુર દરગાહ કે સજ્જાદાનશીન **સૈયદ બદીયુદ્દીન મુઝફ્ફરહસન કાદરી સાહબ કા ચાંદ ૨૯ શવ્વાલ હિ.૧૪૪૭ બરોઝ શનીચર તા. ૧૮/૦૪/૨૦૨૬** કે રોજ ઈન્તેકાલ હો ગયા હૈ.

મર્હૂમ કી મરદાના ઝિયારત બરોઝ પીર **તા.૨૦/૦૪/૨૦૨૬ સુબહ ૦૮:૦૦ બજે હઝરત પીરાને પીર સહાબ** (ર.અ.) કી મસ્જીદમે રખી ગઈ હૈ.

બાદ મરદાના ઝિયારત ઉન્હીકે **સાહબઝાદે ઉવૈસએહમદ બદીયુદ્દીન કાદરી સાહબ** કી સજ્જાદાનશીન કે તોર પર દસ્તારબંદી કી જાયેગી.

મર્હૂમ કી જનાના ઝિયારત ઉસી રોઝ સુબહ **૦૯:૦૦** બજે મર્હૂમ કે મકાન પર રખી ગઈ હૈ.

ગમખ્વાર

**સૈયદ એજાઝુદ્દીન એમ. કાદરી ● સૈયદ અમીરૂદ્દીન એમ. કાદરી**

છેલ્લા ચાર મહિનામાં ૧ કરોડથી વધુની રકમ મોકલાઈ

# દિલ્હીથી સુરત સુધી ફેલાયેલા પોલિટિકલ હવાલા કાંડનો પર્દાફાશ : ઈન્કમટેક્સની એન્ટ્રી

## કરોડો રૂપિયાનો ઉપયોગ રાજકીય ગતિવિધિઓ માટે કરાતો હોવાની આશંકા

(સંવાદદાતા દ્વારા)

અમદાવાદ,તા.૧૯

ગુજરાતમાં આગામી સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણી પૂર્વે સુરતમાં ક્રાઈમ બ્રાન્ચે એક અત્યંત ચોંકાવનારા 'પોલિટિકલ હવાલા કાંડ'નો પર્દાફાશ કર્યો છે. દિલ્હીથી સુરત સુધી ફેલાયેલા આ નેટવર્ક દ્વારા છેલ્લા ચાર મહિનામાં ૧ કરોડથી વધુની રકમ આંગડિયા મારફતે મોકલવામાં આવી હોવાની વિગતો બહાર આવી છે. આ કેસમાં સીસીટીવી ફૂટેજ અને દસ્તાવેજી પુરાવાઓના આધારે તપાસનો ધમધમાટ તેજ કરવામાં આવ્યો છે. સુરત ક્રાઈમ બ્રાન્ચે આ મામલાની ગંભીરતા જોતા આવકવેરા વિભાગને જાણ કરી દીધી છે. પોલીસ હવે નાણાકીય લેવડદેવડના હિસાબો તપાસી રહી છે, જ્યારે ઈન્કમટેક્સ વિભાગ આ બ્લેક મનીના સ્ત્રોત સુધી પહોંચવા પ્રયાસ કરશે. સુરત ક્રાઈમ બ્રાન્ચને બાતમી મળી હતી કે, શહેરના રાજકીય માહોલને પ્રભાવિત કરવા માટે ગેરકાયદેસર મનીનો ઉપયોગ થઈ રહ્યો છે. તપાસ દરમિયાન પોલીસના હાથમાં એક મહત્વપૂર્ણ સીસીટીવી ફૂટેજ આવ્યું છે, જેમાં આંગડિયા પેઢીઓ મારફતે નાણાંની હેરાફેરી થતી સ્પષ્ટ દેખાય છે. પ્રાથમિક તપાસ અનુસાર આ નાણાં દિલ્હીથી સુરતના ચોક્કસ સેન્ટરો પર મોકલવામાં આવતા હતા. પોલીસ હવે આ સીસીટીવીમાં દેખાતા અન્ય શખ્સો અને આંગડિયા સંચાલકોની કડક પૂછપરછ કરી રહી છે, જેથી આ આખી ચેઈનનો પર્દાફાશ થઈ શકે છે. આ સમગ્ર કૌભાંડમાં દિલ્હીના જનકપુરીમાં રહેતા હિમાંશુ પાહુજાનું નામ મુખ્ય સૂત્રધાર તરીકે સામે આવ્યું છે. હિમાંશુ અગાઉ કોંગ્રેસમાં સક્રિય હતો પરંતુ હાલમાં તે આમ આદમી પાર્ટી (AAP) સાથે જોડાયેલો હોવાનું અને નેતા સુરેન્દ્ર ભારદ્વાજનો નજીકનો માણસ હોવાનું માનવામાં આવે છે. ક્રાઈમ બ્રાન્ચે હિમાંશુ પાહુજાની કલાકો સુધી કડક પૂછપરછ કરી છે. તપાસમાં જાણવા મળ્યું છે કે, હિમાંશુ દિલ્હીથી ફંડ મોકલનાર તરીકેની મુખ્ય ભૂમિકા ભજવતો હતો. જોકે, પૂછપરછ બાદ હાલ તેને મુક્ત કરવામાં આવ્યો છે, પણ તેની ગતિવિધિઓ પર વોચ રાખવામાં આવી રહી છે.

દિલ્હીથી જે ફંડ મોકલવામાં આવતું હતું, તેને સુરતમાં સંભાળવાની જવાબદારી આકાશ મિશ્રા અને અજય તિવારી નામના બે શખ્સોની હતી. આકાશ મિશ્રા, જે પૂર્વ સ્વાસ્થ્ય મંત્રી સત્યેન્દ્ર જૈનનો પીએ (PA) રહી ચૂક્યો છે, તે સુરતના પીપલોદ વિસ્તારમાં રહીને આ આખું ઓપરેશન ચલાવતો હતો. આકાશ અને અજય તિવારી દિલ્હીથી આવતા ફંડના 'ફાઈનાન્સિયલ રિસીવર અને ડિસ્ટ્રીબ્યુટર' તરીકે કામ કરતા હતા. તેઓ આ નાણાં મેળવીને શહેરના વિવિધ વિસ્તારોમાં ફાળવતા હોવાનું તપાસમાં બહાર આવ્યું છે. સૂત્રોના જણાવ્યા અનુસાર, હવાલા મારફતે મેળવેલા આ લાખો રૂપિયાનો ઉપયોગ કોઈ કાયદેસરના કામ માટે નહીં, પરંતુ રાજકીય ગતિવિધિઓ માટે કરવામાં આવતો હતો. આ રકમનો ઉપયોગ સ્થાનિક કાર્યકરોને પોષવા, ચૂંટણીલક્ષી પ્રચાર-પ્રસાર, રેલીઓ અને અન્ય ગુપ્ત પોલિટિકલ ઓપરેશન્સ માટે કરવામાં આવતો હોવાની આશંકા છે. આ આર્થિક ચેઈન દ્વારા ગુજરાતમાં પાર્ટીના નેટવર્કને મજબૂત કરવા માટે બિનહિસાબી નાણાંનો ધોધ વહેવડાવવામાં આવ્યો હતો, જે આચારસંહિતા અને ઈન્કમટેક્સના નિયમોનું સીધું ઉલ્લંઘન છે. ક્રાઈમ બ્રાન્ચની તપાસમાં વધુ એક વિગત સામે આવી છે કે, આકાશ મિશ્રા અને અજય તિવારી માત્ર રિસીવર નહોતા, પણ તેઓ સુરતના સ્થાનિક રાજકારણમાં પણ ઉંડા ઉતરેલા હતા. તેઓ હિમાંશુ માટે અહીં ફંડિંગ એકઠું કરવામાં અને વહેંચવામાં મહત્વની કડી સાબિત થયા છે. આ બંને શખ્સોના સંપર્કમાં સુરતના કયા મોટા ગજાના નેતાઓ હતા, તેની યાદી પણ પોલીસ તૈયાર કરી રહી છે. આગામી દિવસોમાં આ બંનેની ફરીથી ધરપકડ કે કડક પૂછપરછ થવાની પૂરેપૂરી શક્યતા છે.



● આદ્યસ્થાપક : મર્હૂમ ભાઈખાનભાઈ એચ. બલુચ
● સહસ્થાપક : મર્હૂમ સિરાજુદ્દીન બી. તિરમીઝી
● મુદ્રક-પ્રકાશક : અઝીઝ ટંકારવી એ માલિક લોકહિત પ્રકાશન સાર્વજનિક ટ્રસ્ટ વતી લોકહિત ઓફસેટ - ૩૩/૧, શાહેઆલમ, અમદાવાદ- ૩૮૦૦૨૮થી છપાવીને તે જ સ્થળેથી પ્રસિદ્ધ કર્યું ● ફોન : ૨૫૩૨૦૩૩૦-૨૫૩૨૦૪૩૧-૨૫૩૨૮૮૨૫ ● E-mail : gujarattodaydaily@gmail.com